# ઇંગ્લેંડનો અર્વાચીન ઇતિહાસ

## ભાગ ૧ લો.

હાઈ સ્કુલોના ઉપલા ધોરણો માટે

રચી પ્રસિદ્ધ કરનાર

**છગનલાલ ચુનીલાલ મહેતા**

બી એ. એસ ટિ સિ ડી. (ઑનર્સ)

હેડ માસ્તર. પિપર્ડિવાલા હાઇ સ્કુલ. રાંદેર

સંવત. ૧૯૮૧ કિંમત બાર આના

# ઇંગ્લેંડનો અર્વાચીન ઇતિહાસ

## ભાગ ૧ લો.

હાઈસ્કુલોના ઉપલા ધોરણો માટે

રચી પ્રસિદ્ધ કરનાર

**છગનલાલ ચુનીલાલ મહેતા**

બી. એ. એસ. ટિ. સિ. ડી. (ઓનર્સ)

હેડ માસ્તર, પિપર્ડિવાલા હાઇ સ્કુલ, રાંદેર

એજન્ટ:

**મેસર્સ કસનદાસ નારણદાસ એન્ડ સન્સ,**

**બુકસેલર્સ, નાણાવટ, સુરત.**

સંવત ૧૯૮૧. **કિંમત બાર આના** ઈ. સ. ૧૯૨૫.

મુદ્રક:

**ભદ્રશંકર મંછારામ ભટ્ટ**

કળામય પ્રિન્ટીંગ વર્કસ, ખાડ બજાર—**સુરત.**



**ઈ. સ. ૧૯૨૫ પ્રથમાવૃત્તિ સંવત ૧૯૮૧**



પ્રકાશક.

**છગનલાલ સી. મહેતા.**

હેડમાસ્તર, મદ્રેસા

**રાંદેર**

# INTRODUCTION.

As far as my remembrance of old books goes, the first History of England in Gujarati was written by R. S. Mahipatram Rupram Nilkanth. But it was written for the general reader and was, for aught I know, a Gujarati translation of Dr. Smith's History of England. This little brochure, on the other hand, though a humbler attempt, is an original composition and is intended for use in High schools. A history of England written in Gujarati is a literary attempt in the right direction, at least from the point of view of those who advocate teaching of history in the vernaculars of our country. In these days of national awakening and political activity, a careful study of history is indispensable: and Mr. C. C. Mehta has supplied a long-felt want and his history, written as it is in a simple, lucid and racy style, will prove a boon to young students.

India is our native land and it is but natural that we should be more interested in the history of our native land. But unfortunately the history of India for the last 1500 years was a 'drum and trumpet' history—the history of foreign invaders, foreign domination, court intrigues, plots and counterplots, massacres and revolutions and ephemeral dynastics; the history of an ancient civilized nation torn by internecine discord, sunk in ignorance and superstition and 'Knowing nothing of its government except its exactions'. In short, it is but "a record of butchery of men by their fellowmen". But Providence in His mercy linked the destinies of India with those of the British nation. About the middle of the 18th century, India came in contact with a civilized and progressive nation, whose history it is our highest interest to learn.

At a time when our people are awakened to a sense of national unity and aspire to self-govern ment, it is incumbent upon us to study the history of England very carefully. The history

of Engand is not merely the history of English sovereigns, their wars and their conquests, but it is the history of the rise and progress of those social and political institutions which working interdependently go to form the British Constitution. The study of this constitution in its various phases of development is as profitable to us as it is instructive. A careful perusal of the following pages will show that the author has successfully endeavoured to make his little History of England serve a double purpose: it is a history of British sovereigns, their wars and conquests, and it is a narrative of the rise and development of the British people, their struggles for freedom. their laws, and the stable progressive government which ,we, people of India, share in common with them. I wish the author every success in his laudable work.

Manchersha P. Kaikobad.

# અનુક્રમણિકા

## વિભાગ ૧. ટ્યુડરવંશ—આપખુદી રાજાઓ.



## વિભાગ ૨. સ્ટુઅર્ટવંશ—રાજા વિરૂદ્ધ પાર્લમેન્ટ.

# ઇંગ્લેંડનો અર્વાચીન ઇતિહાસ

---

## વિભાગ ૧

### ટ્યુડરવંશ—આપખુદી રાજાઓ

---

## પ્રકરણ ૧.

### ઈ. સ. ૧૪૮૫માં ઇંગ્લેંડની હાલત.

**વસ્તી વિભાગ.** આજથી આપણે ઇંગ્લેંડનો અર્વાચીન ઇતિહાસ માંડીશું. એ ઇતિહાસ ૧૪૮૫થી શરૂ થાય છે એમ વિદ્વાન ઇતિહાસકારોએ અનેક કારણોને લીધે નક્કી કર્યું છે. પરંતુ એ આરંભીએ ત્યાર પહેલાં એ સમયે એ દેશની કેવી હાલત હતી તેનું [illegible]-દર્શન કરીએ.

**ક્ષત્રી.** મધ્ય યુગમાં ઈંગ્લેંડની વસ્તીમાં બહોળી નજરે જોતાં બેજ વર્ણ, ક્ષત્રી અને શૂદ્ર, માલમ પડે છે. ક્ષત્રી વર્ગમાં જમીનદારોનો સમાવેશ થાય છે. નોર્મન વિજયના સમયથી દાખલ થએલી ફ્યુડલ પદ્ધતિ અનુસાર રાજાએ ઉમરાવોને દેશમાંની ઘણીખરી જમીન વહેંચી આપી હતી. ઉમરાવોને યુદ્ધ અતિપ્રિય હતું. તેઓ પોતાનો ઘણોખરો સમય યુદ્ધમાંજ ગાળતા. મધ્યયુગમાં યુદ્ધ ડગલે ડગલે નજરે ચઢે છે. યુદ્ધ શિવાયના ધંધા તુચ્છ ગણાતા. દરેક ઉમરાવની જાગીરમાં તેની સત્તા સર્વોપરી હોવાથી તેઓ નાના નાના રાજા જેવાજ હતા. જરૂર પડે તેઓ લશ્કર ઉભું કરી શકતા. આ રીતે એ જમાનામાં ઉમરાવવર્ગ બહુ બળવાન હતો.

**શૂદ્ર.** ક્ષત્રી શિવાયના સર્વે લોકો શૂદ્ર લેખાતા. ખેડુતો, વેપારીઓ, અને કારીગરોની ગણત્રી શૂદ્રમાંજ થતી. તેમના ઉપર જાગીરદાર ઉમરાવની સત્તા નિરંકુશ હોવાથી તેઓ અનેકવાર અનેક જુલમના ભોગ થઈ પડતા. વેઠનો રિવાજ સામાન્ય હતો. શહેરો અને કસ્બાઓમાં કોઇ કોઇ માલદાર શાહુકારો હતા, અને દોલતને પ્રતાપે તેમને થોડુંઘણું માન પણ મળતું, પરંતુ સત્તાના અભાવે તેમને જાગીરદારોને ખુશ રાખવા પડતા. આપણા દેશમાં નાણાંની ધીરધારમાં મારવાડીઓ અતિ કુશળ ગણાય છે, તેમ યુરોપમાં શરાફીના ધંધામાં યાહુદીઓ અસલથી મશહુર છે. ઈંગ્લેંડમાં પણ ધનવાન યાહુદીઓ હતા પણ તેમની ગણના શૂદ્રના જેવી હતી. ખરી સત્તા ક્ષત્રીઓના હાથમાં, અને બાકીની રૈયત તેમના દાસ સમાન હતી. રાજાને પણ ઉમરાવોની ગરજ હોવાથી તેમ

સંતોષવા પડતા. તે જમાનામાં રાજા પાસે સ્થાયિ સૈન્ય રહેતું નહિ. લશ્કરી મદદની જરૂર પડતાં જાગીરદારોને તેમના સૈન્ય સાથે બોલાવતા. આથી રાજાનું માથું એકરીતે તેમના હાથમાં હતું. ભોગજોગે કોઇ રાજા માથું ફેરવી આડો ફાટતો તો તેઓ એકત્ર થઇ તેને જમીનદોસ્ત કરવા ચુકતા નહિ. સૈન્ય ઉપરાંત દરેક જાગીરદાર આત્મરક્ષણ માટે મજબુત કિલ્લા બંધાવતો.

**ગરાસીઆ.** ક્ષત્રી વર્ગમાંના કેટલાકની જાગીરી કાળે કરીને નાની થઇ ગઇ હતી. તેઓ 'નાઇટ'–ગરાસીઆ–કહેવાતા. ગુજરાન માટે તેમને જાત મહેનત કરવી પડતી. રાજખટપટમાં પડવા જેટલી તેમને ફુરસદ ન હતી છતાં અસ્ત્રશસ્ત્રમાં કુશળ હોઇ વખત આવે તેઓ જંગમાં ઝોકાવતા અને કદી પાછી પાની કરતા નહિ. આથી સમાજમાં તેમનું ઠીક વજન હતું. તેમની દિન પર દિન ઉન્નતિ થતી ગઇ અને તેમાંથી ગૃહસ્થવર્ગ ખડો થયો. તે આગળ ઉપર પાર્લામેન્ટમાં બહુ બળવાન થઈ પડયો.

**પાર્લામેન્ટ.** જુલ્મી જોનના જમાનામાં જાગીરદારોએ એકત્ર થઇ તેની પાસે પ્રજાહક્ક વિષેનો મોટો પટો લખાવી લીધો હતો. આમાં કરતા કારવતા તો આગેવાન જાગીરદારો અને ધર્માચાર્યો હતા. પરંતુ તેનું ફળ સમસ્ત પ્રજાને મળ્યું. તે સમયની પાર્લામેન્ટમાં જાગીરદારો સિવાય બીજા કોઇને બેસવાનો અધિકાર ન હતો. તેથી એ પાર્લામેન્ટ આધુનિક ધોરણ મુજબ પ્રજાની સાચી પ્રતિનિધિ સભા કહી શકાય નહિ. આમવર્ગનું પ્રતિનિધિત્વ દાખલ કરવાનું શુભ કાર્ય તેરમી સદીનાં ઉત્તરાર્ધમાં બનવા પામ્યું. અને ત્યારથીજ

સાચી પાર્લમેન્ટ થઇ એમ કહીએ તો ચાલે. રાજા અને જાગીરદારો વચ્ચે અનેક ઝઘડા થતા, તે વખતે બન્નેને ગરાસીઆવર્ગની ગરજ હોવાથી તેનું મહત્ત્વ વધ્યું, અને તેમની ઉન્નતિ થવા લાગી.

**પાર્લમેન્ટના વિભાગ.** પહેલાં પાર્લમેન્ટ સમસ્ત એકજ સ્થળે બેસતી. ચૌદમી સદીમાં તેના બે વિભાગ પાડી તેમને માટે જુદાં મકાન થયાં. આ વિભાગનાં નામ હાઉસ ઓફ લોર્ડ્ઝ,–ઉમરાવ સભા–અને હાઉસ ઓફ કોમન્સ,–આમ સભા,–એવાં પડયાં. ઉમરાવ સભામાં વંશપરંપરાના જાગીરદારો અને બિશપો બેસતા, અને આમ સભામાં શહેરોના અને જીલ્લાઓના પ્રતિનિધિઓ હતા.

**પાર્લમેન્ટની સત્તા.** આ સમયની પાર્લમેન્ટમાં રાજા સાથે સીધી તકરાર કરવા જેટલું સામર્થ્ય તો ન હતું; પણ કળે કળે તે પોતાનું બળ દર્શાવતી. રાજાનો જુલમ વધી પડે તો તે ખુદ રાજા વિષે કશું બોલે નહિ, પરંતુ તેના પ્રધાનોને બરતરફ કરાવવા તજવીજ અને આગ્રહ કરતી. વળી કરવેરા મંજુર કરવાની સત્તા તેના હાથમાં હોવાથી તેવે પ્રસંગે તે રાજાને હંફાવવા મથતી. રાજા જબરો હોય તો તો પાર્લમેન્ટને તત્કાળ નમવું પડતું, પણ લાગ આવે આનું સાટું વાળી લેવા તે ચુકતી નહિ.

**ન્યાય પદ્ધતિ.** ઇન્સાફ માટે દેશમાં ત્રણ મોટી કચેરી હતી. (૧) કિંગ્સ બેન્ચ,–રાજાની કચેરી–મુખ્ય અને સર્વોપરી હતી. તેમાં બીજી અદાલતો ઉપરની અપીલોની સુનાવણી થતી. (૨) કોમન પ્લીઝ એટલે સાધારણ મુકદ્દમા ચલાવનારી અદાલત; અને (૩)

એકસચેકર કોર્ટ, જેમાં રાજ્યની વસુલને લગતી ફરીઆદો ચુકવાતી. દરેક અદાલતમાં પાંચ ન્યાયાધીશો નીમાતા. આ ત્રણ કોર્ટો ઉપરાંત જીલ્લે જીલ્લે ફરનારા ન્યાયાધીશો પણ હતા. જ્યુરી-પંચ-ની મદદથી તપાસ ચલાવવાની રૂઢી દાખલ થઇ ચુકી હતી.

ગુન્હા. તે સમયે સજા ગુન્હાના પ્રમાણમાં ન હતી. દાખલા તરીખે નાની સરખી ચોરી માટે પણ ફાંસીની સજા હતી. છતાં ચોરીનો ધંધો ધમધોકાર ચાલતો હતો કેમકે ચોરોને સાહુકારો તથા ઉમરાવોની હુંફ હોવાથી ન્યાયાધીશો લાગવગના માર્યા તેમને બરાબર સજા કરી શકતા નહિ. પોકળ ઘણું ચાલતું. વળી યુદ્ધમાંથી છુટા થએલા સિપાઇઓ તથા ખેતીમાંથી બેકાર બનેલા મજુરો આ ધંધામાં સામેલ થતા ગયા. આ ત્રાસ એટલો બધો વધી ગયો કે આમ પ્રજા છેક કંટાળી ગઇ.

ધર્મ. સેંકડો વર્ષથી યુરોપની તમામ વસ્તી ખ્રિસ્તી ધમ પાળતી હતી. આ ધર્મના આચારમાં અનેક આંધળા વહેમ ઘુસી ગયા હતા. રોમમાં રહેતા પોપ,-જગત્ગુરૂ,-ની સત્તા એટલી બધી હતી કે ભલભલા ભૂપતિઓ પણ તેની આગળ શીર ઝુકાવતા. પરંતુ ઇંગ્લેંડની ભૌગોલિક સ્થિતિને સબબે ત્યાં પોપની સત્તા બહુ જામેલી નહિ, અને જેટલી હતી તે પણ ઉત્તરોત્તર કમી થતી ગઇ. છતાં ઇંગ્લેંડમાં પણ ધર્મને નામે ઘણું અંધેર ચાલતું હતું. ધર્માચાર્યોમાં લોભ, લુચ્ચાઇ, વ્યભિચાર વિગેરે દુર્ગુણો વધારે ને વધારે દેખાવા લાગ્યા. આ વસ્તુસ્થિતિને લીધે સુધારક પક્ષનો જન્મ થયો. પ્રથમ પોકાર ઉઠાવનાર વિકિલફ નામનો અંગ્રેજ આચાર્ય હતો.

તેણે બાઇબલનું સુંદર અંગ્રેજી ભાષાન્તર કરી ખ્રિસ્તી ધર્મનું રહસ્ય સામાન્ય લોકો સમક્ષ રજુ કર્યું. તેના બોધનાં બીજ અંગ્રેજ સમાજમાં વવાયાં, પરંતુ દેશકાળ પ્રતિકૂળ હોવાથી તે ફાવ્યો નહિ. આ સમયનું ભણતર નહિ જેવુંજ હતું, ધર્મગ્રન્થો લેટિન ભાષામાં લખાએલા એટલે તમામ ક્રિયાવિધિ લેટિનમાંજ થતી, (હિંદુઓમાં જેમ સંસ્કૃતમાં થાય છે તેમ). આ ભાષા આચાર્યો સિવાય કોઇને આવડે નહિ તેથી એ વિષયમાં કોઇ માથું મારી શકતું નહિ. તેઓ પ્રજાને અષ્ટં પષ્ટં સમજાવી ફાવે તેમ ભમાવતા અને અજ્ઞાન પ્રજા અંધ શ્રધ્ધાને લીધે તેમનું કહ્યું માનતી. તે વેળાના રાજા અને ઉમરાવો સુધ્ધાં અભણ હતા. વિદ્યાનાં ધામ જુઓ તો ફકત સાધુઓના મઠ; અને સાધુઓને પણ ઉત્તમ વિદ્યા સંપાદન કરવા ઇટલી કે ફ્રાન્સ જવું પડતું.

**સાહિત્ય.** આપણામાં આજે માતૃભાષા માટે ઝાઝું માન અભિમાન નથી તેવીજ રીતે ઇંગ્લેંડમાં આ સમયે હતું. રાજદરબારમાં ફ્રેન્ચ ભાષા બોલાતી અને ધર્મખાતામાં લેટિન વપરાતી. વિદ્વાનો વાંચતા લખતા તે આ ભાષાઓમાંજ. છેક ચૌદમી સદીમાં અંગ્રેજી ભાષાની ખેડ શરૂ થઈ, પાર્લમેન્ટમાં, કચેરીઓમા અને વેપારમાં અંગ્રેજીએ પ્રવેશ કર્યો. ઉત્તમ ગ્રંથો પણ એ ભાષામાં લખાવા લાગ્યા. વિક્લિફના અંગ્રેજી બાઇબલ વિષે તો આપણે વાંચી ગયા; એ ઉપરાંત ચોસર નામનો અંગ્રેજ આદિકવિ પોતાનાં કાવ્ય આ અરસામાં રચી રહ્યો હતો. રોજર બેકન નામના એક સમર્થ સાધુએ પદાર્થવિજ્ઞાન તરફ લક્ષ દોડાવ્યું હતું. તેના ગ્રંથો પરથી આજે તે પદાર્થવિજ્ઞાનનો

પિતા કહેવાય છે. પરંતુ તે જમાનો ઘોર અજ્ઞાનમાં ડુબેલો હોવાથી કોઇએ તેનું કાર્ય ઉપાડી લીધું નહિ. ઉલટા ધર્માંધ લોકોએ તેના પર જુલમ કર્યો.

**ગુલાબનાં યુધ્ધ.** પંદરમી સદી પૂર્વે રાજસત્તાની ખેંચતાણ રાજા અને ઉમરાવો વચ્ચે થઇ હતી, તેમાં ગરાસીઆ વર્ગે એકવાર આ પક્ષમાં તો બીજીવાર બીજા પક્ષમાં એમ ભાગ લીધો હતો. તે વર્ગની કિંમત વધતી જતી હતી. ધંધાદારી વૈશ્યવર્ગની પણ ઠીક ઉન્નતિ થતી જતી હતી. પંદરમી સદીના છેવટના ભાગમાં ગુલાબનાં યુધ્ધો થયાં, તેમાં ઉમરાવોનો એકમેકને હાથે ખોડો નીકળી ગયો અને પરિણામે આ યુદ્ધનો વિજેતા હેન્રી ટયુડર સહેલાઇથી નિરંકુશ રાજ્યકર્તા બની શકયો.

**અર્વાચીન યુગ.** આ રીતે મધ્ય યુગ વટાવી આપણે અર્વાચીન યુગમાં પ્રવેશીએ છીએ. સોળમી સદીના આરંભથી અર્વાચીન યુગ શરૂ થાય છે અને સાતમા હેન્રીનું રાજ્ય સંક્રાન્તિ યુગ જેવું છે. મધ્ય યુગમાં આપણે જોઈ ગયા કે ઉમરાવો મહા સમર્થ હતા અને રાજા તેમને બળેજ બળવાન થઈ શકતા. અત્યાર સુધી ઇગ્લેંડ યુરોપના અન્ય દેશો સાથે આત નિકટ સંબંધ ધરાવતું. ઈંગ્લેંડ અને ફ્રાન્સના ઉમરાવો ઘણુંખરા નજીકનાં સગા હતા, અને તેમની વચ્ચે સંધી હોય કે વિગ્રહ હોય તોપણ તેઓ શૌર્યભક્તિના બંધનથી સદા સંકળાએલા હતા. ધર્મખાતામાં પોપના નીમેલા બિશપોનું બળ ઘણું હતું; અને આ બિશપો કાંતો પરદેશી વા તો પરદેશમાં ભણી આવેલા હતા. વેપાર જુઓ તો તે પણ

વિદેશીઓના હાથમાંજ હતો ખુદ લંડનનું મોટું વેપારીમંડળ જર્મનોનું હતું. વળી દરબારની મોટી મોટી પદવીઓ પણ વિદેશીઓજ ભોગવતા.

પરંતુ કેટલાક સમયથી આ સ્થિતિમાં ફેરફાર થવા લાગ્યા હતા. જુના જમાનાની ગાંઠો ધીમે ધીમે ઢીલી થઇ હતી. છેલ્લાં પચાસ વર્ષથી અસલ ઉમરાવો પાયમાલ થતા હતા; કેટલાક સો વર્ષના યુદ્ધમાં, પણ ઘણા ખરા ગુલાબના યુધ્ધમાં ખપી ગયા. આ આંતરિક યુધ્ધમાં નહિ નહિ તો રાજકુળના એંશી પુરુષો કપાઇ મુઆ. અને રાજદ્રોહી ઠરેલા ઘણા ઉમરાવોની જાગીર રાજાને હાથ ગઇ. હેન્રી ટયુડરની પહેલી પાર્લમેન્ટમાં ફક્ત ૨૭ મોટા ઉમરાવો હતા, અને આમાં પણ કેટલાક તો હમણાં હમણાંના બનેલા ઉમરાવો હતા.

આમાંના કેટલાક પોતાના સૈન્યબળને લીધે હજુ બળવાન હતા પરંતુ તેમની ઘડીઓ ગણાવા લાગી હતી. હવે યુધ્ધમાં તોપ અને બંદુકનો ઉપયોગ સાધારણ થવાથી રાજાના હાથમાં નવું બળ આવ્યું; કેમકે તોપખાનું અને દારૂખાનું સરકારના કબજામાંજ રહેતું અને તોપ આગળ તીર, ભાલા, બખતર અને કિલ્લા સર્વે વ્યર્થ થયા. હયદળની કિંમત ઘટી અને પાયદળની વધી. યુધ્ધમાં યંત્રના ઉપયોગથી શૌર્ય શક્તિ ઓછી થઇ.

દરમ્યાન મધ્ય વર્ગ, ગૃહસ્થ વર્ગ, સંપત્તિ અને મહત્વમાં પ્રગતિ કરતો હતો. પોતાનું સાધ્ય સાધવા રાજા આ વર્ગના માણસોને મોટી મોટી પદવીઓ આપવા લાગ્યો કેમકે તેઓ વધારે આજ્ઞાંકિત

રહે અને વળી અસલના ઉમરાવો પર દાબ રાખે. આ નવા અધિકારીઓ યુદ્ધ કરતાં શાંતિ અને વેપાર વૃદ્ધિ માટે વધારે મહેનત કરતા. અસલ ઉમરાવોને યુદ્ધ અને ક્ષત્રીવટ બહુ પ્રિય હ. આ નવા ઉમરાવોને અંગત સ્વાતંત્ર્ય, વાણિજ્ય, વિદ્યા, કળા અને વિજ્ઞાન વધારે પસંદ હતાં. સાતમા હેન્રીના રાજ્યથી નવો યુગ મંડાય છે અને એ યુગના આરંભના ચતુર કાર્ય મ ટે તે ઘણી રીતે લાયક હતો.

---

# પ્રકરણ ૨.

## સાતમો હેન્રી ૧૪૮૫–૧૫૦૯.

હેન્રીના ગુણ. ગુલાબના યુદ્ધની છેલ્લી લડાઈમાં યોર્કવંશી રિચર્ડ મરાયો અને લેન્કેસ્ટર વંશી હેન્રી જીત્યો. હેન્રીનું શરીર એકવડું, ચહેરો તેજસ્વી, અને આંખો ભૂરી અને વિચક્ષણ હતી. તે મહાબુદ્ધિશાળી તથા હસમુખો હતો. તેની માતાના પૂર્વજો પ્રખ્યાત જોન ઓફ ઘેન્ટના વેલાના હોઇ શાણા અને વિખ્યાત પુરૂષો હતા, અને તેમની બુદ્ધિ. ચતુરાઇ, રાજવિચક્ષણતા આદિ રાજનીતિજ્ઞના ઉત્તમ ગુણો હેન્રીમાં ઉતર્યાં હતા. તે દૃઢ, ધૈર્યવાન, ધાર્યું પાર પાડનારો અને અડગ સ્વભાવનો હતો. તેની મુખ્ય મુરાદ રાજ્યમાં શાંતિ ફેલાવી દુશ્મનોને દાદરા કરી, તિજોરી તર કરી પોતાની સ્થિતિ સુદૃઢ કરી, અંગ્રેજ બાદશાહી મજબુત બનાવવાની હતી.

પ્રજાનો પસંદ કરેલો રાજા. હેન્રી સારી પેઠે સમજતો હતો કે મારો ગાદી હક્ક લુલો છે. સ્ત્રીઓ દ્વારાનો હક્ક બાદ કરીએ તો તેને કશો હક્ક ન હતો. વળી તેના કરતાં વધારે પાયાદાર હક્કદારો હતા, જેમાં અર્લ ઓફ વોરિક મુખ્ય હતો. વોરિકનો હક્ક પિતા તરફનો હતો. આ સંજોગ જોતાં હેન્રી કેવળ વિજયના હક્ક તરીકે કે પાર્લમેંટની કૃપા વડે મળેલા હક્ક વડે ગાદીનો દાવો કરી શકે. ખરો હક્ક તો તેના બાહુબળનોજ હતો. પરંતુ પોતે કાયદેસર રાજા છે એમ લોકોને જણાવવા તેણે પાર્લમેન્ટ પાસે પોતાની પસંદગી કરાવી લીધી. આમાં રાજા અને પ્રજા બંનેનો લાભ સમાએલો હતો; એ રીતે પોતે તો સુદૃઢ બન્યો પણ તેના વંશજો બિન હરકતે ગાદીએ આવે એ હેતુથી તેણે યોર્ક કુળની ઇલિઝાબેથ, જે ચોથા એડવર્ડની પુત્રી હોવાથી જાતે ગાદી વારસોમાંની એક હતી, તેની સાથે લગ્ન કર્યું. આ રીતે ટ્યુડર વંશ માટે વોરિક સિવાયના હક્કદારો તરફનો વર્તમાન તેમજ ભવિષ્યનો ભય નિર્મૂળ થયો અને વોરિકને રાજાએ સખત જાપ્તા સાથે લંડન ટાવરમાં કેદ કર્યો.

**બે સિદ્ધાન્ત.** ગાદી હક્ક વિષે ઇંગ્લાંડના ઇતિહાસમાં બે સિદ્ધાંત ધ્યાનમાં રાખવાના છે. એક તો ગાદી વંશ પરંપરા ઉતરે છે, પિતાની ગાદી પુત્રને મળે, તેની ગાદી તેના પુત્રને મળે, એ પ્રમાણે છેક નજીકનું સગપણ ધરાવનાર માણસ ગાદીએ આવી શકે. બીજો સિદ્ધાન્ત, જેને માટે અંગ્રેજો બહુ અભિમાન ધરાવે છે તે એ છે કે રજા રા જા બને છે તે જન્મ હક્કથી નહિ પરંતુ પ્રજાની

પ્રતિનિધિ સભા પાર્લમેન્ટ તેને પસંદ કરે છે તેથી. હેન્રીને પાર્લ-મેન્ટ પાસે પસંદગી કરાવી લેવાની આવશ્યકતા લાગી એ વસ્તુ પાર્લમેન્ટનું ગુપ્ત બળ દર્શાવે છે. પાર્લમેન્ટને રાજા પસંદ કરવાની સત્તા હતી એટલુંજ નહિ પણ નાલાયક રાજાને પદ ભ્રષ્ટ કરવાની સત્તા પણ હતી અને એવા દાખલા આજ પહેલાં બન્યા હતા. હવે પછીના વર્ષોમાં આ સિદ્ધાંત માટે રાજા પાર્લમેન્ટ વચ્ચે કેવા પ્રચંડ ઝઘડા થશે તે આપણે અનુકુળ સ્થળે જોઇશું.

**બળવા.** ઉપર જણાવ્યા મુજબ હેન્રીએ પોતાની સ્થિતિ સુદૃઢ કરવા અને સામા પક્ષને ખુશ કરવા યોર્કપક્ષવાળી ઇલિઝા-બેથ સાથે લગ્ન કર્યું. પરંતુ હાડવેર બધાયું હોય તે સહેલાઇથી જતું નથી. ફરી ફરીને દેખા દેછે. લેન્કેસ્ટર પક્ષના હેન્રીની અપૂર્વ ફ્તેહ થઇ અને તે રાજા બન્યો એ જોઇ કેટલાક સામા પક્ષવાળા ખૂબ બળતા હતા. તેઓ તેને ગબડાવી પાડવા જીવતોડ મથન કરતા હતા. તેના પ્રથમ પુત્ર આર્થરનો જન્મ થયો સાંભળી તેઓ ઉશ્કેરાયા.

**લેમ્બર્ટ સિમ્નલ.** પહેલાં તો તેમણે લેમ્બર્ટ સિમ્નલ નામના દશ વર્ષના સુથારના છોકરાને પકડી આણી તેને અર્લ ઓફ વોરિકનો પાઠ પઢાવ્યો. પછી તે આયર્લેન્ડમાં વોરિક તરીકે પ્રગટ થયો, કેમકે ત્યાં યોર્કપક્ષ માટે સારી લાગણી હતી. ત્યાંના આગેવાન અર્લ ઓફ કિલ્ડેરની સહાયથી ડબ્લિન નગરમાં તેનો રાજ્યાભિષેક થયો, અને તેના ઝુંડા હેઠળ ચાર હજાર માણસો ભેગા થયા. આ તથા બીજા કેટલાક ભાડુતી જર્મન સિપાઇઓ

સહિત તે ઇંગ્લેંડ ફતર્યો. અહીં થોડાએક મરણીઆ યોર્કપક્ષવાળા તેને જઇ મળ્યા. દરમ્યાન રાજાએ આ ઢોંગીના ઢોંગ ખુલ્લા કરવા સાચા વોરિકને ટાવર ગઢમાંથી કાઢી લંડનમાં મહોલ્લે મહોલ્લે ફેરવ્યો, અને લેમ્બર્ટ સામે સૈન્ય મોકલ્યું. સ્ટોક આગળ એક લડાઇ થઈ તેમાં લેમ્બર્ટનું 'નાનખટાઇ' સૈન્ય ઘાસની માફક કપાઇ ગયું, અને તે જાતે પકડાયો. હેન્રી મહા પહોંચેલ હોવાથી તેણે બળવાખોરો પ્રત્યે દેખીતી દયાળુ નીતિ અખત્યાર કરી. લોહીથી પોતાના હાથ ખરડયા નહિ. કૃપાળુપણાના દેખાવથી વિરોધ શાંત થઇ ગયો, પોતે લોકપ્રિય બન્યો. બળવાખોરોને દંડ તથા જમિની સજા કરી હેન્રીએ તિજોરી ભરી અને શત્રુઓને પાંગળા કર્યા. એક કાંકરે બે પક્ષી માર્યાં. વેશધારી લેમ્બર્ટને પોતાના રસોડામાં નોકર નીમ્યો.

**પર્કિન વોર્બેક.** ઉપર વર્ણવેલા બળવામાં હાર્યા પછી યોર્ક પક્ષ થોડો વખત તો સખણો બેઠો. પરંતુ પાંચ વર્ષ પછી તેમનો પુરાણો વૈરભાવ ફરી પ્રગટ થયો. હવે વોરિકના નામથી બળવો જગાવાય એમ ન હતું અને બીજો કોઇ જીવતો હક્કદાર રજુ કરાય એવો ન હતો, તેથી તેમણે મુએલાને સજીવ કરવાની યુક્તિ યોજી. માજી રાજા ત્રીજા રિચર્ડે રાજલોભને લીધે પોતાના બે ભત્રિજાઓનો ગુપ્ત વધ કરાવેલો, તેમાંનો નાનો, રિચર્ડ હયાત હોય તો વાસ્તવિક ગાદી હક્ક તેનોજ ગણાય. વળી તેનો વધ થયો એ પુરવાર કરવું અશક્ય હતું. આ સંજોગોનો લાભ લઇ યોર્કપક્ષે એક બનાવટી રિચર્ડ ઉભો કર્યો અને આયર્લેન્ડમાં તેની આણ ફેરવી.

આ પાખંડીનું ખરું નામ, પાછળથી તેણે કરેલા નિવેદન મુજબ પર્કિન વૉર્બેક હતું. તે કોઈ ગરીબ ખારવાનો છોકરો હતો. યોર્ક પક્ષના સ્તંભરૂપ બનેલી માર્ગારેટ ઑફ બર્ગન્ડી-ચોથા એડવર્ડની બહેન—ની સહાય ઉપરાંત તેને ફ્રાન્સ તથા સ્કોટલેન્ડ તરફથી સહાનુભૂતિ મળી હતી.

લેમ્બર્ટ સિમ્નલની પેઠે પર્કિન પણ પહેલો આયર્લૅન્ડમાં પ્રગટ થયો. ત્યાં કેટલાક ઉમરાવો તેના પક્ષમાં ભળ્યા. પછી તે માર્ગારેટને મળવા બર્ગન્ડી ગયો પરંતુ ત્યાંના દરબારમાં રચાતાં તર્કટોની તમામ બાતમી હેન્રીના ગુપ્તચરો વખતો વખત પુરી પાડતા હોવાથી હેન્રીએ ઇંગ્લાંડમાંના મુખ્ય કાવત્રાંખોરોને ઠાર કર્યા.

પછી વૉર્બેક અનુક્રમે ઇંગ્લાંડ અને આયર્લૅન્ડ ગયો પણ એકે જગાએ ન ફાવવાથી તે સ્કોટલેન્ડ ગયો, અને ત્યાંથી સહાય મેળવી ઇંગ્લેંડ પર ચઢી આવ્યો. પરંતુ અહીં હેન્રીના ડરથી કોઇએ તેના નામનો ઝુંડો ઉઠાવ્યો નહિ. આથી સ્કોટ રાજાનો ઉત્સાહ ઠંડો પડયો અને સાહસખેડુ પર્કિનને પાછું આયર્લૅન્ડ જવું પડયું. ત્યાંથી જેવું મળ્યું તેવું સૈન્ય લઇ તે ઇંગ્લેંડને કિનારે ઉતર્યો, પરંતુ છેક અણીને સમયે હિમ્મત હારી બેઠો, અનુયાયીઓને તજી તે નાસી છુટ્યો અને છેવટે હેન્રીને શરણે ગયો. હંમેશના રિવાજ મુજબ રાજાએ ઘણુ જ થોડા બંડખોરોને દેહાંત સજા કરી, પણ દંડ અને જપ્તિ દ્વારા બન્યું તેટલું ધન કઢાવવા તે ચુકયો નહિ. પર્કિનને સામાન્ય બંદીખાનામાં નાંખ્યો પણ બીજે વર્ષે નાસવાનો પ્રયત્ન કરતો પકડાયાથી તેને ટાવરગઢમાં જ્યાં અભાગીઓ વૉરિક સડતો

હતો ત્યાં પૂર્યો. અહીં તેમને નામે નવું કાવત્રું સેવાય છે એવો વહેમ પડવાથી બંનેને દેહાંત દંડ દીધો. પર્કિન અપરાધી હતો એ સાચું પણ વોરિક બિચારો નિર્દોષ હતો. છેક બાળપણથી તેને કારાગૃહમાં નાખ્યો હતો અને ત્યાં તેનાપર એવી સખ્તાઇ થઇ હતી, કે તેનું મગજ ખસી ગયું અને તેની માનસિક શકિત સાવ નાશ પામી આ કારણથી તેનો વધ હેન્રીના નામ પર કલંક સમાન છે. હવે યોર્ક પક્ષ તરફથી ઉભું થાય એવું કોઈ ન રહ્યથી ટ્યુડરોની સ્થાપના સુસ્થિર અને નિષ્કંટક બની.

**આયર્લેન્ડ.** આ બનાવોએ હેન્રીનું લક્ષ આયર્લેન્ડ તરફ ખેંચ્યું. આ અભાગીઆ દેશની કથા અતિ પરિતાપ ભરી છે. છેક પાડોશમાં બળવાન ઈંગ્લેંડનું રાજ્ય હોવાથી તેનાપર અનેક અંગ્રેજ રાજાઓ સ્વારી લઇ આવ્યા હતા કેટલાક અંગ્રેજ અને સ્કોટ ઉમરાવો અહીંની સારી સારી ભૂમિ જીતી ત્યાં વસ્યા હતા, અને કાળક્રમે અસલ વસ્તી સાથે થોડાઘણા મળી ગયા હતા. દેશીઓમાં નાના નાના અનેક ઠાકોરો હતા. તેઓને માંહોમાંહે તથા અંગ્રેજ સંસ્થાનીઓ સાથે લડાઇઓ ચાલ્યા કરતી.

લેમ્બર્ટ અને પર્કીન બંને વેશધારીઓને અહીં ટેકો મળેલો હોવાથી હેન્રીને એમ લાગ્યું કે આયર્લાંડ શત્રુઓનું ઘર હોવાથી તેને એકદમ જેર કરી તેની લગામ હાથમાં લેવી જોઇએ. આ હેતુથી તેણે સર એડવર્ડ પોઇનિંગ્સ નામના કાબેલ સરદારને વાઇસરાય તરીકે મોકલ્યો. તેણે બંડખોરોને હરાવી અંગ્રેજ થાણાં અને અદાલતો સ્થાપી. આયરિશ પાર્લામેન્ટને નિર્બળ બનાવવા તેણે

કાયદા કર્યા, જે પોઇનિંગ્સના કાયદા એ નામથી પ્રખ્યાત છે. એ કાયદાથી આયરિશ પાર્લમેંટ બીલકુલ પરાધીન બની. ઇંગ્લેંડની મંજુરી વિના તે કોઈ પણ કાયદો પસાર કરવા અશક્ત બન્યું.

ત્યાર બાદ તેણે અર્લ ઓફ કિલ્ડેરને મુખ્ય બળવાખોર તરીકે ઇંગ્લેંડ મોકલી દીધો જ્યાં તેને ટાવરગઢમાં પુરવામાં આવ્યો. દરમ્યાન આયર્લેંડમાં બળવો થયો અને ચતુર હેન્રી ચેતી ગયો કે કિલ્ડેર વિના બીજો કોઇ આયર્લેંડને શાંત કરી શકે એમ નથી. તેના શત્રુઓએ રાજાને ભંભેરવા કહ્યું કે આખું આયર્લેંડ કિલ્ડેરને વશ કરવા સમર્થ નથી. રાજાએ હસતાં હસતાં જવાબ આપ્યો "એમ છે તો કિલ્ડેર આખા આયર્લાંડને વશ કરશે." હેન્રીએ તેને માફી આપી તથા વાઇસરોય તરીકે આયર્લેંડ મોકલ્યો. પછી મરતાં સુધી તે વફાદાર રહ્યો અને તેના પછી તેનો પુત્ર વાઇસરોય બન્યો.

**આપખુદી બાદશાહી.** અત્યાર પુર્વે બાદશાહી ઉપર ઉમરાવોનો તથા પાર્લામેંટનો અંકુશ હતો. ઉમરાવોનું બળ ઘણું ખરૂં નાશ પામ્યું હતું તે આપણે જોઇ ગયા. અને હવે જે થોડું ઘણું બળ રહ્યું હતું તે નાબુદ કરવા હેન્રીએ અનેક ઇલાજો લીધા. વળી ઇંગ્લેંડનો કાયદો હતો કે કર વેરા વિગેરે માટે પાર્લમેંટની મંજુરી જોઇએ, તેથી જ્યારે જ્યારે રાજાને નાણાંની જરૂર પડતી ત્યારે તેમને પાર્લામેંટ પાસે હાથ ધરવો પડતો અને આવે સમયે લાગ સાધી પાર્લમેંટ રૈયતના પરિતાપનું નિવારણ કરવા તજવીજ કરતી. હેન્રીને નિરંકુશ થવાની ભારે ઉમેદ હતી અને એ હેતુ તેણે નીચે દર્શાવેલી રીતે પાર પાડ્યો:—

૧. સ્ટાર ચેમ્બર કોર્ટ. આ સમયે મોટા ઉમરાવો અપરાધી હોય છતાં સામાન્ય ન્યાયાધીશો તેમને સજા કરતાં ડરતા. ઉમરાવો ગરીબ રૈયત પર મરજી મુજબના ત્રાસ વર્તાવતા. તેમને અંકુશમાં આણવા તથા દેશના એક નાકાથી બીજા નાકા સુધી ગરીબ તવંગર, ઉંચ નીચ સૌ કોઇને ઇનસાફ આપવા હેત્રીએ એક ખાસ અદાલત સ્થાપી, અને તેમાં પોતાના વિશ્વાસુ પ્રધાનોને ન્યાયાધીશ બનાવ્યા. આ કોર્ટ મોત સિવાયની હરકોઇ સજા કરી શકતી પણ સાધારણ રીતે તે અપરાધીને ભારે દંડ કરતી. તેમાં જ્યુરી રહેતી નહિ તેથી અપરાધી ચાહે તેટલો ધનવાન કે બળવાન હોય છતાં તેને રાજા મનમાનતી સજા કરાવી શકતો. તેની બેઠક સ્ટાર ચેમ્બર નામના ઓરડામાં થતી તે પરથી એ અદાલતનું નામ 'સ્ટાર ચેમ્બર કોર્ટ' પડ્યું.

ભવિષ્યમાં આ ન્યાયપધ્ધતિથી ભારે હાનિ થઈ અને આ કોર્ટ દુરાચારનું મહયંત્ર થઇ પડી. તેની દ્વારા એટલા અન્યાય થયા કે પ્રજાએ તેની સામે પુષ્કળ પોકાર ઉઠાવ્યા હતા અને દોઢસો વર્ષ અમલમાં રહ્યા પછી તે રદ થઇ. પણ હાલ તરત તો બળવાખોરો અને બળવાન ઉમરાવોને પકડી પકડી ઠેકાણે આણવામાં, અને એ રીતે સુલેહ શાંતિ ફેલાવવામાં તે બહુ ઉપયોગી નીવડી.

૨. અત્યાર સુધી એવો રિવાજ હતો કે ઉમરાવો પોતાની જાગીરમાં વસતા માણસોનું રક્ષણ કરવા બદલ તેમની પાસે કામ પ્રસંગે ફરજીયાત લશ્કરી સેવા લેતા. આવા સૈન્યબળને લીધે તેઓ સામાન્ય રૈયતને રંજાડતા, ન્યાયાધીશો ને ડરાવતા, અને શેરીફની

ચુંટણી વેળા પોતાના આદમીનેજ ચુંટાવતા. હેન્રીએ કાયદાથી નક્કી કર્યું કે ઉમરાવ અમુક સંખ્યાજ રાખી શકે. તેથી વધારે સૈનિકો રાખનારા ઉમરાવને સજા થતી. આ કાયદો સખ્તાઇથી અમલમાં મુકાયો. એક વેળા એવું બન્યું કે હેન્રી પોતાના જુના દોસ્ત અર્લ ઓફ઼ ઓકસફર્ડને મળવા ગયો. ત્યાં તેને માન આપવા ઓકસફર્ડનો ખાસ પોશાક પહેરેલા આદમીઓની લાંબી હાર બંને બાજુ હતી. આ માણસો કોણ છે એમ પૂછતાં તેને માલમ પડયું કે તેઓ અર્લસાહેબના સેવકો છે. આ સાંભળી રાજાએ અર્લને કહ્યું કે તમારી મહેમાનગીરી માટે આભાર માનું છું, પણ મારી આંખો સામે મારા કાયદાનો ભંગ થાય એ હું સહન ન જ કરી શકું. પરિણામે ઓકસફર્ડને ૧૫૦૦૦ પાઉંડ જેટલો ભારે દંડ થયો.

૩. મરી ગએલા ઉમરાવ કુળોની જમીનજાગીર તથા અધિકાર હેન્રીએ મધ્યવર્ગમાંના વેપારીઓ, યોદ્ધાઓ વિગેરેને આપ્યાં. એ રીતે એક નવો ઉમરાવ વર્ગ પેદા થયો જે સદાયે રાજભકત તથા અસલ ઉમરાવોનો દુશ્મન રહ્યો, આવી રીતે તેણે ઉમરાવોને છેક પાંગળા કરી મુકયા. પછી પાર્લમેંટથી સ્વતંત્ર થવાનું કામ તેણે આ પ્રમાણે કર્યું:—

૪. ઉપર વર્ણવી ગયા તેવા દંડ ઉપરાંત નજરાણાં, દાન, લોન વિગેરે અનેક રીતે તેણે ધન ભેગું કર્યું. આ કાર્યમાં તેને મોર્ટન નામના મંત્રીની જબરી સહાય હતી. જે પુરુષો ઠાઠમાઠથી રહેતા તેમની પાસે તેમના ઠાઠના પ્રમાણમાં પૈસા મુકાવતો; અને જે પુરુષો કરકસર અને કંજુસાઇથી રહેતા તેમને એમ કહેવાતું કે

તમે તો ખૂબ બચાવો છો અને તેથી તમારે રાજાને સારી મદદ આપવી જોઇએ. આ પધ્ધતિમાંથી કોઇ બચતું નહિં તેથી તેને 'મોર્ટનનો ચીપીયો' એવું નામ અપાયું છે વળી કેટલાક મંત્રીઓ, વિશેષે એમ્પસન અને ડડલી જુના કટાઇ ગએલા કાયદા શોધી તેનો કોઇએ જાણે અજાણે ભંગ કર્યો હોય તો તેને દંડાવતા. વળી લડાઇમાં કપાઇ મુએલા ઉમરાવોની જાગીરો રાજાએ પોતાને કબજે કરી. આ સર્વ પ્રકારે તેને એટલી બધી પ્રાપ્તિ થઇ કે પાર્લમેંટ પાસે હાથ ધરવાની જરૂર તેને ન રહી.

૫ આ રીતે પાર્લમેંટથી સ્વતંત્ર બની રાજાએ તેના બીજા અધિકાર ઉપર હાથ નાંખ્યો. પાર્લમેંટની મંજુરી વિના કોઈપણ કાયદો થઈ શકે નહિ એવો રિવાજ હતો. હેન્રીએ કાયદાનું નામ કોરાણે મુકી જાહેરનામાં કાઢવા માંડયા અને ન્યાયાધીશો તેમને માન આપતા.

૬. બીજો એક નિયમ એવો હતો કે જ્યાજની તપાસ વિના કોઇ પણ પુરૂષને સજા થઇ શકે નહિ. સ્ટાર ચેમ્બર દ્વારા હેન્રીએ પોતાના સર્વ શત્રુઓને મનમાનતી સજા કરી.

**પરરાજ્યનીતિ.** ઉપર દર્શાવેલા અત્યાચારો વડે હેન્રીએ પોતાની આવક ઘણી વધારી દીધી અને લડાઇ વિગેરેનો ખર્ચ ન હોવાથી મરતી વેળા તે પોતાના પુત્રને વીશ લાખ પાઉન્ડ રોકડનો વારસો સોંપતો ગયો. પરરાજ્યો સાથે તેણે અવિગ્રહનીતિ અખત્યાર કરી, અને આ કાર્ય પાર પાડવામાં તેણે બહુ ચતુરાઇ અને દૂરંદેશી

દર્શાવી. તત્કાલીન યુરોપમાં ફ્રાન્સ અને સ્પેઇનનું બળ વિશેષ હતું. તેમાં ફ્રાન્સ તો ઇંગ્લેંડના પાડોશી સ્કોટલેંડને ઇંગ્લેંડ સામે ઉશ્કેરવા તથા મદદ આપવા સદાએ તત્પર હોવાથી, ફ્રાંસના દુશ્મન સ્પેઇન સાથે મૈત્રી બાંધવી ઇષ્ટ હતી. અને આમ કરવા સ્પેઇન પણ તૈયાર હતું. તે સમયમાં વિવાહ-સંબંધ રાજકીય મિત્રાચારીનું ઉત્તમ સાધન ગણાતું, એટલે સ્પેઇનની રાજકુંવરી કેથેરિન અને ઇંગ્લેંડનો પાટવી કુંવર આર્થર એ બેનો વિવાહ કરવો એમ નક્કી થયું. આ કાર્યથી ફ્રાંસ કદાચ ઉશ્કેરાય અને સ્કોટલેંડને ચઢાવે તે અટકાવવા માટે હેન્રીએ પહેલેથીજ સ્કોટલેંડ સાથે વિષ્ટિ ચલાવી, અને પોતાની કુંવરી માર્ગારેટને ત્યાંના રાજા ચોથા જેઇમ્સ વેરે પરણાવી. આ રીતે સાપ પાડોશી સાથે નજીકનો સંબંધ બાંધી હેન્રીએ તેને ઝેરે નહિ પણ ગોળે માર્યો.

દૈવયોગે એવું બન્યું કે લગ્નના ત્રણ માસમાંજ આર્થર ગુજરી ગયો. હવે કેથેરિનનું શું કરવું એ પ્રશ્ન ઉભો થયો. સ્પેઇન અને ઇંગ્લેંડ બંને આ ગાંઠ તોડવા નારાજ હોવાથી બંને એમ કબુલ થયા કે કેથેરિનને હેન્રીના બીજા પુત્ર (આગળ ઉપર આઠમો હેન્રી) સાથે વિવાહિત કરવી. આ માટે પોપની ખાસ મંજુરી મેળવાઇ. આ વિવાહ કુદરત વિરૂદ્ધનો હતો કેમકે કન્યા વરથી ૭ વર્ષ મોટી હતી અને એથી કેવાં અણુધાર્યાં માઠાં પરિણામ નીપજ્યાં તે હવે પછી આપણા જોવામાં આવશે.

**નવી દુનિયા.** યુરોપી રાજાઓ જ્યારે લગ્નગાંઠથી પોતાના બળની જમાવટ કરતા હતા, ત્યારે સામાન્ય પ્રજા પોતાનું કાર્ય ગુપચુપ

કર્યે જતી હતી. મનુષ્યોને વિદિત થયું કે દુનિયા તેમના ધાર્યા કરતા ઘણી વિશાળ અને વિવિધતા ભરી છે. પૂર્વ દેશોની, વિશેષે હિંદુસ્તાનની જાહોજલાલીની છક કરી નાંખે એવી આશ્ચર્યપૂર્ણ વાતો યુરોપમાં પહોંચી ચુકી હતી. તે દેશો સાથેના વેપારને લીધે વેનિસ, જીનોવા વિગેરે સ્થળો ઘણાં આબાદ બન્યાં હતાં. સૌ કોઈને એ ભૂમિઓ તરફ જવાનું મન થવા લાગ્યું. જાણીતો રસ્તો તો રોકાએલો હતો અને એ માર્ગે બિનઅડચણે જઈ શકાય એમ ન હતું. આથી સાહસિક વીરો સાગર મહાસાગર ખેડી પૂર્વ તરફ જવાના નવા માર્ગ શોધવા નીકળી પડ્યા. એકે પશ્ચિમ, તો બીજાએ દક્ષિણ-પૂર્વ; આણે ઉત્તર-પશ્ચિમ, તો તેણે ઉત્તર-પૂર્વ એમ અનેક વીરોએ અનેક દિશાઓ પસંદ કરી તે તરફ પોતાના વહાણ હંકાર્યાં. આમાં કેટલાયે પુરૂષોએ પોતાના જાનના ભોગ આપ્યા હશે. આ સમામાં હોકાયંત્રની શોધ થવાથી દરિઆઈ મુસાફરી પહેલાં કરતાં ઓછી કઠણ બની.

સ્પેઈનના આશ્રય હેઠળ ક્રિસ્ટોફર કોલમ્બસ નામના એક જીનોવાવાસી ખલાસીએ હિંદુસ્તાન શોધવા જતાં અમેરિકા શોધ્યો, અને એક પોર્ટુગીઝ નાવિક, વાસ્કોડિગામાએ પૂર્વ તરફ જવાનો જલમાર્ગ શોધી કાઢયો. અત્યાર સુધી સાગર અંતર રૂપ, ભેદ રૂપ મનાતો હતો તે હવે રાજ માર્ગ રૂપ બન્યો. નાવિકોને, વિશેષે અંગ્રેજ નાવિકોને સાહસ માટે નવું ક્ષેત્ર મળ્યું. પરંતુ આરંભના લાભ તો સ્પેઇન અને પોર્ટુગલને જ મળ્યા.

ઇંગ્લેંડે પણ આ દિશામાં કાર્ય આરંભ્યું હતું. કોલમ્બસ સફરે ચઢયો હતો ત્યારે બ્રિસ્ટલના થરા વેપારીઓએ નવા પ્રદેશો શોધવા

પોતાના કાફલા મોકલ્યા હતા. જોન કેબટ અને સિબાસ્ટિયન કેબટ એક અંગ્રેજ કાફલો લઈ અમેરિકાના ઉત્તર ભાગમાં પહોંચ્યા હતા. સ્પેઇનને હાથ લાગેલો મુલક ઘણો લાભદાયિ હતો ત્યારે અંગ્રેજોએ શોધેલો છેક ઉત્તરનો પ્રદેશ ઉપજાઉ ન હતો. પોપે દુનિયાના નકશા પર ઉત્તર-દક્ષિણ જનારી ઉભી રેખા દોરી એમ નક્કી કર્યું કે એ રેખાની એક બાજુએ જે જે મુલકો હાથ લાગે તે સ્પેઇનના, અને બીજી બાજુએ હાથ લાગે તે પોર્ટુગલના ગણાય. પોપ ખ્રિસ્તી ધર્મનો વડો ગણાતો હોવાથી અત્યારે તો કોઈએ આ હુકમ વિષે વાંધો દર્શાવ્યો નહિ, પરંતુ પાછળથી ધર્મ સુધારણાની હીલચાલને લીધે પોપની સત્તા ગઇ ત્યારે સુધારક દેશોએ એ હુકમની પરવા ન કરી. પચાશ વર્ષની અંદર તો પોર્ટુગલે પૂર્વ બાજુએ અને સ્પેઇને પશ્ચિમ બાજુએ જંગી સલ્તનતો સ્થાપી.

આ શોધોથી યુરોપખંડનું મહત્ત્વ એકદમ વધી ગયું. એટલેન્ટિક મહાસાગર પૂર જોશથી ખેડાવા લાગ્યો અને અમેરિકા તથા પૂર્વ દેશો સાથે વેપારી સંબંધ જોડાયા. એટલેન્ટિકના કાંઠા પરના દેશો, સ્પેઇન અને પોર્ટુગલની કિંમત વધી ગઇ. આખા યુરોપમાં સાહસનો અપૂર્વ જુસ્સો ફાટી નીકળ્યો જેને પરિણામે યુરોપીઅનોએ દુનિઆના એકે એક ભાગમાં સંસ્થાન સ્થાપ્યાં અને આજે તેઓનું રાજ્ય સર્વે ખંડોમાં છે. વાણિજ્યમાં તેમનું મહત્વ વધવાથી યુરોપ હુન્નર ઉદ્યોગમાં પ્રથમ પંકિતએ આવ્યો, તથા ધનવાન અને બળવાન બન્યો.

ઇંગ્લેંડ પર પણ આની અસર ભારે હતી. આ શોધો પહેલાં વેનિસ, જીનોવા અને એલેકઝાન્ડ્રીઆ મોટાં હતાં, તેઓ ઇંગ્લેંડથી

ઘણા દૂર હોવાને લીધે તેમના સમાગમનો લાભ ઇંગ્લેંડને મળ્યો ન હતો. હવે સ્પેઇન અને પોર્ટુગલ મોટાં થયાં અને છેક નજીક હોવાથી ઇંગ્લેંડ તેમનાં સાહસ અને વાણિજ્ય દ્વારા થએલી ઉન્નતિ જોઇ શક્યું. અને તે આ પાડોશીઓ સાથે સ્પર્ધામાં ઉતરે એ સ્વાભાવિક હતું. આવી સ્પર્ધાને પરિણામે ઇંગ્લેંડમાં એક નવો જુસ્સો પેદા થયો જેથી સ્પેઇન સાથે યુધ્ધ થયું, સ્પેઈનના અજેય કાફલાનો પરાજય થયો અને ઈંગ્લેંડ યુરોપમાં પ્રથમ પંક્તિનું રાજ્ય બન્યું.

**ગરીબ વર્ગનાં દુઃખ.** આ વેળા અંગ્રેજોમાં દાખલ થયેલી વાણિજ્ય બુધ્ધિને લીધે એક બીજું પરિણામ આવ્યું. આખા મધ્યયુગમાં ખેતી થતી તે કેવળ ગુજરાન પુરતીજ. હવે જમીનદારોમાં વૈશ્ય વૃત્તિ આવવાથી તેમણે જમીનમાંથી બને તેટલો લાભ મેળવવા મહેનત કરી. ખેતી કરતાં ઉનમાં મહેનત ઓછી અને પ્રાપ્તિ વધારે હોવાથી જમીનદારોએ ખેતી છોડી ઘેટાં ઉછેરવા માંડયાં. ખેતરો અને ગોચરની આજુબાજુ વાડ કરી લેવામાં આવી. આથી ગરીબ લોકો ઘણા દુઃખી થયા. હવે ગોચર ન હોવાથી તેમનાં ઢોર માટે ચરવાનાં સ્થાન રહ્યાં નહિ. વળી ઘેટાં ઉછેરવામાં ઓછી મહેનત હોવાથી રોજગારી ઘટી ગઈ. ઘણા મજુરો બેકાર બન્યા. ખેતી ઘટવાથી અનાજના ભાવ વધ્યા. પરિણામે બેકારી ઘણીજ વધી પડી અને હવે પછીના પચાશ વર્ષ સુધી વધતી ગઇ.

**નવો વિદ્યા.** ૧૪૫૩માં તુર્કોએ ગ્રીક સામ્રાજ્યનું પાટનગર કોન્સ્ટેન્ટીનોપલ સર કર્યું, તેથી ઘણા ગ્રીક પંડિતો પોતાના અમૂલ્ય

પ્રાચીન ગ્રંથો લઇ ઇટલિ નાસી આવ્યા. અહીં તેમણે તેમની પ્રૌઢ ભાષા અને પ્રતાપી વિદ્યા શિખવવા માંડી, દેશે દેશના વિદ્વાનો તેમના શિક્ષણનો લાભ લેવા ટોળે મળતા અને જોતજોતામાં જ્યાં ત્યાં ગ્રીક ભાષાનું અધ્યયન થવા લાગ્યું. પરિણામે પ્રાચીન ગ્રીસના કવિઓ, ઇતિહાસકારો, અને તત્ત્વવેત્તાઓના અમૂલ્ય ગ્રંથો પશ્ચિમ યુરોપના પંડિતો માટે ખુલ્લા થયા વળી તેઓ મૂળ બાઇબલ વાંચતા થયા. છાપખાનાએ આ કાર્યમાં ઘણી મદદ કરી. શાળાઓના અભ્યાસક્રમમાં પણ ઘણો ફેરફાર થઇ ગયો.

નવી વિદ્યાની કીર્તિ ઈંગ્લેંડ પહોંચતા અંગ્રેજ વિદ્વાનો આલ્પ્સ પર્વત ઓળંગી ગ્રીક ગુરૂઓના ચરણે વિદ્યા સંપાદન કરવા ઇટલિ પહોંચ્યા. આમાં સૌથી પ્રખ્યાત જોન કોલે હતો. ધનિક કુટુમ્બમાં જન્મેલો હોઈ થોડું ઘણું ભણ્યા બાદ તે ધર્મખાતામાં દાખલ થયો. પાછળથી તે ઇટલિ જઈ ગ્રીક શીખ્યો તથા મૂળ બાઇબલનો ઉંડો અભ્યાસ કરી તેણે તેનું ખરૂં રહસ્ય શોધવા અથાગ શ્રમ કર્યો, જે પરથી તેને લાગ્યું કે તે સમયની ઘણી માન્યતાઓ ખોટી હતી. ધર્મને નામે જે પાખંડ ચાલતા હતા તે નાબુદ કરવા તેને ભારે અભિલાષા હતી અને પ્રાયઃ તેના બોધને લીધે, જ્યારે ધર્મ સુધારણાનો સમય આવ્યો ત્યારે ઘણાખરા લોકોએ તે હીલચાલને વધાવી લીધી. તે સેન્ટ પોલ સ્કુલનો સ્થાપક હતો. તેણે ઓકસફર્ડમાં ભાષણો આપ્યાં તે નવા વિચારોથી ભરપુર હતાં. સર થોમસ મૂરે પોતાનાં ગદ્યગ્રંથો શરૂ કર્યા. યુનિવર્સિટિઓમાં નવું ચેતન સ્ફુર્યું. ઉચ્ચ વર્ગમાં હવે વાંચવા લખવાની નવાઇ રહી નહિ.

લોકો સ્વતંત્ર વિચાર કરતા થયા. સત્યની શોધ થવા લાગી. શ્રદ્ધાનું સ્થાન તર્કે લીધું.

રાજાનું મરણ. ૧૫૦૯ માં ત્રણ છોકરાં મુકી હેત્રી મરણ પામ્યો. તેની મોટી કુંવરી માર્ગારેટ સ્કોટલેન્ડમાં, અને નાની મેરી ફ્રાન્સમાં પરણી હતી. તેના પછી તેનો કુંવર આઠમા હેત્રીના નામથી ગાદીએ આવ્યો.

આ રાજ્યની તવારીખ બંધ કરતાં પહેલાં હેત્રીના ગુણદોષ વિષે બે બોલ અસ્થાને નહિ ગણાય. હેત્રી ગાદીએ આવ્યો ત્યારે ઇંગ્લેંડની હાલત મહાબુરી તથા ભયભરી હતી. ચોવીશ વર્ષ પછી તે ગુજરી ગયો ત્યારે ઇંગ્લેંડની દશા એકંદરે ઠીક હતી. પોતાના ચોવીશ વર્ષના અમલ દરમ્યાન, વિશેષે તેના પુર્વાર્ધમાં તેણે સામાન્ય રૈયતને સુખી કરવા બનતી તજવીજ કરી. રાજકળામાં તે મહાચતુર અને કોઈથી ગાંજ્યો જાય એવો ન હતો. સ્વાર્થ સાધતા જવો અને વળી દુનિયાને દેખાડવું કે પરમાર્થ કરૂં છું એ આ રાજાની રાજકળાની ખાસ ખૂબી હતી. બીજું શત્રુ ગોળે મરે ત્યાં સુધી ઝેરનો ઉપયોગ ન કરવો એ તેનો સ્થાયિ નિયમ હતો. આવા અચ્છા વર્તનને લીધે તેણે સૌ કોઈને વશ કર્યાં, તથા પોતાની અભિલાષા પાર પાડી.

હેત્રીના નૈતિક આચરણપર તેની રાણીનો ઘણો પ્રભાવ પડતો હતો પરંતુ તેનું મોત થતાં એ પ્રભાવ દૂર થયો, રાજાનું આચરણ બગડતું ગયું. તેનું છેવટનું જીવન નીચ અને નિંદ્ય હોઇ તેના

આખા રાજ્યને કલંકિત કરે છે. એ વર્ષોમાંજ તેણે નાણાં માટે બળાત્કાર કર્યા. એક વખતે એવી અફવા ઉડેલી કે વિધવા બનેલી પોતાની પુત્રવધૂ કેથેરિન સાથે રાજા લગ્ન કરવા ઇચ્છે છે, અને એ અફવા સાવ ખોટી ન હતી.

હેન્રીના રાજ્યનાં પ્રથમ પંદર વર્ષો સાવ સાફ છે. તે દરમ્યાન ફક્ત એકજ મહા અન્યાયનું કામ, વોરિકનો વધ, થએલું. રાણી પહેલાંજ તેનું મરણ થયું હોત તો આજે તે મોટો રાજા ગણાત. પરંતુ તે ૧૫૦૯ સુધી જીવ્યો અને તેથી તેની ગણના અતિ નીચ રાજાઓમાં થાય છે.

---

# પ્રકરણ. ૩.

## આઠમો હેન્રી. ૧૫૦૯—૧૫૪૭.

**નવા રાજાનાં લક્ષણ.** રાજ્યના ઉત્તરાર્ધમાં અતિ નીચ અને જુલ્મી બનેલા સાતમા હેન્રીને મુકાબલે તેનો પુત્ર આઠમો હેન્રી પ્રજાને હજાર દરજ્જે સારો લાગ્યો. તે નોજુવાન, દેખાવડો, સર્વે મર્દાની રમતોમાં પહેલો, બોલવામાં છટાદાર, વિદ્વાન તથા વિદ્યાવિલાસી હોવાથી પ્રજાએ તેને વિષે ભારે આશા બાંધી, તેને ખરા હૃદયથી વધાવી લીધો. ગાદીએ આવ્યો કે તરતજ તેણે માજી રાજાના જુલમમાં મુખ્ય મદદગાર એમ્પસન અને ડડલીનો વધ કરાવ્યો. તેથી તેની લોકપ્રિયતા ઘણી વધી ગઇ. ધાર્યું કરનારો, અને

અભિમાની છતાં લોકપ્રિય થવાની તેને બહુ હોંસ હતી. પછી તેણે સ્પેઇનની કુંવરી કેથેરિન સાથે લગ્ન કર્યું અને આખા દેશમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો.

પરંતુ રાક્ષસી સ્વાર્થીપણું અને પાષાણમય હૃદય એ તેના મુખ્ય દોષ પાછળથી માલમ પડયા. પોતાનાં સાધ્ય સાધવા અને પોતાની કીર્તિ અખંડિત રાખવા તે પોતાના સૌથી વફાદાર અને સૌથી વિશ્વાસુ પુરૂષનો પણ તલભાર દયા આણ્યા વિના ભોગ લેતો. વળી સ્વાર્થ પ્રીતની રીત જ એવી છે કે વય વધે તેમ માણસ વધારે સ્વાર્થી બને. એ ન્યાયાનુસાર જીંદગીના પાછલા ભાગમાં તે છેક મગ્રતીલો, મિજાજી, આપખુદી, વિષયાંધ અને પશુ વૃત્તિવાળો બનતો ગયો.

**રાજનૌકાની સ્થાપના.** આરંભમાં હેત્રીનું લક્ષ રાજનૌકા તરફ ગયું. હજુ સુધી તેની પાસે ફક્ત એક લડાયક જહાજ હતું, જે તેના પિતાના સમયમાં બંધાયું હતું, પરંતુ ૧૫૧૧માં સ્કોટ લોકોનું એક મોટું વહાણ હાથ લાગ્યું. બીજે વર્ષે એક નવું વહાણ બંધાવ્યું, પરંતુ ફ્રેન્ચોએ તે ભાંગી નાંખ્યું, ત્યારે તેને બદલે વધારે મોટું વહાણ બનાવ્યું, અને એ રીતે એક પછી એક એમ ઘણાં વહાણ તૈયાર થયાં. આ ઉપરાંત તેણે નૌકા ઓફિસ સ્થાપી. ટ્રિનિટિ હાઉસ નામની સંસ્થા જેણે દિવાદાંડી બાંધવાનું, નૌકાનયનના કાયદા ઘડવાનું, દરિયામાં ભયવાળી જગ્યાએ ભયચિહ્ન ઉભા કરવાનું અને એવાં એવાં ઘણાં સારાં કામ કર્યાં છે, તે પણ આ

સમયમાંજ સ્થપાઇ. ઉપરાંત ત્રણ ચાર બંદરોમાં ડક્કા બંધાવ્યા, આ સર્વ વિગતો ધ્યાનમાં લેતા હેત્રી અર્વાચીન અંગ્રેજી નૌકાનો પાયો નાંખનાર છે એ કથન વાસ્તવિક છે.

**ફ્રાન્સ સાથે લડાઈ.** રાજકઃાની બાજીનો ઉત્તમ ખેલાડી સાતમો હેત્રી મરણ પામ્યો અને તેને સ્થાને તેનો બીનઅનુભવી પુત્ર ગાદીએ આવ્યો એ જોઇ યુરોપી રાજાઓ ખુશ થયા. તેમને આશા હતી કે આ યુવક કીર્તિલોભનો માર્યો આપણું ધાર્યું કરશે. અને થયું પણ તેમજ. સ્પેઇન અને જર્મનીએ પાથરેલી જાળમાં ફસાઇ તેણે ઉછાંછળા થઈ ફ્રાન્સ સામે લડાઇ કરી. આ લડાઈ તુટક તુટક વીશેક વર્ષ ચાલી, અને એથી કશો લાભ થયો નહિ

**સ્કોટલેન્ડ.** દરમ્યાન હેત્રી ફ્રેન્ચ યુધ્ધમાં રોકાએલો છે એ લાગ જોઇ ફ્રાંસને મદદ કરવામાં સદાએ તત્પર એવું જે સ્કોટલેંડ, તેનો રાજા જેઇમ્સ ઇંગ્લેંડ પર ચઢી આવ્યો. જેઇમ્સ અને તેનો સાળો હેન્રી એ બે વચ્ચેનો સંબંધ કેટલાક વખતથી બગડયો હતો. માર્ગારેટ રાણીની પહેરામણી વિષે રકઝક ચાલતી હતી. સીમાડાના ઝઘડા તો ચાલ્યાજ કરતા. અંગ્રેજો અને સ્કોટો એક મેક પર ચાંચીઆ વેડાના આરોપ મુકતા હતા. એટલામાં ફ્રેંચ રાણીએ તેને ધર્મનો ભાઇ ગણી તેના પર એવો વિનંતી પત્ર મોકલ્યો કે તું ઇંગ્લંડ પર ફટકો માર. પ્રેમશૌર્યભકિત વડે દોરવાઇ જેઇમ્સે પતંગીઆની જેમ યુધ્ધમાં ઝંપલાવ્યું. એક બાજુ હેત્રીનાં વહાણ ફ્રાંસ તરફ હંકારાયા, ત્યારે બીજી બાજુ મોટું સૈન્ય લઇ જેઇમ્સ ઇંગ્લેંડ પર ધસી આવ્યો.

ઈંગ્લંડનું રાજ્યરક્ષણ કેથેરિન રાણી અને અર્લ સરેને સોંપાયું હતું. જેઇમ્સ ધસી આવે છે એ સમાચાર સાંભળી સરે મોટું દળ લઇ તેની સામે ભીડયો. ફ્લોડનના મેદાનમાં જેઇમ્સની છાવણી હતી તે પર અણધારી દિશાએથી અંગ્રેજ સૈન્યે હુમલો કર્યો. હાથો હાથની ઝનુની લડાઇ થઇ. તેમાં સ્કોટ સૈન્યની પાંખો પીંખાઇ ગઇ, મધ્ય ઘેરાઇ ગયું, ઉત્તમ કોટિના ઉમરાવો કપાઈ ગયા, અને જેઇમ્સ પોતે પણ મરાયો. સ્કોટલેન્ડનું ચુનંદુ સૈન્ય તમામ ખપી ગયું. મરનાર રાજાનો પુત્ર ધાવણો હોવાથી તે દેશ પર પાછું રાજરક્ષકનું દુઃખ આવ્યું. ઉમરાવો માંહોમાંહે લડવામાં રોકાયા, અને સત્તાવીશ વર્ષ સુધી ઈંગ્લેંડને એ તરફની નિરાંત થઇ. પણ ત્યાર પછી મોટો થએલો પાંચમો જેઇમ્સ ઈંગ્લેંડ પર ચઢાઈ લાવ્યો. પરંતુ તેની પણ સજડ હાર થઇ અને તેના સંતાપમાં તે મરણ પામ્યો. તેની બાળપુત્રી પાછળથી 'સ્કોટ રાણી મેરી' એ નામે પ્રખ્યાત થઈ, તેની વાત આગળ ઉપર આવશે.

**થોમસ વુલ્સી.** હવે આ રાજ્યમાં થનારા ફેરફારોની નોંધ લેવી પડશે. આઠમા હેન્રીનું રાજ્ય રંગભૂમિપર ભજવાતાં નાટક જેવું છે. એ સાડત્રીશ વર્ષના ગાળામાં એક વેળા આ પુરૂષ તો બીજી વેળા બીજો પુરૂષ, એક વખત એક સ્ત્રી તો બીજી વખત બીજી સ્ત્રી એ પ્રમાણે અનેક સ્ત્રી પુરૂષો પર રાજાની પ્રીતિ–અપ્રીતિ થતી અને પરિણામે તેઓની ચઢતી પડતી થતી.

હેન્રીની પ્રથમ પ્રીતિ સંપાદન કરનાર પુરુષ વુલ્સી હતો. થોમસ વુલ્સી એક ધનાઢ્ય નાગરિકનો પુત્ર હતો. મહા સમર્થ વિદ્વાન હોઇ

તે ધર્મખાતામાં દાખલ થયો હતો. માજી રાજ્યમાં રાજાએ તેની અપૂર્વ શક્તિ નિહાળી તેને રાજમહેલના આચાર્યની પદવી સોંપી હતી. સાતમા હેન્રી હેઠળ તે રાજ કળામાં અતિ ચતુર અને પારંગત બન્યો હતો. પોતાની કાર્ય શકિતથી તે જોતજોતામાં આઠમા હેન્રીને માનીતો થઇ પડયો. તેણે તેને યોર્કનો આર્ક બિશપ તથા પોતાંના દિવાન બનાવ્યો. પાછળથી પોપે તેને કાર્ડિનલ બનાવ્યો.*

આ પ્રમાણે થોડા વખતમાં તે ઘણો ચઢી ગયો હતો, અને ઇંગ્લેંડમાં ધર્મ ખાતામાં તેમજ રાજ્યખાતામાં તેની સત્તા માત્ર રાજાથીજ ઉતરતી હતી. તે વિદ્યાને ઉત્તેજન આપતો તથા પોષતો. તેણે સ્થાપેલી 'ક્રાઇસ્ટ ચર્ચ કાલેજ' આજે પણ મોજુદ છે. આ કાલેજની પાછળ ખર્ચ કરવામાં તેણે કશી મણા રાખી નહિ. તે શાંતિપ્રિય હતો અને જો બીજી કોઇ રીતે સાધ્ય સધાતું હોય તો તે યુદ્ધથી દૂર રહેતો.

તે પોતાની સર્વ શક્તિ અને સમય રાજકાજમાં ગાળતો છતાં દુર્ભાગ્યે તે અનન્ય ભક્તિવાળો ન હતો. તેની અભિલાષા બે પ્રકારની હતી, એક તો બાદશાહી મજબુત કરવાની, અને બીજી પોતાની ઉન્નતિ માટે માન અને દ્રવ્ય મેળવવાની. રાજભંડાર ભરવા તેણે સાતમા હેન્રીના જેવા માર્ગ આદર્યા. દાન અને લોન બળાત્કારે લઇ નાણાં પેદા કર્યાં, અદાલતો મારફતે બન્યા તેટલા દંડ લીધા, નજરાણા ઉઘરાવ્યાં, અને એવી એવી રીતે તિજોરી ભરી. બદલામાં રાજાએ

* કાર્ડિનલ પદ બિશપ કરતાં ઉંચું ગણાય છે. પોપની ચુંટણીમાં કાર્ડિનલને મત અપાવવાનો અધિકાર છે. બિશપને એ અધિકાર નથી.

મોટાં મોટાં ઈનામો આપી તેને ન્યાલ કર્યો. તે એટલો તાલેવાન બન્યો કે 'હેમ્પટન કોર્ટ' અને 'યોર્કહાઉસ' જેવા ભવ્ય મહેલ પોતાના વૈભવમાટે તે બંધાવી શકયો. તે બાદશાહી ઠાઠમાં રહેતો. મોટા મોટા ઉમરાવો તેની સેવામાં ખડા રહેતા.

**યુરોપી રાજખટપટ.** પરંતુ એમ ન ધારવું કે તેનું સર્વ ધન ઈંગ્લેંડમાંથીજ મળેલું હતું. પરદેશમાંથી પણ વુલ્સીને ત્યાં ટંકશાળ પડતી. આ સમયે મહારાજા ચાર્લ્સ સ્પેઇન, જર્મની, ઓસ્ટ્રીઆ, અને નેધરલેન્ડનો રાજા હોવાથી યુરોપમાં સૌથી મોટો હતો. તે કેથેરિન રાણીનો ભાણેજ (બેનનો છોકરો) થતો હતો. તે અને ફ્રાન્સનો રાજા પરસ્પર દુશ્મન હોઇ બંને ઇંગ્લેંડની મદદ મેળવવા આતુર હતા. વુલ્સી બંને પાસેથી નાણાં લઇ તેમને એક બીજા વિરૂદ્ધ ફુગાવતો. ચાર્લ્સ હેન્રીને મળવા ઇંગ્લેંડ આવ્યો, થોડાક મહિના પછી ફ્રાન્સે હેન્રીને આમંત્રણ મોકલ્યું જેથી હેન્રી ફ્રાન્સ ગયો. ત્યાં એના માનમાં જલસા, ઉજાણી વિગેરેની એટલી ભારે અને ભભકાબંધ ગોઠવણો થઇ હતી કે જે મેદાન પર આ બધો ઠાઠ જમાવેલો તેનું નામ **કિનખાબનું મેદાન** પડયું. આવા ભોગવિલાસ ફ્રાન્સને ખર્ચે ભોગવી ઘર તરફ પાછા વળતાં ફ્રાન્સના શત્રુ ચાર્લ્સને મળતાં હેન્રી જરાએ ખંચાયો નહી, અને બે વર્ષ પછી ફ્રાન્સ સામે લડવામાં તેને મદદ પણ કરી. સાધારણ માણસ આવાં કાર્ય કરે તો તે વિશ્વાસઘાત કહેવાય. પણ રાજપુરૂષો આવાં કાર્ય કરે તો તે ચાતુર્ય હોશીયારી, કાબેલિયત કહેવાય. રાજનીતિમાં સરળતા કરતાં કુટીલતા વધારે ઉપયોગી મનાય છે.

હેન્રીની આ સર્વ ખટપટનું રહસ્ય એ છે જે તેનો ઇરાદો બન્ને પક્ષને સમતોલ રાખવાનો હતો. વુલ્સીની લાલસા પોપ બનવાની હતી અને જે રાજા તેને આ કાર્યમાં વધારે મદદ કરે તેનો પક્ષ તે ખેંચતો. આ વિષે ચાર્લ્સે વુલ્સીને વચન આપ્યું હતું. પરંતુ બે પ્રસંગો ગયા છતાં તેનું કાંઇ વળ્યું નહિ ત્યારે ચાર્લ્સના વચન પરથી તેની શ્રદ્ધા ઉઠી ગઈ, અને તે સામા પક્ષમાં ભળ્યો. આ રીતે ઈંગ્લેંડ–ફ્રાન્સ વચ્ચે થએલી મૈત્રી અંગ્રેજ લોકોને અહીક લાગી કેમકે તેથી સ્પેઈન તાબેના નેધરલેન્ડ સાથે ચાલતો ઉનનો વેપાર જોખમાવાનો સંભવ હતો. આ મૈત્રી અપ્રિય જણાતાં, હેન્રીએ તેનો સર્વ દોષ વુલ્સીના શિર પર ઢોળાવા દીધો. વળી કરવેરા પણ ભારે થઇ ગયા હતા તેથી વુલ્સી સાહેબનું માન ઉતરવા માંડ્યું.

**ધર્મ સુધારણા.** આ વાત અહીંથી પડતી મુકી હવે આપણે જર્મનીમાં બનતા બનાવો તરફ લક્ષ આપીશું. ત્યાં માર્ટિન લ્યુથર નામનો ગરીબ કુટુંબમાં, જન્મેલો મહા પુરૂષ ધર્મસુધારણાનું કામ લઇ બેઠો હતો. વિદ્યાભ્યાસ પુરો કરી તે સાધુ બન્યો હતો. થોડોક વખત તેણે અધ્યાપકનું કામ કર્યું. પછી મઠાધ્યક્ષે તેને રોમ મોકલ્યો. ત્યાંના આચાર્યો અને ખુદ પોપના ભ્રષ્ટાચાર જોઇ તેનું મગજ ફરી ગયું. ત્યાંથી પાછા ફર્યા પછી તેણે બાઇબલ ઉપર સુંદર ભાષણો આપ્યાં અને તેની કીર્તિ વધતી ગઇ. કેટલાંક વર્ષ પછી રોમથી એક સાધુ 'ક્ષમા પત્ર' વેચવા જર્મની આવ્યો. તેનું કહેવું એવું હતું કે તમે ગમે તે પ્રકારના પાપ કર્યાં હોય તો પણ પાપની

ઘોરતાના પ્રમાણમાં મને નાણાં આપી ક્ષમાપત્રો લેશો તો ઇશ્વરની અદાલતમાં તમને માફી મળશે. નાણાં ઉઘરાવવાનો આ એક જાતનો ધર્મખાતાનો ઢોંગ હતો. લ્યુથરે તેની સામે કમ્મર કસી. તેણે વિદ્વત્તા ભર્યું જાહેરનામું દેવાલયના બારણા પર ચોડ્યું અને તેમાં એમ સિધ્ધ કરી બતાવ્યું કે ક્ષમા પત્રની વાત જુઠી છે. આ તકરાર પાછળથી ઘણી વધી પડી અને પરિણામે ખ્રિસ્તી ધર્મના અનેક પંથ પડી ગયા. જેઓ મૂળ ધર્મને વળગી રહ્યા તે રોમન કેથોલિક કહેવાયા અને જેઓ તેની વિરૂધ્ધ થયા તેઓ પ્રોટેસ્ટંટ બન્યા. પાછળથી પ્રોટેસ્ટંટોમાં અનેક પંથો પડતા ગયા.

**ફારગતિનો પ્રશ્ન.** ઇંગ્લેંડનો હેન્રી આ સુધારણાની હીલચાલની વિરૂધ્ધ હોઇ તેણે લ્યુથર સામે પુસ્તક લખ્યું હતું. તે માટે પોપે રાજી થઇ તેને 'ધર્મરક્ષક'નો ઇલ્કાબ આપ્યો હતો. આજે પણ અંગ્રેજ રાજાઓ તે અભિમાનથી ધારણ કરે છે. પરંતુ એવામાં એક એવો બનાવ બન્યો કે જે દેખીતો નાનો સુનો હતો પણ જેનાં પરિણામ મહાવિશાળ આવ્યાં અને જેની અસર જમાનાના જમાના સુધી પહોંચી. આગળ આપણે જોઈ ગયા કે હેન્રીએ પોતાની વિધવા ભાભી કેથેરિન સાથે લગ્ન કર્યું હતું. આવાં લગ્ન શાસ્ત્રનિષિદ્ધ હોવાથી તે માટે પોપની ખાસ પરવાનગી લેવાઇ હતી. વળી હેન્રીએ એ લગ્ન પોતે ગાદીએ આવ્યા પછી કર્યું હતું એટલે એમ તો નજ કહેવાય કે એ બાળ લગ્ન હતું. એ વાતને આજે અઢાર વર્ષ વીતી ગયાં હતાં. તેમને કેટલાંક બાળક પણ થયાં હતાં જેમાંનું માત્ર એક કુંવરી મેરી, હયાત હતું. કહે છે કે રાજાને પુત્રની બહુ હોંસ

હતી. વળી આ સમયે રાણીના દરબારમાં આન બોલિન નામની અતિ ખુબસુરત સ્ત્રી આવતી જતી હતી તેના રૂપ ઉપર રાજા મોહી પડયો હતો. અને ખ્રિસ્તી ધર્મ મુજબ એક પત્નિ હયાત હોય તો તેના પર બીજી લવાય નહિ. આ મુશ્કેલી દૂર કરવા વિષયાંધ હેન્રી-એ બિચારી કેથેરિનને ફારગતિ આપવાનો સંકલ્પ કર્યો. પહેલાં તેણે પોપને કહાવ્યું કે ધર્મ રિવાજ મુજબ કેથેરિન મારી ખરી પત્નિ કહેવાય નહિ, માટે તમારે તેની ફારગતિ માટે સંમતિ આપવી જોઇએ. તેણે લ્યુથર સામે પુસ્તક લખેલું હોવાથી તે એમ ધારતો હતો કે પોપ મારા કહ્યા મુજબ કરશે. પરંતુ પોપથી આ કાર્ય બને એમ ન હતું કેમકે અઢારે વર્ષ ઉપર તેના પુર્વગામીએ એ લગ્ન વ્યાજબી છે. એવો નિર્ણય કર્યો હતો, વળી બીજી બાજુ પણ હોળી સળગે એમ હતું. ફારગતિની મંજુરી આપે તો કેથેરીનનો ભાણેજ મહારાજા ચાર્લ્સ ક્રોધે ભરાય અને કાંઇનું કાંઇ કરી બેસે. જો મંજુરી ન આપે તો હેન્રીના કોપનો પાર રહે નહિ. આથી પોપની દશા સુડી વચ્ચેના સોપારી જેવી થઇ. બલા બારોબાર કાઢવા તેણે કેથેરિનને સાધ્વી સંઘમાં દાખલ કરવાનો વિચાર કર્યો. અને તેને સમજાવવા માટે પોતાનો એક ખાસ આદમી ઇંગ્લેંડ મોકલ્યો. પરંતુ કેથેરિન કેમે કરી એકની બે થઇ નહિ. પોતાના સ્વામીને પગે પડી ફારગતિની અપકીર્તિમાંથી પોતાને બચાવવા અતિ કરૂણા જનક અરજ કરી. પરંતુ કામાંધ પુરૂષને દયા કયાંથી હોય? પછી પોપે હેન્રીને આ પ્રશ્ન ની તપાસ માટે રોમ બોલાવ્યો.

**વુલ્સીનો અધઃપાત.** રોમ જવું હેન્રીને કેમ પસંદ પડે? એક તો એમાં વિલંબ ઘણો થાય અને બીજુ પ્રતિકૂળ નિર્ણય

આવવાનો ભય હતો. વુલ્સી રાજાને રાજી રાખવા તૈયાર હતો, પરંતુ અંદરખાનેથી આનબોલિન સાથેના લગ્નમાં એને ડહાપણ લાગતું ન હતું. આનને આ વાતની જાણ થતાં તેણે વુલ્સી વિરૂદ્ધ રાજાના કાન ભંભેરવા માંડયા. ચતુર વુલ્સી ચેતી ગયો કે હવે મારૂં આવી બન્યું. તરત પોતાના સુંદર ભવ્ય મહેલો રાજાને અર્પણ કરી ને પોતાની અસલ જગ્યા યોર્કમાં ગયો. પરંતુ ત્યાં તેની લાગવગ વિશેષ હોવાથી રાજાને તેની અદેખાઇ આવી. મોટા અમલદારોને શત્રુઓનો ટોટો હોતો નથી; વુલ્સીને પણ તેમજ હતું. એક વર્ષની અંદર તેના પર રાજદ્રોહનો આરોપ મુકાયો અને તપાસ માટે તેને લંડન આવવાનો હુકમ મળ્યો. કામકાજ અને ચિન્તાના બોજાથી તેનું શરીર ઘસાઇ ગએલું હોવાથી તે માંદો સાજો ચાલતો. લંડન જતાં માર્ગમાંજ તેનું મોત થયું, અને તેનાં છેલ્લાં વચન—"જેટલા ઉત્સાહથી મેં મારા રાજાની સેવા બજાવી તેટલાજ ઉત્સાહથી પ્રભુની સેવા કરી હોત, તો પરમકૃપાળુ પ્રભુ વૃદ્ધાવસ્થામાં આમ મારો ત્યાગ ન કરત"—અંગ્રેજો માટે વારસારૂપ કહેવતરૂપ મુકતો ગયો. વુલ્સીનું જીવન ઇતિહાસના રસિકોને બોધક છે. સામાન્ય તુચ્છ પુરૂષ રાજસત્તાની પરિસીમાએ શી રીતે પહોંચે છે અને તેની પડતી કેવા નજીવા કારણને લીધે અને વાયુ વેગે થાય છે તે વુલ્સીનું જીવન શીખવે છે. વળી તેમાંથી આપણી ગુજરાતી કહેવત—રાજા, વાજાં અને વાંદરાં, તેનો ભરોસો શો ? માં કેટલું સત્ય સમાએલું છે તે સમજાય છે.

વુલ્સીનું સ્થાનપદ સર થોમસ મૂરને મળ્યું. આ પુરૂષ સંતો, ન્યાયી, અને તે જમાનાના શ્રેષ્ઠ વિદ્વાનોમાંનો એક હતો. પરંતુ

હેન્રીના મમત આગળ તેનું ઝાઝું ચાલતું નહિ. ગઇ પાર્લમેન્ટે રાજાને જોઈતાં નાણાં ન આપેલા હોવાથી તેણે ૭ વર્ષ પાર્લમેન્ટ વિના ચલાવ્યું. હવે ૧૫૨૯ માં પાર્લમેન્ટ બોલાવવામાં આવી તે સાત વર્ષ ટકી કેમકે તે રાજાની હાએ હા કરે એવી હતી. આ પાર્લમેન્ટે કેટલાક મોટા ફેરફારો કર્યા.

**થોમસ ક્રોમ્વેલ** હજુ કેથેરિનની ફારગતિના પ્રશ્નનો નિકાલ થયો ન હતો અને હેન્રી આન બોલિન વેરે પરણવા અધીરો બન્યો હતો. પોપ મદદ કરે એવું લાગતું ન હતું. તો આ મહાભારત મુશ્કેલી કેમ દૂર કરવી, તેનું રાજા અહર્નિશ ચિંતવન કર્યા કરતો હતો. આ અણીને સમયે તેને આ મુશ્કેલીમાંથી પાર ઉતારે એવો ચાલાક અને ચતુર મંત્રી મળી આવ્યો. થોમસ ક્રોમ્વેલ કોઈ એક લુહારનો છોકરો હતો. ઘણાં વર્ષ પરદેશમાં ગાળી તે ઇંગ્લેંડમાં આવ્યો. તેણે કાયદાનો અભ્યાસ કર્યો. વુલ્સીએ તેની શક્તિ નિરખી તેને પોતાનો મંત્રી બનાવ્યો. છેલ્લી પાર્લમેન્ટમાં તે સભ્ય હતો અને ૧૫૨૯ માં તે પાછો ચુંટાયો. વુલ્સીનો સાશ્રીત હોઈ તેના અભિપ્રાય એવા હતા કે રાજાનું બળ જેટલું વધારાય તેટલું વધારવું આવા અનુકૂળ વિચારનો હોવાથી હેન્રીએ તેને મંત્રી બનાવ્યો. તેણે દોઢસો વર્ષ પર પસાર થએલો એક પુરાણો કાયદો હેન્રીને દેખાડયો. તે કાયદાની મતલબ એ હતી કે ઇંગ્લેંડના રાજા કે પ્રજાની બાબતમાં જે પુરૂષ પોપની સત્તાનું દખલ લાવે તેને ગુન્હેગાર ગણી બંદીખાને નાખવાની અને માલમિલ્કત જપ્ત કરવાની સત્તા રાજાને છે. આ કટાઇ ગએલા કાનુનને હિસાબે તો ખુદ

વુલ્સી પોપનો પ્રતિનિધિ બન્યાથી ગુન્હેગાર બન્યો હતો. તે વખતે હેત્રીએ તેમ થવા દીધેલું પણ હવે વુલ્સીના મરણ પછી તે તથા તેની આજ્ઞા મુજબ જે જે ધર્માચાર્યો વર્તેલા તે સોને ગુન્હેગાર ગણ્યા. આચાર્યોને ભય લાગ્યો કે રખેને આપણી આવક જાય અને આપણે બંદીખાને પડીએ. આ સ્થિતિમાં આવવાથી તેઓ પ્રપંચી ક્રોમ્વેલના સાણસામાં સપડાયા. તેમણે રાજાને કૃપા માટે અરજી કરી તેમાં ક્રોમ્વેલના આગ્રહથી તેમણે રાજાને **ધર્મખાતાનો રક્ષક અને સર્વોપરી સત્તાધીશ** એ નામથી સંબોધ્યો. ત્યાર બાદ પોપના અણહદ અધિકાર સામે ત્રણસો વર્ષથી ઉંચી નીચી થતી પાર્લામેન્ટે આ સમયે લાગ જોઇ બે કાયદા ઘડી પોપનો પગ સમુળગો કાઢયો. પ્રથમ કાયદામાં પોપને અપીલ કરવાની મના હતી, અને બીજામાં ધર્માચાર્યો જે વાર્ષિક ભેટ રોમ મોકલતા તે બંધ કરવામાં આવી. આ પ્રમાણે ઇંગ્લેંડમાં પોપની સત્તાનો અંત આવ્યો અને ધર્મસુધારણાનું મંડાણ મંડાયું. બીજે વર્ષે 'સર્વોપરીપણાનો કાયદો' કરવામાં આવ્યો જે મુજબ રાજા ધર્મખાતાનો સર્વોત્તમ સત્તાધીશ બન્યો, અને તે દિવસથી આજ દિન સુધી તમામ ધાર્મિક પ્રશ્નોનો નિવેડો કોઇ પણ પરદેશીની દખલ વિના, રાજા પાર્લામેન્ટની સલાહ મુજબ આણે છે.

**કેથેરિન ગઈ અને આન બોલિન આવી**. ક્રોમ્વેલે બતાવેલો ગુરૂ અજમાવ્યાથી ફારગતિનું કાર્ય સાવ સહેલું બની ગયું. આ કાર્યમાં થોમસ ક્રેન્મર નામના વિદ્વાનની ઘણી સહાય હતી. તે કેન્ટરબરીનો આર્કબિશપ નીમાયો. તેણે બિશપોની એક સભા

બોલાવી અને તેની સહાયથી તેણે ફેંસલો આપ્યો કે હેન્રી-કેથેરિનનું લગ્ન રદ છે. આ રીતે શુદ્ધ આચરણવાળી, અઢાર વર્ષની સહચારિણી કેથેરિનને હેન્રીએ વિના-વાંકે તરછોડી વિખુટી મુકી, અને તરતજ પોતાની માનીતી આન બોલિન સાથે લગ્ન કર્યું. હવે હેન્રીને બધી બાજુની નિરાંત થઇ. તેની સર્વ ધારણાઓ ફળીભૂત થઇ. વુલ્સીનો આકરો અંકુશ તો દૂર થયો હતો જ; ઉપરાંત તે હવે ધર્મખાતામાં અને રાજ્ય ખાતામાં પુરેપુરો નિરંકુશ બન્યો એટલે પોતાની મરજી મુજબ અને ક્રોમ્વેલની દોરવણી પ્રમાણે કારભાર ચલાવવા લાગ્યો. ક્રોમ્વેલ પણ હેન્રીને જોઇએ તેવોજ પુરૂષ હતો. તે સખત દયાશૂન્ય પ્રકૃતિનો, તથા રાજાની સત્તા બને તેટલી વધારવા ઉત્સુક હતો. તેના ગુપ્તચરો આખા દેશમાં ફરતા, અને જે કોઇ તેના માર્ગમાં વિઘ્નરૂપ અને કંટક સમાન માલમ પડતા તેમનો લેશ પણ સંકોચ વિના તે ભૂકો કાઢી નાંખતો. છતાં ન્યાય ખાતર એટલું તો કહેવું જોઇએ કે તે દેશના કાર્યમાં રાતદિન તલ્લીન રહેતો અને વુલ્સીની જેમ પોતાનું તગીડું રાહું ન કરતો. રાજસત્તાનો તે અનન્ય ભક્ત હતો.

હેન્રીનાં નવાં લગ્ન થતાંની સાથેજ પાર્લમેન્ટે કાયદા કરી કેથેરિનને બેહક્કદાર ઠેરવી અને આન બોલિનનાં બાળકોને હક્કદાર ઠેરવ્યાં. બીજો કાયદો એવો કર્યો કે રાજાનું ધાર્મિક સર્વોપરીપણું નાકબુલ કરનારને રાજદ્રોહી લેખવા. કોઇપણ પુરૂષને કોઇપણ ઘડીએ આ કાયદા વિષે સોગંદ ખાવા કહેવામાં આવે એમ હોવાથી ઘણા સત્યનિષ્ઠ પુરૂષોનો, કેવળ ધાર્મિક મતભેદને સબબે, મરો થયો.

આમાંનો એક હેન્રીનો ઉત્તમ મિત્ર તથા સલાહકાર સર થોમસ મુર હતો. પ્રમાણિકપણું, વિદ્વત્તા, સરળ હૃદય, અને ઉચ્ચ ચારિત્ર્યને લીધે કેવળ ઇંગ્લેંડમાં નહિ પણ આખા યુરોપમાં તેનું માન ઘણું હતું. રાજાએ જ્યારે તેને બહુજ આગ્રહ કર્યો ત્યારે તેને પોતાના હૃદયના સાચા ઉદ્ગાર ન છુટકે કાઢવા પાડયા. જરાએ ગભરાયા વિના તેણે સાફ જણાવી દીધું જે ફારગતિની વાત, તથા જે પ્રકારે તે કરવામાં આવી છે તે મને પસંદ નથી. આમ અંતરાત્માનો અવાજ સંભળાવવા માટે તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો. મુરનો સ્વભાવ આનંદી અને હસમુખો હતો, અને વધસ્તંભપર પણ તે હસતો હસતો ચઢી ગયો.

ઇંગ્લેંડ માટે આ સમય ઘણો ખરાબ હતો કેમકે દરેક વસ્તુ અસ્થિર હતી. માજી રાજ્યમાં ખેતીમાં થએલા ફેરફાર કાયમ હતા અને ઘણા લોકો બેકાર બન્યા હતા. મારફાડ, લુંટફાટ, અને ચોરી વિગેરે ગુન્હા ઘણા વધી ગયા. વળી ધર્મની બાબતમાં પણ પ્રજાની સ્થિતિ ઉજળી ન હતી આખા યુરોપમાં ઠેર ઠેર સુધારાનો પવન વાયો હતો. સામાન્ય પ્રજાને શું ખરૂં અને શું ખોટું એ વિષે સમજ પડતી ન હતી. ઇંગ્લેંડમાં કેથેરિનની ફારગતિને લીધે હેન્રી અને પોપ વચ્ચે થએલી તકરારથી ધર્મસુધારણાની હીલચાલને અણધાર્યો ટેકો મળી ગયો. પહેલાં હેન્રી એ હીલચાલની વિરૂદ્ધ હતો. એ આપણે વાંચી ગયા. પરંતુ પાછળથી પોતાની મનકામના પાર પાડવા તેણે પોપની સત્તા રદ કરી અને એ રીતે

સુધારાનો પાયો નાંખ્યો. કર્મની ગતિ ન્યારીજ છે. ક્યાં ધર્મ સુધારણાની પવિત્ર હીલચાલ અને ક્યાં લંપટ સ્વાર્થાંધ હેન્રી!

**મઠોનો નાશ.** હેન્રી મહા ખર્ચાળ હોવાથી તેણે પિતાનું ભેગું કરેલું અઢળક દ્રવ્ય, વુલ્સીએ ભેગું કરેલું ધન, અને પાર્લમેન્ટ તરફથી મળતાં નાણાં સર્વ ઉડાવી દીધાં. તેના હાથ તો ખાલી ને ખાલી જ રહ્યા. ક્રોમ્વેલે તેને એક નવો માર્ગ સુઝાડયો. તેણે હેન્રીની દૃષ્ટિ ધર્મખાતાની અપાર દોલત તરફ દોરવી. પણ તે પડાવવા માટે કાંઇ ઠીક બહાનાની જરૂર હતી. સાધુઓ વિષે ઘણા વખતથી એવી ટીકા થતી હતી કે તેઓ અતિશય આળસુ અને અનીતિમાન થઇ ગયા છે. આપરથી રાજાએ સાધુઓની તપાસ ચલાવવા એક પંચ નીમ્યું. તેઓએ મઠોમાં હરીફરી એકતરફી પુરાવો ભેગો કર્યો અને બીજી બાજુનો પુરાવો જતો કર્યો. તેમના રિપોર્ટને આધારે એવા હુકમ થયા કે નાના નાના તમામ મઠ બંધ કરવા. અને તેમની મિલ્કત સરકારને સોંપવી. ત્રણ વર્ષ પછી બાકીના મઠોને સુધ્ધાં બંધ કર્યા. આ રીતે પોતાનાં નિવાસસ્થાનને તાળાં દેવાયાથી સાધુઓ અને સાધ્વીઓ રખડતાં થયાં તેમને ઉત્તર ઇંગ્લેંડમાં આશ્રય મળ્યો. આ માર્ગે પ્રાપ્ત થએલી અઢળક દોલતનો થોડો ભાગ નવાં વહાણ બનાવવામાં અને ટ્રિનિટિ કોલેજ સ્થાપવામાં વપરાયો. પણ ઘણું ખરૂં દ્રવ્ય તો રાજાએ પોતેજ હજમ કર્યું. મઠોની જમીનજાગીર ખાલી પડી તે પોતાના ખુશામતીઆ દરબારીઓને બક્ષીસ તરીખે આપી અથવા સોંઘામાં વેચી દીધી. આ

રીતે જુના સંપ્રદાય વિરૂદ્ધ એક જબરો પક્ષ પેદા થયો, જેણે પોતાના સ્વાર્થને અંગે પ્રોટેસ્ટન્ટ પંથને અમૂલ્ય સહાય કરી.

**બીજી ગઈ અને ત્રીજી આવી.** દરમ્યાન એક આશ્ચર્યકારક બનાવ બન્યો હતો. જે આન બોલિન પ્રાપ્ત કરવા માટે હેન્રીએ આકાશ પાતાળ એક કરેલાં, તે રાણી ઉપર પરણ્યાના ત્રણ વર્ષમાં તેણેજ એવું તોહોમત મુકયું કે તે વ્યભિચારીણી છે. કાયદેસર તપાસ ચલાવી, અપરાધી ઠેરવી તેને દેહાંત સજા ફરમાવી. બીજેજ દિવસે નિર્લજ્જ હેન્રી જેઈન સિમુર નામની સ્ત્રી સાથે પરણ્યો. પહેલાં જેમ મેરીને થયું હતું, તેમ તેની ઓરમાન બહેન ઇલિઝાબેથ (આનબોલિનની પુત્રી)ને પણ બેહકકદાર ઠેરવી.

આવા અન્યાય, આવી નિષ્ઠુરતા, અને આવી પશુવૃત્તિથી પ્રજામાં ત્રાસ વ્યાપ્યા વિના રહેજ નહિ ઉત્તર પ્રદેશમાં બેકારી ઘણી વધી ગઇ હતી. મઠોનો ઓચિંતો નાશ થયો એ જાણી ઘણાને દુ:ખ થયું કેમકે સાધુઓ જમીનદાર તરીખે અતિપ્રિય ગણાતા, અને ગરીબમાં ગરીબ વર્ગ તો તેમનો ઘણો ઋણી હતો. આવાં કારણને લીધે ઉત્તર ભાગમાં એક બળવો થયો. આ બળવાની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની હતી અને તેમાં ઘણા માણસો સામેલ થયાં છતાં તેઓ સર્વને આગેવાનોએ અંકુશ હેઠળ રાખ્યા હતા. આગેવાનોની મુખ્ય ઇચ્છા એ હતી કે વફાદાર અને કાયદેસર રીતે રાજાના અસહ્ય જુલમ અને દુષ્ટ મંત્રીઓ વિરૂદ્ધ પોકાર ઉઠાવવા. તેમની માંગણી એ હતી કે—(૧) કુંવરી મેરીને ગાદીવારસ ઠરાવવી, (૨) જુનો પંથ ચાલવા દેવો, અને (૩)

ક્રોમ્વેલને બરતરફ કરવો. ઉત્તરમાં સર્વત્ર તેઓને ટે। મળ્યો અને જો તેઓ લંડન પહોંચ્યા હોત તો સંભવ છે કે આખો દેશ તેમને પક્ષે ખડો થાત. પરંતુ ક્રોમ્વેલ જેનું નામ, તે આમ ગાંજ્યો જાય એવો નહોતો જાસુસોદ્વારા બળવાખોરોની તમામ હકીકત પોતે મેળવી. અને તેઓ આ ધર્મયાત્રાએ નીકળ્યા હતા તેમને વચમાંજ અટકાવી મીઠાં મીઠાં વચનો આપી વિખેરી નાંખ્યા. બાદ અગ્રેસરોને પકડી પકડી ફાંસી દીધી. પશ્ચિમ પ્રદેશમાં આવોજ બળવો થયો હતો તેને પણ ક્રોમ્વેલે આવી સખ્તાઇથી દાબી દીધો.

**ચોથી, પાંચમી, અને છઠ્ઠી રાણી.** દરમ્યાન નવી રાણીને પુત્ર, એડવર્ડ, સાંપડયો હતો. પણ બાળકને જન્મ આપતાં માતાનું મરણ નીપજ્યું. આ સમયે દરબારમાં બે પક્ષ હતા—૧. નવા પંથવાળા પ્રોટેસ્ટન્ટ જેઓનો આગેવાન અર્લ ઓફ હર્ટફર્ડ (જેઇન સિમુરનો ભાઇ) હતો, અને ૨. અસલ પંથવાળા કેથોલિકો જેમનો આગેવાન ડયુક ઓફ નોર્ફોક હતો પ્રધાન ક્રોમ્વેલનો ઇરાદો જર્મનીના પ્રોટેસ્ટન્ટ ઠાકોરો સાથે સંધી કરવાનો હતો. તેથી તેણે ત્યાંથી રાજા માટે આન ઓફ કલીવ્ઝ નામની પ્રોટેસ્ટન્ટ સ્ત્રી શોધી કાઢી. જોગજોગે તે બિચારી બોળી અને બહુ દેખાવડી ન હતી. તેથી હેન્રીને એ રાણી ગમી નહિ. અને ૭ મહિનામાં તેને કાઢી મુકી, તથા આવી રાણી આણવા માટે તે ક્રોમ્વેલપર એટલો બધો ગુસ્સે થયો કે તે કાઉન્સીલમાં બેઠો હતો ત્યાંથી તુરતા તુરત પકડી મંગાવ્યો. પોતાની ટોપી જમીનપર ફેંકી દઇ ક્રોધના આવેશમાં તે બોલી ઉઠયો કે 'જે જે સેવા મેં આજસુધી બજાવી તેનો આ નતીજો

મળે છો! તમારા તમામના હૃદયને પુછો કે ક્રોમ્વેલ રાજદ્રોહી છે?" કોઇએ જવાબ ન દીધો. કાઉન્સીલમાંના સઘળા ઉમરાવો તેના શત્રુ હતા. તેના પર રાજદ્રોહનું તોહોમત મુકાયું અને ચંડાળને હાથે તે મુઓ. એક બાજુ ક્રોમ્વેલ જેવો વફાદાર મંત્રી ફાંસીએ ચઢયો અને બીજી બાજુ હેન્રીએ કેથેરિન હાવર્ડ સાથે પોતાનું પાંચમું લગ્ન કર્યું! આ રાણી કેથેલિક પંથની હોવાથી રાજાનું વલણ હવે તે બાજુનું થવા લાગ્યું. ક્રોમ્વેલ મુઓ તેને ત્રીજે દિવસે એક વિચિત્ર દેખાવ લોકોના જોવામાં આવ્યો. કેદી લઇ જવાની ગાડીમાં ૭ આદમીને વધસ્થાન તરફ લઇ જતા હતા તેમાં ત્રણ કેથેલિક અને ત્રણ પ્રોટેસ્ટન્ટ હતા.

રાજાનું પાંચમું લગ્ન પણ બહુ વખત ટક્યું નહિ. તેના પર વ્યભિચારનો આરોપ મુકી તેનો શિરચ્છેદ કરાવી રાજાએ પોતાનું છઠ્ઠું અને છેલ્લું લગ્ન કેથેરિન પાર વેરે કર્યું.

**રાજાની ચિંતા.** હવે હેન્રીના આયુષ્યની દોરી આવી રહી હતી. પોતાના બાળકુંવર એડવર્ડના ભવિષ્ય વિષે તેને ચિંતા થવા લાગી. સ્કોટલેન્ડની બાળરાણી મેરી સાથે એડવર્ડનો વિવાહ કરવા તેણે બહુ મહેનત કરી, પણ તે ફાવ્યો નહિ. પોતાના મોત પછી એડવર્ડ ઉમ્મર લાયક થાય ત્યાં સુધી રાજ્ય ચલાવવા તેણે બન્ને પક્ષના આગેવાનોની એક સમિતિ નીમી. આમાં કુંવરનો મામો અર્લ ઓફ હર્ટફર્ડ હતો. તેણે ક્રેન્મરની સહાયથી પ્રોટેસ્ટન્ટ પક્ષ સબળ બનાવ્યો અને 'પ્રાર્થનાપોથી' દાખલ કરાવી. નોર્ફોકની તેને બહુ બીક હતી તેથી રાજાને આડું અવળું સમજાવી તેને ટાવરગઢમાં

નંખાવ્યો. અને તેના પુત્રનો વધ કરાવ્યો. નોર્ફોકનો પણ ઘડો લાડવો થઇ જાત પણ ત્યાર પહેલાં ઇશ્વરે રાજાનેજ ઉઠાવી લીધો.

**હેન્રીનું વસિયતનામું.** હેન્રીના રાજ્યનું ઇંગ્લેંડ કેટલું દેણાદાર છે એ વિચારીએ છીએ ત્યારે આપણને દિલગીરી એજ થાય છે કે તેનામાં મનુષ્યપણાના ઉચ્ચ ગુણો ન હતા. મરતાં પહેલાં તે વસિયતનામું કરતો ગએલો કે મારા પછી એડવર્ડ, તે નાવારસ હોય તો તેના પછી મેરી, અને છેલ્લી ઇલિઝાબેથ આવે; જો તેઓ નાવારસ મરે તો ગાદી મારી નાની બહેન મેરીના વંશજોને મળે. આ પ્રમાણે નકકી કરી તેણે પોતાની મોટી બહેન માર્ગારેટના વેલાને વિસાર્યો હતો. વારસ નકકી કરવાની હેન્રીની સત્તા જોઇએ છીએ ત્યારે આપણને માલમ પડે છે કે પાર્લમેન્ટની સત્તા કેટલી હલકી બની હશે.

——(૦)——

# પ્રકરણ ૪.

## છઠ્ઠો એડવર્ડ ૧૫૪૭–૧૫૫૩.

**બાળરાજા.** એડવર્ડ દશ વર્ષની બાળવયે ગાદીએ આવ્યો. ત્યારથી ઇંગ્લેંડને શિરે બાળરાજ્યનાં દુ:ખ ચોંટયાં. તેનો મામો હર્ટફર્ડ જે હવે ડયુક ઓફ સમરસેટ બન્યો હતો તે ખટપટ કરી રાજરક્ષક

બન્યો અને સઘળી લગામ પોતાને હાથ લીધી. તે ખંતીલો અને પ્રજાનો શુભેચ્છક હતો છતાં અંધ સુધારક અને દ્રવ્યલોભી હોવાથી તેનો અમલ એકંદરે સારો ગણાયો નહિ.

**સ્કોટલેન્ડ.** આરંભમાંજ તેણે સ્કોટ રાણી મેરી સાથે રાજાનાં લગ્ન બળજોરીથી કરાવવા સૈન્ય તૈયાર કર્યું; એડિનબરો આગળ સ્કોટ લોકોને હરાવ્યા પણ આથી કશું ફળ મળ્યું નહિ. ઉલટા સ્કોટ લોકો વધારે ઉશ્કેરાયા, તથા મેરીને ફ્રાન્સ મોકલી દીધી. ઈંગ્લેંડ–સ્કોટલેન્ડ વચ્ચેનું પુરાણું વેર વધારે દૃઢ થયું, અને સ્કોટલેન્ડ–ફ્રાન્સ વચ્ચેની મિત્રગાંઠ સજડ બની. પાછળથી મેરી ફ્રાન્સના પાટવી કુંવર વેરે વરી હતી.

**પ્રજાનાં દુઃખ.** લોકોનાં આર્થિક સંકટો દિન પર દિન વધતાં ગયાં. આઠમા હેન્રીએ છેલ્લા ભાગમાં ઘણું હલકું નાણું કાઢવાનો અન્યાયી રિવાજ કાઢયો હતો. નવા સાત શિલીંગમાં જુના એક શિલંગ જેટલીજ ચાંદી નાંખી હતી. આથી વસ્તુઓના ભાવ આપોઆપ ઉંચકાયા. મજુરીના દર પ્રમાણમાં વધ્યા નહિ. આથી મજુરવર્ગને ઘણું દુઃખ થયું. હલકા નાણાંને લીધે વેપારને પણ મહા નુકશાન થયું. ઉપરાંત બેકારી ચાલુજ હતી. અધુરામાં પુરૂં સમરસેટે ધર્મ સુધારાનું કામ ધમધોકાર આગળ ચલાવ્યું. સુધારકો વિરૂદ્ધના અસલી કાયદા તથા માજી રાજ્યમાં પ્રોટેસ્ટન્ટ વિરૂદ્ધ થએલા સર્વ કાયદા રદ કર્યા, આચાર્યોને પરણવાની છુટ આપી ( અસલ આચાર્યોને બ્રહ્મચારી રહેવું પડતું ) અને મૂર્તિઓનો નાશ થયો. ક્રેન્મરની સહાયથી તેણે અંગ્રેજીમાં સામાન્ય પ્રાર્થનાપોથી રચાવી અને

ધર્મઐક્યનો કાયદો કરી એમ નક્કી કર્યું કે એ પોથી શિવાય બીજું કોઇ પુસ્તક કોઇપણ દેવળમાં વાપરવું નહિ. સ્પેઇન, નેધરલેન્ડ આદિ દેશોમાં પ્રોટેસ્ટન્ટો પર જાલીમ જુલમ ગુજરતા હોવાથી આવા પરદેશી પ્રોટેસ્ટન્ટોને તેણે આશ્રય આપ્યો. મોટાં શહેરોમાં લોકો નવા ધર્મની કિંમત સમજતા હોવાથી ત્યાં આ ફેરફારો ખુશીથી સ્વીકારાયા, પરંતુ જીલ્લાઓમાં સાધારણ રીતે અસલને વળગી રહેવાનું વલણ હોય છે ત્યાં કેથોલિક પંથ પર લોકોની પ્રીતિ હતી.

બંડ. ઉપર દર્શાવેલા કારણોને લીધે દેશમાં બંડ થયાં. તેમાં નોર્ફોક પરગણાના ખેડુતોનું બંડ ભારે હતું. અહીં પ્રજામાં પુષ્કળ અસંતોષ ફેલાયાથી વીશ હજાર આદમી એક બહાદુર ચમારની સરદારી હેઠળ ભેગા થયા અને રાજસૈન્યને હરાવી તેમણે એવી માંગણીઓ રજુ કરી કે ગરીબના દુઃખનું સત્વર નિવારણ થવું જોઇએ, ગોચરને વાડથી ઘેરી લેવાની મના થવી જોઇએ અને ચાલુ પ્રધાનોને રૂખ્શદ આપવી જોઇએ.

જર્મન સૈન્યની સહાયથી વોરિકે આ બંડ શમાવી દીધું. પણ આટલા બધા તોફાનો થવાથી સમરસેટનું માન ઘટી ગયું. અંતે તેને રાજીનામું આપવું પડ્યું અને ત્રણ વર્ષ પછી રાજદ્રોહ માટે તેને દેહાંત સજા થઇ.

**વોરિકનો અમલ.** સમરસેટનું સ્થાન વોરિકે લીધું. તેણે ધર્મસુધારાનુ કાર્ય આગળ વધાર્યું, અને જુના પંથવાળાઓ પર

ઘણો જુલમ ગુજાર્યો. ખુદ રાજાની બહેન મેરીને પોતાના ખાનગી દેવળમાં કેથોલિક ધર્મ પાળવાની મના હતી.

**લેડી જેઇન ગ્રે.** હવે રાજાને ક્ષયરોગ લાગવાથી તેનો અંત આવી રહ્યો હતો. તેના પછી મેરી ગાદીએ આવશે તો કેથોલિકોનું ચઢી વાગશે અને મારૂં નિકંદન નીકળશે—એ ખ્યાલ વોરિકના દિલમાં ખુંચ્યા કરતો આથી તેણે બાળરાજાને સમજાવી પટાવી એમ લખાવી લીધું કે મારા પછી ગાદી લેડી જેઇન ગ્રેને મળે. આ જેઇન ગ્રે આઠમા હેન્રીની નાની બહેન મેરીની પૌત્રી હોઇ વોરિકના પુત્ર સાથે પરણી હતી. હવે વોરિકને ટાઢક વળી કેમકે તેનું ધારવું એવું હતું કે મારી પુત્રવધૂ ગાદીએ આવવાથી મારી સત્તા કાયમ રહેશે. એડવર્ડની પાસે બેસનારા સર્વે રાજપુરૂષોએ આ ખત પર સહી કરી હતી, પરંતુ વાસ્તવિક રીતે પાર્લમેન્ટની મંજુરી વિના આવાં ખત વ્યર્થ ગણાય. સ્વાર્થપરાયણ દરબારીઓ આ રીતે પોતાની મતલબ-જાળ પાથરી રહ્યા હતા ત્યારે રાજાની માંદગી વધી પડી અને સોળ વર્ષની તરૂણ વયે તે ગુજરી ગયો.

——(૦)——

# પ્રકરણ ૫.

## મેરી. ૧૫૫૩—૧૫૫૮.

**નવ દિનની રાણી.** એડવર્ડે પ્રાણ તજ્યા તે સમયે મેરી ગાદી હક્ક ઉઠાવવા પામેજ નહિ એ હેતુથી વોરિકે તેને પકડવા

એક પલટન મોકલી. પછી ચાર ઉમરાવોને લઇ પોતે લેડી જેઇન ગ્રેને મુકામે ગયો અને ઘુંટણીએ પડી તેને રાણી તરીકે વધાવી લીધી. આ ખુબસુરત અને રાંક સ્ત્રીને સ્વપ્ને યે ગાદીનો વિચાર કે અભિલાષા ન હતી. તેથી પ્રથમ તો તે ગભરાઇ ગઇ પરંતુ પાછળથી બહુ બહુ સમજાવ્યાથી મેરી વિરૂદ્ધ ખડી થઇ. લંડનમાં તેની આણ વર્તાઇ. પરંતુ લોકોએ જરાએ હર્ષ પ્રદર્શિત કર્યો નહિ.

**મેરી લંડનમાં.** દરમ્યાન મેરી પોતાનું કાર્ય જોશભેર અને હિમ્મતથી કરી જતી હતી. છુપી બાતમી મળેલી હોવાથી, વોરિકની સેના આવે ત્યાર પહેલા પોતે છટકી ગઈ અને નોર્ફોકને શરણે ગઇ. અહી હજારો અનુયાયીઓ તેને જઇ મળ્યા. તેમને લઈ તે ભભકા અને દમામ સાથે રાજનગરમાં દાખલ થઇ અને તરતજ નગરજનોએ તેને આનંદના પોકારોથી વધાવી લીધી. પછી મેરીએ વોરિક, તેનો પુત્ર, અને પેલી નવ દિનની રાણી જેઇન ગ્રેને કેદ કર્યાં. પાછળથી તેમને નામે બંડ થવાથી તે સર્વેને દેહાંત દંડ દીધા.

**અવળી** ગતિ. મેરી કેથોલિક માર્ગની હોવાથી તેણે છેલ્લાં બે રાજ્યોમાં થએલા સર્વ સુધારા રદ કર્યા, અને પોપની સત્તા પાછી ચાલુ કરી. તેના સમયમાં સુધારાવાળાઓ ઉપર એટલા બધા જુલ્મ થયા કે ઇતિહાસમાં તેને '**ખુની મેરી**' એવું ઉપનામ અપાયું છે. પરંતુ તેની મનોદશા અને તેનું ગત જીવન જોતાં તે તિરસ્કાર કરતાં દયા અને ક્ષમા માટે વધારે પાત્ર બને છે. જન્મથી જ તે દુ:ખમાં ઉછરી હતી. મોશાળમાં માતા સાથે ઉછરેલી હોવાથી એ પક્ષ માટે સ્વાભાવિક રીતે તેને ઘણી લાગણી હતી. માતાની

દુરગતિ અને અપમાન વિનાવાંકે થએલાં તે તેણે નજરોનજર જોએલાં. તેની આંખો આગળજ આન બોલિને તેની માતાનું રાણી-પદ છીનવી લીધું હતું. અને આ તમામ સંકટનું મૂળ નવો ધર્મ છે એમ તે ખરા જીગરથી માનતી. બાપ જીવતો છતાં તેના તરફનું તે બીલકુલ સુખ પામી ન હતી. ઉલટું તેનું વર્તન કઠોર હતું. પોતાનો હક્ક ડુબાવી, ઓરમાન બહેન ઇલિઝાબેથને ગાદી વારસ ઠેરવેલી એ અપમાન પણ મેરીને સહેવું પડ્યું હતું. પછી એડવર્ડે બન્ને બહેનોને પાછળ પાડી દીધી; અને તેણે મેરી પાસે કેથોલિક ધર્મ ત્યાગ કરાવવા બળજોરી કરી હતી. આ તમામ વસ્તુસ્થિતિ જોતાં પોતાને દમનાર પ્રોટેસ્ટન્ટો સામે મેરીને વૈરભાવ ઉત્પન્ન થાય એમાં ઝાઝી નવાઇ લાગતી નથી.

માજી રાજ્યમાં જે જે કેથોલિકોને ધર્મ ખાતર કેદ કર્યા હતા તેમને તેણે છોડવ્યા, અને તેમને સ્થાને પ્રોટેસ્ટન્ટ આચર્યોને કેદ કર્યા. પરણેલા પાદરીઓને પાણીચાં આપ્યાં પ્રાર્થનાપોથી વાંચવાની મના કરી અને કેથોલિકોને સારી પદવીઓ આપી.

**સ્પેઇન.** હવે મેરીએ પોપની સત્તા ફરી જમાવવાનો વિચાર કર્યો. અને આ દિશાના પ્રથમ પગલાંરૂપે તેણે સ્પેઇનના ફિલિપ વેરે લગ્ન કરવા મરજી બતાવી. ફિલિપ કેથોલિક ધર્મનો મુખી હોવાથી, પ્રોટેસ્ટન્ટો આ વાતથી નારાજ થયા તથા રાણીને વારવા મહેનત કરી. છતાં તે એકની બે થઇ નહિ. આખરે તો આઠમા હેન્રીની જ પુત્રીને !

પરિણામે તેને ગાદીએથી ઉઠાડી ઇલિઝાબેથને બેસાડવા એક કાર્ક્ટ રચાયું. પણ ગેરવ્યવસ્થાને લીધે માત્ર કેન્ટ પરગણાએજ બંડનો ઝુંડો ઉઠાવ્યો. તેમણે થેઈમ્સ નદીમાંના વહાણ અને તોપો પોતાને કબજે કર્યાં; રાજલશ્કર પણ બળવાખોરોને મળી ગયું. પણ મેરીની ચાલાકીથી આ બળવો શાંત પડ્યો. ઘોડાપર બેસી હિમ્મતથી તે બહાર આવી, લોકોને વફાદાર થવા વિનવ્યા અને વચન આપ્યું કે પાર્લમેન્ટની મંજુરી વિના હું લગ્ન નહિ કરૂં. બંડખોરો લંડન પહોંચ્યા ત્યાં તો તેમની વિરૂદ્ધ ૨૫૦૦૦ આદમી ખડા થયા. તેઓ હાર્યા અને તેમનો આગેવાન પકડાયો.

**ભયંકર વેર.** બળવામાં જે જે માણસોએ ભાગ લીધેલો તેમના પર હવે ભયંકર વેર લેવાયું. અત્યાર સુધી જેઇન ગ્રે અને તેના ધણીને જીવતાં રહેવા દીધેલાં તેમને ગરદન મારવા મેરીએ સંમતિ આપી. એ ત્રણ મુખ્ય નેતાઓ અને સોએક સામાન્ય પંક્તિના પુરૂષોનો વધ કરાવ્યો. ઇલિઝાબેથને ટાવરગઢમાં પુરી, તથા તેની હીલચાલ ઉપર ખાસ દેખરેખ રાખવામાં આવી.

**રાણીનું લગ્ન.** પછી મેરી–ફિલિપનું લગ્ન થયું, પણ તે સુખી નીવડ્યું નહિ. પાર્લમેન્ટે ફિલિપને રાજપદ આપવા ના પડી. ફિલિપ એક વર્ષ ઈંગ્લેંડ રહ્યો, અને પછી કંટાળી પોતાને દેશ પાછો ફર્યો. દરમ્યાન મેરી પોતાની મુરાદ પાર પાડયે જતી હતી. પાર્લમેન્ટ માટે તેણે પોતાની મરજી મુજબના સભ્યો ચુંટાવ્યા. આવી પાર્લમેન્ટે પોપના એલચીનો સત્કાર કરવાની રજા આપી. ધર્મની બાબતમાં જે પુરૂષો આડે આવે તેમને ઉખેડી નાંખવા તે

મેરી પોતાની ફરજ ધારતી હતી, સુધારક વિરૂદ્ધનાં અસલી કાયદા ફરી અમલમાં આણ્યા. તેના પ્રથમ ભોગ રોજર્સ અને હૂપર નામના આચાર્યોને જીવતાં અગ્નિદાહ દેવાયો. દહાડે દહાડે ગાઝીઓની સંખ્યા વધતી ગઇ. લેટિમર અને રિડલી નામના વિદ્વાનોને એક એકની પૂંઠ અડકે એમ સાંકળથી બાંધી લીધા અને પછી તેમને સળગાવી મુકયા. અત્યારે આ પંથ સાચો કે તે પંથ સાચો એ સવાલ મુખ્ય ન હતો. દરેક માણસને મરજી મુજબનો ધર્મ પાળવાનો હક્ક છે કે નહિ એ મુખ્ય પ્રશ્ન હતો. પ્રોટેસ્ટન્ટોના હાથમાં સત્તા હતી ત્યારે તેઓએ કેથોલિકો ઉપર જુલમ ગુજાર્યો હતો. હવે કેથોલિકોના હાથમાં સત્તા આવી તેથી તેમણે પ્રોટેસ્ટન્ટો પર મારો ચલાવ્યો. અને હવે પછી પ્રોટેસ્ટન્ટોના હાથમાં સત્તા આવશે ત્યારે કેથોલિકો ઉપર તેઓ કેવો જુલમ ગુજારે છે તે આપણે જોઇશું. સહિષ્ણુતાના દિન હજુ બહુ દૂર હતા. ઉપર કહેલા પુરૂષોના અગ્નિદાહથી સત્યની જ્યોત પ્રગટી, અને જે પ્રોટેસ્ટન્ટોને દાબી દેવા આ બધું થતું હતું તેમનો ધર્મ ઉલટો એથી ખૂબ આગળ વધ્યો.

ત્રણ વર્ષમાં પ્રમાણિક અને ધર્મનિષ્ઠ એવા ત્રણસો જણાએ ધર્મને ખાતર જાનના ભોગ આપ્યા. આ ભોગ પરિણામશૂન્ય ન હતા કેમકે જે જુલમ ઈંગ્લેંડની ભૂમિમાં વર્તી રહ્યો હતો, જે જુલમને લીધે અનેક સજ્જનો પોતાની પ્યારી જન્મભૂમિ તજી પરદેશ ચાલ્યા જતા હતા તે જુલમના પરિણામે કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ પક્ષ બન્નેને એમ થયું કે પ્રમાણિકપણે અમુક ધાર્મિક મત ધારણ કરવા માટે જાનમાલના ભોગ લેવાની સત્તા રાજ્યકર્તાને હોય તો તે બહુ ભયંકર નીવડે

**કેલેનું હરણ અને મેરીનું મરણ.** આ ત્રાસના અંત માટે લોકો મેરીના મોતની વાટ જોતા હતા. ફ્રાન્સ વિરૂધ્ધના યુદ્ધમાં ઇંગ્લેંડને દાખલ કરવા ફિલિપ મેરીની મુલાકાતે આવ્યો. કાઉન્સીલની મરજી વિરૂદ્ધ મેરીએ યુધ્ધમાં ઝંપલાવ્યું પણ પાછળથી તે બહુ પસ્તાઇ. ઇંગ્લેંડનું એકનું એક શહેર કેલે ફ્રાન્સમાં હતું તે આ વેળા ગુમાવ્યું. હવે ફ્રાન્સમાં ઇંગ્લેંડની તસુયે જમીન રહી નહિ. આ નુકશાન તેને બહુ સાલ્યું અને અંતકાળે પણ તે 'કેલે' 'કેલે'. કરતી મરણ પામી.

---

# પ્રકરણ ૬.

## ઇલિઝાબેથ. ૧૫૫૮-૧૬૦૩

**ઇલિઝાબેથના ગુણદોષ.** કુંવરી ઇલિઝાબેથ પોતાના બાગના એક ઝાડ હેઠળ બેઠી હતી ત્યાં તેને એકાએક એવા સમાચાર મળ્યા કે તું ઇંગ્લેંડની રાણી થઇ. તરત ઘુંટણીએ પડી તે પોતાના હૃદયના ઉદ્ગાર બોલી ઉઠી કે "આ દૈવી કાર્ય દીસે છે; આપણી આંખે તો એ કૌતુક જેવું લાગે છે."

આ સમયે તેની વય પચીસ વર્ષની હતી. સ્ત્રી તરીખે તેનામાં પુષ્કળ અને ભારે દોષ હતા. પરંતુ રાણી તરીખે તેના જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં અંતકાળે તેના બોલેલા આ શબ્દ યથાર્થ હતા કે—'મેં મારા આખા રાજ્ય દરમ્યાન હર હમ્મેશ આ

ખ્યાલ મારી સન્મુખ રાખ્યો છે કે દરેક કર્મ માટે મારે એક દિવસ એક મહાન અદાલતમાં જવાબ આપવો પડશે; અને તે અદાલતને સમક્ષ રાખી હું કહું છું કે કર્મ અને વાણી તો શું પણ વિચાર સુદ્ધાંયે મને એવો નથી આવ્યો કે જેનું પરિણામ મારી પ્રજાને માઠું નીપજે.' બાપની આપખુદી, હિમ્મત, આત્મશ્રદ્ધા, કીર્તિ-લોભ, તથા વિશ્વાસુ નોકરો પ્રત્યે અશુદ્ધ ભાવ અને કૃતઘ્નતા વિગેરે ગુણો ઇલિઝાબેથમાં ઉતર્યાં હતા. માતા તરફથી તેને સારા કપડાં લત્તાં પહેરવા ઓઢવાનો, તથા ઠાઠમાઠ, ઠીકઠાક, ટાપટીપ વિગેરે શોખનો વારસો મળ્યો હતો. તે અહંકારી પણ હતી, પરંતુ રાજ્યકર્તા તરીખેના પોતાના કર્તવ્ય વિષે તેને બહુ ઉંચો ખ્યાલ હતો. પ્રધાનની પસંદગી એ દરેક રાજ્યકર્તાની કસોટી છે. રાણી ઇલિઝાબેથે પ્રથમથીજ ચતુર, અનુભવી, પ્રમાણિક અને વફાદાર મંત્રીઓ નીમ્યા અને ઠેઠ સુધી તેમની સલાહ મુજબ રાજનૌકા હંકારી. અત્યારે તેનું મુખ્ય કામ જાતે નિર્ભય અને નિષ્કંટક બનવાનું, વિદેશી દુશ્મનોથી અને ભારે કરવેરાના ત્રાસથી રૈયતને મુક્ત કરવાનું, અને ધાર્મિક તથા બીજી બાબતોમાં વ્યવસ્થા આણવાનું હતું. આટલું કર્યાથીજ ઇંગ્લેંડ સંપીલું અને મજબુત બને એમ હતું. આ કાર્યો પાર પાડવામાં તેણે કદાચ અસત્ય અને સ્વચ્છંદીપણાનો ઉપયોગ કર્યો હશે, પરંતુ તેના પોતાના કહેવા મુજબ તે 'અબળા' હોઇ સમર્થ શત્રુઓ સામે તેને બાજી ખેલવાની હતી. ઇંગ્લેંડમાં ઘણાયે રાજા થઇ ગયા પણ રાજકળામાં ઇલિઝા-બેથની બરોબરી કરે એવો કોઇ થયો નથી. ઇંગ્લેંડ આજે આખા આલમમાં ઉન્નતિને શિખરે પહોંચ્યું છે તે ઉન્નતિનો પાયો આ રાજ્યમાંજ નંખાયો.

**દેશની કફોડી સ્થિતિ.** ઇલિઝાબેથ ગાદીએ આવી ત્યારે રાષ્ટ્રની જે હાલત હતી તે કરતાં વધારે ખરાબ વસ્તુ ભાગ્યેજ હોઇ શકે. ધર્માલયોની દોલત પાછી સોંપી દઇ અને ફ્રાન્સ સાથેના ફોકટ અને વિનાશકારક યુદ્ધમાં ઉતરી મેરીએ તીજોરી ખાલી કરી હતી. આકરી દમનનીતિથી કંટાળી ઉત્તમ પુરૂષોએ દેશવટો લીધો હતો અને આખો દેશ બળવાની અણી પર હતો. આવા સાર્વજનિક અસંતોષને લીધે સૌના જાનમાલ જોખમમાં હતા. આ તો દેશની અંદરના દુઃખ. ઉપરાંત દેશ બહારનાં દુઃખ કાંઇ ઓછાં ન હતાં. સ્કોટલેન્ડની રાણી મેરીએ એવા પોકાર ઉઠાવ્યા કે ઇલિઝાબેથ બેહક્કદાર છે અને ઇંગ્લેંડની સાચી ગાદી વારસ તો હું છું. યુરોપના ઘણા ખરા દેશોમાં કેથોલિક પ્રોટેસ્ટન્ટ વચ્ચે ધર્મયુદ્ધ ચાલતાં હતાં. ફ્રાન્સનો રાજા પોતાની પ્રોટેસ્ટન્ટ પ્રજાને દમતો હતો. સ્પેઇનમાં જુનો માર્ગ છોડનારા પર અપાર જુલમ થતા હતા. નેધરલેન્ડ ઘણું ખરૂં પ્રોટેસ્ટન્ટ બન્યું હતું; ત્યાં સ્પેઇનના ફિલિપનું રાજ્ય હોવાથી ત્યાંના લોકો તેના ત્રાસથી ખળભળી ઉઠયા હતા. પહેલાં પહેલાં તો ફિલિપે બહારથી ઇલિઝાબેથ તરફ સારી લાગણી બતાવી પરંતુ અંદરખાનેથી તેની દાનત જુદી હતી. વળી મેરીએ ઇંગ્લેંડના ધર્મખાતામાં પાછો પોપનો પગ ઘાલ્યો હતો તે પણ એક મુશ્કેલી હતી. આ સર્વ મુશ્કેલીઓને એક એક કેવી ખૂબીથી દૂર કરી અને પરિણામે પોતે નિર્ભય અને સમર્થ કેવી રીતે બની, તથા ઇંગ્લેંડનો માનમર્તબો યુરોપમાં કેવો વધારી દીધો, એ બાબત પર ખાસ લક્ષ આપવાની જરૂર છે.

**સેસિલ.** પ્રથમ તો ઇલિઝાબેથે કેથોલિક કે પ્રોટેસ્ટન્ટ એકે પક્ષ અખત્યાર ન કર્યો. જેમ ચાલતું હતું તેમ ચાલવા દીધું. માજી રાજ્યના ઘણાખરા મંત્રીઓને કાયમ કર્યા અને એક નવા બાહોશ અને બુધ્ધિશાળી પ્રધાન, સર વિલિયમ સેસિલ (પાછળથી લોર્ડ બર્લી)ની નીમણુંક કરી. તેણે આખી જીંદગી વફાદારીથી રાણીની સેવા ઉઠાવી.

**ધર્મવ્યવસ્થા.** છેલ્લાં ત્રીશ વર્ષથી ધર્મ સંબંધી અનેક ફેરફારો થયા હતા. હવે ઇલિઝાબેથે સુધારણાનું કામ પાકે પાયે અને સંપૂર્ણ કર્યું. આઠમા હેન્રીએ આરંભેલું કાર્ય છઠ્ઠા એડવર્ડના સમયમાં આગળ વધેલું, પણ મેરીએ તે સર્વ ઉંધું માળેલું. હવે ઇલિઝાબેથની પાર્લામેન્ટે મેરીના સમયમાં થએલા ધાર્મિક ધારા સઘળા રદ કર્યા. સર્વોપરિપણાનો તથા ઐક્યનો કાયદો ફરી અમલમાં મુકાયો. પ્રાર્થનાપોથી ચાલુ થઈ. આ રીતે ઇલિઝાબેથના સમયમાં રાષ્ટ્રીય ધર્મતંત્ર રચાયું તે આજ પર્યન્ત ઇંગ્લેંડમાં થોડા ઘણા ફેરફાર સાથે ચાલે છે.

કેટલાક કેથોલિક આચાર્યોએ રાણીનું ધર્માધિપત્ય જાહેરમાં સ્વીકારવા ના પાડી તેથી તેમને અધિકાર ઉપરથી છુટા કરવામાં આવ્યા, અને તેમને બદલે પ્રોટેસ્ટન્ટો નીમાયા. નીચલી પંકિતના આચાર્યો પર બહુ દબાણ ન થાય એ વિષે રાણી ખાસ સંભાળ રાખતી હતી. રાણીએ જાહેર કર્યું હતું કે રાજ્યના કાયદાની આડે ન આવે તેવી રીતે વર્તી દરેક સ્ત્રી પુરૂષ પોતાને ફાવે તે મત ધારણ કરે. આથી અંદરખાને થોડી ઘણી પોલ રહી. ઇલિઝાબેથ

પોતે બહુ ધર્મચુસ્ત ન હોવાથી ધાર્મિક જુલમ તેને ના પસંદ હતા, તેથી થોડો વખત ધાર્મિક ઝઘડા ઇંગ્લેંડમાં બંધ પડયા. મેથ્યુ-પાર્કર નામનો ડાહ્યો અને વિદ્વાન પુરૂષ કેન્ટરબરીનો આર્કબિશપ નીમાયો.

સ્કોટલેન્ડ. બીજો ક્રમ સ્કોટલેન્ડનો હતો. ત્યાં મેરી સ્ટુઅર્ટનું રાજ્ય હતું, પણ હાલ તે ફ્રાન્સની રાણી હોવાથી સ્કોટલેન્ડમાં તેની માતા કારભાર ચલાવતી હતી. ઘણાં વર્ષોથી સ્કોટલેન્ડ પ્રોટેસ્ટન્ટ સંપ્રદાય તરફ વળ્યું હતું. ત્યાંના ઉમરાવોને દેવાલયો અને મઠોનાં ધન અને અધિકારની ઇર્ષ્યા થતી હતી, તેથી તેમણે નવા ધર્મને ઉત્તેજન આપ્યું. મારી રાજ્યના જુલમથી કંટાળી જે અંગ્રેજ પ્રોટેસ્ટન્ટો ત્યાં ગએલા તેઓનો સત્કાર થયો હતો. સખત અને ગંભીર સ્વભાવના હોવાથી સ્કોટ લોકો અંગ્રેજો કરતાં આગળ વધ્યા અને કેલ્વિન નામના સુધારકના ચેલા બન્યા. ૧૫૫૭માં એડિનબરોમાં ઉમરાવો ભેગા થયા અને ત્યાં તેઓએ એકમેકને સહાય કરવાની તથા નવો સંપ્રદાય પ્રચારવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞાને પ્રથમ કોવેનન્ટ (પ્રતિજ્ઞા પત્ર) કહે છે અને એ પ્રતિજ્ઞા લેનારાઓએ ‘ધર્મ સમાજના ઉમરાવો’ એવું નામ ધારણ કર્યું. હવે સ્કોટલેન્ડની રાજમાતા ચુસ્ત કેથોલિક હોવાથી તેણે આ હીલચાલ દાબી દેવા તજવીજ કરી, ત્યારે જગવિખ્યાત જોન નોક્સની સરદારી હેઠળ લોકોએ દેવાલયોમાંની મૂર્તિઓ ભાંગી નાંખી અને ખુલ્લો બળવો ઉઠાવ્યો. રાજમાતાએ તેમને વશ કરવા ફ્રેન્ચ સૈન્યની મદદ લીધી, છતાં ‘ધર્મસમાજના

ઉમરાવોએ એડિનબરોનો કબજો લઇ ત્યાં પાર્લમેન્ટ ભરી. તેઓએ ફ્રેન્ચોની મૈત્રી તોડી ઇલિઝાબેથની મદદ માટે માંગણી કરી.

**એડિનબરોનું તહનામું** ઇલિઝાબેથે સ્કોટલેન્ડના અગ્રેસરોને લાંચ આપી મેરી વિરૂદ્ધ ઉશ્કેર્યા હતા એ વાત સાચી, પરંતુ ખુલ્લી રીતે તેમને સહાય દેવા તે આનાકાની કરતા હતી. આ સહાયમાં સિદ્ધાન્તનો દોષ હતો. કાયદાની નજરે સ્કોટ ઉમરાવો બળવાખોરો હતા અને તેમને તેમના રાજ્યકર્તા સામે મદદ કરવી એ રાજપદના અછાજતું ગણાય. મેરીને એની રૈયત પજવે તેમાં પોતે રાજી હતી. એવામાં તેને જોઇતું બહાનું મળી આવ્યું. સ્કોટલેન્ડમાં ફ્રેન્ચ સૈન્યનું અસ્તિત્વ ઇંગ્લેંડને ગંભીર ભયરૂપ છે એમ ગણી ઇલિઝાબેથે પોતાનું નૌકાસૈન્ય સ્કોટલેન્ડને કિનારે મોકલ્યું અને ૮૦૦૦નું સૈન્ય જમીન માર્ગે મોકલ્યું. આજ સમયે રાજમાતાનું મરણ થવાથી ઉમરાવસભાએ કારભાર પોતાને હાથ કર્યો અને એડિનબરો આગળ એવા કરાર કર્યા કે ફ્રેન્ચ સૈન્યે સ્કોટલેન્ડ છોડી ચાલ્યા જવું, અને મેરીએ અંગ્રેજ ગાદીનો દાવો કરવો નહિ. પછી સ્કોટ પાર્લમેન્ટે પ્રોટેસ્ટન્ટ પંથ સ્વીકારવા ઠરાવ કર્યો અને તે દિવસથી પ્રોટેસ્ટન્ટ પંથ સ્કોટલેન્ડનો રાષ્ટ્રધર્મ થયો. પછી મેરીનો ધણી, ફ્રેન્ચ રાજા ગુજરી જવાથી વિધવા થએલી મેરી સ્કોટલેન્ડ આવી, પરંતુ સ્કોટ ઉમરાવોને પોતાના પક્ષમાં લીધેલા હોવાથી ઇલિઝાબેથને હાલ તરત તે દિશાની બીલકુલ ધાસ્તી ન હતી.

**દેશની આબાદી.** દરમ્યાન શાંતિને લીધે દેશની સંપત્તિ વધતી ગઇ. મંદીરોની દોલત પાછી જપ્ત કર્યાથી અને ખર્ચમાં કાપકુપ

થયાંથી તિજોરી પાછી ભરાવા લાગી. આઠમા હેન્રીએ કાઢેલું હલકુ નાણું સેસિલે તમામ પાછું ખેંચાવી લીધું અને તેને બદલે અસલ કિંમતનું નવું નાણું આપ્યાથી પ્રજાનું લાંબા વખતનું મોટું દુ:ખ ટળ્યું. પછી રૈયતનાં દુ:ખોનાં કારણોની તપાસ કરવા એક કમિશન નીમાયું અને તેના રિપોર્ટના આધારે દરેક શહેર અને ગામના નગરશેઠ અને આચાર્યને હુકમ મળ્યા કે તમારી હદનાં ગરીબગુરબાંના નિભાવ માટે ફંડ ઉઘરાવવું. ગરીબીના કાયદાનું આ બીજ છે. ઉપર મુજબનો ગરીબીનો પ્રથમ કાયદો ૧૬૦૧માં પાર્લમેન્ટે પસાર કર્યો હતો, અને એ ૨૩૦ વર્ષ સુધી અમલમાં રહ્યો. પછી તેની અસર માઠી જણાયાથી તે રદ કરવામાં આવ્યો. પણ હાલ તરત તો તે અનુકૂળ અને શાંતિ જાળવવામાં મદદરૂપ હતો.

**ખેતી.** આ રાજ્યમાં ઘણાએ લાભ પ્રજાને થયા પરંતુ ઇલિઝાબેથનું ઉત્તમ પ્રજાકીય કાર્ય તો તેણે પ્રજાને ધાર્મિક બળાત્કારમાંથી મુકત કરી અને લોકોના જાનમાલ નિર્ભય બનાવ્યા તે છે. જમીનદારો અને ગૃહસ્થો હવે ખેતી તરફ વધારે ધ્યાન આપવા લાગ્યા. ખાતરનો કેમ ઉપયોગ કરવો, વારાફરતી વિવિધ પાક કેવી રીતે પકવવા વિગેરે કૃષિ વિદ્યા તેઓ શિખવા લાગ્યા. મહેનતુ ખેડુતોને પોતાની માલિકીની જમીન ન હતી એ દિલગીરીની વાત છે, છતાં સારી ખેડને લીધે સારા પાક ઉતરવા લાગ્યા અને વધારે માણસોને રોજી મળવા માંડી.

**હુન્નર અને વેપાર.** વળી હુન્નર ઉદ્યોગ, ધંધા રોજગાર, અને વેપારવણજ સજીવન થવા લાગ્યા અને તેથી ઘણાને રોજી

રૂળી. ધાર્મિક સંકટોને લીધે નેધરલેન્ડથી ઘણા ફ્લેન્ડર્સ વ.સીઓ ઇંગ્લેંડ નાસી આવ્યા તેમની પાસેથી અંગ્રેજો નવા નવા હુન્નર શિખ્યા ઉત્તરનાં શહેરો આબાદ થવા લાગ્યાં અને મેન્ચેસ્ટરના ધાબળા, હેલીફેક્સનું કાપડ, અને શેફીલ્ડનો કટલરી સામાન (કાતર, ચપ્પુ, વગેરે) યુરોપમાં મશહુર થયાં. વળી આજ સુધી જે માલ અને દ્રવ્ય એન્ટવર્પ ઘસડાઇ જતાં તે હવે સીધાં લંડન આવવા લાગ્યાં. લંડનના ૃમાં અમેરિકાનું સોનુંરૂપું, આફ્રિકાના હાથીદાંત, હિંદુસ્તાનનું રેશમી અને સુતરાઉ કાપડ વિગેરે વસ્તુઓ દેખાવા લાગી. આ રાજ્યમાં વેપારીઓ માટે રોયલ એક્સચેઇંજ નામની સુંદર માર્કિટ બંધાઇ. વળી રાણી તરફથી સાહસિક વહાણવટીઓને ઉત્તેજન મળતું હોવાથી નીડર સરદારો હેઠળ એક નિયમિત વેપારી કાફલો ઉભો થયો.

**દરીઆઈ સાહસ.** જે દરીઆઇ સર્વોપરીપણાને લીધે ઇંગ્લેંડ આજે સૌથી સમર્થ બન્યું છે તેનો આરંભ આ રાજ્યમાં થયો. ફ્રોબિશર નામનો નાવિક હિંદનો ઉત્તર—પશ્ચિમ માર્ગ શોધવા નીકળ્યો. તેણે હડસન અખાતમાંની સામુદ્રધુની શોધી. સર હમ્ફ્રી ગિલ્બર્ટ બે વેળા અમેરિકા ગયો. તેણે ન્યુફાઉંડલેંડનો કબજો લીધો પરંતુ ઘર તરફ પાછા ફરતાં વહાણ ડુબી જવાથી તે સાથીઓ સહિત મુઓ. આ ઉપરાંત આ જમાનામાં થએલા રેલે, હોકિન્સ, અને અને ડ્રેઇકનાં નામ દરીઆઈ સફરો માટે અતિખ્યાત છે. સર ફ્રાંસિસ ડ્રેઇક ઇલિઝાબેથ યુગનો મોટામાં મોટો નાવિક ગણાય છે. તેણે અમેરિકા તરફ અનેક સફરો કરી હતી અને જે જે સ્પેઇનના વહાણો મળતાં તે સર્વને એ લુંટી લેતો. આ રીતે તેણે ઘણું ધન

મેળવ્યું અને સ્પેઇનવાળાઓને ખૂબ સતાવ્યા. પછી તેણે પૃથ્વી પ્રદક્ષિણા કરી; આ કામ કરવામાં તે પહેલો જ હતો. હોકિન્સે આફ્રિકાથી અમેરિકા ગુલામ લઈ જવાનો અનિષ્ટ ધંધો શરૂ કર્યો. આ સર્વ પુરૂષોએ નવા નવા દેશના માર્ગ દર્શાવ્યા એટલે વેપાર માટે નવાં ક્ષેત્ર ખુલ્લાં થયાં.

**પ્રજા સુખી.** આ પ્રમાણે સંપત્તિ વધવાથી લોકો સુખમય જીવન ગાળવા લાગ્યા. ઉમરાવો અસલ મજબુત દિવાલવાળા કિલ્લાઓ બાંધતા તેને બદલે હવે ઉત્તમ કારીગિરીવાળા બંગલા બાંધવા લાગ્યા. ખેડુતવર્ગ અને મધ્યવર્ગનાં મકાન પત્થર અને ઈંટનાં થયાં તથા તેમાં કાચની બારીઓ મુકાવા લાગી. પોશાક પણ વધારે ખર્ચાળ અને સુંદર થતો ગયો. રાણીને પણ ભભકો બહુ પસંદ હતો.

**રાણીની ચિંતા.** આ પ્રમાણે લોકો સુખશાંતિમાં દિવસ કાઢતા હતા ત્યારે રાણીની ચિંતાનો પાર ન હતો. ને દરેક બાજુએથી ઘેરાએલી હતી, તેણે પોપનો એલચી સ્વીકારવા તથા પોતાના એલચી ધર્મસભામાં મોકલવા ના પાડી તેથી પોપે તેને બળવાખોર ઠેરવી અને અંગ્રેજ કેથોલિકોને કહાવ્યું કે તમારે અંગ્રેજી દેવળોમાં જવું નહિ. આ દખલ જોઇ પાર્લમેન્ટે એવો કાયદો કર્યો કે દરેક સભ્યે અને અધિકારીએ એવા સોગંદ લેવા કે અમે રાણીને વફાદાર છીએ. એ રીતે રાણીની મરજી વિરૂદ્ધ, ધાર્મિક કલેશનું બીજ પ્રજામાં રોપાયું.

**સ્કોટ રાણી મેરી.** હવે સ્કોટ રાણી મેરીની અધુરી મુકેલી કથા પુરી કરીએ. હજુ સુધી ઇલિઝાબેથ ૧ છી કાયદેસર વારસ

તેજ હતી, કેમકે ઇલિઝાબેથ પરણવા વિરૂદ્ધ હતી. પાર્લામેન્ટે અને પ્રધાનોએ તેને અનેકવાર લગ્ન કરવા વિનંતી પણ તે ઉડાઉ જવાબ આપ્યા કરતી. પરંતુ તેને મન મેરી કંટક સમાન હતી જ્યારે મેરી ફ્રાન્સથી સ્કોટલેન્ડ આવી ત્યારે તેની પ્રજાએ તેને વધાવી લીધી અને તેને તેનો કેથોલિક ધર્મ પાળવા દીધો, કેમકે તેનો સાવકો ભાઇ અર્લ મરે જે પ્રોટેસ્ટન્ટ હતો તે ઘણોખરો કર્તાહર્તા હતો. પછી તેણે લોર્ડ ડાર્ન્લી નામના કેથોલિક ઉમરાવ સાથે પુનર્લગ્ન કર્યું તેથી કેથોલિક ઉમરાવો સબળ થયા. અને ઇલિઝાબેથને એમ લાગ્યું કે આ દંપતી કદાચ ઈંગ્લેંડની ગાદી પર તરાપ મારશે.

પણ મેરીએ પોતે પોતાના પગ ઉપર કુહાડો માર્યો. ડાર્ન્લી દુર્બળ અને દુર્ગુણી હોવાથી મેરી જલદી તેનાથી કંટાળી. મેરીને કેથોલિક પંથ સ્થાપવાની અને ઇંગ્લેંડની રાણી બનવાની મહત્ત્વાકાંક્ષા હતી અને તેનો હોશિયાર મંત્રી ડેવિડ રિઝિઓ આ કાર્યમાં તેને ઘણી સહાય કરતો. તે સ્પેઇન તથા પોપ સાથે ગુપ્ત પત્રવ્યવહાર રાખતો હતો. ડાર્ન્લીને રિઝિઓની અદેખાઇ આવવાથી તેણે કેટલાક પ્રોટેસ્ટન્ટ ઉમરાવો સાથે કાવત્રું કરી રાજમહેલમાં રાણીની નજર સમક્ષ રિઝિઓનું ખુન કરાવ્યું. ચતુર મેરી આ સ્થિતિ જોઇ નમી પડી પણ તે આ વાત વિસરી નહિ. ત્રણ માસ પછી તેનો પુત્ર જન્મ્યો.

આ પછીના નવ મહિના તો ઠીક ઠીક ચાલ્યું પણ ત્યારબાદ એક ભયંકર બનાવ બન્યો. ડાર્ન્લી માંદો પડ્યો અને મેરી તેને હવાફેર માટે લઇ ગઇ. ત્યાં એક દિવસ સાંજે ધણીની સારવાર

માટે એક સેવકને મુકી પોતે બહાર એક મિજલસમાં ગઇ. મધરાત થયા બાદ એક જબરો ધડાકો આખા શહેરમાં સંભળાયો. જે ઘરમાં તેઓ રહેતા હતા તેના આ ધડાકા સાથે ચુરેચુરા થઇ ગયા. અને ડાન્લી તથા પેલો નોકર બન્નેનાં મુડદાં ઉડીને પાડોશના એક ખેતરમાં પડયાં. આ વાતમાં મેરીને કેટલી માહિતી હતી તે જાણવું અશક્ય છે. પણ આટલું તો નિઃસંશય છે કે બોથ્વેલ નામના એક છાછકળા યુવકે આ દારૂણ કૃત્ય કરેલું અને એજ બોથ્વેલ સાથે મેરી ત્રણ મહીના પછી પરણી.

આ બનાવથી આખું સ્કોટલેન્ડ મેરીથી ત્રાસવા લાગ્યું. પછી ઉમરાવોને વશ કરવા તેણે સૈન્ય તૈયાર કર્યું પણ અણીને સમયે સૈન્યે લડવા ના પાડી. બોથ્વેલ ડેન્માર્ક નાઠો અને ત્યાં મુઓ. મેરીને એક સરોવરની મધ્યમાં આવેલા મજબુત કિલ્લામાં કેદ કરવામાં આવી. ઉમરાવોએ તેને પદભ્રષ્ટ કરી, તેના બાળપુત્ર જેઇમ્સને ગાદીએ બેસાડ્યો અર્લ મરે રાજરક્ષક નીમાયો પણ એક વર્ષમાં તો મેરી કારાગૃહમાંથી છટકી લશ્કર ભેગું કરવા લાગી. પરંતુ ગ્લાસગો નજીક તેની હાર થતાં તે નાસી ઇંગ્લેંડ આવી. આ પલાયન સમયે તેણે ઘોડાપર ૯૦ માઇલની અટુટ મુસાફરી કરી હતી.

હરીફ મેરી ઇંગ્લેંડમાં આવે તે ઇલિઝાબેથને નજ ગમે. સ્કોટલેન્ડથી છટકી આવેલી મેરીનું શું કરવું ? એ મહાપ્રશ્ન થઇ પડયો. મેરીએ સ્કોટલેન્ડ અથવા ફ્રાન્સ સહીસલામત પહોંચવામાં ઇલિઝાબેથની સહાય માંગી. જો તેને ફ્રાન્સ જવા દે તો ફ્રાન્સનો સ્કોટ-

લેન્ડ પર વધુ દાબ થાય; અને જો તેને સ્કોટલેન્ડ જવામાં મદદ આપે તો ત્યાંના પ્રોટેસ્ટન્ટોની મૈત્રી ગુમાવવાનો અને શત્રુતા વહોરવાનો પ્રસંગ આવે. પરિણામે તેને ઇલિઝાબેથે ઇંગ્લેંડમાં નજર કેદ કરી અને તેનું રહેઠાણ બદલ્યા કર્યું.

આ કાર્ય અન્યાય અને વિશ્વાસઘાતનું હોવાથી ઘણા પુરૂષો ઇલિઝાબેથને દોષ દેછે. વળી બીજા કેટલાક પુરૂષો હવે પછીના અઢાર વર્ષ દરમ્યાન થએલાં તર્કટો માટે મેરીનો વાંક કાઢે છે. પરંતુ પરિસ્થિતિ એવી હતી કે બન્ને રાણીને આવું વર્તન રાખ્યેજ છુટકો હતો મેરી જાતે કેથોલિક હોવાથી ખરા જીગરથી એમ માનતી કે બને તો ઇંગ્લેંડની ગાદી લેવી એ ન્યાયી કામ છે. ઇલિઝાબેથ પોતાની પ્યારી પ્રજા ઉપર પોતાની સત્તા કાયમ રાખવા અને વધારવા મથે એમાં શી નવાઇ? આ બે રાણી વચ્ચે ફેર એ હતો કે ઇલિઝાબેથ આકરા સ્વભાવની છતાં હમ્મેશાં પ્રજાનું હિત તાકતી; ત્યારે મનોહર સુંદર મેરી નિરંકુશ, ચંચળવૃત્તિને લીધે પોતાનું હિત બગાડતી. જે ઘડીએ તેણે પોતાના પતિનું ખુન કરનારા બોથ્વેલ સાથે લગ્ન કર્યું ત્યારથી તેનો પક્ષ તુટી ગયો.

ઇલિઝાબેથ કુશળ અને કુટીલ રાજનીતિથી અત્યારસુધી ઇંગ્લેંડને વિદેશી યુદ્ધમાંથી મુકત રાખી શકી, પણ હવે એ કર્યે કઠણ થતું જતું હતું. મેરી ઇંગ્લેંડ આવી એ અરસામાં નેધરલેન્ડના બહાદુર વતનીઓએ સ્પેઇનના જુલમને લીધે સ્વતંત્રતા માટે લાંબી ઝુંબેશ ચલાવી. વિલિયમ ઓફ ઓરેન્જ તેમનો સરદાર હતો. સ્વાતંત્ર્ય ખાતર તેઓ બહુ બહુ લડયા, અનેક સંકટો ખમ્યા, અને ભુખે પણ મર્યા, પરંતુ તાબે તો નજ થયા. તેમનો દેશ દરિયાની સપાટીથી નીચો

છે અને તેના રક્ષણ સારૂ મોટા જબરદસ્ત બંધ અને કોટ બાંધ્યા છે. આ વેળા તેમને બીજો કોઈ ઈલાજ ન સુઝતાં તેમણે આ બંધ તોડી નાંખ્યા અને દેશમાં દરિયો દાખલ કર્યો. દુશ્મનોને નાસવું પડ્યું. આ સમયે ઈંગ્લેંડમાં કેથોલિક રાજ્યકર્તા હોત તો ફિલિપને ઘણી સહાય મળત. ઇલિઝાબેથને શું કરવું એ મહાપ્રશ્ન થઈ પડ્યો તેના મંત્રી મંડળમાં પણ મતભેદ હતો. સેસિલ અને પ્રોટેસ્ટન્ટ ઉમરાવો નેધરલેન્ડનો પક્ષ લેવાની તરફેણમા હતા; ત્યારે કેથોલિક ઉમરાવો સ્પેઇનની શત્રુતા વહોરવા વિરુદ્ધ હતા અને ઇલિઝાબેથ પછી મેરીને ગાદીએ લાવવા ઇચ્છતા હતા. ઇલિ-ઝાબેથ આ બન્નેને સમતોલ રાખવા ઇચ્છતી હતી તેણે કશું પ્રગટ પગલું ભર્યું નહિ. પછી કેથોલિકોએ અધીરા થઇ એવી ગુપ્ત યોજના ઘડી કાઢી કે મેરીને નોર્ફોક સાથે પરણાવવી, અને આ વાત પકડાઈ જતાં નોર્ફોકને ટાવરગઢમાં પુર્યો ત્યારે મેરીને કારા-ગૃહમાંથી છોડાવવા ઉત્તરમાં બળવો થયો. પણ તે શમાવી દેવામાં આવ્યો અને છસોથી વધારે માણસોને બંડખોર તરીકે ઠાર કરવામાં આવ્યા.

છતાં હજી કેથોલિકો શાંત થયા નહિ. તેવામાં વળી પોપે બળ-તામાં ઘી હોમ્યું. તેણે ઇલિઝાબેથને ધર્મ બહાર મુકી આના વેર તરીકે પાર્લમેંટે કેથોલિકો સામેના કાયદા વધારે આકરા કર્યા. દરમ્યાન નોર્ફોકે રિડોલ્ફી નામના પુરૂષને સ્પેન રવાના કર્યો અને કહાવ્યું કે તમારૂં લશ્કર મોકલજો એટલે અમે ઇલિઝાબેથને કેદ કરી મેરીને ગાદીએ બેસાડીશું. પોપે આ કાર્યને આશીર્વાદ દીધો હતો, તથા થોડીઘણી નાણાં મદદ પણ કરી

હતી. પરંતુ આ તર્કટ ફુટી ગયું. લોર્ડ બર્લીને એની ખબર પડતાં તેણે નોર્ફોકને ગરદન માર્યો અને સ્પેઇનના એલચીને ઇંગ્લેંડ બહાર જવા હુકમ કર્યો. પાર્લમેન્ટે મેરીનો રાજદ્રોહ પુરવાર કરી તેનો વધ કરાવવા વિષે આગ્રહ કર્યો પણ ઈલિઝાબેથે એ વતની ના પાડી.

સ્પેઇને આ પ્રમાણે ગુપ્ત તર્કટોમાં સામેલ થવા માંડયું ત્યારે ફ્રેન્ચ રાજકુટુમ્બમાં પરણવાનો ડોળ કરી ઈલિઝાબેથ ફ્રાન્સ સાથે મૈત્રી રાખી શકી. એટલામાં એક ભયંકર બનાવ બનવાથી તેને આ મૈત્રીમાંથી પાછા હઠવું પડયું. ફ્રાન્સમાં રાજકુટુમ્બની ઉશ્કેરણીથી પેરિસની પ્રજા ક્રોધાવેશપર આવી ગઈ અને ત્યાંના પ્રોટેસ્ટન્ટોની એક સરખી કતલ કરી. આ બનાવ ઇતિહાસમાં 'સેન્ટ બાર્થોલોમ્યુની કતલ' એ નામથી પ્રસિદ્ધ છે. લગભગ એક લાખ જેટલા પ્રોટેસ્ટન્ટો માર્યા ગયા. કેથોલિકોના આ ત્રાસદાયક વિજયથી ઇલિઝાબેથ અને તેની પ્રજા કમકમી ઉઠી. છતાં પ્રગટ રીતે ફ્રાન્સ અને નેધરલેન્ડના પ્રોટેસ્ટન્ટોનો પક્ષ લેવા તે તૈયાર ન હતી. નેધરલેન્ડવાળાઓએ તેને પોતાના દેશનો તાજ પણ અર્પણ કરવા માંડેલો. પરંતુ તેણે તેમને થોડાં નાણાંજ મોકલ્યા. વળી અંગ્રેજ પ્રજા તેમને વ્યક્તિગત મદદ આપે તેની છુટ આપી. લંડનના વેપારીઓએ તેમને માટે પચાશ લાખનું ફંડ એકઠું કર્યું તથા ૫૦૦૦ ધર્મવીર અંગ્રેજો ઘરબાર છોડી નેધરલેન્ડની વહારે ધાયા. બીજા કેટલાક પોતપોતાનાં વહાણો લઈ નીકળી પડયા અને ઇંગ્લિશ ખાડી આ 'દરિયાઈ કુતરાઓ'થી ઉભરાવા લાગી. તેઓએ ફ્રાન્સનાં કે સ્પેઇનનાં જે જે વેપારી વહાણો હાથ આવ્યાં તેને લુટયાં. આ

લોકોને કાંઇ ધર્મઝનુન ન હતું; એમણે તો પારકો માલ લુંટવાની આ તક મળી તેનો લાભ લીધો. અમેરિકાના સોનાવાળા ભાગમાં સ્પેઇનનું રાજ્ય હતું ત્યાંથી સોનું અને બીજી કિંમતી વસ્તુઓ ભરેલાં વહાણો સ્પેઇન આવતાં. ડ્રેકે આવાં વહાણ બે વખત લુંટયાં, તેનું વેર લેવા ફિલિપે પણ લીધું અને તેનું ખાસ કારણ એ હતું કે જે ડ્રેક સ્પેઇનનો માલ આવી રીતે લુંટયો, તેને ઇંગ્લેંડે વીર ગણી આવકાર દીધો અને ઇલિઝાબેથે સરનો ઇલ્કાબ આપ્યો. અત્યારે તો ફિલિપ રોકાએલો હતો તેથી તેનાથી કશું થયું નહિ. પરંતુ આઠ વર્ષ વીત્યા બાદ ઇલિઝાબેથે નેધરલેન્ડને સહાય કરવા સૈન્ય મોકલ્યું અને ડ્રેક પચીશ વહાણનો કાફલો લઇ અમેરિકા ગયો તથા ત્યાં સ્પેઇનનાં ઘણાં વહાણો લુંટી લીધાં. હવે ઘણા વખતથી અને અનેક કારણોથી અકળાઇ રહેલા ફિલિપની ધીરજ ખુટી ગઇ અને તેણે સજડ અને સચોટ તૈયારી કરવા માંડી, પરંતુ તેનો કાફલો તૈયાર થતાં ત્રણ વર્ષ વહી ગયાં, અને એ ત્રણ વર્ષમાં ઘણી ઘટનાઓ થઇ ગઈ.

કેટલાક સમયથી ફ્રાન્સમાં અમુક જુવાન કેથોલિકો પાદરી તરીખેની તાલીમ લેતા હતા. આ પુરૂષોની દૃઢ માન્યતા એવી હતી કે લોકોને પાછા પોપની સત્તા હેઠળ લાવવાથી જ દેશની મુકિત છે. ૧૫૭૬માં તેઓ ગુપ્તપણે ઈંગ્લેંડમાં ફરવા લાગ્યા અને કેથોલિક માર્ગની ઉત્તમતા સમજાવવા લાગ્યા. સરકારને આની ખબર પડતાં બહુ ભય લાગ્યો. અને જ્યાં જ્યાં તેઓ હાથ લાગ્યા ત્યાં ત્યાંથી તેમને પકડી જેલમાં પુરવામાં આવ્યા, અને

હવે પછીના વીશ વર્ષ દરમ્યાન તેમનામાંના ઘણાને ગરદન મારવામાં આવ્યા. મેરીને ગાદીએ બેસાડવાનું તથા ઇલિઝાબેથનું ખુન કરવાનું એક કેથોલિક કાવત્રું ૧૫૮૩ માં પ્રકાશમાં આવ્યું. તેના સરદારને ઠાર માર્યો અને ઇંગ્લેંડના આગળ પડતા પુરૂષોએ રાણીનું રક્ષણ કરવા એક મંડળ ઉભું કર્યું. આ મંડળમાં મેરીને પણ જોડાવું પડ્યું હતું. ત્રણ વર્ષ પછી બેબિંગ્ટન નામના પુરૂષની આગેવાની હેઠળ યોજાએલું એક કાવત્રું પ્રગટ થયું. લાંબી જેલથી થાકેલી કંટાળેલી બિચારી મેરીએ આ કાવત્રામાં સંમતિ આપી હતી, તથા તેમાં સ્પેઈનનું ઉત્તેજન હતું. આ તકે મેરીના પ્રાણ લીધા. ઉમરાવોના કમિટીએ તેની તપાસ ચલાવી, અને પાર્લામેન્ટે તેને દેહાંત સજા ફરમાવી હવે કાવત્રાંનો પ્રવાહ અટકશે એમ ધારી રૈયત રાજી થઇ અને લંડનમાં રોશની થઇ. પરંતુ ફાંસીના વોરંટ (હુકમ) પર સહી કરતાં ઇલિઝાબેથે ઢીલ, આનાકાની, અને દીલગીરી દર્શાવી આખું યુરોપ ફિટકાર કરશે એવો તેને ભય લાગ્યો. અંતે પુષ્કળ દબાણ થતાં તેણે હૈયુ કઠણ કરી સહી કરી અને ૧૫૮૭ માં ચંડાળને હાથે અભાગણી મેરીનું શિર ધડથી જુદું થયું. મરતી વેળા તેણે પોતાની સખીને કહ્યું 'બહેન, રડીશ નહી. મારા તમામ મિત્રોને કહેજે કે મરતી વેળા પણ હું ચુસ્ત કેથોલિક હતી' અહીં આ કાર્યના ન્યાયાન્યાય વિષે ખ્યાલ કરવો આવશ્યક છે. સ્કોટલેંડની રાણી ઇંગ્લેંડ આશ્રય માંગતી આવી તેને કેદ કરવી એ અન્યાય અને વિશ્વાસઘાત કહેવાય. તેને મારી નંખાવી તે વધુ વિકરાળ કાર્ય લેખાય પ્રથમથીજ તેને ફ્રાંસ જવા દીધી હોત તો આ બધી પાછળની સંચાત ઉપસ્થિત થાત નહિ. પરદેશી રાણીને

કેદ કરવાનો કે દેહાંત દંડ દેવાનો ઈલિઝાબેથને લેશમાત્ર પણ હક્ક ન હતો. આ કાર્યથી તેને માથે હમ્મેશની કાળી ટીલી ચોંટી.

**સ્પેનીશ આર્મેડા.** મેરીનું કાસળ જવાથી હવે ઇલિઝાબેથને એકજ દુશ્મન રહ્યો. ફિલિપ ઇંગ્લેંડ પર હુમલો કરવા તલપાપડ થઇ રહ્યો હતો. તેની તૈયારી પ્રચંડ હતી; ત્યારે કરકસરમાં શૂરી ઇલિઝાબેથ રાજ નૌકાને તેજ બનાવવા જેટલું દ્રવ્ય ખરચવા આનાકાની કરતી. છતાં લોર્ડ હાવર્ડ અને બીજા નૌકાધિપતિઓની અખંડ અને અનંત મહેનતથી નૌકાસૈન્ય તૈયાર થયું. ડ્રેઇકે છાનામાના કેડિઝ બંદરમાં નીડરપણે ઘુસી જઇ સ્પેઇનના નૌકાસૈન્યના એક ભાગને તારાજ કર્યો. ઘણા દેશાભિમાની અંગ્રેજો પોતાને ખર્ચે વહાણ બનાવી લડવા તૈયાર થયા. ફિલિપના સરદાર પાર્માએ નેધરલેંડમાં ૩૦૦૦૦નું સૈન્ય તૈયાર રાખ્યું હતું અને તે સ્પેઇનથી આવતા કાફલાની રાહ જોતો હતો. ફિલિપને ખાત્રી હતી કે ઇંગ્લેંડના તમામ કેથોલિકો ફુટી મારા સાથમાં ભળશે, તેથી તેણે મોટાં મોટાં ૧૨૯ વહાણોનો પોતાનો જંગી કાફલો હંકાર્યો. પણ આ ધારણામાં ફિલિપે થાપ ખાધી. આર્મેડા આવે છે એ સમાચાર સાંભળી આખી પ્રજા પ્રોટેસ્ટન્ટ તેમજ કેથોલિક, ધર્મની તકરારો વિસારે મુકી પોતાના દેશનું અને રાણીનું રક્ષણ કરવા એકે પગે તૈયાર થઇ. વેપારીઓએ પોતાના વહાણ ખુશીથી સરકારને આપ્યાં. ધનિક વર્ગે યથાશક્તિ નાણું આપ્યાં; અને લડી શકે એવા પુરુષો હથીયાર લઇ સજ્જ થયા. ધન્ય છે આવા અંગ્રેજોને અને તેમની દેશભક્તિને! ધન્ય છે એ દેશને અને એ રાણીને!

સ્પેઇનના કાફલાને મુહૂર્તમાંજ તોફાન નડ્યું તેથી તેને થોડા દિવસ રોકાવું પડ્યું. આ કાફલો એટલો વિશાળ હતો કે તેનાથી સાત માઈલ સુધીનો દરિયો છવાઇ રહ્યો. લોર્ડ હાવર્ડ પાસે ફક્ત ૮૦ વહાણ અને ૯૦૦૦ નાવિકો હતા. પણ તેમના ઉપર ડ્રેઇક, અને હૉકિન્સ જેવા જંગે-બહાદુર નૌકાપતિઓ હતા. હલકાં અંગ્રેજી વહાણો દુશ્મનનાં ભારે તોસ્તાન જેવાં વહાણોને અનેક રીતે હેરાન કરવા લાગ્યાં; દોરડાં અને લંગર કાપી નાંખી તેઓ શત્રુનાં વહાણોને એક બીજાથી વિખુટાં પાડતા. પછી અંગ્રેજી નૌકાએ રીતસરનો ધસારો કર્યો, તથા ગોળાનો વરસાદ વર્ષાવ્યો. દુશ્મનનાં વહાણ મોટાં હોવાથી અંગ્રેજોને ગોળી તાકવી સહેલી પડતી. દુશ્મનના વહાણને ફેરવતાં ઘણી વાર લાગતી અને તેટલા વખતમાં તો અંગ્રેજનાં વહાણ ઘણે દૂર નીકળી જતાં. વળી તેમનાં વહાણ ઉંચાં અને અંગ્રેજોના નીચાં હોવાથી તેમની ગોળીઓ અંગ્રેજોનાં વહાણ ઉપર થઇને ચાલી જતી, અને અંગ્રેજોની એકએક ગોળી આબાદ લાગતી. આ રીતે માર ખાધાથી સ્પેઇન-વાળાઓનો જુસ્સો ઠંડો થઈ ગયો અને તેમને પાછા ફરવું પડ્યું. પણ પવન ઉગમણો હોવાથી તેમને સ્કોટલેન્ડની પ્રદક્ષિણા કરવી પડી. રસ્તામાં તેમને ભારે તોફાન નડ્યું. કેટલાંક વહાણ ખડક સાથે અથડાઇ ભાગી ગયાં. તે દિવસે સ્કોટલેંડનો કિનારો અનેક મુડદાંથી છવાઈ રહ્યો. બાકી રહેલામાંના ૧૧૦૦૦ આદમી આયર્લૅન્ડના કિનારા આગળ નાશ પામ્યાં. માત્ર ૫૩ ભાંગેલાં તુટેલાં વહાણ ઘેર આવવા પામ્યાં. આ પ્રમાણે

સ્પેઈનનું અજેય નૌકાસૈન્ય (ફિલિપે અભિમાનથી એવું નામ આપ્યું હતું) ખતમ થઈ ગયું. અંગ્રેજોના આનંદનો પાર રહ્યો નહિ. રાણીએ નવા સિક્કા પર આ શબ્દો કોતરાવ્યા કે 'પ્રભુના અજબ વાયુથી દુશ્મનો છિન્ન ભિન્ન થઈ ગયાં.

**ઈંગ્લેંડની કીર્તિ**. હવે ઇલિઝાબેથને કાંઇક આરામનો સમય આવ્યો. સઘળાં યુરોપી રાજ્યોને તેની સત્તાનું ભાન હવે થયું હતું. તેની નૌકાએ દરિયાઇ સ્વામિત્વની મજલનો પ્રથમ પંથ પુરો કર્યો હતો. તેની પ્રજાએ શત્રુ તરફની ઘણી ઘણી લાલચો છતાં દેશદ્રોહ ન કર્યો કેથોલિકો પણ પરરાજ્ય સાથે ખટપટ કરવા કરતાં પોતાના રાજ્યને તાબે થવું વધારે શ્રેયસ્કર માનવા લાગ્યા. અત્યારે મુશ્કેલી હતી માત્ર અંતિમ પ્રોટેસ્ટન્ટો, પ્યુરિટનોની, જેમને સાદામાં સાદા વિધિ પ્રત્યે પણ તિરસ્કાર હતો. આ રાજ્ય દરમ્યાન તો આ પક્ષને શાંત રાખવામાં આવ્યો, પણ હવે પછી તેમણે ધર્મ માટે જે ઝઘડા ઉઠાવ્યા તે આપણે જોઇશું. ફ્રાન્સના શાણા રાજા ચોથા હેન્રીએ નેન્ટસનું પ્રખ્યાત આજ્ઞાપત્ર બહાર પાડી પોતાની પ્રોટેસ્ટન્ટ પ્રજાને મરજી મુજબનો ધર્મ પાળવાની છૂટ આપી, અને એ રીતે આખા યુરોપને શાંત પાડવામાં સહાય કરી.

**ઈસ્ટ ઇંડિયા કંપની**. છેલ્લાં ત્રીશ વર્ષથી પ્રજામાં જે વિકાસ અને પ્રગતિ ગુપચુપ થતાં હતાં તેનાં ફળ હવે આવવા લાગ્યાં. અંગ્રેજોનાં વહાણુ દેશેદેશમાં જવા લાગ્યાં. સર વોલ્ટર રેલે સાત વાર અમેરિકાની સફર કરી ત્યાંથી તંબાકુ, બટાટા વિગેરે અનેક નવી વસ્તુઓ લાવ્યો. તેણે વર્જીનિયા નામનું સંસ્થાન વસાવ્યું,

જે હવે પછીના સંસ્થાનીઓને માર્ગદર્શક થઇ પડયું. સર ફ્રાન્સિસ ડ્રેઇકે ઇસ્ટ ઈંડીઝનો માર્ગ ખુલ્લો કર્યો. ઇંગ્લેંડ અને હોલેન્ડનાં વહાણુ ઉપરાઉપરી વેપાર માટે પૂર્વ તરફ જવા લાગ્યાં. સોળમી સદીના છેલ્લે દિવસે (૩૧મી ડિસેમ્બર ૧૫૯૯) રાણીએ લંડનના એક વેપારી મંડળને પૂર્વ તરફના વેપારનો ઇજારો આપ્યો. આ મંડળ પાછળથી 'ઇસ્ટ ઇંડિયા કંપનીને નામે જગવિખ્યાત થયું.

**સોળમી સદીનો અંત.** આવી બહારની પ્રગતિ સાથે મન અને વિચારનો આંતરિક વિકાસ પણ થતો હતો. ટયુડર વંશ શરૂ થયાને સો વર્ષ પુરાં થયાં તે દરમ્યાન એવા મોટા બનાવ બની ગયા અને એવી અજબ શોધો થઇ કે જેથી કોઈ પણ માણસને આશ્ચર્ય લાગ્યા વિના રહે નહિ. જનસમાજની અસલ માન્યતા એવી હતી કે પૃથ્વી આખા બ્રહ્માણ્ડના મધ્યમાં છે અને સૂર્ય ચંદ્ર આદિ તેની આસપાસ ફરે છે. આ સૈકામાં કોપર્નિકસ અને ગેલીલીઓ નામના વિજ્ઞાનીઓએ સાબીત કર્યું કે સત્ય હકીકત આથી જુદી છે. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ સત્ય વસ્તુ છે. વળી લાંબી લાંબી મુસાફરીઓ વધવાથી દુનિયા ધાર્યા કરતાં કેટલી વિશાળ અને સુંદર છે તે માલમ પડતું ગયું. સોના ચાંદીથી ભરેલો અને ચિત્ર-વિચિત્ર માનવજાતિઓથી વસાએલો અમેરિકા ખંડ પરિચયમાં આવી ચુકયો હતો. નવો ધર્મ, મુદ્રણનો ફેલાવો, ગ્રીક અને લેટિનનો અભ્યાસ,—આ સર્વથી અંગ્રેજ પ્રજાનાં મન ઉચ્ચ વિચારો તરફ દોરાયાં હતાં જેને પરિણામે આ યુગનું સાહિત્ય ઉત્તમ પ્રકારનું થયું. ગદ્ય પદ્યના ઉમદા ગ્રંથો રચાયા. ઇતિહાસનો અભ્યાસ થવા

લાગ્યો. રેલેએ 'દુનિયાનો ઇતિહાસ' આ રાજ્યમાં આરંભ્યો. સર ફ્રાન્સિસ બેકને તત્ત્વજ્ઞાન અને પદાર્થ વિજ્ઞાનના અભ્યાસ માટે નવી પ્રયોગ-પધ્ધતિ દાખલ કરી તેમાં નવું જીવન આણ્યું. મહા કવિ સ્પેન્સર આ જમનાના આભૂષણ જેવો હતો. અને આ સર્વને માથે બેસે એવો શેક્સપીઅર, અંગ્રેજોનો કાલિદાસ, આ રત્ન ભર્યા યુગના મહારત્નરૂપ હતો. તેના નાટકોની ઉત્તમ ભાષા, ઉંડા વિચાર, અને માનવ સ્વભાવનું આબેહુબ આલેખન આજ પર્યંત કેવળ ઈંગ્લેંડનેજ નહિ પણ આખી દુનિયાને બહુ ઉપયોગી થઇ પડયાં છે.

**બર્લીનું મરણ** હવે આ રાજ્યનો અંત આવી લાગ્યો હતો. ૧૫૯૮ માં લોર્ડ બર્લીનું મરણથતાં બીજા પુરૂષો દરબારમાં દાખલ થયા. તેમાં ચતુર અને બહાદુર સર વોલ્ટર રેલે, બર્લીનો પુત્ર રોબર્ટ સેસિલ જે શાણો રાજનીતિજ્ઞ હતો, અને રાણીનો માનીતો અર્લ ઇસેક્સ હતા.

**આયર્લેંડની કથા.** આયર્લેન્ડમાં અસલની મુશ્કેલી ચાલુજ હતી. સાતમા હેન્રીએ અર્લ ઓફ કિલ્ડરને સુબો બનાવ્યો હતો તે આપણે વાંચી ગયા. આઠમા હેન્રીએ કિલ્ડેરના કુટુમ્બને બહુ સતાવ્યું અને તેમાંના મુખ્ય મુખ્ય પુરૂષોને ગરદન માર્યા. ઉપરાંત જ્યારે ઇંગ્લેંડમાં ધર્મસુધારણા દાખલ થઈ, ત્યારે આઠમા હેન્રીએ આયર્લેન્ડમાં પણ સુધારા કરવા પ્રયત્ન કર્યો. પરંતુ આયરિશ લોકો મક્કમ રહ્યા અને ઘણા ઘણા જુલમ છતાં તેઓએ જુના માર્ગમાંથી હઠવા સાફ ના પાડી. એક પણ આયરિશ પ્રોટેસ્ટન્ટ બન્યો નહિ; અને એ વિષે જુલમ કરવા જતાં પ્રજા રાજા વિરુધ્ધ બનતી ગઇ.

મેરીના રાજ્યના પાંચ વર્ષ શિવાય આ જુલમ તેમનાપર ચાલુજ રહ્યા. તેઓએ અનેક બળવા ઉઠાવ્યા. ઇલિઝાબેથના રાજ્યમાં બળવાખોર સરદારોની જમીનો જપ્ત કરી નવા આવનારા અંગ્રેજોને એ શરતે આપી કે તમારે આયરિશોને મારી હઠાવવા. સ્વાભાવિકરીતે આ લોકો અને આયરિશો વચ્ચે પુષ્કળ ઝપાઝપી થતી. અને આઠમા હેન્રી પછીના દોઢસો વર્ષ સુધી આયર્લેન્ડની કથા દુઃખ અને ખુનામરકીથી ભરેલી છે. ભયંકર યુધ્ધોને લીધે ભૂમિ ઉજ્જડ બની; અને આ સર્વ મુશ્કેલીનું મૂળ કારણ એ હતું કે ઇંગ્લેંડે આયર્લેન્ડ પર અંગ્રેજ માલિકી તથા પ્રોટેસ્ટન્ટ ધર્મ સ્થાપવા બળાત્કાર કર્યા.

શેઇન ઓનીલ નામના મહાસમર્થ અને જુસ્સાદાર સરદાર હેઠળ સ્વાતંત્ર્ય માટે રાષ્ટ્રીય બળવો થયો. અંગ્રેજ સુબો તેની સામે ગયો, પરંતુ તેણે ત્રણ વખત માર ખાધો. બળવાખોરોએ આખું અલ્સ્ટર ( જ્યાં નવા અંગ્રેજ અને સ્કોટ કુટુમ્બો વસતા હતા તે ) ઉજ્જડ બનાવી દીધું. શેઇનને ફસાવવા અને ઝેર દેવા ઘણા પ્રયત્નો થયા પણ તે સર્વે નિષ્ફળ ગયા. અંતે ઇલિઝાબેથે નિર્ભય વચન આપી તેને ઇંગ્લેંડ બોલાવ્યો. રાણી તેના વર્તનથી ખુશ થઇ અને તેને ઇલ્કાબ આપી રવાના કર્યો. ૧૫૬૫ માં સર હેન્રી સિડની આયર્લેન્ડનો સુબો નીમાયો. તેણે શેઇનના શત્રુઓને પોતાના પક્ષમાં લઇ બળવાખોરોને બેસાડી દીધા. શેઇન માર્યો ગયો.

શેઇનની અલ્સ્ટરમાંની જમીનમાં નવા અંગ્રેજ અને સ્કોટ સંસ્થાનીઓ વસાવ્યાથી ફરી પાછા બળવા થવા લાગ્યા. સંસ્થા-

ઓની એક સરખી કતલ થઇ. સંસ્થાનીઓએ પણ જુલમ કરવામાં મણા રાખી નહી. હવે પોપ અને સ્પેઇન તરફની ઉશ્કેરણી થવાથી અર્લ ટાયરોને સરકાર સામે ઝુંડો ઉઠાવ્યો. આયરિશ સરદારો તેના પક્ષમાં ભળ્યા. આ વેળા એમ લાગતું હતું કે ટાયરોન જેવા સમર્થ પુરૂષની સરદારી હેઠળ આયર્લૅન્ડ ઈંગ્લૅંડની ઝુંસરી ફેંકી દેશે કેટલીક લડાઇઓ થઈ, જેમાંની ઘણી ખરીમાં આઇરિશો જીત્યા. જોતજોતામાં સરકારના હાથમાં માત્ર ડબ્લિન અને બીજાં થોડાં સ્થળો શિવાય કશું રહ્યું નહિ. રાણી વૃદ્ધ અને નિર્બળ બની હતી છતાં તેણે સંકલ્પ કર્યો કે ગમે તે ભોગે આયર્લૅન્ડને વશ કરવું. અર્લ ઇસેકસની સરદારી હેઠળ ૩૦૦૦૦ આદમીનું મોટું સૈન્ય આયર્લૅન્ડ રવાના થયું. પરંતુ ઘણી મુશ્કેલીઓ નડવાથી અને ખુશામતથી અંજાઈ જઈ તેણે ટાયરોન સાથે હાનિકારક કરાર કર્યો રાણીનો માનીતો હોવાથી તે એમ માનતો હતો કે રાણીને ગમે તેમ સમજાવી દઇશું. પણ ઇલિઝાબેથ આ વર્તનથી ઘણી ગુસ્સે થઇ અને તેણે ઇસેકસને તેના ઘરમાં નજરકેદ કર્યો. આથી તે મૂર્ખ યુવકે બળવો જગાવવાની તૈયારી કરી પરંતુ ફાવ્યો નહિ અને રાજદ્રોહી ઠરવાથી પોતાનો જાન ગુમાવ્યો.

દરમ્યાન તેને બદલે લોર્ડ માઉન્ટજોય આયર્લૅન્ડ ગયો હતો તેણે ટાયરોનને તાબે કર્યો. ત્યારથી આખા આયર્લૅન્ડનું રાજ્ય ઇંગ્લૅંડના હાથમાં આવ્યું. આવતા રાજ્યમાં અનેક અંગ્રેજ અને સ્કોટ કુટુમ્બોને અલ્સ્ટર અને લીન્સ્ટર પ્રાંતમાં એવી શરતે જમીનો

અપાઈ કે તેમણે આયર્લૅન્ડમાં શાંતિ જાળવવામાં સરકારને સહાય કરવી. આ પ્રમાણે ઉત્તર આયર્લૅન્ડનો બે તૃતીયાંશ ભાગ પરદેશીઓને હાથ ગયો. આ પ્રયોગથી દેખીતો લાભ થયો પરંતુ તેમાં અનેક આયરિશોને અન્યાય થયા અને પરિણામે દેશીઓ અને આ નવા આવનારા સંસ્થાનીઓ વચ્ચે કડવાશનું જલદ બીજ રોપાયું. આજે પણ આ કડવાશનાં માઠાં પરિણામ દુનિયા સમક્ષ મોજુદ છે.

**રાણીનું મરણ.** હવે રાણી મરવા પડી. ચંચળ, અસ્થિર, અને ઘણીવાર અસત્યનો આશ્રય લેનારી હતી છતાં જે ઇંગ્લેંડ તેણે કબજે લીધો ત્યારે દુર્બળ અને છિન્નભિન્ન હતું તે તેણે મજબુત અને સંપવાળું બનાવ્યું. પાર્લમેન્ટે જે સ્વાતંત્ર્ય ગુમાવ્યું હતું તે તેણે થોડુંઘણું પાછું મેળવ્યું. છેલ્લી પાર્લમેન્ટમાં ઇજારાની બાબતમાં ઇલિઝાબેથને નમવું પડ્યું હતું. પણ એક બાબતમાં તે છેના છે સુધી મક્કમ રહી. ગાદીવારસનું નામ તેણે અંત સુધી પાડ્યું નહિ. મરણને આગલે દિને તેણે સહેજ ડોકું હલાવ્યું તેથીજ પ્રધાનો સમજી શકયા કે સ્કૉટલેન્ડનો જેઇમ્સ ગાદીએ આવે તેમાં રાણી સંમત છે. આખરે સિત્તેર વર્ષની પુખ્ત ઉમ્મરે આ મહારાણી ગુજરી ગઇ.

**ટયુડર વંશનું અવલોકન.** અહીં ટયુડરવંશ સમાપ્ત થાય છે, અને સ્ટુઅર્ટ વંશ આરંભે છે. આ વંશનો અમલ ૧૧૮ વર્ષ દરમ્યાન રહ્યો. એ યુગનાં ખાસ લક્ષણ નીચે મુજબ છે :–

૧. **મજબુત બાદશાહી.** પૂર્વેની બેબંધીથી કંટાળેલી, અને કુસંપ તથા નિર્બળતાના ગેરલાભ સમજતી થએલી પ્રજાએ રાજ્યની લગામ તમામ રાજાના હાથમાં જવા દીધી. સંજોગો અનુકૂળ હોવાથી ટયુડરો મજબુત બાદશાહી સ્થાપી શકયા. તેમણે ઘણુંયે ગેરકાયદેસર કામો કર્યાં પરંતુ એકંદરે તેમણે પોતાની સત્તાનો સદુપયોગ કરી લોકોનું કલ્યાણ કર્યું. પ્રજા સુખી અને સંપીલી બની. પરંતુ આની સાથે પાર્લમેન્ટની સત્તા કમી થઇ ગઈ. પહેલાં પાર્લમેન્ટને આટલા હક્ક હતા કે તેની મંજુરી વિના કોઇ પણ કર નંખાય નહિ, અને કોઈ પણ કાયદો ઘડાય નહિ; ન્યાયસરની તપાસ વિના પણ કોઇ પુરૂષને કેદ કરાય નહિ. આ હકકો વિષે ટયુડરો કેટલા બેપરવા હતા તે આપણે વાંચી ગયા. પાર્લમેન્ટે પણ આ વિષે કશો વાંધો ઉઠાવ્યો નહિ, અને તે ઉઠાવવા સમર્થ પણ ન હતી. કેમકે ટયુડરોએ અન્ય માર્ગે પુષ્કળ નાણાં ભેગાં કરવાનો રિવાજ રાખેલો હોવાથી તેમને પાર્લમેન્ટ પાસે હાથ ધરવાનો પ્રસંગ આવતો નહિ અને પરિણામે તેઓ તેનાથી સ્વતંત્ર રહી શકયા.

૨. **રાષ્ટ્રધર્મની સ્થાપના.** આઠમા હેન્રીના અને તેના પછીના બે રાજ્યમાં અનેક અડચણોમાં પસાર થઇ ધર્મ સુધારણાની હીલચાલ અંતે ઈંગ્લેંડમાં દાખલ થઇ. ઇલિઝાબેથે નક્કી કરેલો રાષ્ટ્રધર્મ કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ બે પંથોની વચ્ચેનો માર્ગ હોઇ તેમાં અતિશયતા ન હતી. તે યુરોપના પ્રોટેસ્ટન્ટ પંથોથી નિરાળો, અને રાષ્ટ્રીય હતો કેમકે તે ઇંગ્લેંડે પોતાની મેળે પોતાને માટે ઘડેલો હતો, તથા તેનું આધિપત્ય રાજાને સોંપાયું હતું.

૩. **હુન્નર ઉદ્યોગની વૃદ્ધિ.** ફ્રાન્સ અને નેધરલેન્ડના પીડા પામેલા પ્રોટેસ્ટન્ટો ઇંગ્લેંડ આવી વસ્યા, તેમની સાથે અનેક નવા હુન્નરો આવ્યા અને પરિણામે ઇંગ્લેંડના ઉદ્યોગો શરુ થયા.

૪. **સાહસ અને જુસ્સો.** આખી પ્રજામાં નવિન પ્રકારનો જુસ્સો આ યુગમાં પ્રગટયો. સ્પેઇન અને પોર્ટુગલને શોધને લીધે થએલા લાભ જોઇ અંગ્રેજો પણ એ કાર્યમાં પડયા. તેઓ દુનિયાના તમામ ભાગમાં ફરતા થયા અને સ્પેઇનની સ્પર્ધા કરવા લાગ્યા. હિંમત અને સાહસ માટે ઇંગ્લેંડની નામના થઈ.

૫. **રાજ નૌકાની સુધારણા.** ઉપર કહેલા સાહસિક જુસ્સાને લીધે અંગ્રેજ નૌકાબળ વધ્યું અને જ્યારે 'અજેય આર્મેડા'નો પરાજય થયો તે ઘડીથી સ્પેઇનનું દરિયાઇ સ્વામિત્વ નષ્ટ થયું અને અંગ્રેજોનો માર્ગ ખુલ્લો થયો.

આ સર્વ જાહોજલાલી જે રાજ્યતંત્રના આશ્રય હેઠળ ઉદ્‌ભવી તેમાં એક મહાદોષ હતો. રાજ્યનો તમામ આધાર રાજ્યકર્તા પરજ હતો. રાજા શાણો અને સમર્થ હોય તો કારભાર સારો ચાલે. અને રાજા દુષ્ટ કે મુર્ખ હોય તો કારભાર ખરાબ ચાલે. ઇલિઝાબેથ પછી આવનારા રાજાએ કારભારમાં ડહાપણ દર્શાવ્યું નહિ અને તેથી પાર્લમેન્ટ અને રાજા વચ્ચે નિરંતર ઝઘડો ચાલ્યો, જેના પરિણામે અનેક સંતાપો ઉભા થયા તે આપણે આગળ ઉપર વાંચીશું.

# વિભાગ ૨.

## સ્ટુઅર્ટ વંશ–રાજા વિરૂધ્ધ પાર્લમેન્ટ.

---

## પ્રકરણ ૭.

### પહેલો જેઈમ્સ. ૧૬૦૩-૧૬૨૫.

**યુનિયન જેક.** બ્રિટિશ સામ્રાજ્યમાં વસતો એકે વિદ્યાર્થી એવો નહિ હોય કે જે યુનિયન જેકથી અજાણ હોય. તમારા શહેરના જાહેર મકાનો પર એ ધજા ઉડતી તમે ઘણીવાર જોઈ હશે. એ ધજા દુનિયાના સૌથી મોટા સામ્રાજ્યનું નિશાન છે. એ રાજ્યનો વિસ્તાર પૃથ્વીના ચોથા ભાગ જેટલો અને તેની રૈયત દુનિયાની વસ્તીના ચોથા ભાગ જેટલી છે. એને વિષે અંગ્રેજો અભિમાનથી કહે છે કે અમારા સામ્રાજ્યમાં સૂર્ય કદાપિ અસ્ત પામતો નથી.

બ્રિટિશટાપુઓ ઉપરાંત એ ધજા કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિઆ, ન્યુઝીલેન્ડ, હિંદુસ્તાન, અને દરિયામાંના અગણિત ટપુઓ પર ફરકે છે. તેની કીર્તિ વધારવા, તેને કલંકિત થતી અટકાવવા માણસો પ્રાણાન્ત સુધી લડયા છે.

એ ધજાને યુનિયન જેક શામાટે કહે છે ? 'યુનિયન' એટલે એકતા અને 'જેક' શબ્દ કદાચ જેઈમ્સ માટેના ફ્રેન્ચ શબ્દ પરથી લેવાયો હશે. ઇલિઝાબેથના મરણ પછી જેઇમ્સ નામનો રાજા ગાદીએ આવ્યો. તે ખરો હક્કદાર હતો એટલુંજ નહિ પણ પ્રજા તરફથી ચુંટાયો પણ હતો. તમને કદાચ યાદ હશે કે તે સ્કોટ રાણી મેરી અને ડાર્નલીનો પુત્ર હતો. અત્યાર પહેલાં તે સ્કોટલેન્ડનો રાજા હતો. હવે ૧૬૦૩ માં તેને ઈંગ્લેંડનો તાજ મળતાં ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ બન્ને એક રાજા હેઠળ આવ્યાં અને એથી બન્નેને લાભ થયા. તેમના વચ્ચે પરંપરાથી ઉતરી આવેલો પુરાણો વૈરભાવ ઘણો ઓછો થઇ ગયો. ઇંગ્લેંડની સહાયથી જેઇમ્સ સ્કોટલેન્ડના તોફાની, ઝનુની ઉમરાવોને વશ કરી શકયો અને ત્યાંની પ્રજાને શાંતિ અને અદલ ઇન્સાફના લાભ અપી શકયો. આ વેળાની એકતા કેવળ રાજાની થઇ. પરંતુ ખરેખરી એકતા આ પછી ૧૦૪ વર્ષે થઈ. ત્યારબાદ બીજા ૯૨ વર્ષ કેડે આયર્લેન્ડ જોડાયું, અને ત્રણે દેશોની એક પાર્લામેન્ટ થઇ.

યુનિયન જેકમાં ત્રણે દેશનાં ચિન્હ સમાવ્યાં છે. સફેદ ભૂમિપર લાલ ઉભી ચોકડી (+) એ ઇંગ્લેંન્ડનું, ભૂરી ભૂમિ ર સફેદ ત્રાંસી ચોકડી (×) એ સ્કોટલેન્ડનું, અને સફેદ ભૂમિપર લાલ ત્રાંસી ચોકડી એ આયર્લેન્ડનું ચિન્હ છે. અને આ સર્વે યુનિયન જેકમાં દેખાય છે.

**હેમ્પટન કોર્ટ કોન્ફરન્સ** આજે ઇંગ્લેંડના રાજમહેલોમાં 'હેમ્પટન કોર્ટ પેલેસ' નામનો એક ભવ્ય મહેલ છે. તે વુલ્સીએ પોતાને માટે બાંધેલો પણ પાછળથી આઠમા હેન્રિને અર્પણ કરેલો. આ મકાનમાં બ્રિટિશ સામ્રાજય માટે મહા અગત્યની એક ઘટના બની હતી. ઇંગ્લેંડે ધર્મ સુધારણા સ્વીકારી પોતાનો રાષ્ટ્રધર્મ સ્થાપ્યો તે આપણે જોઇ ગયા. તેને એપિસ્કોપસિ એવું નામ અપાયું. પૂજા વિધિમાં કેટલાક ફેરફાર થયા, અને કેટલીક જુની ઢબ કાઢી નંખાઇ છતાં ઘણાનું માનવું એવું હતું કે હજુ ધર્મસંસ્થા જોઇએ તેટલી શુદ્ધ થઇ નથી. તેમની ઇચ્છા એ હતી કે પૂજન હજુ સાદું અને સરળ બનાવવું અને આત્મશુદ્ધિપર ખૂબ ધ્યાન આપવું. શુદ્ધતા માટે અગ્રેજી શબ્દ 'પ્યુરિટિ' હોવાથી તેઓ 'પ્યુરિટન' કહેવાયા. મેરીના ધાર્મિક જુલમ વખતે જે પુરૂષો અન્ય દેશોમાં નાસી ગયા હતા, અને ઇલિઝાબેથના રાજ્યમાં પાછા આવ્યા હતા, તેઓ આ પક્ષના નેતા હતા. રાજકીય બાબતમાં તેઓ પાર્લમેન્ટને સર્વોપરી માનતા.

જેઇમ્સના આરોહણ સમયે પ્યુરિટનો ધારતા હતા કે રાજા અમારી મરજી મુજબના ફેરફાર કરશે. આ ધારણા કારણ સર હતી. રાજા સ્કોટલેન્ડમાં ઉછરેલો અને ત્યાંના પ્રોટેસ્ટન્ટો (પ્રેસ્બિટેરિયનો) પ્યુરિટનો જેવાજ હતા. એક વાર જેઇમ્સે જાહેરમાં કહેલું કે સ્કોટલેન્ડના પ્યુરિટનપંથ જેવો શુદ્ધ પંથ દુનિયામાં બીજો કોઇ નથી. આશાભર્યા પ્યુરિટનો આરંભમાં જ રાજાને મળ્યા અને તેમણે પોતાના સિદ્ધાન્તો રજુ કર્યા.

પછી તેણે ધર્મના ઝઘડાનો છેવટનો ફડચો લાવવાના હેતુથી હેમ્પટન કોર્ટમાં બિશપો અને પ્યુરિટનોની એક પરિષદ્ બોલાવી. રાજા પોતે પ્રમુખસ્થાને હતો. વાદવિવાદમાં પ્યુરિટનોને જણાયું કે તે પોતાનું પ્યુરિટનપણું સ્કોટલેન્ડ મુકી આવ્યો હતો. તેણે બિશપોનો પક્ષ લીધો અને પ્રેસ્બિટેરિયનો વિષે હલકા ઉદ્ગાર કાઢ્યા. તેનું એક વાકય 'ન બિશપ, ન રાજા' પ્રખ્યાત બન્યું, તેનો અર્થ એ છે કે આજે તમે બિશપો રદ કરવાની માંગણી કરોછો, અને કાલે રાજા રદ કરવાની માંગણી કરશો. આ પરિષદ ફારસ જેવી હતી અને તેમાં રાજા મુખ્ય પાત્ર હતો. પ્યુરિટનોએ પણ પોતાનો મમત છોડયો નહિ તેથી અંતે રાજા પરિષદ છોડી ચાલ્યો ગયો અને એવી ધમકી આપતો ગયો કે મારી દલીલ પણ સાંભળતા નથી, મારે તમને જબરાઇથી સંમત બનાવવા પડશે, નહીતો દેશબહાર કાઢવા પડશે, આ પરિષદનું માત્ર એક સારૂં ફળ આવ્યું, તે એ કે રાજાએ બાઇબલનું નવું સુધારા વધારાવાળું ભાષાન્તર રચાવ્યું. આ ભાષાન્તર એવું સુંદર છે કે આજે પણ તે વપરાયછે અને તમામ અંગ્રેજ લેખકો અને વકતાઓ તેનો ઉપયોગ કરેછે.

**વિદેશ વાસ.** રાજાએ પોતાનો બોલ પાળ્યો. પ્યુરિટનો વિરૂદ્ધ આકરા કાયદા કરી ઘણાને દંડયા. અને કેટલાકને કેદખાને નાંખ્યા. પ્યુરિટનો માટે ઈંગ્લેંડમાં સુખશાંતિ ન રહી. તેથી કેટલાક દેશ તજવાનો નિશ્ચય કર્યો. ૧૬૨૦ માં એક નાનું પ્યુરિટન મંડળ હોલેંડ ગયું. ત્યાં અગિયાર બાર વર્ષ રહ્યા બાદ એક મોટો પ્રશ્ન ઉભો થયો. હોલેંડમાં તેમની જે નવી સંતતિ થઇ તેને માતૃભૂમિ અને માતૃભાષા ભુલાવી ડચ બનાવવા કે નહિ ? ઇંગ્લેંડ તો તેમનો

દુ:ખ દેવામાં મણા રાખી ન હતી, છતાં તેમાંના કેટલાકને સ્વદેશ માટે લાગણી હતી. તેમનાં બાળક અંગ્રેજ તરીખે રહી શકે અને પ્યુરિટન ધર્મ પાળી શકે તે માટે એકજ સ્થાન હતું અને તે દરિયાપાર આવેલી નવી દુનિયા. આજ પહેલાં ત્યાં વર્જીનીઆ અને મેરીલેન્ડ નામનાં સંસ્થાનો સ્થપાઈ ચુક્યાં હતાં. અને હવે આ પુરૂષોએ અમેરિકા જવાનો સંકલ્પ કર્યો.

પોતાને ખર્ચે વહાણુ બંધાવી તેઓ, આશરે સો એક જણા, નીકળી પડયા. એટલેન્ટિકના અસાધારણ તોફાન વેઠી તેઓ સાડાત્રણ મહિને અમેરિકાને કાંઠે પહોંચ્યા. તરત તેમણે વસવાટનું કામ આરંભ્યું. આ નરનારિઓને કેવાં કેવાં સંકટ વેઠવાં પડયાં તેનું વર્ણન કરતાં ઘણો વિસ્તાર થઇ જાય. ત્રણ ચાર મહિનામાં તો પ્રતિકૂળ હવાપાણીને પરિણામે તેમનામાંના ૫૧ જણા મરણ પામ્યા. ત્રણ ત્રણ વર્ષ ભૂખમરો વેઠયા પછી તેમનું પ્રારબ્ધ ખીલ્યું.

આ લોકો પ્રભુથી ડરનારા, ધર્મિષ્ઠ, મજબુત, સહનશક્તિવાળા, તથા વિચાર વાણી અને કર્મમાં ગંભીર હતા. જન્મભૂમિ તેમને પ્યારી હતી, પરંતુ સ્વાતંત્ર્ય તેમને વધારે પ્યારૂં હતું; અને તેથીજ તેમણે સ્વદેશ અને સગાં વહાલાનો ત્યાગ કર્યો. નવી ભૂમિમાં બાઇબલ તેમનો કાયદો, અને ભાઇચારો તેમનો પટો હતો. તેમના વસવાટથી ભવિષ્યમાં આવનારાઓનો માર્ગ સરળ થયો. આ ધર્મવીરોજ હાલના યુનાઇટેડ સ્ટેટસની પ્રજાના પૂર્વજો છે. તેઓ ઇતિહાસમાં 'પિલ્ગ્રીમ ફાધર્સ' ભક્ત યાત્રાળુઓ, એ નામે પ્રખ્યાત છે.

**ફાટેલાં પાનાં.** હાઉસ ઓફ કોમન્સમાં સભ્યો માટે એક પુસ્તકાલય છે, તેમાં ઘણા સરસ પુસ્તકો સંઘરેલાં છે. આમાંથી ૧૬૨૧ ની સાલનું પાર્લમેન્ટનું દફતર જોતાં માલૂમ પડે છે કે તેમાંનાં કેટલાંક પાનાં ફાડી નાંખેલા છે. આ પાનાં કેમ ફાટયાં તે સમજવા સારૂ આપણે રાજા–પાર્લમેન્ટ વચ્ચે થએલા મોટા ઝઘડાની કથા જાણવી જોઈએ.

જેઇમ્સ રાજા ગાદીએ આવ્યો ને થોડા વખતમાંજ તેણે બે મૂર્ખાઇ ભર્યા સિદ્ધાન્ત રજુ કર્યા. પ્રથમ સિદ્ધાન્ત રાજાનો દૈવિહક્ક એ નામથી પ્રખ્યાત છે. તેનું કહેવું એવું હતુ કે સર્વશકિતમાન પ્રભુ રાજાઓ નિર્માણ કરે છે અને તેમનો હિસાબ પ્રભુજ લઇ શકે. માટે રૈયત તેમની સામે થાય એ પાપ છે. જેઇમ્સના મન મુજબ, રાજાઓને ખોટું કરવાનો દૈવિ હક્ક હતો. આ વિષે તેણે એક પુસ્તક પણ લખ્યું હતું. રાજાની હામાં હા ભેળવનારા અને તેનો અમલ કરાવનારા સમયસાધુ દરબારીઓ કે બિશપોનો ટોટો ન હતો, છતાં પ્રજાનો મોટો ભાગ આ સિદ્ધાન્તને બેવકુફાઇ ભર્યો ગણતો.

બીજો સિદ્ધાન્ત એ હતો કે રાજા પ્રભુનેજ જવાબદાર હોવાથી કાયદા કેવળ રાજાની બક્ષીસ છે. અને ઠીક લાગે તો રાજા અમુક કાયદા હમ્મેશ માટે અથવા થોડા સમય માટે રદ કરી શકે. જે જે કાયદાને રાજા સંમતિ આપે તે તેના વર્તમાન વિચારનું જ કથન છે અને ભવિષ્યમાં તે તેને બંધનકારક નથી, અને એવા કાયદા તેની પાસે બળાત્કારે પળાવવા રૈયતને કશો હક્ક નથી. આ વિષે તેણે એક વખત આમ સભાને સાફ સંભળાવી દીધું કે 'જેમ પ્રભુની શકિત વિષે

વાદવિવાદ કરવા એ નાસ્તિકતા લેખાય છે, તેવીજ રીતે રાજા શું કરી શકે અને શું ન કરી શકે એ સંબંધી ચર્ચા ચલાવવી તે નાને મ્હોડે મોટી વાત કરવા જેવું છે અને રાજા તરફ હડહડતો તિરસ્કાર કહેવાય '.

એક બાજુ રાજાના વિચાર આવા હતા ત્યારે બીજી બાજુ પ્રજા સ્વાતંત્ર્યને પોતાનો જન્મસિદ્ધ હક્ક માનતી. આ બે વચ્ચે તકરાર ઉભી થાય એમાં નવાઈ નથી. જેઇમ્સ જીદ્દી હતો તો પ્રજા પણ આગ્રહી હતી. અંગ્રેજો રાજાને માન આપતા, તેનાપર સ્નેહભાવ રાખતા. છતાં અસલથી દરેક કાયદા માટે 'હા,હા' કે 'ના,ના ના પોકારથી પોતાનો મત દર્શાવવાનો તેમનો રિવાજ હતો. ટયુડરો આપખુદી રાજ્ય કર્તા હતા એ જેમ્સ જાણતો હતો, પરંતુ તેનું ધારવું એવું હતું કે તેઓ રાજહક્ક માટે જોઇએ તેટલા સાવધ ન હોતા. આઠમો હેન્રી પાર્લમેન્ટ પાસે આજ્ઞાથી કામ લેવાને બદલે વિજ્ઞાપનાથી કામ લેતો. ઇલિઝાબેથ પણ આપખુદી હતી પરંતુ તે ઘણીજ લોકપ્રિય હતી અને પાછળના ભાગમાં પાર્લમેન્ટે માથું ઉચું કરવા માંડેલું તોપણ અંગ્રેજો એમ માનતા કે રાણીનાં સર્વ કર્મ પ્રજાહિતનાંજ છે. જેઇમ્સનો એવો આગ્રહ હતો કે મને ખુલ્લી રીતે રાષ્ટ્રનો નિરંકુશ સ્વામિ ગણવો જોઇએ. તે સમય સમજી શકયો નહિ, અને પ્રજાની નાડ પારખી શકયો નહિ. આપ ખુદી રાજાઓના દિન સદાને માટે ગયા હતા.

જેઇમ્સ જે ભુમિમાંથી આવ્યો હતો ત્યાં પાર્લમેન્ટની કિંમત નહિ જેવી હતી. પરંતુ ઇંગ્લેંન્ડમાં તેમ ન હતું. ઇંગ્લેંડની પાર્લમેન્ટ

સ્વબળ સમજતી થઇ હતી. "આઠમા હેન્રીના સમયની દાસવત્ પાર્લમેન્ટ ક્રમે ક્રમે વધી, ઇલિઝાબેથના રાજ્યમાં મંદ પોકાર કરતી. જેઇમ્સના વખતમાં તોફાની, અને ચાર્લ્સના જમાનામાં બળવાખોર બની."

**પહેલી પાર્લમેન્ટ. ૧૬૦૪–૧૬૧૦.** ગાદીએ આવતાંની સાથેજ જેઇમ્સે કાયદાનો ભંગ આદર્યો. એક ગુન્હેગારને વિના તપાસે ફાંસી થઇ પછી તેણે પાર્લમેન્ટ બોલાવી, તેમાં પણ કેવી જાતના સભ્યો ચુંટવા એ વિષે પ્રજાને આગ્રહ ભર્યો બોધ દીધો અને એ રીતે પાર્લમેન્ટના સ્વાતંત્ર્ય પર ઘા કર્યો. વળી નવા સભ્યો બરાબર ચુંટાયા છે કે કેમ તે નક્કી કરવાનું કામ તેણે ન્યાયાધીશોને સોંપ્યું. આ પણ ગેરકાયદેસર હતું. ચુંટણીને લગતી સર્વ વાત નક્કી કરવાના પોતાના હક્ક વિષે આમ સભા સદાયે ઘણી ચોક્કસ રહેતી આવી છે આ પરથી રાજાના કૃત્યથી નવા ચુંટાએલા સભ્યો કેટલા ગુસ્સે થયા હશે એ કલ્પવું સહેલું છે.

પછી જેઇમ્સે સંખ્યાબંધ ઢંઢેરા કાઢ્યા, જે દ્વારા કાયદામાં ફેરફાર થયા એટલુંજ નહિ પણ અમુક આદમીઓને અમુક વસ્તુ બનાવવા અને વેચવાના ઇજારા સોંપાયા. જે ભાગ્યશાળી પુરૂષોને આવા ઇજારા મળ્યા તેઓ પોતાના માલ માટે ચાહે તેટલો ભાવ લેતા, અને પ્રજાને બબડી ફફડીને પણ એ ભાવ આપવા પડતા. ઇજારા સંબંધી પાર્લમેન્ટે આકરી ફરિયાદ ઉઠાવી.

રાજા-પાર્લમેન્ટ વચ્ચેના કલહનું બીજું એક કારણ કરવેરો હતું. રાજા પર જો કાંઇ પણ અંકુશ હોય તો તે આજ હતો કે

પાર્લમેન્ટ રાજાને નાણાં આપવા ના પાડે. બ્રિટિશ વિમુક્તિ પ્રાપ્ત થઇ છે તે આ નાણાં સત્તા મારફતે જ, એ વાત ખાસ લક્ષમાં રાખવી.

પાર્લમેન્ટ સમજતી હતી કે આપણી સહાય વિના રાજા જો નાણાં મેળવવા સમર્થ બનશે તો તે ગમે તેમ રાજ્ય ચલાવી શકશે. જેઇમ્સને પણ આ વાતની બરાબર સમજ હતી તેથી તેણે પાર્લમેન્ટની ખટપટમાં પડયા શિવાય પૈસા મેળવવાના માર્ગ શોધવા માંડયા. પહેલાં તો પાર્લમેન્ટે તેના પ્રાણાન્ત સુધી ટનેજ અને પાઉન્ડેજ નામના જકાતવેરા બક્ષ્યા. ટનેજ એટલે દરેક ટન દારૂ આયાત થાય તે ઉપર અમુક જકાત લે તે; અને પાઉન્ડેજ એટલે બીજી અમુક વસ્તુઓ દર એક પાઉન્ડની કિંમતની હોય તે પર એક શિલિંગની જકાત લે તે. પાર્લમેન્ટને સહેજ પણ જણાવ્યા વિના જેઇમ્સે જકાત વધારી દીધી. અને તંબાકુ તથા સુકી દરાખ જેવી વસ્તુઓ, જે પર પહેલાં કદાપિ દાણ ન લેવાતું, તે પર હવે દાણ લેવા માંડયું. આ રીતે તેણે પોતાની આવક ઘણી વધારી દીધી. 'કામન્સે' જબરો વાંધો ઉઠાવ્યો, અને રાજાને શી રીતે અંકુશમાં આણવો એ સમજુ માણસો માટે મહા પ્રશ્ન થઇ પડયો.

૧૬૧૦ માં પાર્લમેન્ટે માંડવાળ કરવા મહામહેનત કરી. તેણે રાજાને કહ્યું કે તમે જકાત વધારવાનું બંધ કરો, અને અમે તમને પુષ્કળ નાણાં આપીશું. પરંતુ આ યુક્તિ નિષ્ફળ ગઇ અને પાર્લમેન્ટ વિસર્જન થઇ.

ચાર વર્ષ પછી જેઇમ્સે બીજી પાર્લમેન્ટ બોલાવી પરંતુ એ પે પ્રથમના જેવીજ જીદ્દી નીવડી. જેઇમ્સે નાણાંની માંગણી કરી ત્યારે એમ કહેવામાં આવ્યું કે તમે કરવેરાની સત્તા છોડવા કબુલ ન થાઓ ત્યાંસુધી નાણાં આપી શકાશે નહિ. પરિણામે રાજાએ સભા બરખાસ્ત કરી. આ પાર્લમેન્ટે એકે નવો કાયદો ઘડ્યો ન હતો તેથી તેને '**વાંઝણી પાર્લમેન્ટ**' એવું ઉપનામ મળ્યું છે. હવે પછીનાં સાત વર્ષ સુધી રાજાએ પાર્લમેન્ટ વિના ચલાવ્યું. નાણાં માટે અનેક જુલમ કર્યા. ભારે દંડ, જબરાઇથી ભરાવેલી લોન, નજરાણાં અને એવા એવા અનેક માર્ગે રાજા દ્રવ્ય ભેગું કર્યે ગયો. ભારે રકમો લઇ તેણે ઉમરાવ પદ વેચ્યાં. સો પાઉન્ડ આપનારાને 'સર'નો ઇલ્કાબ મળતો. અદાલતોમાં છચોક લાંચની આપ લે થતી; ન્યાયાધીશોનો પગાર ઓછો હોવાથી તેઓ અરજદારો પાસેથી મનમાન્યાં નાણાં લેતા.

**રાજદરબારની બદફેલી.** રાજાનું ખાનગી આચરણ પણ ઘણું અનીતિમય હતું. દેખાવડા યુવકો પર તે પ્રીતિ રાખતો અને તેમને બહુ ઉંચી પદવીઓ આપતો. આમાં જ્યોર્જ વિલિયર્સ નામનો પુરૂષ ઘણો પ્રખ્યાત હતો. તે બહુ રૂપાળો હોઇ રાજાનો ઘણો માનીતો થઇ પડ્યો હતો તથા છેક ઉંચી પાયરીએ ચઢી ડ્યુક ઓફ બકિંગ્હામ બન્યો હતો. તેની સત્તા એટલી બધી હતી કે મોટા મોટા ઉમરાવો પણ તેનાથી ડરતા. રાજા પાસે કાંઇપણ કાર્ય કરાવવું હોય તો બકિંગહામને લાંચ, ખુશામત વિગેરેથી ખુશ કર્તા.

વળી દિન પર દિન વેપાર રોજગાર વધતો જતો હોવાથી રાજાને જકાત ઉપજમાંથી જરૂરી દ્રવ્ય મળી રહેતું. પણ ૧૬૧૮માં જર્મનીમાં યુધ્ધ જાગ્યું. એક બાજુ જેઈમ્સનો જમાઈ જે રહાઇન પ્રદેશનો ઠાકોર તથા પ્રોટેસ્ટન્ટોનો આગેવાન હતો તે, અને બીજી બાજુ જર્મન સામ્રાજ્યનો કેથોલિક સમ્રાટ્ હતો. બે વર્ષ યુદ્ધ ચાલ્યું નહિ ત્યાર પહેલાં તો જેઇમ્સનાં દિકરી જમાઇ ઘરબાર વિનાનાં થઇ ગયાં. તેમને મદદ કરવાની જરૂર હોવાથી જેઇમ્સને પાર્લામેન્ટ બોલાવવી પડી.

આ વેળા જેઇમ્સ સ્પેઇનની મૈત્રીના મોહમાં સપડાયો. પોતાના કુંવર ચાર્લ્સને સ્પેઇનની કુંવરી સાથે વિવાહિત કરવા તે ઇંતેજાર હતો. સ્પેઇનને ખુશ કરવા તેણે રેલે જેવા પુરૂષનો ભોગ લીધો, તથા જરૂર પડે તો પોતાના જમાઇનો ભોગ લેવા પણ તૈયાર હતો. તેને શાંતિની ઈચ્છા હતી. પરંતુ પાર્લામેન્ટ ઈંગ્લેંડના અસલ શત્રુ સાથે યુધ્ધ કરવા તથા શરણે આવેલા પ્રોટેસ્ટન્ટ ઠાકોરને કેથોલિક સમ્રાટ સામે સહાય કરવા ઉત્સુક હતી. સ્પેઇનવાળી વિવાહની વાત ઘણી અપ્રિય હતી. આ પરિસ્થિતિમાં ત્રીજી પાર્લામેન્ટની બેઠક થઇ.

**ત્રીજી પાર્લામેન્ટ ૧૬૨૧–૧૬૨૨.** આ સભામાં રાજાને પહોંચી વળે એવા ઘણા સભ્યો હતા. પિમ અને હેમ્પડન જેવા ભડ દેશભક્તો તેના નેતા હતા. બન્ને પ્રમાણિક, નીડર અને નિશ્ચયી હતા. આ વખતથી મરતાં સુધી તેમણે લોકસ્વાતંત્ર્ય માટે લડત ચલાવી પોતાનાં નામ અમર કર્યાં. તેમના પક્ષમાં સર જોન ઇલિયટ નામનો સત્યવક્તા, તીખા સ્વભાવનો, અને કાણાને કાણો કહે

એવો પુરૂષ; કોક અને સેલ્ડન જેવા નામીચા ન્યાયશાસ્ત્રીઓ, વિગેરે હતા. યુદ્ધ માટે દોઢેક લાખ પાઉન્ડ જેટલી જુજ રકમ આપ્યા પછી તેઓ ગેરકાયદેસરના દંડ અને ઈજારા, અને ન્યાયાધીશોની મલિનતા વિગેરે વિષયો લઈ બેઠા. ઇજારા તો જેઈમ્સને રદ કરવા પડયા. આમ સભાએ સર ફ્રાન્સિસ બેકનપર લાંચ રૂશ્વતનું તોહોમત મુકયું. બેકન આ ઉત્તમ જમાનાનો ઉત્તમ પંક્તિનો લેખક લેખાય છે પણ શક્તિના પ્રમાણમાં પ્રમાણિકપણું તેનામાં ઓછું હતું. ઉમરાવ સભા આગળ તેની તપાસ ચાલી તે દરમ્યાન તેણે કહ્યું કે 'મેં લાંચ નથી લીધી એમ કહેવા માંગતો નથી મારે તો એટલુંજ કહેવું છે કે હું જમાનાના રિવાજ મુજબ વર્ત્યો છું.' ગુન્હો પુરવાર થતાં તેને અધિકારમાંથી બરતરફી તથા સખત દંડની સજા થઈ. પરંતુ રાજાએ તેને માફી આપી અને ૧૨૦૦ પાઉન્ડનું વાર્ષિક પેન્શન બાંધી આપ્યું. ત્યારપછીનું જીવન તેણે વિજ્ઞાનના અભ્યાસમાં ગાળ્યું.

દરમ્યાન રાજા ક-મને યુદ્ધની તૈયારી કરતો હતો. સ્પેઇનના મિત્ર સાથે લડવું અને સ્પેઈન સાથે મૈત્રી રાખવી આ બે વિરોધી ખ્યાલને હજુ તે વળગી રહ્યો હતો. આથી પાર્લામેન્ટે કેથોલિક સામેના જુના કાયદા અમલમાં મુકવા, સ્પેઇન સાથેનો સંબંધ તોડવા, તથા કુંવરને કોઈ પ્રોટેસ્ટન્ટ કન્યા સાથે પરણાવવા વિષેની માંગણીવાળું અરજીપત્ર મોકલ્યું. એ જોઇ જેઇમ્સ ઘણો કોપાયમાન થયો અને આમ સભાને સંદેશો કહાવ્યો કે 'કેટલાક ઉછાંછળા સભ્યો પોતાની અક્કલ ન પહોંચે એવી બાબતોમાં માથું મારવાની

હિમ્મત કરે છે. પ્રમુખે આમસભાને સાફ કહેલું કે મારો વહીવટ અને મારા રાજ્યની ગુહ્ય બાબતો કોઇએ ચર્ચવી નહિ. સ્પેઇનવાળા વિવાહનું કે પરદેશના બીજા રાજાઓ મારા સ્નેહી છે તેનું નામ કોઇએ લેવું નહિ. એ વિષેની તેમની અરજી હું સાંભળવાનો નથી અને પાર્લમેન્ટમાં કે હરકોઈ ઠેકાણે જેઓ મારૂં અપમાન કરશે અથવા મારી મરજી વિરૂદ્ધ ચાલી અપરાધી બનશે તેમને દંડ દેવા મને સંપૂર્ણ અધિકાર અને સામર્થ્ય છે. જે જે હકકો સભ્યો પોતાના ધારે છે તે કેવળ મારી કૃપા અને મહેરબાનીને લીધેજ છે.' આ સંદેશો સાંભળી પાર્લમેન્ટનો જુસ્સો ઉછળી આવ્યો. તેણે નિશ્ચય કર્યો કે રાજા સામે ભારે ટકાવ કરવો જોઇએ. સર્વાનુમતે સભ્યોએ એવી મતલબનો ઠરાવ કર્યો કે પાર્લમેન્ટના હક્ક અને અધિકાર અંગ્રેજોનો પ્રાચીન અને નિઃસંશય જન્મસિધ્ધ હક્ક અને વારસો છે; અને રાજ્યને લગતી હરકોઈ બાબત,–દેશરક્ષણ, ધર્મખાતું, કાયદા ઘડવા, પ્રજાનાં દુઃખ દૂર કરવાં, અને રાજાને સલાહ આપવી,–આ સર્વ વિષે ચર્ચા વિચાર અને નિર્ણય કરવાનો પાર્લમેન્ટને હક્ક છેજ, અને એ કાર્ય કરવામાં સભ્યોને મરજી મુજબ બોલવાની, ચર્ચા કરવાની, વાંધો લેવાની, અને છેવટનો ઠરાવ કરવાની સંપૂર્ણ છૂટ છે અને હોવીજ જોઇએ.

આ ઠરાવની વાત સાંભળતાં રાજાના કોપનો પાર રહ્યો નહિ. તે રાતો પીળો થઇ ગયો. પાર્લમેન્ટનું દફ્તર મગાવી તેણે પોતાને હાથે આ અણગમતા ઠરાવવાળાં પાનાં ફાડી નાંખ્યાં! પાર્લમેન્ટ વિસર્જન કરી, અને પીમ, કોક, સેલ્ડન આદિ અગ્રેસરોને જેલમાં નાંખ્યા.

**પરરાજ્ય નીતિ.** જેઇમ્સને અંતરથી શાંતિ પ્રિય હતી. સ્પેઇન સાથે ગમે તે ભોગે સારાસારી રાખવા તે કેટલો મથ્યો તે આપણે જોયું. પરંતુ આમાં તેની મૂર્ખાઇ હતી કેમકે અંગ્રેજો સ્પેઇનને હજુ શત્રુરૂપે જોતા હતા. એક તો તે કેથોલિક; અને બીજું તે ઈંગ્લેંડનું જુનું દુશ્મન હતું. ઇલિઝાબેથ હયાત હોત તો તે આ વાત સમજી જઇ પોતાની ઈચ્છા જતી કરત. પરંતુ જેઇમ્સ અને તેની પછી આવનારા સર્વે સ્ટુઅર્ટોની એ ખાસીઅત હતી કે તેઓ અનુભવનો લાભ લેતાજ નહિ અને પરિણામે પ્રજામાં અપ્રિય બનતા. જેઇમ્સે સ્પેઇન સાથે વિવાહ સંબંધ બાંધવા બાર બાર વર્ષ મહેનત કરી, પોતાની રૈયતને ઘણીવાર નારાજ કરી, છતાં તેનું કાંઇ વળ્યું નહિ. અંતે વિવાહની વાત વંઠી. પણ આ વાત લોકોના દિલમાં ઘણો વખત સાલી કેમકે સ્પેઇનને ખુશ કરવાના હેતુથીજ જેઇમ્સે રેલેના વધ જેવું ક્રૂર કર્મ કર્યું. નાવિક, સૈનિક, અને દરબારી તરીખે ઇલિઝાબેથના રાજ્યમાં તેનામાંકિત થયો હતો. અમેરિકામાં વર્જીનીઆ નામનું સંસ્થાન તેણે વસાવ્યું હતું. આર્મેડાનો પરાજય કરવામાં તેણે આગળ પડતો ભાગ લીધો હતો. જેઈમ્સ ગાદીએ આવ્યો ત્યારે રાજદ્રોહના અપરાધ માટે તેને કેદ કરવામાં આવ્યો. અહીં તે તેર વર્ષ રહ્યો તે દરમ્યાન તેણે 'દુનિયાનો ઇતિહાસ' એ નામનો ગ્રંથ લખ્યો. ત્યારબાદ અમેરિકાના એક ભાગમાં સોનાની ખાણ બતાવવાની શરતે તેને છુટો મુકવામાં આવ્યો. આ હેતુથી તે અમેરિકા ગયો ત્યારે જેઇમ્સે તેને સાફ કહ્યું હતું કે તમારે સ્પેઇનવાળા સાથે આથડવું નહિ અને આથડયા તો તમારૂં ડોકું ધડથી જુદું થશે, આ હુકમ પાળ[illegible] હતો. સફર નિષ્ફળ

નીવડી અને સોનાનો કાંઈ પત્તો લાગ્યો નહિ રસ્તામાં સ્પેઇનવાળાઓ સાથે તેને લડાઈ થઇ તેમાં તેનો પુત્ર મુઓ. ખાલી હાથે પાછા જવું તે કરતાં કંઇ લેતા જવું એ હેતુથી તેણે સ્પેઇનનાં વહાણ લુંટયાં. સ્વદેશ આવતાં તેને શિરછેદની સજા થઇ.

હવે જેઇમ્સનું અકીર્તિકર રાજ્ય ખતમ થવાની તૈયારીમાં છે. પાર્લમેન્ટ બંધ કર્યા પછી તેણે ફરી આપ ખુદી ચલાવવા માંડી. ૧૬૨૩ માં બકિંગહામ અને ચાર્લ્સ કુંવર વિવાહની મસલત માટે સ્પેઇન ગયા હતા પરંતુ ત્યાં તેઓ ફાવ્યા નહિ. અને સ્પેઇન સામે ધુંવાંકુંવાં થતા ઈંગ્લેંડ આવ્યા. આ સાંભળી પ્રજા ઘણી ખુશ થઈ. જેઇમ્સ પોતાને બડો ચતુર માનતો હતો છતાં આખરે તેને સ્પેઇન સાથે યુદ્ધ કરવું પડ્યું. પાર્લમેન્ટ ફરી મળી અને યુદ્ધ માટે નાણાં મંજુર થયાં. રાજા વૃદ્ધ અને નિર્બળ થએલો હોવાથી તેને પાર્લમેન્ટની સલાહ લેવી પડી. એ પાર્લમેન્ટનો મહા વિજય છે કેમકે પરરાજ્ય નીતિનું કાર્ય અત્યાર પૂર્વે રાજા એકલો જ કરતો તેમાં હવે પાર્લમેન્ટનો હાથ થયો.

**રાજાનું મરણ અને ચારિત્ર્ય.** ૧૬૨૫ માં જેઇમ્સ ગુજરી ગયો. બેશક તે ઘણો વિદ્વાન અને બુદ્ધિશાળી હતો. પરંતુ તેનામાં વ્યવહારૂ બુદ્ધિ ઓછી હતી. તેને પોતાની અક્કલ વિષે બહુ ઉંચો ખ્યાલ હતો, તેથી કોઈનું શિખવ્યું તે શિખે એમ ન હતો. સ્વભાવે મળતાવડો, અને દયાળુ હોવાથી તેના સમયનો જુલમ ટયુડરો જેટલો વિકરાળ ન હતો. તે જીદ્દી હતો. તેનો મોટામાં મોટો દોષ એ હતો કે તે દેશકાળ સમજી શકતો નહિ અને ખુશામતીઆ

આથી દોરવાતો. પાર્લમેન્ટ સાથે લડવાઢ માંડી તેણે ભવિષ્યના મહાન ઝઘડાનો પાયો નાખ્યો.

**સુરંગવાળું કાવત્રું.** રાજ્યના આરંભમાં ધર્મમાટે કેથેલિકો અને પ્યુરિટનો ઉપર જુલમ થયા હતા તેથી અનેક કાવત્રાં થયાં હતાં. તેમાનું એક મોટું ગણાય છે. બળાત્કારથી કંટાળેલા કેટલાક કેથોલિકોએ મરણીઆ થઇ રાજા, પાટવીકુંવર અને પાર્લમેન્ટને સુરંગથી ઉરાડી દઇ નાના કુંવરને ગાદીએ લાવવાનું ભયંકર તર્કટ રચ્યું. પરદેશથી હથીયાર મંગાવવામાં આવ્યાં, કેથેલિકોને આ બળવામાં સામેલ થવા આમંત્રણ થયાં. પણ છેલ્લી ઘડીએ આ વાત અજબ રીતે ફુટી ગઇ. કાવત્રામાંના એક માણસે પોતાના એક સગાને નનામો કાગળ લખી ચેતાવ્યો કે તમારે ફલાણે દિવસે સભામાં જવું નહિ. આ ભેદભર્યો પત્ર જેઇમ્સના હાથમાં ગયો અને તેને વહેમ આવ્યો. તાબડતોડ તપાસ કરતાં માલમ પડ્યું કે પાર્લમેન્ટના મકાનના ભોંયરામાં દારૂના પીપ તૈયાર રાખી ગાઇ ફોકસ નામનો બદમાશ ચોર ફાનસ સાથે ત્યાં ફરતો હતો આ મૂર્ખાઇ ભર્યા કાર્યનુ પરિણામ એ આવ્યું કે તર્કટખોરો જાનથી માર્યા ગયા અને કેથોલિકો ઉપર પહેલાં કરતાં વધારે સખત જાપ્તા થયા.

# પ્રકરણ ૮.

## પહેલો ચાર્લ્સ. ૧૬૨૫-૧૬૪૯.

**ચાર્લ્સનાં લક્ષણ.** ચાર્લ્સ ગાદીએ આવ્યો ત્યારે ઘણાખરા લોકોએ એને વિષે ભારે આશા બાંધી. પિતા કરતાં પુત્ર ઘણો જુદો હતો. ફકત પચીશ વર્ષનો હતો છતાં કાળા વાળ, મોટું કપાળ અને ગંભીર આકૃતિને લીધે તેનો દેખાવ ભવ્ય લાગતો. ઝઝું બોલતો નહિ છતાં તેની રીતભાત ઘણી સુંદર હતી. બાપની પેઠે પ્રધનો અને બીજા સલાહકારો પર તે કદી ચીડીઆ દાંતીઆ કરતો નહિ. વળી માજી રાજ્યમાં સ્પેઇનસાથેના યુદ્ધમાં તેણે સંમતિ દર્શાવેલી તેથી તે લોકપ્રિય બન્યો હતો. પરંતુ રાજહકક વિષે તેના વિચાર તેના બાપના જેવા જ હતા. તે જેઈમ્સના જેવો ભલો ને ભોળો ન હતો. વિવેક વિનયમાં પુરો, છતાં તે મમતી, જુઠા બોલો અને બેવચની હતો ધર્મિષ્ઠ હોઇ બાળબચ્ચાં પર તેનો પ્રેમ સારો હતો. કાર્ય સિધ્ધિ માટે છળ કે વચન ભંગ કરવામાં તે કશું ખોટું સમજતો નહી. તેને વિષે એક બુદ્ધિશાળી દરબારીએ એક વેળા કહેલું કે "ઇશ્વર પાસે માંગો કે કોઈ સારા સલાહકારની સહાયથી રાજા સન્માર્ગે ચઢે, નહિતો તે એકવેળા આડે માર્ગે ચઢ્યો તો આગળ ના તમામ સ્વેચ્છાચારી રાજાઓને ટપી જશે. કેવું ખેદજનક સત્ય! ગયા રાજ્યમાં રાજા પાર્લમેંટનો ઝઘડો શરૂ થઇ ગયો હતો અને આ રાજ્યમાં એ ઝઘડો દિનપર દિન વધતો ગયો. બન્ને પક્ષનો ક્રોધ અને અન્યાય ક્રમે ક્રમે વધતા ગયા અને અંતે ભયંકર ખરાબી થઇ...

**પહેલી પાર્લમેંટ ૧૬૨૫.** પહેલી પાર્લમેન્ટમાંજ તકરાર શરૂ થઇ. રાજાના ખાસ માનીતા બકેંગહમ પર પ્રજાને અણવિશ્વાસ હતો. ચાર્લ્સ ફ્રાન્સની હેન્રીએટા નામની કેથોલિક કુંવરી સાથે પરણ્યો હતો, તે રાણી પોતાના કેથોલિક ગુરૂઓને લઇ ઇંગ્લેંડ આવી હતી આથી લોકો ઉશ્કેરાયા. તેથી ચાર્લ્સની માંગણી કરતાં અડધા પૈસા પણ પાર્લમેન્ટે મંજુર ન કર્યા. વળી ટનેજ અને પાઉંડેજ ની ઉપજ રાજાને જીંદગીભર લેવાનો રિવાજ હતો તે બંધ કરી આં વેળા એક વર્ષમાટેજ મંજુર કર્યો આથી ગુસ્સે થઇ રાજાએ પાર્લમેંટ મોકુફ રાખી અને ફરી ઓકસફર્ડમાં ભેગા થવા ફરમાવ્યું. દરમ્યાન ચાર્લ્સનાં ફ્રાન્સ મોકલેલાં વહાણ ત્યાંના પ્રોટેસ્ટન્ટો વિરૂધ્ધ વપરાયાથી પાર્લમેન્ટે રાજાને ઠપકો આપ્યો અને બકિંગહામ ઉપરનો અણવિશ્વાસ જાહેર કર્યો; પણ તેણે પોતાના માનીતા મંત્રી વિષે ચર્ચા થવા દીધી નહિ અને પાર્લમેન્ટ એકદમ બંધ કરી.

**કેડિઝની નિષ્ફળ ચઢાઇ.** હવે લોકપ્રિય થવા ચાર્લ્સ અને બકિંગહામે સ્પેઇન સાથે યુદ્ધ ચલાવવાનો નિશ્ચય કર્યો. તેમને એ વિચાર ન આવ્યો કે આપણી પાસે માણસ કે નાણું જોઇએ તેટલાં નથી. દબાણથી વેપારી વહાણો લઇ એક કાફલો બનાવ્યો અને તે સમયમાં સ્થાયી સૈન્ય ન હોવાથી લોકોને ઘેરઘેરથી ... નોકરી માટે બોલાવ્યા. આ કાફલાના સરદાર સર એડવર્ડ સેસિલને સ્પેઇનના કોઇપણ શહેરપર હુમલો કરવાનો અને અમેરિકાથી આવતાં સોનાચાંદી ભરેલાં વહાણ લુંટવાનો હુકમ મળ્યો તેણે કેડિઝ ઉપસાગરમાં દાખલ થઇ એક કિલ્લો લીધો અને પછી સાધનનો વિચાર

કર્યો વિના શત્રુભૂમિમાં આગળ વધ્યો. તેના સિપાઇઓ કંઇક દારૂ પી આવી છેક છાકટા બન્યા અને બિચરા સેસિલને તેમને વહાણુ પર લઇ જવા પડ્યા. ત્યારબાદ તેણે ઘર તરફ હંકાર્યું. રસ્તામાં બે દિવસ રાહ જોઇ પણ કોઇ શિકાર હાથ લાગ્યો નહિ અને વીલે મ્હોડે તે પાછો આવ્યો. આ રીતે આ સ્વારી તદન નિષ્ફળ નીવડી અને રાજ્યને મોટું દેવું થયું એટલે તરત નવી પાર્લમેન્ટ બોલાવવી પડી.

**બીજી પાર્લમેન્ટ. ૧૬૨૬.** ચુંટણી થતાં પહેલાં રાજાએ એક કુક્કડ કિસ્સો કર્યો. છેલ્લી પાર્લમેન્ટમાં જે સભ્યોએ બહુ ઝુંબેશ ઉડાવેલી તેમાંના કેટલાકને શેરીફ બાનાવ્યા જેથી કાયદા પ્રમાણે સરકારી અધિકારી હોઇ તેઓ સભ્ય થઇ શકે જ નહિ. પણ આ સર્વ મહેનત ફોગટ ગઇ. થોડાના મ્હોમાં ડુચો માર્યો પણ વધારે શૂરા દેશભકતો તેમની જગ્યા લેશે એનો તેને ખ્યાલ ન હતો. પાર્લમેન્ટ ભેગી થતાંજ સર જોન ઇલિયટે ઉભા થઇ દરખાસ્ત મુકી કે હાલના ગેરવહીવટથી પ્રજાને આટઆટલું સહેવું પડે છે તેની તપાસ ચલાવવી, અને આમ સભાએ બકિંગહામ ઉપર રાજદ્રોહનો આરોપ મુકયો. તે વિષેના ભાષણમાં ઇલિયટ બોલેલો કે "તેણે રાજ્યનો ખજાનો અને બીજાં સાધન ઉડાવી દીધાં છે. તેનો લખલુટ ખર્ચ, તેનાં ભવ્ય મકાનો, તેના જુલમ, તેના અત્યાચાર વિગેરેમાં રાજ્યની ઉપજનો દુરૂપયોગ થાય છે. તેને અટકાવવા કોઇપણ સમર્થ નથી. આપણા સર્વ સંકટોનું મૂળ એજ છે. તો તેની સજા પણ એનેજ થવી જોઇએ" આ ચર્ચાના જવાબમાં ચાર્લ્સે ઇલિયટ અને તેને ટેકો આપનાર સભ્યને ટાવર

કેદમાં કેદ કર્યા. પણ આમસભાએ આ બે વીર વિના સભાનું કામ ચલાવવા ના પાડી અને હઠ લીધી. દસ દસ દિવસ રકઝક ચાલ્યા બાદ તે બે જણાને છોડયા પણ તરત રાજાએ પાર્લમેન્ટ બંધ કરી.

**રાજાની કફોડી નાણાં સ્થિતિ.** હવે રાજાપર અનેક અડચણો આવી પડી. ફ્રાન્સ સાથે યુધ્ધ ચાલતું હતું તે માટે નાણાંની જરૂર હતી. ટનેજ અને પાઉન્ડેજ પાર્લમેન્ટની મંજુરી વિના ઉઘરાવાતાં, અને કેથોલિકો તરફનાં દંડનાં નાણાં આવતાં, છતાં તેનો હાથ તંગીમાં રહેતો. તેણે નાણાં સહાય વિષે પ્રજાને અપીલ કરી; પણ કોઇએ પૈ પરખાવી નહિ. પછી કોઇ ડાહ્યાભાઇએ સૂચના કરી કે ભેટ આપવાની ફરજ ન પાડી શકાય પણ નાણાં ઉછીનાં આપવાની ફરજ તો પાડી શકાય. અને રાજાને તો આ બે રીતમાં ઝાઝો ફેર ન હતો, કેમકે ઉછીનાં નાણાં પાછા આપવાની રાજા તસ્દી લે એમ ન હતું. એટલે તેણે દરેક જણ પાસેથી યથાશક્તિ લોન ભરાવવા ગામેગામ સરકારી અધિકારીઓ મોકલ્યા. પરંતુ કોઇએ રાજીખુશીથી કશું આપ્યું નહિ. ત્યારે બળાત્કારનો ઉપયોગ થયો.

**અસંતોષ.** આથી કેટલો અસંતોષ થયો હશે તે સહેજે કલ્પી શકાય. ટયુડર અમલ હેઠળ દેશમાં શાંતિ હતી અને કરવેરા ભારે ન હતા. જેઇમ્સ પણ પોતાનું દ્રવ્ય ફક્ત જકાતમાંથી અને ધનિક વર્ગ પાસેથી મેળવતો. પણ હવે બકિંગહામના લખલુટ ખર્ચ અને જરાએ ઉજેરકાર વિનાના વિદેશી યુધ્ધ માટે દરેક આદમીનો ખાનગી હિસાબ તપાસી તેની પાસેથી અમુક રકમ કઢાવાઇ. જુદા જુદા ગામના એંશીએક પુરૂષોએ આ લોન ભરવા ના

પાડી તેથી તેમને કેદ કર્યા. કોઇ ગરીબ આદમી લોન ભરવાની અશક્તિ દર્શાવે તો તેને સૈન્યમાં ઘસડી જતા.

લા રોશેલનો ઘેરો. અંતે યુધ્ધ માટેની સામગ્રી તૈયાર થઈ અને સો વહાણોનો કાફલો લઇ બકિંગહામ લા રોશેલ તરફ ઉપડ્યો. ત્યાં જઇ તેણે કિલ્લાને ઘેરો ઘાલ્યો. આ કાર્યમાં જો તે ફત્તેહ પામ્યો હોત તો પ્રજામાં તેની વાહવા થઇ જાત. પણ તેના હમ્મેશના રિવાજ મુજબ તમામ સ્થળે ગેરવ્યવસ્થા હતી, અને તેથી ફ્રેન્ચો અંગ્રેજ સૈન્યમાં થઇ કિલ્લામાં સામગ્રી પહોંચાડતા. વળી અંગ્રેજ સૈનિકો રોગથી મરવા લગ્યા અને નવું સૈન્ય લેવા તેને પાછા ઘેર આવવું પડ્યું.

આ સમાચાર સાંભળી અંગ્રેજ પ્રજા ઘણી દિલગીર થઈ. એક વેળા જે ઈંગ્લેંડની સત્તા વિજય માટે પ્રખ્યાત હતી તે ઇંગ્લેંડ આજે સર્વ સ્થળે માર ખાતું હતું; જે ઇંગ્લેંડ ન્યાય અને સ્વાતંત્ર્ય માટે મગરૂર હતું તે ઇંગ્લેંડમાં બિનગુન્હેગાર પુરૂષો જેલમાં સડતા હતા. સરકારી લોન ન ભરવાના સબબે અમુક પાંચ ગૃહસ્થોને કેદ કર્યા હતા, તેમણે ન્યાયાધીશને અરજી મોકલી હતી કે 'હેબિઅસ કોર્પસ' કાયદાની રૂએ અમને કેદ કરવાનું કારણ જણાવો, તે ખરૂં છે કે ખોટું તે વિષે તપાસ કરાવો અને ખોટું હોય તો અમને છોડી મુકાવો. આ પુરૂષો પર કોઇ પણ કાયદેસર આરોપ હતો નહિ. લોન ન ભરવી એ કાંઇ ગુન્હો ન ગણાય. છતાં રાજાની શહેમાં તણાઈ ન્યાયાધીશોએ તેમને પાછા કેદમાં નાંખ્યા.

**ત્રીજી પાર્લમેન્ટ.** દરમ્યાન રાજાએ ન છૂટકે પાર્લમેન્ટ બોલાવી. આ સમયે લોકોએ લોકલાગણી ધરાવનારા સભ્યોને જ મોકલ્યા. “આ સમે પાર્લમેન્ટમાં જે સભાસદો આવ્યા તેના જેવા બુદ્ધિમાન, વિદ્વાન, શ્રીમાન્, કે શૌર્યવાન્ કોઈવેળા જ આવ્યા હશે.” તેમણે પેલા પાંચ પુરુષોને છોડવાની માગણી કરી. સર થોમસ વેન્ટવર્થ બોલ્યો કે “આપણું પ્રાચીન સ્વાતંત્ર્ય આપણે કાયમ રાખવું જોઈએ; આપણા વડવાઓએ બનાવેલા કાયદા આપણે વધુ મજબુત બનાવવા જોઈએ.”

**પ્રજાહકની અરજ પત્રિકા—૧૬૨૮.** બાદ આમસભાએ રાજાના ગેરકાયદેસરનાં કાર્યો લક્ષમાં રાખીને વિવેના પ્રજાહકનો ખરડો બનાવ્યો. તેમાં તેમણે રાજા પાસે બે મુખ્ય વચન માંગ્યાં- (૧) પાર્લમેન્ટની સંમતિ સિવાય કોઈપણ પુરુષ પાસેથી લોન લેવાશે નહિ અને (૨) અપરાધ બતાવ્યા વિના કોઈપણ પુરુષને કેદમાં નાખશે નહિ. આ પત્રિકા ઉપર સહી કરતાં રાજાએ ગલ્લાતલ્લાં તો બહુ કર્યાં, પણ અંતે-નિરૂપાયે નાણાંભીડને લીધે તેણે સહી આપી અને આખા દેશમાં આનંદ આનંદ પ્રસરી રહ્યો. આ પત્રિકામાં ઘણાખરા મુદ્દા મોટા પટ્ટામાં આવી ગયેલા છે એ વાત સાચી, પરંતુ વ્યવહારમાં તેનો ઘણાં વર્ષોથી ભંગ થતો હતો. હવે એ મુદ્દા પાછા તાજા થયા. પાર્લમેન્ટે રાજાને નાણાં આપ્યા બાદ બકિંગહામવાળું કામ કહ્યું. પરંતુ તે વિષેની ચર્ચા અટકાવવા રાજાએ પાર્લમેન્ટ મોકુફ રાખી.

**બકિંગહામનું ખુન.** હવે બકિંગહામ ઉપર આરોપ મૂકવાની જરૂર ન રહી. કેમકે ચાર મહિના પછી બકિંગહામ ફ્રાન્સ

જવા ઉપડતો હતો તે વેળા ખાનગી વેરને લીધે જોન ફેલ્ટન નામના ઉન્મત્ત પુરૂષે ધોળે દહાડે તેની છાતીમાં ખંજર ભોંકી તેના પ્રાણ લીધા. બીજા સાધારણ ખુનીઓની પેઠે તે નાઠો નહિ પણ હાથમાં ટોપી લઇ ફરવા લાગ્યો અને બોલ્યો કે એ આખા દેશનો શત્રુ હતો માટે મેં એનો ઘાત કર્યો. તેને ફાંસીની સજા થઇ.

પ્રજાને અકારો બકિંગહામ આમ કમોતે મુઓ તેથી તે ખુશ થઇ. તેના મંત્રી વેસ્ટનને કોશાધ્યક્ષની જગ્યા મળી અને કારભાર પહેલાંની જેમજ ચાલવા લાગ્યો. ફ્રાન્સ સામે ન ફાવવાથી ચાર્લ્સે સુલેહ કરી. ફ્રાન્સે લા રોશેલવાળા પ્રોટેસ્ટન્ટોને હરાવી ઇંગ્લંડનું મૂલ્ય અણહદ હલકું બનાવ્યું હતું. આ રીતે યુરોપમાં સર્વત્ર કેથોલિકોનો વિજય થતે હતો. આ કારણથી રાજાએ લોડને રાજનગરનો બિશપ નીમ્યો, ત્યારે પ્રજામા ભારે ખળભળાટ થઇ રહ્યો કેમકે લોડનું વલણ કેથોલિકના જેવું હતું. તે ઇશ્વરી હક્કનો અને આપખુદીનો પોષક હતો. હવે ચાર્લ્સ આપખુદીથી ટનેજ અને પાઉન્ડેજ ઉત્રાવે જતો તથા ના પાડનારનો માલ જપ્ત કરતો.

એક વેળા પાર્લમેન્ટના એક સભાસદનો માલ જપ્ત થયો, અને જ્યારે પાર્લમેન્ટ બેગી થઇ ત્યારે ઇલિયટે એવી સલાહ આપી કે જે અધિકારીઓએ એ જપ્તી કરી હોય તેમને બોલાવી સજા કરવી. અધિકારીઓએ કહ્યું કે અમે તો રાજાના હુકમથી એ કામ કર્યુ છે. પછી રાજાએ સભા મોકુફ રાખવાનો હુકમ મોકલ્યો. મુદત પુરી થતાં તેઓ ભેગા થયા ત્યારે પણ પાછો રાજાનો મોકુફ

કરવા વિષેનો હુકમ આવ્યો. આ વેળા તેમણે એ હુકમ ગણકાર્યો નહિ, અને ચર્ચા ચાલુ રાખી. પ્રમુખ ખુરસી પરથી ઉઠી ચાલી જતો હતો, પરંતુ બે સભ્યોએ તેને પકડી બેસાડયો અને ઝાલી રાખ્યો, એટલે તેનાથી ચસાયું નહિ. પછી બારણાં બંધ કરી ઇલિયટે ઠરાવ રજુ કર્યો કે જે પુરૂષો ધર્મમાં ફેરફાર કરાવે અને જેઓ પાર્લમેન્ટની મંજુરી શિવાયની જકાત આપે કે લે તે સર્વેને રાજદ્રોહી ગણવા. આ ઠરાવ વિષે સભ્યો 'ખરૂં છે, ખરૂં છે' એમ અનુમોદનના પોકાર કરતા હતા તેવામાં રાજાના હુકમથી સૈનિકો બારણું તોડવા આવ્યા, પણ તેમ કરવાની જરૂર રહી ન હતી; સભા તરત ઉઠી ગઇ, અને થોડા દિવસ કેડે રાજાએ પાર્લમેન્ટ વિસર્જન કરી. ઇલિયટ અને બીજા કેટલાક અગ્રેસરોને કેદમાં નાંખ્યા, પણ જેઓ રાજાને નમ્યા તેમને છોડી મુકયા. ફકત ત્રણ જણા,-ઇલિયટ, વેલેન્ટાઇન અને સ્ટ્રોડ મક્કમ રહ્યા. ઇલિયટ, તો ટેકમાં ને ટેકમાં સાડા ત્રણ વર્ષ ટાવરગઢમાં રહી પછી ગુજરી ગયે, તથા સ્વાતંત્ર્યનો પ્રથમ શાહીદ ગણાયો. હવે મામલો છેક બગડી ગયો અને તે સુધારવા જેટલું શાણપણ અને સામર્થ્ય ચાર્લ્સમાં ન હતું.

**વેન્ટવર્થ અને લોડ.** હવે પછીના અગીઆર વર્ષ ચાર્લ્સે પાર્લમેન્ટ વિના ચલાવ્યું. વેસ્ટન, લોડ અને વેન્ટવર્થ તેના મુખ્ય સલાહકાર હતા. ઇલિયટ અને પિમ જેવા મક્કમ પુરૂષો પાર્લમેન્ટનું સ્વાતંત્ર્ય રક્ષવા ખડા થયા હતા તે આપણે જોઇ ગયા, એવાજ બે મક્કમ પુરૂષો વેન્ટવર્થ (પાછળથી લોર્ડ સ્ટ્રેફર્ડ) અને

લોડ રાજાની આપખુદી પોષવા ખડા થયા હતા. કોણ જીતશે એ પ્રશ્ન હતો.

સર થોમસ વેન્ટવર્થ મહાશકિતમાન્ અને બુદ્ધિશાળી હતો પણ તેની પ્રકૃતિ આસુરી હતી. તે સર્પના જેવો દંશીલો હોઇ મહા ભયંકર હતો, કેમકે તેને ન્યાય અન્યાયની પરવા ન હતી અને સામાના સુખ દુઃખ તેને મન તુચ્છ હતાં. નાનપણથીજ એને કીર્તિલોભ પુષ્કળ હતો. બકિંગહામની કમ મહેરબાનીને લીધે તેની પ્રગતિ અટકી હતી. તેથી તે પાર્લમેન્ટ પક્ષમાં ભળ્યો હતો, પ્રજાહક્કની અરજપત્રિકાની ચર્ચા દરમ્યાન તે રાજ્યપક્ષ વિરૂદ્ધ બોલ્યો હતો તે તમે વાંચી ગયા. બકિંગહામના મરણ પછી રાજાએ તેની હોંશિયારી જોઇ તેને સારી પદવી આપી ફોડયો. હવે રાજ પક્ષમાં જોડાયા પછી તેણે રાજાને પ્રજાકીય પ્રતિબંધમાંથી મુકત કરવા ભીષ્મ પ્રતિજ્ઞા લીધી અને તે માટે એણે તનતોડ મહેનત કરી ઇંગ્લેંડમાં આપખુદી રાજપદ્ધતિને બે વસ્તુ નડતર રૂપ હતી:—

૧. નાણાં માટે પાર્લમેન્ટ પાસે હાથ ધરવો પડતો; અને ૨. સ્થાયિ સૈન્યનો અભાવ.

આ સ્થિતિ નિહાળી સ્ટ્રેફર્ડે હાલ તરત તો યુકિત પ્રયુકિત વડે પાર્લમેન્ટ પાસેથી બને તેટલાં નાણાં કઢાવ્યા જવાનો, અને ખર્ચમાં ખુબ કરકસર કરવાનો નિશ્ચય કર્યો. સ્થાયિ સૈન્ય ઇંગ્લેંડમાં સ્થાપવું સહેલું ન હતું, તેથી પોતે આર્યલેંન્ડના સુબા તરીકે ત્યાં જઇ લશ્કર અને નાણું ભેગું કર્યું, તે આપણે હવે પછી જોઇશું.

લૉડ, સ્ટ્રેફર્ડ કરતાં વધારે સાચા દિલનો અને એક માર્ગી હતો. નિર્લોભ અને નિષ્કામ છતાં તે ઘણો નિર્દય અને મમતીલો, ધર્માંધ અને સાંકડા મનનો હતો. તે એપિસ્કોપલ પંથને હદપાર લઇ જવા ઇચ્છતો હતો. જેઈમ્સે તેનો ઉત્પાતીઓ સ્વભાવ નિરખી તેને વધવા દીધો ન હતો, પરંતુ ચાર્લ્સનો તે ખાસ આદમી થઇ પડ્યો. એપિસ્કોપલ પંથ આખા રાજ્યમાં પ્રચલિત કરવા તેણે શા શા દારૂણ પ્રયોગો અજમાવ્યા તે આપણે હવે પછી જોઇશું.

આ બે પુરૂષોએ મળી ચાર્લ્સને ખાડામાં ઉતાર્યો અને આમ કરતાં જતાં તેમને પોતાના પ્રાણના ભોગ આપવા પડ્યા.

શરૂઆતના પાંચ વર્ષ એટલે ૧૬૩૦થી ૧૬૩૫ દરમ્યાન તમામ વાતાવરણ બહારથી શાંત લાગતું હતું. મધ્યમ વિચારના માણસોને એમ લાગવા માંડ્યું કે રાજાનું અપમાન કરવામાં પાર્લમેન્ટે પોતાની મર્યાદા લોપી છે. તિજોરીની બાબતમાં વેસ્ટન સાવધ હોવાથી લોકોપર કરવેરાનું ઝાઝું દબાણ ન હતું જેથી સામાન્ય પ્રજા સંતુષ્ટ હતી. આજ અરસામાં, ૧૬૩૫માં, દેશની અંદરના વ્યવહાર સારૂ પોસ્ટ ઓફિસ સ્થપાઇ અને દર અઠવાડીએ કાગળો મોકલવાની યોજના થઇ.

રાજવૈદ હાર્વીએ રૂધિરાભિસરણ એટલે શરીરમાં લોહી ફરે છે તે વિષેની શોધ પ્રગટ કરી.

**વિદેશ વાસ.** દરમ્યાન ઘણા પ્યુરિટનો અમેરિકા જતા હતા. આ.ગં.આર બાર વર્ષના ગાળામાં વીશ બાવીશ હજાર જેટલા લોકો

'નવા ઇંગ્લેંડ'માં જઈ વસ્યા. લોર્ડ બાલ્ટિમોર નામના કેથોલિકે પણ ત્યાં જઈ મેરીલેન્ડ નામનું સંસ્થાન વસાવ્યું. આ સંસ્થાન કેથોલિકોને માટે સ્થપાયું હતું છતાં તેનો પ્રથમ ધારો એ હતો કે દરેક માણસને મરજી મુજબનો ધર્મ પાળવાનો અધિકાર છે. આ વસ્તુ સૂચવે છે કે હવે કવચિત્ કવચિત્ ધર્મ સહિષ્ણુતાની ઝાંખી થશે પણ એ લાગણી સામાન્ય થતાં હજુ બહુ વાર છે.

વેન્ટવર્થ આયર્લેન્ડમાં. આવાં ધર્મછુટનાં આશ્રય સ્થાનોની હવે ખાસ જરૂર હતી કેમકે ઇંગ્લેંડમાં વસ્તુસ્થિતિ દિન પર દિન બગડતી જતી હતી. ૧૬૩૩માં વેન્ટવર્થ આયર્લેન્ડનો સુબો થયો. ત્યાં અલ્સ્ટર અને લીન્સ્ટરના નવા સંસ્થાનીઓના વસવાટથી દેશીઓમાં ભારે ઉચાટ પેદા થયો હતો એ તમે જોઇ ગયા. તેણે એક રીતે સારો કારભાર કર્યો આયરિશ પાર્લમેન્ટ બોલાવી તેની મારફતે શાંતિ અને વ્યવસ્થા જાળવવા સારૂં કેળવાયલું સૈન્ય નિભાવવાનાં નાણાં તેણે મેળવ્યાં. વેપારને ઉત્તેજન દીધું. શણના કાપડનો ધંધો એના સમયમાંજ નીકળ્યો. પરંતુ દયા કે ન્યાય માટે તેને માનવૃત્તિ ન હતી. તેને તો બસ 'સંપૂર્ણ' અમલની ઝંખના હતી. લોકમતની તે જરાએ પરવા ન કરતો. ઘણી ઘણી સખ્તાઇ વાપરી તેણે કેથોલિકોને છુંદવામાં કશી મણા ન રાખી. આ રીતે તેની સુબેદારી દરમ્યાન લોકો ત્રાહિ ત્રાહિ પોકારી ગયા અને જ્યાં સુધી તેની હાજરી હતી ત્યાં સુધી તો લોકો ગુપચુપ બેસી રહ્યા; પણ તેની પૂંઠ થતાંજ ખૂબ દબાએલી કમાન છટકી અને તેના કાર્યનું દારૂણ પ્રતિકાર્ય કેવું નીપજ્યું તે હવે પછી આપણે વાંચીશું.

**લૉડ અને પ્યુરિટનો.** દરમ્યાન કેન્ટરબરીનાં આર્કબિશપની જગ્યા ખાલી પડવાથી લૉડને તે જગ્યા મળી. અને બે વર્ષ પછી વેસ્ટનનું મરણ થતાં ઈંગ્લેંડનો તમામ કારભાર લૉડના હાથમાં આવ્યો. તેણે રાષ્ટ્રધર્મમાં કેથોલિક વલણના ફેરફાર કરવા માંડયા. આથી પ્યુરિટનો ગભરાયા. આધુનિક સમયમાં તો આપણે અમુક પંથ પસંદ ન પડે તો બીજા પંથમાં ઇચ્છાનુસાર જઇ શકીએ છીએ, ધર્મની બાબતમાં બળાત્કાર અપરાધ ગણાય છે. પણ તે ધર્માંધતાના યુગમાં ઈશ્વરસેવા અનેક રીતે હોઈ શકે, ધર્મ પ્રકરણમાં મતભેદ હોઇ શકે એ ખ્યાલ યુરોપી પ્રજામાં ન હતો. દરેક પંથવાળાને એમ થતું કે મારો પંથ સાચો, અને મારે એ પંથ, ગમે તે ભોગે, બળાત્કારે સુદ્ધાં, પ્રચારવો જોઇએ. તે સમયના લોકો દુરાગ્રહી હતા. ઈંગ્લેંડમાં રાષ્ટ્રધર્મ સ્થપાયો હતો અને દરેક અંગ્રેજને તે ધર્મ પાળવાની ફરજ પાડવામાં આવી હતી. આથી લૉડ જેવો અધિકારી પ્રજાપ્રવાહ વિરુદ્ધના ફેરફાર કરે, તો તેના પરિણામે ખળભળાટ અવશ્ય નીપજે. અત્યારે પ્યુરિટનોનું બળ ઘણું વધેલું હોવાથી પાર્લમેન્ટના હુકમથી રવિવારનો દિવસ પહેલાં કરતાં વધુ ગંભીરતાથી ગળાતો હતો, અસલ ઘણુંખરાં ગામોમાં રવિવારે રમતગમત થતી, પણ હવે તે બાબતમાં સ્થાનિક અધિકારીઓ અટકાવ કરવા લાગ્યા. આ રમતગમત ફરી ચાલુ કરવા લૉડ અને રાજાએ નિશ્ચય કર્યો, અને એ વિષેની ખબર પ્રજામાં ફેલાવવા આચાર્યોને ફરમાવ્યું. પ્યુરિટન આચાર્યોએ આમ કરવા ના પાડી અને પરિણામે સેંકડો

આચાર્યોને બરતરફ કરવામાં આવ્યા. વળી આ વેળા લોડના કારભાર વિરૂદ્ધ ચોપાનીઆ પ્રગટ કરવા માટે ત્રણ જણના કાન કાપી તેમને જીંદગીભર કેદ કર્યા. આવાં કાર્યોથી ઘણા મધ્યમ વિચારવાળા પુરૂષો પ્યુરિટન પક્ષ તરફ વળવા લાગ્યા. આ રીતે રાજા અને તેના મંત્રીઓ ડગલે ને પગલે પ્રજાના અકારા થતા ગયા.

વહાણવેરો. હક્કપત્રિકામાં આપેલાં વચનો રાજા ઘણા વખતથી પાળતો ન હતો. પહેલાંની પેઠે નાણાં ઉઘરાવતો તથા જેઓ વિરોધ કરતા તેમને સખત સજા કરતો. અત્યારે કાફલાની જરૂર જણાયાથી તેણે તમામ દરિયા કિનારાપરનાં શહેરોને, ૧૫૮૮માં આર્મેડા સમયે થએલું તે મુજબ, વહાણો પુરાં પાડવા હુકમ કર્યો. જેઓ વહાણ આપવા તૈયાર ન હોય તેમના પર વહાણવેરો નંખાયો. હક્કપત્રિકામાં તેણે આપેલા વચનનો આ ચોખ્ખો ભંગ હતો, અને જ્યારે તે આગળ વધી દેશની મધ્યમાંના શહેરો પાસે એ કર લેવા લાગ્યો ત્યારે જબરો વિરોધ પ્રગટ થયો. પ્રાચીન સમયમાં વિદેશી ચાંચીઆઓનો બહુ ભય હોવાથી એવો રિવાજ હતો કે દેશના રક્ષણ માટે દરિયાકાંઠાના ગામોએ વહાણવેરો ભરવો. ટયુડરોના સમયમાં નૌકા સૈન્ય સ્થાયિ થએલું હોવાથી આ વેરો બંધ થયો હતો. આર્મેડા વેળાના અસાધારણ સંજોગોને લીધે ઇલિઝાબેથે આ વેરાથી વહાણ ઉભાં કર્યાં હતાં. પણ તે સમય યુદ્ધનો હતો, અને તમામ પ્રજા દુશ્મનને મારવા એકકે પગે તૈયાર હતી.

હેમ્પડન. કેટલાક છાતીના આગ્રા પુરૂષોએ વહાણવેરો આપવાના પાડી અને જોન હેમ્પડન નામના પુરૂષે તો સરકાર સામે લડવા

કમ્મર કસી એ મોટો જમીનદાર હતો. આ પહેલાં બળાત્કારે ઉઘરાવાતી લોન આપવાની ના પાડવાથી તેનું નામ જાહેરમાં આવ્યું હતું, તે માટે તેણે સખત કેદ વેઠી હતી. આ વખતે તેને વીશ શિલિંગનો વહાણવેરો ભરવાનો આવ્યો. તેણે એ ભરવા સાફ ના પાડી. પરિણામે તેને સરકારે કોર્ટમાં ઘસડયો. સરકારી વકીલો અને તેના વકીલો વચ્ચે ઘણો વાદવિવાદ થયો. એ મુકર્દમો સાંભળવા લોકો ટોળે થતા. આ તકરાર વીશ શિલિંગની નહિ પરંતુ મોટા પ્રજાકીય સિદ્ધાંતની હતી. તેની પાછળ હેમ્પડનને પુષ્કળ ખર્ચ થયો. છ મહિને તેનો ફેંસલો આવ્યો. બારમાંના સાત ન્યાયાધીશોએ સરકાર તરફ મત આપ્યો; અને ત્રણ હેમ્પડન તરફ ઢળ્યા પરંતુ તેમણે ઝાઝો દમ બતાવ્યો નહિ; બાકીના બે કોક અને હેરને નીડરપણે કહ્યું કે હેમ્પડન સાચો છે. પરંતુ વધુમતી તેની વિરૂદ્ધ હોવાથી વહાણવેરો કાયમ રહ્યો.

**રાજકીય જુલમ.** આ ઉપરાંત નાણાં માટે બીજા અનેક ઘોર જુલમ થતા હતા. જાગિરદારોના ખતપત્રો મંગાવી તેમાં ખરા ખોટા વાંધા કાઢી તેમની પાસેથી પૈસા કઢાવ્યા. સરકારી જમીન પચાવી પડયા છો એમ કહી કેટલાક પાસેથી તે જમીનની કિંમત લેવાઇ. અદાલતો તો ટંકશાળજ બની ગઇ. જે કોઇ હાથ લાગે તેને હરેક બહાને દંડવો એ અદાલતોનું દૈનિક કામ થઈ પડયું. સ્ટાર ચેમ્બરના જુલમ ઘણા વધી ગયા. જે ઇજારા ઇલિઝાબેથે જતા કરેલા, જેઇમ્સે કાયદાથી રદ કરેલા, તે હવે પાછા ચાલુ થયા.

**સ્કોટલેન્ડની ધાર્મિક ઝુંબેશ.** પ્રજાનો આ ઉભરો પણ શમી જાત, પરંતુ વિનાશકાળે વિપરિત બુદ્ધિ એ ન્યાયે રાજા અને લોડ આજ વેળા સ્કોટલેન્ડને છંછેડવા તત્પર થયા. અસલના રોમન કેથોલિક પંથમાં એમ હતું કે ગુરૂ તરફથી દીક્ષા જેઓને મળે તેજ પુરૂષો ધર્મ બોધ આપી શકે. વળી તેમાં એવું હતું કે બાઇબલ ઉપરાંત પરંપરાથી ચાલતી આવેલી વિધિઓ પણ સાચી છે. પ્રોટેસ્ટન્ટ પંથે પરંપરાની વાત નકારી, અને બાઇબલમાં હોય તેટલુંજ સાચું એ નિયમ સ્વીકાર્યો. વળી સૌ કોઇને બાઇબલ વાંચવાની, તથા તેનો અર્થ પોતપોતાની બુદ્ધિ અનુસાર ઘટાવવાની છુટ આપી.

ઇંગ્લેંડમાં આપણે જોઇ ગયા કે પોપની સત્તા રાજાએ લીધી. પહેલાં બિશપો રોમથી નીમાતા તેને બદલે હવે તેમની બહાલી બરતરફી રાજાને હસ્તક આવી. રાજાની આજ્ઞાથી થોડા ઘણા ધર્મ સુધારા થયા અને એ રીતે જે રાષ્ટ્રધર્મ સ્થપાયો તે એપિસ્કોપલ પંથ કહેવાયો. રાજ્યકર્તાને એ પંથ પસંદ પડે એમાં નવાઇ નથી કેમકે એથી તેની સત્તા વધતી, પરંતુ ધર્મસુધારણાનું ખાસ લક્ષણ ધર્મછુટ, આ એપિસ્કોપલ પંથમાં ન હતું. આ કારણને લીધેજ પ્યુરિટનો પણ વિરોધ ઉઠાવતા હતા. સ્કોટ લોકોએ પહેલેથીજ જોન નોકસની સરદારી હેઠળ શુદ્ધ પ્રોટેસ્ટન્ટ પંથ (પ્રેસ્બિટેરિયન પંથ) સ્થાપી બિશપનું નામ કાઢી નાંખ્યું હતું. તેઓ પ્યુરિટનોના જેવાજ વિચારના હતા.

આવા લોકોમાં ધર્માંધ લોડની સલાહથી, કાળે ઘેરેલા રાજાએ અંગ્રેજ પ્રાર્થનાપોથી દાખલ કરી, તેમણે આ કેથોલિક ઢબની

પ્રાર્થનાપોથી વાપરવા સાફ ના પાડી. એડિનબરોના મુખ્ય દેવળમાં આચાર્યે એ પોથીમાંથી વાંચવા માંડ્યું ત્યારે એક ડોશીએ તેના માથામાં છુટું સ્ટુલ માર્યું. અને આખા સ્કોટલેન્ડમાં આવું ફીતુરી વર્તન થયું. રાજહુકમને તાબે થવા વિષે રાજાએ ધર્મસમાજોને સંદેશા મોકલ્યો પણ તેનું પરિણામ ઉંધું આવ્યું. ૮૦ વર્ષ પૂર્વે લેવાએલી રાષ્ટ્રીય પ્રતિજ્ઞા, નેશનલ કોવેનંટ, પાછી સજીવન કરવામાં આવી, અને તે ઉપર સહીઓ લેવા ગૃહસ્થો, ઉમરાવો, અને આચાર્યો ગામેગામ ફરી વળ્યા. અને સૌ કોઇએ ઘણા ઉત્સાહથી તે પર સહી કરી. કેટલાકે પોતાના શરીરમાંથી લોહી કાઢી તે વડે સહી કરી. આ પ્રતિજ્ઞા એવી હતી કે "પોપરી, (પોપનો ધર્મ) માનવી નહિ અને તે વિષે બળાત્કાર થાય તો સૌએ સંપી મરતાં સુધી લડવું પણ ધર્મભ્રષ્ટ તો નજ થવું."

આ સમાચાર સાંભળી રાજા ઘણો ક્રોધાયમાન થયો અને સૈન્ય લઇ સરહદ તરફ ગયો પરંતુ સ્કોટલેન્ડના કોવેનાન્ટરો તૈયાર જ હતા. વળી અંગ્રેજ સૈનિકોને સ્કોટ લોકો તરફ દિલસોજી હતી અને ચાર્લ્સને આ વિષેની ચેતવણી મળી ચુકી હતી એટલે નમતું મુકી પાછો ફર્યો. પણ અંતરમાં એવો દૃઢ નિશ્ચય કર્યો કે લાગ આવે સ્કોટલોકોને બરાબર પાધરા કરવા. વેન્ટવર્થ જે હવે અર્લ ઓફ સ્ટ્રેફર્ડ બન્યો હતો તેને આયર્લેન્ડથી બોલાવી લીધો. રાજાને પાર્લમેન્ટ બોલાવવાની સલાહ આપી, તરત તે પોતાનું તાલીમબાજ આયરીશ સૈન્ય લેવા પાછો ગયો.

**ટુંકી પાર્લમેન્ટ.** પરંતુ પ્રજાનો પ્રકોપ કેટલી હદે પહોંચ્યો હતો અને કેટલા વેગથી વધતો હતો તેનું ભાન સ્ટ્રેફર્ડને કે રાજાને

ન હતું. પાર્લમેન્ટ બેઠી પણ ત્રણ અઠવાડીયામાંજ તેને ઉઠી જવાનો વખત આવ્યો. સભ્યોએ નાણાં આપતાં પહેલાંજ રૈયતનાં દુ:ખની દાદ રજુ કરી; તથા સ્કોટલેન્ડવાળી લડાઇ તજવા આગ્રહ કર્યો. આવે અણીને સમયે પણ ચાર્લ્સે સભાની વાત કાને ધરી નહિ અને પાર્લમેન્ટને વિસર્જન કરી, તથા પોતે જેટલું ભેગું થઇ શક્યું તેટલું લશ્કર લઇ ઉત્તર તરફ રવાના થયો. પરંતુ સ્કોટલોકો તેનાથી પહેલા નીકળી ચુકયા હતા. તેઓ નોર્થમ્બરલેન્ડ પરગણામાં પહોંચી ગયા હતા અને હવે તેમણે અંગ્રેજ સૈન્યને મારી હઠાવ્યુ. ચારે બાજુએ પાણી ફરી વળ્યાં જોઈ ચાર્લ્સે સ્કોટ લોકો સાથે અમુક નાણાં આપવાનું વચન આપી સુલેહ કરી. આ નાણું પાર્લમેન્ટ વિના કાણ આપે ?

**લાંબી પાર્લમેન્ટ. ૧૬૪૦-૧૬૫૩ અને ૧૬૫૯-૧૬૬૦.** આવા સંજોગોમાં કોઇપણ પાર્લમેન્ટ રાજાપર ચઢી બેસે એ વાત નિ:સંશય હતી. નિરૂપાયે રાજાએ પાર્લમેન્ટ બોલાવી. આ પાર્લમેન્ટ ઇંગ્લેંડના ઇતિહાસમાં સંભારવા જેવી છે. એના ગુણદોષ વિષે ઇતિહાસકારોમાં મતભેદ છે. ટોરી લેખકો એને નિંદે છે ત્યારે વ્હિગ લેખકો એની સ્તુતિ કરે છે. વાસ્તવિક રીતે એને માથે જશ અને અપજશ બન્ને છે. તેના આરંભના સભ્યો સરકાર વિરૂદ્ધ હતા. તેનો કારભાર જ્યાં સુધી સારો રહ્યો ત્યાંસુધી અંતર સભ્યોમાં સંપ રહ્યો પણ પાછળથી કાયદા અને રિવાજની મર્યાદા લોપાવા લાગી તેથી સંપ તુટયો અને પક્ષ બંધાયા. અને પરિણામે ઘણું નુકશાન થયું.

**સ્ટ્રેફર્ડનો શિરચ્છેદ.** પહેલી બાબત તો જે પુરૂષોના કાન કપાયા હતા તેમને કારાગૃહમાંથી મુક્ત કરવાની હતી; અને ત્યાર પછી લોડ અને સ્ટ્રેફર્ડ પર રાજદ્રોહનું કામ ચલાવવાનું હતું. સ્ટ્રેફર્ડ પર સમાને બહુ ખાર હતો કેમકે પ્રજાપક્ષનો ત્યાગ કરી તે રાજપક્ષમાં ભળ્યો હતો, તેણે ઈંગ્લેંડમાં આયરેશ સૈન્ય લાવવાની યુક્તિ રચી હતી, અને રાજાને પાર્લમેંટની સામે થવામાં ઉત્તેજ્યો હતો. તે આયર્લેંડ જવાનો હતો. પણ ચાર્લ્સે વચન આપ્યું કે જો તું લંડન આવીશ તો તારો વાંકો વાળ નહી થવા દઉં. આથી લંડન આવી તે ઉમરાવ સભામાં દોડ્યો ગયો. ત્યાં જઈ જુએ તો પિમ અને આમસભાના ત્રણસે સભ્યો તેના રાજદ્રોહ વિષેનો સભાનો સંદેશો લઇ ખડા થયા હતા. પાર્લમેન્ટના હુકમથી તેને ટાવરગઢમાં પરહેજ કર્યો. ૧૬૪૧ મા તેની તપાસ ચાલી. તે વેળા સ્ટ્રેફર્ડે એવો સુંદર બચાવ રજુ કર્યો કે કાયદા પ્રમાણે તે રાજદ્રોહી ગણાયજ નહિ. આ રીતે ન ફાવવાથી તેના શત્રુઓએ બીજો રસ્તો કહ્યો. તેમણે 'એટેઇન્ડરનું બિલ' એટલે બદનામીનો ઠરાવ પસાર કર્યો રાજા પાસે જ્યારે એ બિલ સહી માટે આવ્યું ત્યારે પહેલાં તો તેણે સાફ ના પાડી. પણ આ સમયે રાજમહેલની આજુબાજુ કોલાહલમાન ટોળું બનું થએલું જોઇ રાણીને ઘણી ધાસ્તી લાગી. અંતે આંખમાં આંસુ સાથે પોતાના નિમકહલાલ નોકરને ફાંસીએ ચડાવવાના બિલ ઉપર સહી કરી. ઉદારવૃત્તિવાળા સ્ટ્રેફર્ડે રાજાએ જે અભયવચન આપ્યું હતું તેમાંથી તેને મુક્ત કર્યો છતાં રાજાએ તેને તજી દીધો એથી તેને બહુ

માઠું લાગ્યું અને છેવટે ફાંસીએ ચઢતી વેળા તે બોલ્યો કે કોઇપણ રાજાનો કદી વિશ્વાસ કરવો નહિ.

સ્ટ્રેફર્ડના વધ પછી પાર્લમેન્ટ મોટા સુધારા લઇ બેઠી. રાજા સાણસામાં સપડાએલો છે એ જોઇ પાર્લમેન્ટે એવો કાયદો કરાવી લીધો કે દર ત્રણ વર્ષે પાર્લમેન્ટ થવી જોઇએ અને ભવિષ્યમાં કોઈ પણ પાર્લમેંટ પોતાની સંમતિ વિના વિસર્જન થઇ શકે નહિ. આ કાયદાથી આગળ ઉપર ઘણો ગુંચવાડો ઉપસ્થિત થયો હતો, તે આપણે જોઇશું. પછી ઉત્તરની કાઉન્સિલ, સ્ટાર ચેમ્બર, અને હાઈ કમિશન જેવી અન્યાયી અદાલતો કમી કરી. ગેરકાયદેસરના વેરા સામે કાયદા થયા.

આ સમે પાર્લમેન્ટમાં બે પક્ષ પડી ગયા.

૧. રાજપક્ષ, જે રાજા ઉપર બહુ સખ્તાઇ કરવા ઇચ્છતા ન હતા. તેમને એમ થયું કે હવે આપણા પ્રાચીન હક્ક મળી ચુક્યા છે અને વધારે આગળ વધવાની જરૂર નથી, વળી પાર્લમેન્ટમના પ્યુરિટનો હદપાર જવા ઇચ્છે છે. જેવા પ્રજાના હક્ક તેવા રાજાના પણ અમુક હક્ક હોવા જોઇએ અને તેમાં પાર્લમેન્ટે માથું મારવું ન જોઇએ. આ પક્ષના નેતા લોર્ડ ફૉકલેન્ડ, અને હાઇડ (પાછળથી લોર્ડ ક્લેરેન્ડન) હતા.

૨. પ્યુરિટન પક્ષ. લાંબી પાર્લમેંટમાંના કેટલાક સભ્યો ચુસ્ત પ્યુરિટનો હતા. તેઓ રાજસત્તા બને તેટલી કમી કરવા તરફ હતા.

તેમનો નેતા *પિમ હતો.

આના જેવા બે પક્ષ દેશમાં પણ પડયા હતા. રાજપક્ષવાળા કેવેલિયર (ઘોડે સ્વાર) અને પ્રજાપક્ષવાળા રાઉંડહેડ (બોડકા) કહેવાયા. પાછળથી એ નામ બદલાઈ ટોરી અને વ્હીગ, અને આપણા જમાનામાં કોન્ઝર્વેટિવ અને લિબરલ એવાં નામ પડયાં.

હવે પ્યુરિટન પક્ષે એવી દરખાસ્ત મુકી કે સલાહકાર મંડળ, ન્યાયાધીશ, અને પ્રધાનોની નીમણુંક ભવિષ્યમાં પાર્લમેંટ કરે. આ વિષય ચર્ચાતો હતો અને રાજા સ્કોટલેંડમાં હતો તેવામાં આયર્લેન્ડથી ભયંકર સમાચાર આવ્યા.

---

* પિમ ઉચ્ચ કુળનો અને સારી સ્થિતિનો ગૃહસ્થ હોઇ પચાશ વર્ષથી જાહેર જીવનમાં પડયો હતો. માજી રાજ્યમાં દેશભક્તિ માટે તેણે કારાગૃહ સેવ્યું હતું. પાર્લમેન્ટના જુના નેતાઓમાં તે એકલોજ હયાત હતો. કોક ઉમ્મરને લીધે ગુજરી ગયો હતો, કોટનનું હૃદય જુલમથી ભગ્ન થયું હતું, ઈલિયટે કારાવાસમાં દેહ છોડયો હતો, અને વેન્ટવર્થ દ્રોહી બન્યો હતો. રહી ગયામાં કેવળ પિમ હતો. તેને શ્રદ્ધા હતી કે અંતે ધર્મનો અને સ્વાતંત્ર્યનો જય થશેજ. તે અતિપ્રિય અને મહા શક્તિમાન હતો. કયાંસુધી ધીરજ રાખવી, અને કયારે કાર્યનો આરંભ કરવો તે તેણે બતાવી આપ્યું. દેશનું ભવિષ્ય તે એકલોજ જોઇ શકયો હતો. અને તે પ્રોત્ત કરવાના માર્ગમાં અડચણો દુર કરવાનો તેણે સંકલ્પ કર્યો હતો. રાજા પાર્લમેન્ટ વચ્ચે ઝઘડો થવાનો એ ચોકકસ હતું, તેને હિસાબે રાજ્યતંત્રમાં રાજા કરતાં આમસભાનું મહત્ત્વ વિશેષ હતું. અત્યારે છપ્પન વર્ષની વય છતાં કામ કરવામાં તે પાછળ હઠે એવો ન હતો રાજપક્ષવાળા તેને મશ્કરીમાં 'પિમ બાદશાહ' કહેતા પરંતુ તેના ગુણો જોતાં તે ઈલ્કાબ વાસ્તવિક હતો.

**આઇરિશ કતલ.** સ્ટ્રેફર્ડે જે આયરિશ કેથોલિકોને ઘણી નિર્દય રીતે છુંદેલા તેઓએ તેનો અંકુશ જવાથી, ૧૬૪૧ની સાલના એક દિવસે ત્યાં વસતા સ્કોટ અને અંગ્રેજ સ્ત્રી, પુરૂષ, બાળક સૌની કતલ કરી. જેઓ નાસી છુટ્યા તેમને બરફમાં ઠરી કે નદીમાં ડુબી મરવા શિવાય આરો ન રહ્યો. આ સમાચાર સુણી આખું ઈંગ્લેંડ થરથરી ગયું; અને જ્યારે આયરિશ લોકોએ હુલ્લડ મચાવવાનો રાજાના સહીસિક્કાવાળો પરવાનો રજુ કર્યો ત્યારે અંગ્રેજ પ્રજાને ભારે હેબક લાગી. આ પરવાનો બનાવટી હતો.

**મોટો વાંધો.** પરંતુ આ અફવાનો લાભ લઇ પિમ અને હેમ્પડને પાર્લમેન્ટમાં બેધડક કહ્યું કે હવે રાજા કે તેના પ્રધાનોનો વિશ્વાસ રાખી શકાય એમ નથી. તેમણે ૨૦૪ કલમો વાળું ગ્રાન્ડ રિમોન્સ્ટ્રન્સ (મોટું વાંધા પત્ર) તૈયાર કર્યું જેમાં પ્રજાએ ગત કાળમાં વેઠેલાં તમામ સંકટ દર્શાવ્યાં અને ઉપાય તરીખે પાર્લમેન્ટ પ્રધાન નીમે એ પદ્ધતિ સૂચવી. આ સભામાં ઘણા સભ્યો એવા હતા કે જેઓ ચાર્લ્સની આપખુદી ધિક્કારતા છતાં 'મોટા વાંધા'માં દર્શાવેલા મોટા ફેરફારો કરવા નારાજ હતા. તેઓ કહેતા કે પ્યુરિટનો કરતાં રાજા ઉપર વિશ્વાસ રાખવો હજાર દરજ્જે સારો છે. 'મોટા વાંધા' વિષે મળસ્કાથી માંડી મધરાત સુધી ગરમાગરમ ચર્ચા ચાલી અને અંતે બહુ થોડી વધુમતિથી તે પસાર થયો. આ વેળા બંને પક્ષો એવા જોશપર આવી ગયા હતા કે જો હેમ્પડને પ્યુરિટનો પર અંકુશ ન રાખ્યો હોત તો સભામાં લોહીની છોળો ઉડત.

**પાંચ સભ્યોને પકડવાનો પ્રયત્ન.** પાંચ દિવસ કેડે રાજા સ્કોટલેન્ડથી પાછો ફર્યો. પાર્લમેન્ટમાં પક્ષ પડેલા સાંભળી તેને એવી આશા આવી કે હવે ઘણા સભ્યો મને ટેકો આપશે. આવી માન્યતાને લીધે લોર્ડ કિમ્બોલ્ટન, અને આમસભાના પાંચ સભ્યો–પિમ, હેમ્પડન, હોલિઝ, હેઝલરિગ, અને સ્ટ્રોડ–ઉપર સ્કોટ લોકો સાથે દ્રોહી પત્રવ્યવહાર ચલાવ્યો એવું રાજદ્રોહનું તોહમત મુકવા સૂચના મોકલી. તેણે રાજા તરીખે પોતાનો કોલ આપ્યો કે હું જરાએ જુલમ કરીશ નહિ. પરંતુ પાર્લમેન્ટને તેનો ભરોસો ન હોવાથી રાજાને પેલા પાંચ જણા સ્વાધીન કરવા ના પાડી. બીજે દીવસે પાંચસો આદમીની ખાસ પલટન લઈ તે પેલા પાંચને પકડવા સભામાં ગયો. સભાગૃહમાં દાખલ થતાં માલમ પડ્યું કે તેમની ખુરશીઓ ખાલી છે સલામતી ખાતર તેમને આગળથીજ રાજનગરમાં મોકલી દીધા હતા. આમ થવાથી રાજા બોલ્યો, "મારા પક્ષી ઉડી ગએલાં દીસે છે. હું આશા રાખું છું કે તેઓ આવે કે તરત તમે તેમને મારી હજુરમાં મોકલી આપશો; નહિ તો તેમને શોધવા મારે મારા પોતાના ઇલાજ વાપરવા પડશે." આમ બોલી ગુસ્સામાં અને ગુસ્સામાં તે ચાલી ગયો અને સભ્યોએ 'હક્ક, હક્ક' એવા પોકાર ઉઠાવ્યા.

**લંડન, રાજા વિરૂદ્ધ.** ચાર્લ્સને પેલા પાંચ નંગ કદી મળ્યા નહિ. સદાએ સત્તાવાન એવું લંડન નગર સ્વાતંત્ર્યના પક્ષમ હતું. તે વેળા હાલની પેઠે લંડનમાં કેવળ ઓફિસો અને પેઠીઓ જ ન હતી; ત્યાં પુષ્કળ વસ્તી વસતી હતી. દરેક વેપારી મહાજનનું

એકકું સ્વયંસેવક સૈન્ય હતું. આવાં સૈન્યના સબળ આશ્રયથી પેલા પાંચ વીરો પાર્લમેંટ સાથે વ્યવહાર રાખી શકતા અને એક અઠવાડીઆ પછી તેમને વાજતે ગાજતે થેઈમ્સ નદીને કાંઠે કાંઠે થઇ પાર્લમેંટમાં લાવવામાં આવ્યા. આ સમયે એટલું તો સ્પષ્ટ હતું કે લંડનની દિલસોજી રાજાએ ગુમાવી હતી. લંડનવાસીઓનું તોફાની વલણ જોઇ તે હેમ્પટન કોર્ટના રાજમહેલમાં ચાલી ગયો, અને રાણી બાળબચ્ચાં જરઝવેરાત વિગેરે લઇ યુદ્ધ માટેનાં સાધનોની તજવીજ કરવા નેધરલેંડ ગઇ. ઇંગ્લેંડ યુદ્ધનાં કાળાં વાદળોથી છવાયું હતું.

મિલિશિયા સૈન્ય. આમસભાનું તોફાની વલણ જોઇ ઉમરાવ સભાને હવે ગભરાટ થવા લાગ્યો. પિમે તેમને સાફસાફ કહાવી દીધુ કે રાષ્ટ્રના રક્ષણમાં આપની સહાય અને સહાનુભૂતિ આમસભા ખુશીથી સ્વીકારશે; પરંતુ આપ તે માટે તૈયાર ન હશો, તો અમો અમારી ફરજ બજાવવામાં ચુકવાના નથી. મુખ્ય વાત દેશમાંથી મિલિશિયા સૈન્ય એટલે (માત્ર યુદ્ધ માટે ઊભું કરેલું સૈન્ય) ભેગું કરવાની હતી. બન્ને પક્ષને આમાં કાયદાની ઝીણવટ નડતી હતી. અંગ્રેજ રાજરીત મુજબ પાર્લમેંટની મંજુરીથી રાજાને સૈન્ય ભેગું કરવાનો અધિકાર હતો. બીજી બાજુએ રાજા વિના એકલી પાર્લમેંટને એ વિષે કશો અધિકાર ન હતો. રથના બે ચક્ર જેવી વાત હતી. બે ચક્ર હોય તોજ રથ ચાલે. આ અડચણ દૂર કરવા આમસભાએ એવો ઠરાવ કર્યો કે રાષ્ટ્રસૈન્ય અને કિલ્લાઓનો અધિકર અમને સોંપો. રાજાએ આ વાતની સાફ ના પાડી.

પરિણામે બન્ને પક્ષોએ રાજનીતિ નેવે મુકી પોતાનું કાર્ય આગળ ધપાવ્યું. ચાર્લ્સે પ્રજાને પોતાના સૈન્યમાં સામેલ થવા હુકમ કાઢયા. પાર્લમેન્ટે પણ તેવાજ હુકમ કાઢયા. દારૂગોળો અને હથીયાર હાથ કરવા ચાર્લ્સ 'હલ'ના કિલ્લા તરફ ગયો. ત્યાંના કિલ્લેદારે ધુંટણીએ પડી ઉત્તર દીધો કે મારાથી કિલ્લાના દરવાજા ઉઘાડાશે નહિ. પાર્લમેન્ટમાંના રાજપક્ષવાળા સભ્યો સમાધાન માટે રાજા પાસે આવ્યા. પરંતુ જેમ જેમ ચાર્લ્સે બળની ધમકી બતાવી, તેમ તેમ પાર્લમેન્ટે પોતાની શરતો આકરી કરી. તેમની છેલ્લી દરખાસ્ત એવી હતી કે પ્રધાનોને નીમવાની અને બરતરફ કરવાની, કુંવર કુંવરીઓના ગુરૂઓ નીમવાની, અને લશ્કરી દિવાની અને ધાર્મિક બાબતો નિયંત્રિત કરવાની સત્તા અમને આપો. ચાર્લ્સે ઉત્તર વાળ્યો કે જો હું તમારી માગણી કબુલ કરૂં તો મારી સ્થિતિ કેવળ પુતળાં જેવીજ થાય.

**પ્રજા વિગ્રહ.** રાજા પાર્લમેન્ટ વચ્ચે મસલત ચાલતી હતી ત્યારે બન્ને પક્ષોની યુદ્ધ માટેના તૈયારીઓ થતી જતી હતી. હવે મસલતનો અંત આવ્યાથી પ્રજા વિગ્રહ સળગ્યો. ૧૬૪૨માં રાજાએ નોટિંગહામ મુકામે પોતાનો ઝુંડો ફરકાવ્યો. પશ્ચિમ અને ઉત્તર પ્રદેશ ઘણેખરે રાજપક્ષમાં ભળ્યો; ત્યારે પૂર્વ અને દક્ષિણ પ્રદેશ પાર્લમેંટ પક્ષમાં ઉતર્યા. ઉમરાવ સભાના પાંસઠ, અને આમ સભાના અર્ધા સભ્યો રાજાને પડખે ખડા થયા. રાજાના ભાણેજ પ્રખ્યાત રૂપર્ટ કુમારે હયદળની સરદારી લીધી. પાર્લમેંટ પક્ષમાં આમસભાના બાકીના સભ્યો, વીશેક ઉમરાવો, ઘણાખરા ખેડુતો અને વેપારીઓ આવ્યા.

**રાજપક્ષની જીત.** આરંભમાં તો રાજાનો જય થયો. પાર્લમેન્ટના સેનાધિપતિ ઇસેક્સની ઇચ્છા બને ત્યાં સુધી રાજા સાથે સમાધાન કરી યુદ્ધનો પ્રસંગ ટાળવાની હતી. આથી તે મન મુકી લડયો નહિ. વળી રૂપર્ટના ચુનંદા ઘોડેસ્વારો આગળ પાર્લમેન્ટના બકાલીઆ કલાર્લીઆ સૈન્યનું કશું ચાલ્યું નહિ. પ્રથમ લડાઇ એજહિલ આગળ થઈ તેનું પરિણામ અનિશ્ચિત હતું. એકે પક્ષની પુરેપુરી ફત્તેહ થઇ નહિ. પરંતુ નૈતિક લાભ રાજપક્ષને થયો. આ વેળા ધસી જઈ લંડનનો કબજો લેવાની ઉત્તમ તક હતી અને રૂપર્ટે તે મુજબની સલાહ પણ આપી. પરંતુ કેટલાક મધ્યમ વિચારના પુરૂષોએ એ વિષે ના પાડી, કેમકે તેઓને જેટલી રાજાના પરાજયની ભીતિ હતી તેટલીજ તેના સંપૂર્ણ વિજયની હતી. ચાર્લ્સે આ ઉત્તમ તકનો પુરો લાભ લીધો હોત તો યુધ્ધ આટલેથીજ અટકત.

તેણે ઓકસફર્ડના કિલ્લામાં પડાવ નાંખ્યો. પાર્લમેન્ટ પક્ષની ગેરવ્યવસ્થા અને એદિલીથી યુધ્ધ કરવાની પદ્ધતિને લીધે, તથા નાયકોમાં સંપ ન હોવાથી અને અનેક હથ્થુ કારભાર હોવાથી તેમણે પહેલાં પહેલાંતો સખત માર ખાધો. એક નાનકડી ઝપાઝપી માં હેમ્પડનને સખત ઘા લાગ્યો જેમાંથી તેનું મોત થયું. હવે લંડનવાસીઓને અશ્રધ્ધા થવાથી પાર્લમેન્ટ ભારે ભયમાં આવી પડી. ઉપરાઉપરી પરાજય અને શહેરીઓની સંધી માટેની આગ્રહ પૂર્વક માંગણીથી પાર્લમેંટ પક્ષ મુકાબલે હલકો પડયો હતો. છતાં પિમ જરાએ ડગ્યો નહિ. તેણે મદદ માટે સ્કોટલેન્ડ સંદેશો મોકલ્યો.

ત્યાંના લોકોએ મદદ કરવા હા કહી પણ એ શરતે કે અમારા પ્રેસ્બિટેરિયન પંથને રાજધર્મ બનાવવો. આ શરત વિષે રકઝક ચાલતી હતી એવામાં એવા સમાચાર મળ્યા કે ચાર્લ્સ આયર્લેંડના કેથોલિકો સાથે મદદ માટે મસલત ચલાવે છે. આથી પાર્લમેંટે સ્કોટલેંડની શરત સત્વર સ્વીકારી.

આ ઉપરાંત લંડનમાં રહ્યો રહ્યો પિમ બીજી અનેક યોજના યોજી રહ્યો હતો. સૈન્યના ત્રણ વિભાગ બનાવી તેને ત્રણ દિશાએ ગોઠવવા; દક્ષિણમાં ઇસેકસ જાય અને રાજાને ઓકસફર્ડમાંથી જરાએ ચસવા ન દે; પશ્ચિમમાં વેલરને મુકવો અને તેણે રૂપર્ટના ભાઈ મોરિસને તે પ્રદેશમાં ઘેરી રાખવો; અને ઉત્તરમાં લોર્ડ મેંચેસ્ટર અને ફેરફેકસે રહેવું. આ પ્રકારના ઘાટ તેણે ગોઠવ્યા હતા. પરંતુ એટલામાં રાતદિવસની અથાગ મહેનત, અપાર ચિંતા અને ઉપરાઉપરી ઉજાગરાને લીધે દેશભકત પિમ મરણ પામ્યો.

"હે હેમ્પડન ! હે પિમ ! તમે તો અમર કીર્તિ સંપાદન કરી સુખમાં સૂતા છો ! તમારી જન્મભૂમિને તમે સ્વતંત્રતાનું અમૂલ્ય સુખ આપી ગયા છો. તે સંભારી અહોનિશ તે તમને આશીર્વાદ દે છે; રે, તમે મુઆ નથી પણ યશરૂપી દેહે આખી દુનિયામાં સર્વ કાળ જીવતાજ છો! તોપણ તમારૂં પરલોક ગમન નોંધતાં ઇતિહાસની ગંભીર કલમ પણ આંચકો ખાઈ અટકી પડે છે, અને લડાઇનું ઉપસંહાર રૂપ વર્ણન કરવાની ઉતાવળમાં પણ તેને કાંઈ થોભી તમારા ગુણાનુવાદ ગાયા વિના કળ વળતી નથી. વાંચનાર તું પણ એક ક્ષણ થંભ, અને આ પવિત્ર શૂરવીરોની કબર

ઉપર બે ચાર આંસુ પાડ. એ આંસુ મહાપતિત પાવન છે, અને સુફળદાતા હો !"

ઇશ્વરી ઘટના એવી છે કે ગમે તેવા મહાપુરુષોનાં પણ સ્થાન ખાલી પડી રહેતાં નથી. એક જાય છે તો બીજો તેના જેવો અથવા તેનાથી સવાયો વીર આવે છે પિમ ગયો, તો તેનું સ્થાન લે એવો નેતા તૈયાર થઇ ચુકયો હતો. ઓલિવર ક્રોમ્વેલ નામનો દૃઢ સંકલ્પવાળો, આકરા સ્વભાવનો, અને ઝનુની પુરુષ પંદરવીશ વર્ષથી સ્વદેશનું દુઃખ નિહાળી રહ્યો હતો. ૧૬૨૮ ની પાર્લમેન્ટમાં સ્વય હોઇ ઓફ રાઇટ્સની અરજી સમયે તે હાજર હતો. સ્ટાર ચેમ્બરનાં જુલમ વિષે તે એક સમયે બોલ્યો હતો, અને પ્રજા યુધ્ધ શરૂ થતાં તે પોતાની ટુકડી સાથે તેમાં જોડાયો હતો, પાર્લમેન્ટ પક્ષનું અત્રથી તેમથી ભેગું કરેલું 'નાનખટાઇ' સૈન્ય ઉત્તમ પ્રકારની તાલીમ પામેલા અને જુસ્સાદાર કેવેલિયર સામે કદી ટક્કર ઝીલી શકશે નહિ, એ સ્થિતિ ક્રોમ્વેલ પ્રથમથીજ સમજ્યો હોય એમ લાગે છે. તેણે દેશભક્તો અને ધર્મભક્તોના ઝનુનનો લાભ લઇ પોતાને ખર્ચે એક સુન્દર પલટન બનાવી અને તેને ઉત્તમ પ્રકારની તાલીમ આપી ખૂબ પળોટી.

ચુમ્માળીશમાં માર્સ્ટન મુર આગળ લડાઇ થઈ તેમાં પાર્લમેન્ટ પક્ષનો સંપૂર્ણ જય થયો. એ લડાઇમાં ક્રોમ્વેલની પલટને નામ કર્યું. તેમનાં અપૂર્વ પરાક્રમને લીધે તેઓ 'વજ્ર બાહુ' કહેવાયા. તેઓ જ્યાં જતા ત્યાં ફત્તેહના ડંકા વાગતા. આ રીતે ઉત્તર પ્રદેશમાં

પાર્લમેન્ટની સત્તા જામી. પરંતુ દક્ષિણ અને પશ્ચિમ પ્રદેશમાં હજુ રાજપક્ષનું બળ વિશેષ હતું. આજ વર્ષમાં ન્યુબેરી આગળ બીજી લડાઇ થઇ તેમાં રાજાના હયદળે ઊપરા ઊપરી ધસારા કર્યા પણ પાર્લમેંટના સૈનિકોએ જરાએ મચક આપી નહિ. આગલી લડાઇઓમાં ગુમાવેલી આબરુ પાછી મેળવવા તેઓ દ્રઢતાથી લડયા. રાજસેનામાં ભંગાણ પડયું અને તેનો પરાજય થયો. આ પરાજયનો લાભ લઈ શત્રુની પુંઠ લેવામાં આવી હોત તો શત્રુદળ સાવ પાયમાલ થઇ જાત. ક્રોમ્વેલે સેનાધિપતિ મેંચેસ્ટરને આવી સૂચના પણ કરી પરંતુ તેણે તેમ કરવા ના પાડી. ઇસેક્સની પેઠે તેને પણ રાજાનો સંપૂર્ણ પરાજય કરતાં ડર લાગતો હતો. તે એમ કહેતો કે રાજા હારશે તોપણ તે રાજા તો રહેવાનોજ; અને તે જીતશે તો આપણામાંના સૌને ફાંસીને લાકડે ચઢાવશે. ક્રોમ્વેલનો અભિપ્રાય તદન ઉલટો હતો. તે કહેતો કે ભોગજોગે લડાઈમાં રાજા મારી સન્મુખ આવે તો બીજા સાધારણ પુરુષની પેઠે તેની સામે યે હું મારી પિસ્તોલ છોડું.

**અસ્થિરતા.** યુદ્ધ આરંભાયાને ત્રણ વર્ષ થયાં છતાં અસ્થિરતાને લીધે તેનો અંત આવ્યો નહિ. બંને પક્ષના મન ઢચુ પચુ હતા. સેનાપતિઓ મન મુકી લડતા નહિ. પાર્લમેંટ પક્ષમાંથી રાજભકિત સાવ નિર્મૂળ થઇ ન હતી, અને રાજા વિનાના રાજ્યની શકયતાનો તેમને સ્વપ્ને પણ ખ્યાલ આવતો નહતો. રાજપક્ષમાં ઘણા એવા હતા કે જેઓ કેવળ વફાદારી માટેજ એ પક્ષમાં જોડાયા હતા. તેઓ રાજાના દુર્ગુણોથી અજાણ્યુ ન હતા. અને તેને અંકુશમાં આણવા રાજી હતા.

ગાજાના સંપૂર્ણ વિજયમાં રહેલો ભય તેઓ ખૂબ સમજતા હતા. ઉપરાંત પાર્લામેંટ પ્રત્યેની તેમની પ્રીતિ ભકિત ઓછી થઇ ન હતી. બંને પક્ષને અતિશયતા અપ્રિય હતી.

આવા પ્રકારની મનોદશા યુદ્ધ સમયમાં હાનિકારક છે. યુદ્ધ આરંભતાં પહેલાં સો વખત વિચાર કરવો, પણ એક વાર યુદ્ધ માંડી બેઠા કે પછી સર્વે સંકલ્પ વિકલ્પ બાજુએ મુકી યુદ્ધકાર્યમાં તલ્લીન થઇ જેમ બને તેમ જલદી તેનો નિકાલ આણવો એજ સાચી યુદ્ધ નીતિ છે. આ યુધ્ધમાં ગમે તે એક પક્ષે દઢતાથી કાર્ય ધપાવ્યું હોત તો કયારનો યે પાર આવી ગયો હોત, અને ઢીલથી દેશને જે મહા અલાભ થયા તે થાત નહિ.

**સૈન્ય સુધારણા.** ક્રોમ્વેલે આ સમયે પોતાના વિચારો પ્રગટ કરી સ્પષ્ટ સિદ્ધ કર્યું કે આ નીતિ ચાલવાની નથી. તેની શિખામણે પાર્લમેન્ટના વિચાર ફર્યા. ચાળીશ વર્ષની ઉમ્મર દરમ્યાન તેને જરાએ લશ્કરી અનુભવ થયો ન હતો. પરંતુ જન્મના સંસ્કારે અનુભવના અભાવની ખોટ પુરી. લશ્કરમાં જોડાતાંજ તેને પાર્લમેન્ટ સૈન્યની નિર્બળતા અને રાજ્ય સૈન્યની સબળતા માલમ પડી. તેનાં કારણ તરત તેણે જોઈ લીધાં. તેણે સૂચવ્યું કે આખી સેના નવેસરથી ઘડાવી જોઇએ અને તેના પર સખત નિયંત્રણ જોઇએ. આ માટે પ્રથમ પગલું અમલદારોની ફેરબદલીનું હતું. અત્યાર સુધી પાર્લમેન્ટના સભ્યો સેનાપતિપદે હતા. હવે ક્રોમ્વેલે પાર્લમેન્ટમાં એવો ઠરાવ પસાર કરાવ્યો કે સભ્યો લશ્કરી કે મુલ્કી અધિકારી બની શકે નહિ. આ ઠરાવ રજુ કરતાં તેણે કહ્યું કે તમારા

હાલના સેનાપતિઓ મુત્સદી હોઇ પોતાના જયથી ડરે છે. આ સ્થિતિ ચાલુ રહેશે તો ખાત્રીથી માનજો કે આખા દેશને પાર્લમેન્ટ-નામ ઉપર અપ્રીતિ થશે. આ ઠરાવના પરિણામે ઇસેકસ મેન્ચેસ્ટર આદિ સેનાપતિઓને ખસવું પડયું. સર થોમસ ફેરફેકસ મુખ્ય સેનાપતિ બન્યો. અને તેણે સપાટાબંધ લશ્કરની નવી વ્યવસ્થા કરી નાંખી. આમાં તેને ક્રોમ્વેલની ઘણી સહાય હતી ક્રોમ્વેલની મુરાદ સંખ્યા કરતા કુશળતા વધારવાની હતી—આને લીધે ઉત્સાહી યુવકો સેનાપતિ બન્યા. ખુદ ફેરફેકસ માત્ર ૩૩ વર્ષનો હતો. ક્રોમ્વેલ જેવા આધેડ વયના અમલદારો છેક થોડા હતા. ઉપરાંત આ નવા પંથમાં અનેક પ્રોટેસ્ટન્ટ પંથોનું વિચિત્ર મિશ્રણ હતું. તેમાં ઘણા સૈનિકો નિરંકુશ પંથી હતા.

**નેસ્બી.** પાર્લમેન્ટમાંના નરમ પક્ષે રાજા સાથે સુલેહ માટે મસલત ચલાવી. પરંતુ તેને અત્યારે એમ લાગતું હતું કે પાર્લમેન્ટનો પાસો અવળો હોવાથી હું સહેજે જીત મેળવીશ. તેણે ઉત્તર તરફ પ્રયાણ કર્યું. ફેરફેકસ તેની કેડે પડયો. ક્રોમ્વેલ પાર્લમેન્ટનો સભ્ય હોવા છતાં ખાસ પરવાનગી મેળવી તે ફેરફેકસને જઇ મળ્યો. સૈનિકોએ તેને ભારે હર્ષનાદથી વધાવી લીધો. બન્ને સૈન્ય નેસ્બી આગળ ભેળાં થયાં. ચાર્લ્સ અને તેનો ભાણેજ રૂપર્ટ લડાઈ આરંભવા ઘણા ઉત્સુક હતા. બીજી બાજુએ ક્રોમ્વેલ જેવાને પે જયની શંકા હતી. આ સમય વિષે તેણે લખ્યું છે કે "દુશ્મનને અમારી તરફ બહાદુરીથી આવતા જોયા ત્યારે મારા મનમાં એમ થતું હતું કે અમે અજ્ઞાત ગામડીઆ શું કરી શકીશું ? પરંતુ

પ્રભુ પળવારમાં સ્થળનું જળ અને જળનું સ્થળ કરવા સમર્થ છે, તેના પર મેં શ્રદ્ધા રાખી અને તેણે સહાય કરી. ”

રૂપર્ટના સ્વારોના ધસારાએ આયર્ટનની ટુકડીને ધૂળધાણી કરી નાંખી. મધ્યમાં રહેલા ફેરફેક્સની પણ એજ દશા થવાની તૈયારી હતી. ફક્ત ક્રોમ્વેલની ટુકડીજ ફ્-તેહમંદ ઉતરી હતી. તે ફેરફેક્સની મદદે ધાયો અને રાજાના પાયદળને નસાડ્યું. લડાઇ ખતમ થઇ. તોપખાનું, દારૂગોળો, બીજો સર સામાન, અને રાજાના પત્રો સુધ્ધાં વિજેતાના હાથમાં આવ્યાં. રાજા ઉભી પુંછડીએ નાઠો. તેની સાથે માત્ર બે હજાર માણસ હતાં. નવા વર્ષની વસંતમાં રાજપક્ષનું થોડું ઘણું સૈન્ય હતું તે ઘેરાઈ તાબે થયું.

નેસ્બીના વિજયની સાથે આધુનિક ઇંગ્લેંડનો આરંભ થયો. જુની વસ્તુઓ ધીમે ધીમે હઠી ગઇ. અને નવી વસ્તુઓ ખડી થઈ. રાજ્યતંત્ર અને ધર્મને લગતા પ્રશ્નો પ્રજાકીય સામાન્ય વિષય થવા લાગ્યા. ઇગ્લેંડના સામાજીક, રાજકીય અને ધાર્મિક જીવનને વિભક્ત કરનારા નિરંકુશ અને પ્રેસ્બિટેરિયન, વ્હીગ અને ટોરી, લિબરલ અને કોન્ઝર્વેટીવ એવા વિવિધ પક્ષો પડયા છે તેનું મૂળ અહીં છે. રાજકીય પુરાતનપણું અને રાજકીય પ્રગતિ વચ્ચેનો, તથા ધાર્મિક એકતા અને ધાર્મિક નિરંકુશતા વચ્ચેના ઝગડા આ સમય થી આરંભાયા.

પિમ આદિએ ચાર્લ્સ સાથે જે ટંટો માંડયો હતો તેનો એક ઉદ્દેશ એ હતો કે ધર્મ ખાતામાં ઇલિઝાબેથના સમયમાં જે સ્થિતિ

હતી તે પાછી આણવી અને લોડ સાહેબે જે 'ગરબડાધ્યાય' દાખલ કર્યો હતો તે રદ કરવો. આ શિવાય બીજી પાર્લમેન્ટની માંગણી ન હતી. પાર્લમેન્ટે સ્કૅાટ પ્રેસ્બિટેરિયનોનો કૅાવેનન્ટ સ્વીકાર્યો તે કેવળ બિશપોએ પોતાની આવક અને અધિકાર કમી કરવા ના પાડી તેથી, સ્કૅાટલોકોની સહાયની આવશ્યકતાને લીધે, અને બિશપોના રાજકીય વલણને પરિણામે અશક્ય બનેલા જુના રાષ્ટ્રધર્મને સ્થાને નવી ધર્મવ્યવસ્થ ઉભી કરવા માટેજ. વળી પ્રેસ્બિટેરિયન પંથના સ્વીકાર વિષે આંગ્રેજોને બહુ વાંધો ન હતો. બિશપો આવશ્યક છે એ સિદ્ધાંત બહુ થોડાનેજ કબુલ હતો. આથી પાર્લમેન્ટે પ્રેસ્બિટેરિયન પંથ સ્વીકાર્યો, અને તેને રાષ્ટ્રધર્મ તરીકે સ્થાપ્યો. તેનો અસ્વીકાર કરનારા સામે જાતાના જુના કાયદા લાગુ પાડવામાં પાર્લમેન્ટે રાજા કરતાં જરાએ ઓછી સખ્તાઇ દર્શાવી નહિ.

**નિરંકુશ પંથ.** પ્રજા વિગ્રહ દરમ્યાન ધાર્મિક નિરંકુશતાનું બળ વધ્યું હતું. નિરંકુશ પંથનો મત એવો હતો કે રાજ્યમાં તેમજ ધર્મમાં પ્રજાની ઇચ્છાને પ્રાધાન્ય મળવું જોઇએ. પ્રભુએ સૌને સરખાં સર્જ્યાં છે તો એકને બીજા ઉપર સત્તા ચલાવવાનો અધિકાર આવ્યો કયાંથી? ક્રૅામ્વેલને ધર્મ છુટનો સિધ્ધાંત પસંદ હતો. તેના આગ્રહને લીધેજ પાર્લમેન્ટમાં એવો ઠરાવ થયો હતો કે સૈનિકોને કૅાવેનન્ટ સ્વીકારવાની ફરજ પાડવી નહિ. અને વિગ્રહ દરમ્યાન નિરંકુશીઓજ બહુ ખપ લાગ્યા હતા. પણ હવે લડાઇ પુરી થયાથી ગરજ સરી અને વૈદ વેરી એવું પાર્લમેન્ટે કર્યું. રાષ્ટ્ર ધર્મ ન સ્વીકારનારાઓ ઉપર બળાત્કાર શી રીતે કરવો એ

વિષે વિચાર ચાલ્યો. પરંતુ તેમને સૈન્યની ભીતિ હતી કેમકે તેમાં નિરંકુશીઓનું બળ વિશેષ હતું.

દરમ્યાન રાજા આ બંને પક્ષ સાથે મસલત ચલાવતો હતો. તેમની વચ્ચેનો ભેદ વધે તેમાં તે રાજી હતો કેમકે બેની લડાઇમાં ત્રીજાનું ફાવે એમ હતું. એટલામાં ફેરફેક્સ ઓકસફર્ડ તરફ ધસી આવે છે એ સાંભળી તે છેક હતાશ થઇ ગયો અને છુપે વેશે નાસી સ્કોટ છાવણીમાં પહોંચ્યો. ત્યાં તેનો સત્કાર થયો. સ્કોટ લોકોએ પાર્લમેન્ટને સલાહ કરવા માટે કહાવ્યું. કેટલીક રકઝક થયા બાદ અંતે ચાર લાખ પાઉંડ લઇ તેમણે રાજાને ઇંગ્લીશ પાર્લમેંટના હાથમાં સુપ્રત કર્યો. પરંતુ ઉપર દર્શાવ્યા મુજબ, પાર્લમેંટમાં સંપ ન હોવાથી આ સ્થિતિનો લાભ બરાબર લઇ શકાયો નહિ.

પાર્લમેંટે એવો ઠરાવ કર્યો કે સૈન્યને રજા આપવી. પરંતુ સૈન્યની ઇચ્છા જુદીજ હતી. આ સૈન્યમાંના સૈનિકો દુનિયાના કોઇ પણ સૈનિકો કરતાં નિરાળા હતા. તેઓ ઘણા ખરા ખેતી કે વેપાર કરનારા યુવકો હોઇ પોતાને ખર્ચે જોડાયા હતા. તેમના બાર બાર મહિનાના પગાર બાકી હતા. તેઓ ઘણા ખરા ભક્તિપરાયણ હોઇ ઇશ્વરી પ્રેરણાથીજ યુદ્ધમાં સામેલ થયા હતા. જે ધર્મ સ્વાતંત્ર્ય માટે તેમણે ચાર ચાર વર્ષ યુધ્ધનાં અપાર સંકટો વેઠયાં હતાં, અને પોતાનાં લોહી રેડયાં હતાં તે ધર્મસ્વાતંત્ર્ય નિર્ણય થયા વિના તેઓ વિખેરાવા તૈયાર ન હતા. તેમની માંગણીનો અસ્વીકાર થતાં સમાધાનની આશા ભંગ થઇ અને સૈનિકો વિફર્યા. વળી

એવી વાત આવી કે રાજાને લંડન લાવી, નવું સૈન્ય ઉભું કરી પાર્લમેંટ બીજો પ્રજાવિગ્રહ શરૂ કરવા માંગે છે. એ સાંભળી સૈનિકો ક્રોધાંધ બન્યા.

જોઇસ નામનો જમાદાર પાંચસોની પલટન લઇ રાજાને મુકામે પહોંચ્યો, ત્યાં પાર્લમેન્ટ તરફથી રક્ષકો મુકાયા હતા તેમને કાઢી મુકયા, અને રાજાને પોતાની સાથે લીધો. આ સમાચાર સાંભળી પાર્લમેન્ટ ભયભીત બની અને ક્રોમ્વેલપર સખત હુમલા થયા. તેના પર એવો આરોપ મુકાયો કે સૈન્યને ઉશ્કેરનાર તુંજ છે. પાર્લમેન્ટનો કોપ જોઇ તે નાસી છુટયો અને સૈન્યને જઇ મળ્યો. પછી સૈન્યે પાર્લમેન્ટ પ્રત્યે પોતાનું વિનંતિપત્ર મોકલ્યું. તેઓએ કહાવ્યું કે પાર્લમેન્ટની હમે નક્કી થએલું પ્રજાસ્વાતંત્ર્ય અમે ઇચ્છીએ છીએ. મુલ્કી વહીવટમાં અમે ફેરફાર કરાવવા ઇચ્છતા નથી. રાજ્ય થાળે પડે એ અમારી અભિલાષા છે. અમે ધર્મછુટ માંગીએ છીએ. આ ઉપરાંત પ્રેસ્બિટેરિયન પક્ષના અગીઆર મુખ્ય સભ્યો ની રાજદ્રોહી તરીખે તપાસ કરવા તેમણે માંગણી કરી. પરંતુ આનું કાંઈ ફળ આવ્યું નહિ.

હવે પાર્લમેન્ટને પડતી મુકી સૈન્યે રાજા સાથે સુલેહ કરવા વિચાર કર્યો. તેમની મુખ્ય માંગણી એ હતી કે (૧) લશ્કર અને નૌકાનું સ્વામિત્વ તથા મોટા અધિકારીઓની નીમણુક પાર્લમેન્ટને સોંપવાં. (૨) રાષ્ટ્ર ધર્મ ચાહે તે રાખો પણ આચાર્યોના હાથમાં બળાત્કારની સત્તા રાખવી નહિ. (૩) સાત મુખ્ય અપરાધી શિવાય બંને પક્ષના સર્વ પુરૂષોને ક્ષમા આપવી.

પાર્લમેંટે થોડા સમય પર જે માંગણી રજુ કરી હતી તે આના પ્રમાણમાં વધુ સખત અને દ્વેષ ભરી હતી પરંતુ ચાર્લ્સે નાદાની વાપરી આ માંગણી પણ ના કબુલ કરી. તેની દાનત જુદીજ હતી. સૈન્યના અમલદારો સાથે મસલત ચાલતી હતી તે વેળા તે પાર્લમેંટ સાથે, લંડન નગર સાથે, સ્કોટ લોકો સાથે, અને આયર્લેન્ડના કેથોલિકો સાથે સહાય માટે ગુપ્ત ખટપટ કરતો હતો. ક્રોમ્વેલ વિગેરે અમલદારોને ખાત્રી હતી કે રાજા સાથે સમાધાન કરવામાં ફાવીશું. પરંતુ એટલામાં રાજા એકાએક તેમના પંજામાંથી છટકી ગયો.

અત્યાર સુધી ક્રોમ્વેલે સૈન્યને મહા મુશીબતે અંકુશમાં રાખ્યું હતું. હવે તેને વશ રાખવું અશક્ય થઇ પડયું. સૈનિકો હવે ખૂબ આકળા થઇ ગયા. ચાર્લ્સ નાસી કેરિસ્બ્રુક ગઢ તરફ ગયો પરંતુ ત્યાંના કિલ્લેદારે તેને પરહેજ કર્યો. અહીં રહ્યા રહ્યા તેણે એવી ગુપ્ત સંધી કરી કે સ્કોટ લોકો ઇંગ્લેંડ પર સ્વારી લઇ આવે. વળી અપ્રિય એવા ધાર્મિક અને રાજકીય ફેરફારોના ડરથી પાર્લમેંટના ઘણા સભ્યો રાજપક્ષમાં સામેલ થયા. પાર્લમેન્ટ પક્ષના જુના અમલદારોએ વેલ્સમાં રાજાની ધજા ફરકાવી. ઠેર ઠેર બળવા જાગ્યા આ વેળા પ્રસંગ સાધી પાર્લમેંટ રાજા તરફ ઢળી ગઇ અને તેની સાથે પાછી મસલત ચાલુ કરી. ધાર્મિક બળાત્કાર વિષેનો ઠરાવ જે આજ સુધી ક્રોમ્વેલ આદિએ અટકાવી રાખ્યો હતો તે બહોળી બહુમતિથી પસાર થયો. પાર્લમેંટની ધારણા એવી હતી કે રાજાની ફ-તેહ થતાં ધર્મ ઐક્યનો અમલ કરી શકાશે.

પરંતુ સેના પોતાની સામે આવેલા સંકટને ટક્કર દેવા રાની પશુના જેવી ઝનુની બની હતી. અત્યાર સુધી તેને સમાધાનીની આશા હતી તે વિનાકારણના યુદ્ધની જાગ્રતીથી નાબુદ થઇ. બળવાખોરો સામે પ્રયાણ કરતી વેળા આખી સેનાએ પ્રભુ પ્રાર્થના કરી એવો ઠરાવ કર્યો કે ઇશ્વરેચ્છાથી કદી આપણે આ યુધ્ધમાંથી પાછા ફરીએ તો પ્રભુપક્ષ અને રાંક રૈયત વિરૂધ્ધ પોતાથી બનતું કરનાર તથા દેશમાં લોહીની નદીઓ વહેવડાવનાર ખુની ચાર્લ્સ સ્ટુઅર્ટને આ રક્તપાત માટે પુરેપુરી સજા કરવી એ આપણું કર્તવ્ય છે.

**બીજો પ્રજા વિગ્રહ.** ફેરફેક્સે કેન્ટમાંનો બળવો દાબી દીધો. ક્રોમ્વેલે વેલ્શ બળવાખોરોની ખબર લીધી. બાદ ઉત્તરમાં સ્કોટ સૈન્ય ધસી આવ્યાથી ક્રોમ્વેલ તે દિશામાં ગયો અને તેમને પ્રેસ્ટન આગળ સખત હાર ખવડાવી. આ વિજય મેળવી તે ઠેઠ એડિનબરો સુધી ધપી ગયો અને ત્યાં અમલ બેસાડયો. પછી એકાએક મહત્ત્વની ખબર સાંભળી તે ઇંગ્લેંડ પાછો ફર્યો. આ વેળા પાર્લમેન્ટ ચાર્લ્સ સાથે વિષ્ટિ ચલાવવા તલપાપડ થઇ રહી હતી. પરંતુ રાજાએ તેની શરતો સ્વીકારી નહિ. સ્કોટલેન્ડની સહાય વ્યર્થ થએલી જોઇ રાજાએ આયર્લેન્ડના કેથોલિકો તરફ ગુપ્ત સંદેશા મોકલ્યા. સંધીનો આ અમૂલ્ય પ્રસંગ ગુમાવ્યો એ રાજા અને પાર્લમેંટ બંનેના દુરાગ્રહ સૂચવે છે. એવામાં ક્રોમ્વેલની સેના જે હવે બંનેના શત્રુરૂપ હતી તે ઉત્તરમાં વિજયના ડંકા વગડાવી લંડન આવી પહોંચી. તેણે પાર્લમેંટને લખી મોકલ્યું કે રાજા સાથેની મસલત એકદમ બંધ કરવી, ચુંટણીની પદ્ધતિમાં સુધારો કરવો, નવી પાર્લમેંટ બોલાવવી, સર્વ બાબતોમાં પાર્લમેંટને સર્વોપરી

ગણવી, રાજાની જરૂર જ હોય તો તે પાર્લમેંટની પસંદગીનો અને તેના અંકુશ હેઠળ રહે એવો જોઈએ; અને જે પુરુષ આપણા સર્વ સંકટોનું મૂળ છે, જેના હુકમ અને જેની ઉશ્કેરણીથી આ સર્વ લડાઈઓ અને આફતો પેદા થઈ, તે પુરૂષને દેશદ્રોહ, ખુનરેજી અને ખરાબીઓના અપરાધસર અદાલતમાં ઘસડવો જોઈએ. આવી માંગણીઓ જોઇ પાર્લમેન્ટ તો સડક થઈ ગઇ. પ્રેસ્બિટેરિયન સભ્યોએ એ વિષે સખત વિરોધ કર્યો. અત્યાર સુધી જેઓ રાજા વિરૂદ્ધ હતા તેમાંના ઘણા તેના પક્ષમાં ભળ્યા. સૌ કોઇને એમ થયું કે ગમે તે ભોગે રાજા સાથે સમાધાન કરી નાંખવું. આ સાંભળી સૈન્યે પાર્લમેન્ટને તોડી પાડવાનો વિચાર કર્યો. પ્રાઇડ નામનો ફોજદાર આમસભાના દ્વાર આગળ ખડો થયો, અને પ્રેસ્બિટેરિયન સભ્યોમાંના મુખ્ય ચાળીશને તેણે પ્રવેશતાં જ પરહેજ કર્યા. એક સભ્યે પૂછ્યું કે મને કયા અધિકારથી પકડો છો? તેના ઉત્તરમાં સૈનિકે કેડમાંની સમશેર તરફ આંગળી બતાવી કહ્યું કે 'આના અધિકારથી.' હજુ સભાએ પોતાનો મમત છોડયો નહિ એ જોઈ બીજે દિવસે બીજા ચાળીશ સભ્યોને બહાર કાઢયા. હવે બાકી રહેલા સભ્યો નમી પડ્યા. આ રીતે પ્રજાવિગ્રહમાંના બે મુખ્ય પક્ષ, રાજા અને પાર્લમેન્ટ બન્ને ખલાસ થયા. ૧૪૦ જેટલા સભ્યો બરતરફ થયેલા હોવાથી આમસભા માત્ર નામની જ હતી. સૈન્ય સાથે સહકાર કરે એવા બાકી રહેલા સભ્યો લોકમતના પ્રતિનિધિ ન હતા. આમસભાના આવા વેશ થયા અને ઉમરાવ સભા સાવ બંધ પડી. આ કાર્યને ઇતિહાસમાં પ્રાઈડનો જુલાબ એવું નામ અપાયું છે.

હવે જે પચાશેક સભ્યો રહ્યા હતા તે સર્વ નિરંકુશપંથી હોઇ તેમણે રાજાની તપાસ માટે ૧૪૦ પુરૂષોનું કમિશન નીમ્યું અને તેનું પ્રમુખપદ બ્રેડશો નામના હોશિયાર કાયદાશાસ્ત્રીને આપ્યું. ઉમરાવોએ આ કાર્યમાં ભાગ લેવા ના પાડી ત્યારે આમસભાએ એમ ઠરાવ્યું કે લોકસત્તા કેવળ ઇશ્વરસત્તાથી જ ઉતરતી હોવાથી લોકોને પ્રતિનિધનારી આમસભા સર્વોપરી છે. તેના ઠરાવ, ભલે તેને રાજા કે ઉમ ાની સંમતિ ન મળી હોય છતાં, કાયદેસરના ગણાશે.

કોર્ટની બેઠકને દિવસે માત્ર ૬૯ કમિશનરો હાજર થયા. રાજાએ આ કોર્ટની સત્તાનો ઇન્કાર કર્યો તથા તેની સમક્ષ બચાવ કરવા ના પાડી. છતાં સાક્ષીઓની જુબાની લેવાઇ અને અંતે એવો ચુકાદો અપાયો કે જુલમગાર, દેશદ્રોહી, ખુની, અને દેશશત્રુ હોવાથી ચાર્લ્સ સ્ટુઅર્ટનો શિરચ્છેદ કરવો. વાસ્તવિક રીતે આ તપાસ ફારસ જેવી હતી. કેમકે ઇંગ્લેંડના કાયદા મુજબ આ કાર્ય આમસભા, ઉમરાવસભા, અને રાજા એ ત્રણેની સંમતિથી જ થઈ શકે. આમાં ઉમરાવસભાની સંમતિનું નામ ન હતું, રાજા તો અપરાધીના પાંજરામાં ખડો થયો હતો, અને જે આમસભાએ આ કાર્ય મંજુર કર્યું તે કેવા પ્રકારની હતી તે આપણે જોઇ ગયા.

પોતાનાં બે બાળકો ઇંગ્લેંડમાં હતાં તેમને વહાલથી છેલ્લીવેળા ભેટી લઈ ચાર્લ્સ શાંતિથી, દૃઢતાપૂર્વક અને નીડરપણે વધસ્તંભ પર ચઢી ગયો. કુહાડાના એકજે ઘાએ ચંડાળે તેનું શિર ધડથી

જુદું કર્યું. આ દૃશ્ય જોઇ ત્યાં ભેગા થએલા લોકોએ દયા અને ત્રાસના દીર્ઘ નિશ્વાસ નાંખ્યા.

અભાગીઆ ચાર્લ્સનો આવો દયાજનક અંત આવ્યો એ વાત રાજગાદીએ વિરાજનારા પુરૂષોને ભયંકર ધડા સમાન છે. પ્રજામતની અવગણના કરવાથી કેવું માઠું પરિણામ આવે છે તે ચાર્લ્સનું જીવન અને મરણ ખુલ્લી રીતે સમજાવે છે. પૂર્વેના સમયમાં અન્યાયની લાગણી, તાબે થવાની ટેવને લીધે ઝટ શમી જતી હતી; તે સમયમાં જો ચાર્લ્સ જન્મ્યો હોત તો તેના રાજ્યમાં સ્વાભાવિક રીતે સ્વાતંત્ર્યનો ભંગ ઓછો થાત. ચાર્લ્સ આટલો બધો આપખુદી બન્યો તેનું કારણ એ છે કે તેની સામેનો વિરોધ ઉત્તરોત્તર વધતો ગયો. એક જુલ્મી કાર્યનો વિરોધ થતાં તેને બીજો જુલમ કરવો પડતો અને એ રીતે તેના જુલમ દિન પર દિન વધતા ગયા.

રાજાનો દોષ કાઢીએ તેની સાથે તેના મુખ્ય વિરોધીઓના વર્તન વિષે આપણાથી ઢાંકપીછોડો થઇ શકે નહિ. જે ક્ષણથી પ્રજાયુદ્ધ અનિવાર્ય બન્યું તે ક્ષણથી તેઓ માન મર્તબો અને પ્રમાણિકપણાની મર્યાદામાંથી મુક્ત થયા હોય એમ વર્તતા. લોકો ઉશ્કેરવામાં તેઓ અસત્ય અને બદફેલીનો ઉપયોગ કરવા ચુકતા નહિ અને રાજા કરતાં હજાર દરજ્જે વધારે આપખુદી અને ત્રાસ વર્તાવતા. માત્ર શક ઉપર તેઓ લોકોને સજા કરતા અને કાયદાને પણ કોરાણે મુકતા. આવી રીતે જે પુરૂષોએ પ્રજાહક અને ન્યાયને

ખાતર પોતાની સમશેર ઉઠાવેલી તેજ પુરૂષોના અમલમાં પ્રજાહક્ક અને ન્યાયને તિલાંજલી દેવાએલી.

વળી ચાર્લ્સનું મોત પ્રજાના વેરને લીધે થયું તે કહેવું કેવળ અસત્ય છે. પ્રજા તો પોતાની જીત થઇ તેથી સંતુષ્ટ હતી; તે કેદી રાજાના લોહીની તરસી ન હતી; તે તો અમુક મર્યાદા નક્કી કરી ચાર્લ્સને ગાદી સોંપવા પણ રાજી હતી. રાજાનો શિરચ્છેદ કરાવનારા તો થોડા ઉછાંછળા, ઉતાવળીઆ અને સત્તાલોભી પુરૂષો હતા. જેઓ રાજાના ન્યાયાધીશ રૂપે નીમાએલા તેમાંના માત્ર અર્ધા મહા મહા દબાણથી હાજર થયા હતા, અને મોતના વોરંટ પર સહી કરતાં તેમાંના ઘણાને દુઃખ થયું હતું.

---

# પ્રકરણ ૯

## પ્રજાસત્તાક રાજ્ય ૧૬૪૯–૧૬૬૦

**નવું રાજ્ય.** ચાર્લ્સનું મોત થતાં સર્વ સત્તા સૈન્યના હાથમાં આવી. આમસભામાં એંશીએક સભ્યો હતા તેમણે ઉમરાવસભા રદ કરી અને ઠરાવ કર્યો કે રાજાની કશી જરૂર નથી. પછી તેમણે દેશનો કારભાર ચલાવવા ચાળીશ પુરૂષોની કાઉન્સિલ નીમી અને ઈંગ્લેંડ પ્રજાસત્તાક રાજ્ય છે એમ જાહેર કર્યું. ફેરફેક્સ અને વેઇન જે પહેલાં રાજવધ કરવા વિરૂધ્ધ હોઈ ખસી ગયા હતા તે હવે

પાછા આવ્યા તથા રાજકાજમાં ભાગ લેવા લાગ્યા. આકરો, ધર્માંધ; અને એકેએક કાર્યમાં બાઇબલના વચનોથી દોરવાતો ક્રોમ્વેલ એ મંડળમાં હતો. રાજાની તપાસ ચલાવનારા કમિશનનો પ્રમુખ બ્રેડશૉ, અને ક્રોમ્વેલનો જમાઇ આયર્ટન પણ તેમાં હતા. આ પુરુષો અગ્રેસરો હતા અને તેમના સાથમાં ઘણા પ્રમાણીક વિપ્લવવાદીઓ હતા.

**મુશ્કેલીઓ.** તેમનું કામ કઠણ હતું. આખા યુરોપમાં રાજહત્યાના સમાચારથી કમકમાટ વ્યાપ્યો હતો. સ્પેઇનમાં અંગ્રેજ વકીલનું ખુન થયું. રશીઆના બાદશાહે અંગ્રેજ વકીલને પોતાના દરબારમાંથી કાઢી મુકયો. ફ્રાન્સે પોતાના વકીલને ઈંગ્લેંડથી બોલાવી લીધો. પ્રોટેસ્ટન્ટ રાજ્યો પણ નારાજ થયાં. હોલેન્ડે પ્રગટ શત્રુતા આરંભી. ત્યાંના ઠાકોરે પાટવી કુંવરને બીજા ચાર્લ્સ તરીકે સ્વીકાર્યો અને તેને આશ્રય આપ્યો. સ્કોટલેન્ડમાં આર્ગાઇલે બીજા ચાર્લ્સની આણ ફેરવી અને તેને રાજ્યારોહણ માટે આમંત્રણ મોકલ્યું. આયર્લેન્ડના પોણા ભાગના લોકો રાજપક્ષમાં હતા. ત્યાં ડ્યુક ઓફ ઓર્મન્ડે કેથોલિકો, રાજપક્ષવાળા, અને અલ્સ્ટરના કેટલાક પ્રોટેસ્ટન્ટોને પણ એકત્રિત કરી ચાર્લ્સને આમંત્રણ મોકલ્યું. વળી રૂપર્ટ થોડાં વહાણો લઈ અંગ્રેજ વેપારીઓ ઉપર હલ્લા કરવા નીકળી પડયો. ખુદ ઇંગ્લેંડમાં ભારે કરવેરાથી, તથા લુંટારા અને બેકાર બનેલા સૈનિકોના જુલમથી પ્રજા ઘણી અસંતુષ્ટ હતી. આ અશાંતિમાં ઉમેરો કરનારું "ચાર્લ્સ રાજાનું જીવન ચરિત્ર" એ નામનું પુસ્તક બહાર પડયું. આ પુસ્તકમાં રાજાની ભક્તિ અને તેના સંકટોનું આબેહુબ દયાજનક સુંદર વર્ણન

હોવાથી ઘણા લોકો ચાર્લ્સને ગાદીરૂપે માનવા લાગ્યા, તથા પ્રજા યુદ્ધ પહેલાનો જુનો જમાનો ફરી આવે એવી ઇચ્છા ખુલ્લી રીતે દર્શાવવા લાગ્યા. આ સર્વ મુશ્કેલીઓને લીધે કારભારી મંડળ પાર્લમેન્ટ વિસર્જન કરતાં અને નવી ચુંટણી કરતાં ડરતું હતું. બીજી બાજુએ પેલી ભાંગીતુટી પાર્લમેન્ટે કાયમ બનવાનો અને જેમ ચાલતું હતું તેમ ચાલવા દેવાનો નિશ્ચય કર્યો. સૌથી મોટું કામ આયર્લેન્ડને ઠેકાણે આણવાનું હતું તેથી ક્રોમ્વેલને સૈન્ય લઇ ત્યાં જવું પડયું. આખું સૈન્ય ૧૬૪૧ ની આયરિશ કતલનું વેર લેવા તલસતું હતું. ક્રોમ્વેલ ત્યાં પહોંચ્યો ત્યારે ડબ્લિન શિવાયનો તમામ પ્રદેશ બંડખોરોએ સર કર્યો હતો. ત્રણ મહિનામાં તે આખા દેશનો ધણી બન્યો. પરંતુ આ કામ કરવામાં તેણે રાક્ષસી નિર્દયતા વાપરી. તે જાણતો હતો કે કામ સત્વર પતાવવાનું છે. તેણે એક પછી એક શહેરો કબજે કરવા માંડયાં અને દરેક સ્થળે કત્લે આમ ચલાવી. એક શહેરના ઘેરા વિષે તેણે પોતે લખ્યું છે કે "આપણા આદમી અંદર દાખલ થયા કે મેં તેમને આજ્ઞા કરી કે એકેએક શત્રુને કાપી નાંખો, આખા શહેરમાં એકે સશસ્ત્ર પુરૂષને જીવતો મુકવાની મેં ચોખ્ખી મના કરી. પરિણામે તે રાત્રે આશરે બે હજાર માણસ કપાયાં હશે." કેટલાક નાસી એક દેવળમાં ભરાયા, તો તે દેવળ સળગાવી દીધું. બાકીના સૈનિકો ભુખમરાને લીધે શરણે આવ્યા ત્યારે તેમાંના અમલદારોના ડોકાં ઉડાવી દીધાં. દશમા ભાગના સૈનિકોને ઠાર કર્યા, અને બાકીનાને વહાણ પર ચઢાવી ગુલામ તરીકે બાર્બેડોઝ ટાપુ મોકલી દીધા. ઉત્તરપ્રદેશમાં આવા જુલમ વર્તાવી તે દક્ષિણ તરફ ગયો. ત્યાં પણ તેણે એવીજ કતલ

ચલાવી. આવા આસુરી વર્તનથી આખું આયર્લૅન્ડ ક્રોમ્વે-લના નામથી થરથરી ગયું. યુદ્ધના કેદીની, આ સ્વારી દરમ્યાન થયેલી કતલ અક્ષમ્ય મહાદોષ લેખાય. એ કતલમાં અસંખ્ય પાદરીઓને શોધી શોધીને માર્યા હતા. ક્રોમ્વેલનો અસલ ઉદ્દેશ જ કેથોલિક પ્રજાનું સત્યાનાશ વાળવાનો હતો. તેના ત્રાસથી કંટાળી ત્રીશ ચાળીશ હજાર સશકત કેથોલિકોએ સ્પેઇન, ફ્રાન્સ, વિગેરેના સૈન્યમાં નોકરી લીધી અને આગળ ઉપર બહાદુરી માટે ઘણી નામના મેળવી. રોગથી, યુદ્ધમાં અને કતલમાં મુએલા પુરૂષોનાં બાળબચ્ચાંને વેસ્ટ ઈંડીઝના ટાપુઓમાં ગુલામ રૂપે વેચ્યા. એક બાજુએ કેથોલિક પક્ષ કમી થતો હતો ત્યારે ઇંગ્લેંડ અને સ્કોટલેન્ડથી પ્રોટેસ્ટન્ટ સંસ્થાનીઓ આવે જતા હતા. આપ્રમાણે આયર્લૅન્ડમાં એકતાળીશનું વેર ઓગણપચાશમાં ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે લેવાયું. ઉપર મુજબ આયર્લૅન્ડને ઠેકાણે લાવતાં નવ મહિના ગયા. દરમ્યાન કારભારી મંડળ ઇંગ્લેંડમાં કારભાર ચલાવતું હતું. નોકાની સરદારી હેન્રી વેઇનને સોંપાઇ અને તેના હાથ નીચે ભવિષ્યમાં પ્રખ્યાત બનનાર બ્લેઇક હતો.

**સ્કોટલેન્ડ.** ટુંક સમયમાં એક નવી મુશ્કેલી ઉભી થઇ. ચાર્લ્સ કુંવર સ્કોટલેન્ડમાં આવી પુગ્યો છે એવા સમાચાર મળ્યા. ચાર્લ્સે પ્રેસ્બિટેરિયન પંથનું રક્ષણ કરીશ એવું વચન સ્કોટલોકોને આપેલું હોવાથી તેઓ તેને માટે લડવા તૈયાર થયા. તેમની સરદારી લઇ ચાર્લ્સ ઇંગ્લેંડ પર ચઢી આવે તો કેટલી ખરાબી થાય તે કારભારી મંડળ સારી પેઠે સમજતું હતું. ફેરફેક્સને સરદારી લેવા કહેવામાં

આવ્યું ત્યારે તેણે એવો ઉત્તર વાળ્યો કે સ્કોટલેંડોને આપેલું વચન ભંગ કરવાનો તેમને કશો અધિકાર નથી. તેઓ જો ઇંગ્લેંડપર ચઢાઈ લઇ આવે તો વાત જુદી છે; સ્કોટલેંન્ડ પર સામી ચઢાઇ લઇ જવામાં હું સામેલ નહિ થાઉં. પરિણામે ક્રોમ્વેલને આયર્લેન્ડથી બોલાવી લઇ તેને સેનાધિપતિ નીમ્યો. તે લંડન આવ્યો ત્યારે લોકોએ તેને હર્ષના પોકાર સાથે વધાવી લીધો. ત્યાર પછી ૧૬૦૦૦ નું સૈન્ય લઇ તે ઉત્તર તરફ ઉપડયો. આયર્લેંડમાં તેણે કરેલી ક્રૂરતાની કીર્તિ સ્કોટલેંડ પહોંચી ચુકી હતી. તેથી તેણે સરહદ ઓળંગી અને તેના આગમનનું નામ પડયું કે લોકોએ નાસભાગ કરવા માંડી. આખાં ગામનાં ગામ ઉજ્જડ બની ગયાં. પરિણામે સાધન સામગ્રી સારૂ તેને અંગ્રેજ કાફલો, જે કાંઠે કાંઠે આવતો હતો તેના પર આધાર રાખવો પડયો. તેને ડન્બાર બંદરે આવવું પડયું. સામા સૈન્યના સરદારે પોતાનું સૈન્ય એક ટેકરીવાળા ઉચ્ચ સ્થળે ગોઠવ્યું. આથી ક્રોમ્વેલની સ્થિતિ બહુ ભયંકર થઇ પડી. હવા પાણી પ્રતિકુળ અને સાધનોના અભાવને સબબે તેના સિપાઇઓમાં માંદગી અને ભુખમરો ફેલાતાં હતાં. જ્યાં સુધી શત્રુ ટેકરી પર હતા ત્યાં સુધી તેનાથી હુમલો થાય એમ ન હતું. પરંતુ તેનાં સદ્ભાગ્યે શત્રુએ અધીરા થઇ પોતાનું સ્થાન છોડયું અને ડન્બાર તરફ કૂચ કરી. આ લાગ જોઇ શત્રુ આવી પહોંચે ત્યાર પહેલાં ક્રોમ્વેલે તેના પર મળસકાનો વખત સાધી છાપો માર્યો. થોડો વખત ઝપાઝપી થયા બાદ સ્કોટ લોકો ગભરાટમાં ને ગભરાટમાં જેમ ફાવે તેમ અને જ્યાં ફાવ્યું ત્યાં નાઠા. તેમનું સૈન્ય ખાખાખીખી થઇ ગયું અને એક કલાકમાં તો બેલ ખલાસ થઇ ગયો. પછી તે આગળ

વધ્યો. તેને આવતો સાંભળી એડિનબરોના દરવાજા ઉઘડયા અને તેણે તે નગરનો કબજો લીધો. છતાં હજુ તેને એક વર્ષ લડવું પડયું. સ્કોટ લોકોએ એક નવું સૈન્ય ઉભું કર્યું અને ચાર્લ્સનો રાજ્યાભિષેક કર્યો. આ સૈન્ય લઇ ચાર્લ્સે ઇંગ્લેંડ તરફ પ્રયાણ કર્યું. ક્રોમ્વેલે જાણી જોઇને તેને લલચાવવા એ માર્ગ અરક્ષિત રાખ્યો હતો. હવે ચાર્લ્સ આગળ અને ક્રોમ્વેલ પાછળ એ પ્રમાણે બન્ને સૈન્ય ઇંગ્લેંડમાં દાખલ થયાં. અહીં ચાર્લ્સનો પક્ષ લેવાની કોઇની હિંમત ચાલી નહિ વુર્સ્ટર આગળ લડાઇ થઇ તેમાં ચાર પાંચ કલાકની સખત અથડાઅથડીને અંતે સ્કોટ સૈન્યનો સંપુર્ણ પરાજય થયો. ચાર્લ્સ રણક્ષેત્રમાંથી નસી છૂટયો અને મહિનાના મહિનાસુધી છુપે વેશે રખડી આખરે ફ્રાંસ ચાલી ગયો. આ રીતે પુર્વેના મોટા મોટા રાજાઓ જે કાર્ય નહિ કરી શકેલા, તે સ્કોટલેંડ અને આર્યલેંડને સંપુર્ણતઃ વશ કરવાનું કાર્ય ક્રોમ્વેલ કરી શકયો.

ડચ વિગ્રહ. હવે ઇંગ્લેંડના નવા રાજ્યને પરરાજ્યો કાયદેસર રાજ્ય તરીખે સ્વીકારવા લાગ્યાં. ડન્બારે પરરાજ્યોનાં વલણ પલટયાં. વળી આ અરસામાં બ્લેઇકે દરિયાઇ લડાઇમાં રૂપર્ટને ફટકાવ્યો. અને ડચ લોકો ચાર્લ્સને મદદ કરતા હોવાથી વેઇને તેમના પર ઘા કરવાનો તથા અંગ્રેજી રાજનૌકા વધારવાનો સંકલ્પ કર્યો. હોલેંડને લડાઇમાં ઉતારવા અંગ્રેજ પાર્લમેંટે નૌકાનયનનો કાયદો કર્યો. આ કાયદામાં એ મતલબ હતી કે બ્રિટિશ ટાપુઓમાં ઉતરતો માલ, મોકલનાર દેશના વહાણોમાં અથવા બ્રિટિશ વહાણોમાં જ આવવો જોઇએ. આ કાર્યથી ડચના વાહન વેપાર પર

ઘાતક ફટકો પડયો અને તેમનો ધંધો અંગ્રેજ વહાણવટીઓને મળવા લાગ્યો. ઉપરાંત અંગ્રેજોએ એવો હક્ક રજુ કર્યો કે ઈંગ્લિશ ખાડીમાં જે પરદેશી વહાણ આવે તેણે પોતાનો વાવટો ઉતારી ઈંગ્લેંડને સલામી આપવી. આમાંથી યુદ્ધ સળગ્યું. સ્પેઈનના અધઃપાત પછી હોલેન્ડ પ્રથમ પંકિતનું દરિયાઈ રાજ્ય બન્યું હતું. બ્લેઇક અંગ્રેજી નૌકા સહિત ઇંગ્લિશ ખાડીમાં હતો ત્યાં વાન ટ્રોમ્પ ડચ કાફલો લઇ ખડો થયો. બાદ ઝપાઝપી થઇ તેમાં ડચ લોકો જીત્યા એટલે તેમણે અંગ્રેજોને દરિયાપરથી ઝાડી કાઢયા છે એમ બતાવવા એક વહાણના સઢપર એક ઝાડુ બાંધી તે વહાણ આખી ખાડીમાં ફેરવ્યું. પણ આ અભિમાન બહુ ટકયું નહિ કેમકે પોર્ટલેન્ડ આગળની લડાઇમાં ભારે નુકશાન સાથે તેમનો સંપૂર્ણ પરાજય થયો. તે દિવસથી આજદિન સુધી ઇંગ્લેંડે દરિયાઇ ઉપરીપણું જાળવી રાખ્યું છે અને ઇલિઝાબેથે આરંભેલી અંતર આધુનિક અંગ્રેજ રાજનૌકાની ઉન્નતિ વેઇન અને બ્લેઇકને ઘણી આભારી છે.

રાજકારભારમાં સડો. આ પ્રમાણે દેશાન્તરમાં પ્રજાસત્તાકનું માન વધતું હતું, ત્યારે ખુદ ઇંગ્લેંડમાં અડચણો ઉભી થતી હતી. જે એંશી સભ્યો પાર્લમેન્ટમાં હતા તેમણે રાજાના મરણ પછી કદી પ્રજાને કાંઇ પુછયું ન હતું; એટલે તેઓ પ્રજાના સાચા પ્રતિનિધિ ગણાય નહિ. તેમનામાંના ઘણા ફેરફેકસ, વેઇન કે બ્રેડશો જેવા પ્રમાણિક ન હોતા. તેઓ પોતાના મિત્રોને સારી સારી જગ્યાઓ આપતા. પોતાથી જુદા ધર્મપંથીઓને, તથા રાજપક્ષવાળા જેઓ તેમને લાંચ રૂશવત ન આપતા તેમને કનડતા. કોઇ કોઇ વેળા

પોતાના લાભ માટે કાયદાનો અનર્થ અને દુરૂપયોગ કરતા. ક્રોમ્વેલે ડન્બાર મુકામેથી તેમને લખ્યું હતું કે "દુઃખીનાં દુઃખ દૂર કરો, રાંક કેદીઓના આર્તનાદ સાંભળો, દરેક વર્ગની સ્થિતિ સુધારો. થોડાકને ધનવાન બનાવવા માટે ઘણાને ધનહીન બનાવવાનો સિદ્ધાન્ત પ્રજાસત્તાકને છાજતો નથી". હવે તે સ્કોટલેન્ડથી પાછો ફર્યો હતો. તેને ઘણો ગેરકારભાર માલમ પડયો અને તેનો અંત આણવા તેણે નિશ્ચય કર્યો. વફાદાર સૈન્યનું બળ હોવાથી તેણે પેલી ઠુંઠી પાર્લમેંટને વિસર્જન થવા અને નવી કાયદેસરની પાર્લમેંટ માટે ચુંટણી કરાવવા કહ્યું. આ પ્રશ્ન ચાર પાંચ વર્ષથી ચર્ચાતો હતો. સભ્યો હા ના હા ના કરી એ વાત ટોલ્લે ચઢાવતા. એક સમયે તેમણે એ શરત કરી કે ત્રણ વર્ષની મુદત પછી નવી ચુંટણી કરાવવી. બીજી વેળા એવી વાત નીકળી કે ચાલુ સભ્યોને કાયમ રાખી બાકીની જગ્યાઓ માટેજ ચુંટણી કરાવવી. મૂળ વાત એ હતી કે અધિકારની સામાન્ય રીત મુજબ એક વખત ભોગવેલા અધિકાર છોડવા તેઓ નારાજ હતા. વળી કેટલાક સભ્યોને એથી આર્થિક લાભ થતો હતો. ઉપરાંત તેમને એવો ભય હતો કે આ પાર્લમેન્ટ વિસર્જન થશે તો સૈન્યનું ચઢી વાગશે અને પ્રજાસત્તાક નષ્ટ થશે. લશ્કરી અમલદારોએ આટલો વખત તો પાર્લમેન્ટ પર વિશ્વાસ રાખી સહન કર્યું પરંતુ હવે તેમની ધીરજ ખુટી ગઇ અને વિશ્વાસ ઉઠી ગયો. આ સ્થિતિ જોઇ ક્રોમ્વેલ એક દિવસે એક લશ્કરી પલટન લઇ આમસભામાં ગયો. સૈનિકોને બહાર ઉભા રાખી પોતે ચુપચુપ પોતાની ખુરશી પર જઇ બેઠો અને ચર્ચા સાંભળવા લાગ્યો. આ સમયે તેઓ પોતાને કાયમ રાખી બાકીની જગ્યા માટે ચુંટણી

કરાવવી એ ઠરાવ વિષે ચર્ચા ચલાવતા હતા. જ્યારે એ ઠરાવ પાસ કરવાની દરખાસ્ત આવી ત્યારે તે એકદમ ઉભો થઇ ગયો અને આમતેમ ફરતાં ફરતાં તેણે મોટે સાદે તેમનાં ગતકાળનાં સારાં કાર્યોનાં વખાણ કર્યાં, અને તેમનાં અન્યાય અને સ્વાર્થપરાયણતાને વખોડયાં. અંતે તે બોલ્યો,— ' બસ, બસ, હવે તમારી ઘડી ભરાઇ ગઇ છે. હું તમારો બકબકાટ બંધ કરીશ. તમે અહીં વધુ વખત બેસો એ યોગ્ય નથી. તમને પાર્લમેન્ટ કોણ કહે ? માટે જાઓ અને વધારે લાયક પુરૂષોને સ્થાન આપો. ", પછી તેના તરફથી નિશાની થતાં સૈનિકો અંદર આવ્યા એટલે સભ્યોએ નાસવા માંડયું. પ્રમુખની ગદા ઉંચકી તેણે કહ્યું " આ રમકડાનું આપણે શું કામ છે ? એને લઇ જાઓ. " આ સર્વ જોઇ સભ્યો તો દિંગ થઇ ગયા. અને વેઇન સિવાય બીજા કોઇમાં બોલવાની તાકાત ન રહી. વેઇને જતાં જતાં કહ્યું " આ પ્રમાણિકતા ન કહેવાય. આ કાર્ય નીતિ અને સચ્ચાઇ વિરૂદ્ધનું છે. " છતાં સર્વે સભ્યોને બહાર કાઢી ક્રોમ્વેલે બારણે તાળુ વાસ્યું અને ચાવી ખિસ્સામાં મુકી. બીજે દિવસે મશ્કરી કરવા કોઈ રાજ્યપક્ષવાળો બારણાં પર એવું પાટીયું લગાડી ગયો કે " હાલમાં ફરનીચર વિનાનું આ ઘર ભાડે આપવાનું છે."

આ રીતે ૧૬૪૦ થી ચાલુ થએલી લાંબી પાર્લમેન્ટ તોડી કાઢી મુકવામાં આવી, છતાં તેની પોતાની સંમતિ વિના તેનું વિસર્જન ગેરકાયદેસર હોવાથી આપણે એને વિષે હજુ સાંભળીશું. સૈન્યના અધિપતિ તરીખે દેશમાં સુલેહ શાંતિ જાળવવાની જુમ્મેદારી ક્રોમ્વેલે લીધી. હજુ તેનો વિચાર એવો હતો કે પ્રજાને

આજબી રીતે પ્રતિનિધિનારી સભા બોલાવી તેને સર્વ સત્તા સોંપવી. પરંતુ આમાં અડચણ એ હતી કે ઈંગ્લેંડના રાજ્ય બંધારણ મુજબ પાર્લમેન્ટ બોલાવી શકે એવી કોઈ સત્તા હયાત ન હતી. આ અડચણ દૂર કરવા તેણે આખા દેશમાંથી દોઢસોએક પુરુષોને પસંદ કરી કામ ચલાઉ સભા ઉભી કરી તથા તેમને રીતસરની પાર્લમેંટની ચુંટણીના નિયમ ઘડવાનું કાર્ય સોંપ્યું. આમાં સ્કોટલેન્ડ, આયર્લેન્ડ, અને વેલ્સ દરેકના છ છ સભ્યો હતા. આ સભાએ પોતાને સોંપેલું કાર્ય પડતું મુકી એટલા બધા સુધારા સુચવ્યા કે કારભારીઓ ગુંચવણમાં પડી ગયા. પરિણામે આ સભાએ પોતાની સત્તા ક્રોમ્વેલને પાછી સોંપી દીધી. બાદ કારભારી મંડળે નવું રાજ્ય બંધારણ ઘડી કાઢ્યું. તેમાં એવું હતું કે ક્રોમ્વેલને દેશ રક્ષક નામવો, તેને સલાહ આપવા એકવીશ મંત્રીઓનું મંડળ રાખવું, અને તેના હાથ હેઠળ ૨૦૦૦૦ પાયદળ અને ૧૦૦૦૦ હયદળ રહેવા દેવું. દર ત્રણ વર્ષે ૪૬૦ સભ્યોની પાર્લમેંટ બોલાવવી, જેમાં ઇંગ્લેંડના ૪૦૦ અને સ્કોટલેંડ આયર્લેન્ડના ત્રીશ ત્રીશ રાખવાના હતા. આવી પાર્લમેંટ પાંચ મહિના લાગલાગટ બેસે અને તેની સત્તા શિવાય ધારા ઘડાય નહિ અને કર નંખાય નહિ. કદાચ દેશરક્ષક તેના કરેલા ઠરાવને સંમત ન થાય તો વીશ દિવસ પછી એ ઠરાવ આપો આપ કાયદા રૂપ બને. ક્રોમ્વેલ જીવે ત્યાંસુધી તે દેશ રક્ષક રહે અને તેના મરણ પછી મંત્રી મંડળ નવો રક્ષક પસંદ કરે; આ નવા રાજ્ય બંધારણમાં બેશક કેટલાક ઉમદા મુદ્દા હતા.

આ પ્રમાણે રાજાના મરણ પછી ફક્ત પાંચ વર્ષમાં રાજ્યની લગામ પાછી એક વ્યક્તિના હાથમાં સોંપવી પડી. શરૂઆતમાં તેની સત્તા મર્યાદિત હતી કેમકે તેના પર અંકુશ રાખનાર મંત્રીમંડળના સભ્યો જીંદગીભરને માટે નીમાયા હતા; અને તેને કાયદા રદ કરવાની સત્તા ન હતી. ઉપરાંત તેને અનેક શત્રુ હતા. રાજપક્ષવાળા, પ્રેસ્બિટેરિયનો, પ્રજાસત્તાકીઓ અનેઉચ્છેદકો સુદ્ધાં વિવિધ કારણોને લીધે તેની વિરુદ્ધ હતા. તેનું ખુન કરી બળવો જગાવવાના અનેક કાવત્રાં નિરંતર રચાતાં હતાં. છતાં આટલું તો કહેવું જોઈએ કે નવી પાર્લમેંટ મળતાં દશ મહિના થયા તે દરમ્યાન તેણે સારી રીતે રાજ્ય ચલાવ્યું. હોલેંડ સાથે ફાયદાકારક સુલેહ કરી; અને ડેન્માર્ક, સ્વિડન અને પોર્ટુગલ સાથે અંગ્રેજી વેપારને લાભકારક કરાર કર્યા. ચાલુ કેળવણીની તપાસ કરી અને ઓક્સફર્ડના એક પુસ્તકલયને, લખેલાં અને છાપેલાં પુસ્તકો ભેટ આપ્યાં. તેણે એવા કાનુનો બનાવ્યા કે જે કેથોલિક શિવાયના સર્વ પંથોને ન્યાયી નીવડે; જોકે તેણે પ્રાર્થના પોથી બંધ કરાવી અને રાજપક્ષવાળા આચાર્યોને જાહેરમાં વ્યાખ્યાન કરવાની બંધી કરી. ઇન્સાફ મેળવવાનો ખર્ચ કમી કરી તેણે ગરીબોને લાભ આપ્યો. ભારે મહેસુલ રદ કર્યાથી ગરીબ ખેડુતોનું કલ્યાણ થયું. તેણે સ્કોટલેન્ડ ઇંગ્લેંડને એક કર્યાં અને તેના રાજ્યનાં આઠ વર્ષ સ્કોટલોકો સુખશાંતિનાં ગણતા હતા. બાપડું આયર્લેંડ કમનશીબ હતું. ત્યાંના જુલમ વર્ણવાઈ ચુક્યા છે, એટલે અહીં પુનરુક્તિ કરવાની જરૂર નથી.

**તેની પહેલી પાર્લમેન્ટ.** ૧૬૫૪ની પાનખર ઋતુમાં નવા ધોરણે ચુંટાએલી સભા ભરાઈ. ચોપનની આ પાર્લમેંટ જેવી

સંભારવા લાયક, કે અંગ્રેજ પ્રજાને સાચી રીતે પ્રતિનિધનારી પાર્લમેંટ ભાગ્યેજ આજ પૂર્વે કદી થઈ હશે. સ્કોટલેંડ આયર્લેંડ અને ઈંગ્લેંડના સભ્યો સાથે સાથે બેઠા હોય તો આ પહેલીજ વાર. આ ચુટણીમાં બળાત્કાર કે લાગવગનો ઉપયોગ થયો લાગતે નથી કેમકે તેમાં ઘણાંએ પ્રેસ્બિટેરીઅનો, અને લાંબી પાર્લમેન્ટવાળા સભ્યો આવ્યા હતા. પ્રથમ ચર્ચા નવી રાજ્યવ્યવસ્થા વિષે ચાલી. ક્રોમ્વેલને રક્ષક પદ સોંપવું એમાં તો સૌ એકમત હતા, પરંતુ તેના અધિકાર વિષે ગરમાગરમ ચર્ચા ચાલી. ક્રોમ્વેલ વચમાં પડયો અને બોલ્યો કે “ મેં આ પદવી મારી મેળે હાથ કરી નથી, તેના સાક્ષી પ્રભુ અને આ દેશની પ્રજા છે. ” તેનું ધારવું એવું હતું કે સભા કેવળ મારા કહ્યા મુજબ કામ કરશે. પરંતુ તેઓએ તેના કાનુનો વિષે પ્રશ્ન ઉઠાવ્યા અને પ્રજાસત્તાકીઓના નેતા વેઈને એક વ્યક્તિને સર્વોપરી સત્તા આપવા વિરુધ્ધની ચર્ચા ઉપાડી. ક્રોમ્વેલને આ સમય સુધીમાં માન્યતા થઈ હતી કે પ્રભુએજ મને અંગ્રેજ પ્રજાનું રાજ્ય કરવા પ્રેરેલો છે. તેને એવો ભય હતો કે હું મક્કમતા નહિ બતાવું તો રાજપક્ષવાળાઓ બળવા કરશે. આ હેતુ લક્ષમાં રાખી ફક્ત પાંચ માસની બેઠક પછી તેણે પાર્લમેન્ટને રૂખ્શદ આપી.

હવે કાયદેસર રાજ્યના સર્વ દેખાવનો અંત આવ્યો. રક્ષક કેવળ આપખુદી અને નિરંકુશ બન્યો. પાર્લમેન્ટની મંજુરી વિના કર ન ઉઘરાવી શકાય એ મુખ્ય અંકુશ પણ નીકળી ગયો. રાજપક્ષનો ભય તો હતોજ પણ હવે પછીના પ્રજાકીય અસંતોષથી તે બેવડો બન્યો. ઘણાએ દેશભકતો હવે રાજકુળ માટે લાગણી ધરાવતા થયા-

એક અમલદારના મિત્રે તેને લખ્યું કે મારી આજુબાજુના તાલુકાઓમાં તમારા દર એકે ચાર્લ્સ સ્ટુઅર્ટના પાંચસો મિત્રો છે, પરંતુ આ સર્વ પ્રજાકીય અસંતોષ ક્રોમ્વેલના લશ્કરી બળ આગળ નિરર્થક હતો. કેટલેક ઠેકાણે બળવા થયા ખરા, પરંતુ લશ્કરે તેમને ટપ દીધા અને આગેવાનોને ઠાર કર્યા. ક્રોમ્વેલે હવે ઘણી સખ્તાઇ કરવા માંડી. દેશના દશ વિભાગ પાડી દરેક પર એકેક સેનાપતિ મુકી દીધો અને તેમણે પુરા લશ્કરી તોરથી અમલ ચલાવ્યો. કેથોલિક અને રાજભકતોના શસ્ત્રો જપ્ત કરવાની, અને શકદાર પુરૂષોને પરહેજ કરવાની સત્તા તેમને સોંપાઇ. રાજભકતોને પાર્લમેંટે ક્ષમા આપી હતી છતાં અત્યારે તેમની પાસેથી આવકનો દશમો ભાગ વેરારૂપે લેવાયો. આચાર્યો પર પણ આકરા જુલમ થવા લાગ્યા. છાપખાના પર સખત અંકુશ મુકાયા. અને કર બળજોરીથી ઉઘરાવાયા. એક પુરૂષે હેમ્પડનની પેઠે કર ઉઘરાવનાર સામે ફરિયાદ નોંધાવી તેથી તેના વકીલોને ટાવરગઢમાં કેદ કર્યા. ક્રોમ્વેલના જુના મિત્રો વેઇન અને બ્રેડશોએ પણ જેલનો સ્વાદ ચાખ્યો

આ સાથે ક્રોવેમ્લનાં સારાં ઉદાર કૃત્યો વિસારવાના નથી. લાંબી પાર્લમેંટે શરૂ કરેલું ઇગ્લેંડ સ્કોટલેંડ અને આયર્લેંડને એક કરવાનું મહા કાર્ય ક્રોમ્વેલે પાર ઉતાર્યું સ્કોટલેંડના હાઇલેંડરો (પર્વતવાસીઓ) જેઓ ભલભલા રાજા મહારાજાને વશ થયા ન હતા તેઓને ફક્ત ચાર મહિનામાં સેનાપતિ મંકે ઠેકાણે આણ્યા. આઠ હજારનું સૈન્ય અને કિલ્લાઓવડે તેણે તોફાનીમાં તોફાની જાળીઓને પણ પાણી પાણી કરી નાંખી.

આયર્લેન્ડમાંનું કાર્ય આકરૂં હતું. ક્રોમવેલે આરંભેલું જીતનું કાર્ય ચાલુ રહ્યું હતું. હજારો દેશીઓ ભુખમરાથી મુઆ અને વસ્તીનો ત્રીજો ભાગ સાફ થઇ ગયો. તાબે થએલા આયરિશોના વહાણનાં વહાણ ભરાવી તેમને ગુલામ તરીખે જેમેકા અને વેસ્ટ ઈંડીઝ મોકલાવી દીધા. ગુલામોનો વેપાર કરનારાઓને ખાસ બોલાવ્યા અને તેમણે મા–બાપ વિનાનાં બાળકો અને આયરિશોની વિધવાઓને બારબેડોઝ ખાતે વેચ્યા. ત્યારબાદ મંડનનું કાર્ય ખંડન કરતાં વધારે ભયંકર થયું. સરકારે દેશીઓના ગુન્હા પ્રમાણે વર્ગો પાડયા, અને કેટલાકને દેહાંતદંડ, કેટલાકને જપ્તિ, અને કેટલાકને દેશનિકાલ એવી આકરી સજા કરી. આવી દુર્દશા દુનીઆની કોઇ પણ અર્વાચીન પ્રજાની ભાગ્યેજ થઇ હશે. આજે ઇંગ્લેંડ આયર્લેન્ડ વચ્ચેની કડવાશોમાં ક્રોમ્વેલના સમયના પ્યુરિટનોએ જે સિતમ તેના પર ગુજારેલો તે સૌથી મોટી કડવાશનું કારણ છે. આજે પણ આયરિશોમાં ક્રોમ્વેલનો શાપ મોટામાં મોટો શાપ મનાય છે. ક્રોમ્વેલે પોતાની ધારેલી ઉમેદ પાર પાડી. આયર્લેન્ડની તમામ વસ્તી છેક લાચાર અને પરાધીન બની. મોટામાં મોટા અને ઉત્તમ ત્રણ પ્રાંતોની લગભગ સઘળી જમીન ખુંચી લઇ અંગ્રેજ પ્રોટેસ્ટંટોને સોંપાઈ અને તેમને પાર્લમેન્ટમાં ત્રીશ સભ્યો મોકલવાનો હક્ક અપાયો.

ઇંગ્લેંડમાંના રાજભકતો અસાધ્ય શત્રુ હોય એવું વર્તન ક્રોમ્વેલે તેમના તરફ રાખ્યું. એ સિવાયનાં તેનાં કાર્યો સારાં ગણાય છે પોલીસખાતું, રસ્તા, નાણાં સ્થિતિ, કેદખાનાની હાલત, દેવાદારોનું બંદીકરણ વિગેરે વિગેરે અનેક નાની મોટી બાબતો પર

તેણે લક્ષ પહોંચાડયું. કેથોલિકો અને એપિસ્કોપેલિયનો જેમને તે ભયમૂળ ગણાતો હતો તેમના શિવાય સૌ કોઈને તેના રાજ્યમાં ધર્મ છુટ હતી. ખ્રિસ્તી યાહુદી વચ્ચે અસલથી હાડવેર હતું છતાં આ સમયે તેઓને લંડનમાં વસવાની છુટ મળી. જ્યોર્જ ફોકસ નામના વણકરે સ્થાપેલા ક્વેકર પંથનું રક્ષણ થયું. ન્યાયાધીશોને તેણે સ્વતંત્ર બનાવ્યા. પોતાના અંગ ઉપર હુમલો કરનારને સજા કરવા તે ના પાડતો. હાલ પોતે રાજમહેલમાં રાજઠાઠથી રહેતો હતો છતાં જાત માટે ધન સંચય કરવા તેણે બીલકુલ પ્રયત્ન કર્યો નહિ.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેના લાંબા અને આગ્રહી વિગ્રહમાં ઇંગ્લેંડ ગુંથાયું હતું તે અરસામાં યુરોપની આખી સ્થિતિ પલટાઈ ગઈ. કેથોલિક પક્ષ મહા બળવાન ગણાતો હતો તેને ઉપરા ઉપરી માર પડી ચુકયા હતા. પ્રોટેસ્ટન્ટ પાસું કાંઇક સબળ બન્યું હતું. સ્પેઇનના અધઃપાતનો આરંભ થઇ ચુકયો હતો અને ફ્રાન્સ તેને ખાઇ જશે એવી ભીતિ હતી. અત્યારે ઇસાઇ આલમમાં ફ્રાન્સ મુખ્ય હતું, અને હજી ચૌદમો લુઇ તેને વધારે ઉંચી દશાએ પહોંચાડવાનો હતો. છતાં ક્રોમ્વેલ આ પરિવર્તનનું રહસ્ય સમજ્યો હોય એમ લાગતું નથી. હજી તેને હિસાબે સ્પેઇન યુરોપી કેથોલિકોનું નેતા હતું. આ કારણે તે સ્પેઇન સામે વિગ્રહમાં ઉતર્યો અને ફ્રાન્સ સાથે મિત્રાચારી કરવા તરફ તેને ખેંચાવું પડયું.

વિગ્રહના ખર્ચને પહોંચી વળવા ક્રોમ્વેલને પાછી પાર્લમેન્ટ બોલાવવી પડી. પહેલાંની જેમ હવે તેને સ્વતંત્ર ચુંટણી પર શ્રદ્ધા ન હતી. આયર્લેન્ડ અને સ્કોટલેન્ડના ૬૦ સભ્યો કેવળ સરકાર

ના પસંદ કરેલા આદમી હતા. સરકારે પોતાની લાગવગનો છુટથી ઉપયોગ કર્યો. પરિણામે અર્ધાં ભાગના સભ્યો સરકાર સાથે સારાસારી રાખનારા આવ્યા, તો પણ ક્રોમ્વેલને સંતોષ થયો નહિ. તેણે એવી શરત મુકી કે પાર્લમેન્ટના સભ્યોએ સભામાં બેસતા પહેલાં સરકારનું પ્રમાણપત્ર મેળવવું. આ પ્રમાણપત્રને લીધે સો એક સભ્યોને ખસી જવું પડયું. બાકી રહેલા સભ્યો સાથે પહેલાં પહેલાં તો ક્રોમ્વેલને ઠીક ચાલ્યું. પરંતુ લશ્કરી વહીવટની વાત નીકળતાં તેઓ વંકાયા. તેમણે સલાહ આપી કે—(૧) લશ્કરી અમલદારો ઉઠાવી લેવા, (૨) ઉમરાવ સભા ઉભી કરવી, જેમાં ક્રોમ્વેલના નિમેલા ઉમરાવો બેસે, અને (૩) ક્રોમ્વેલે રાજપદ ધારણ કરવું. લશ્કરની નાખુશી જોઇ તેણે રાજા થવા ના પાડી, ત્યારે પાર્લમેન્ટે તેને ઉમદા પોશાક, રાજદંડ અને સમશેર આપ્યાં અને અનુગામી નીમવાની સત્તા સોંપી પહેલી બેઠકમાં તો ઠીક કાર્ય થયું પણ પછી કેટલાક સભ્યો ઉમરાવ બન્યા હતા, તેમને સ્થાને કેટલાક પ્રજાસત્તાકીઓ ચુંટાઇ આવ્યા અને તેમણે નવી ઉમરાવ સભા સાથે કામ કરવા ના પાડી અને ખુદ ક્રોમ્વેલ ઉપર હુમલા કરવા માંડયા. આથી ક્રોમ્વેલે પાર્લમેન્ટ બંધ કરી અને હવે પછી મરતાં સુધી એકલે હાથે રાજ્ય કર્યું.

હવે તેની સત્તા પૂર્ણ કળાએ પહોંચી હતી. તેના કાફલાએ સ્પેઇનનો જેમૈકા બેટ કબજે કર્યો હતો અને ક્રોમ્વેલે ત્યાં આબાદ સંસ્થાન સ્થાપ્યું, જે પાછળથી વેસ્ટ ઇંડિઝમાંના અંગ્રેજ વસાહતો

ના પાયા રૂપ બન્યું. તેના સૈન્યે સ્પેઇનને હરાવી ડંકર્ક શહેર મેળવ્યું હતું. સર્વ રાજ્યોએ પોતાના વકીલો તેના દરબારમાં મોકલ્યા અને તેઓ તેની મૈત્રી માટે ઉત્સુક હતા.

દેશમાં શાંતિ અને વ્યવસ્થા થએલી હોવાથી વેપાર અને ખેતી આબાદ બન્યાં. આ સુદૃઢ રાજ્ય ઉથલાવવાની રાજપક્ષવાળાઓને પણ આશા ન હતી. છતાં લોકોનાં દિલ બેચેન હતાં. પ્યુરિટનોનો કડક અમલ તેમને નાપસંદ હતો. મેપોલ આગળના નાચ, ઘોડદોડની શરતો, મરઘાની લડાઇ, નાટકો, મિષ્ટાન્ન ભોજન વિગેરેની મજા બંધ થઇ હતી. રાજા, સ્વતંત્ર પાર્લમેન્ટ, ઉદાર ગૃહસ્થો, અને ભવ્ય દરબારના જુના દિવસો પાછા આવે એમ ઘણા લોકો ઇચ્છવા લાગ્યા. પ્રજાસત્તાક તત્ત્વનો નાશ થએલો હોવાથી પ્રજાસત્તાકીઓ અસંતુષ્ટ હતા, અને રાજગાદી બિનઅધિકારી પુરૂષ પચાવી પડેલો હોવાથી રાજપક્ષવાળા તો અતૃપ્ત હોયજ. ક્રોમ્વેલે અશકય કાર્ય આદર્યું હતું. સાચા સ્વરાજની ઇમારત બાંધવામાં તે પ્રજાના સહકારની ઇચ્છા રાખતો હતો; પરંતુ તેનું ધોરણ તે જમાના માટે ઘણું ઉચું હોવાથી તે નિષ્ફળ નિવડયો. તેના મરણ પછી તેનું સર્વ કાર્ય ઉંધું વળશે એ તે જાણતો હતો. તેના આપખુદ રાજ્યથી અંગ્રેજોને ઘણા લાભ થયા, પરંતુ જે એક વસ્તુ માટે તેઓ તલસતા હતા તે, દેશના કાયદાનું અનિયંત્રિત સર્વોપરીપણું, ક્રોમ્વેલ તેમને બક્ષી શકયો નહિ.

હાલ તેને ૫૯ વર્ષ થયાં હતાં અને તેનું શરીર કથળ્યું હતું. "મારી નાંખવો એ ખુન નથી" એ નામનું ચોપાનીઉં ઉશ્કેરી તેનો

વધ કરાવવાના ઉદ્દેશથી લખાયું હતું. તેથી તે બેચેન બન્યો હતો. તે બહુ સાવધ રહેતો અને ઘણીવાર બખતર પહેર્યા વિના બહાર જતો નહિ. રાત દિવસ પોતાની આસપાસ વિશ્વાસુ અંગરક્ષકોને નાગી તરવાર સાથે રાખતો. વખતો વખત રહેઠાણ બદલતો, અને રાતમાં સુવાનો ઓરડો બે ત્રણવાર બદલતો પણ મોત કોઈને છોડતું નથી. તેની માનીતી પુત્રીનું મરણ તેને કારી ઘા સમાન લાગ્યું અને થોડા દિનમાં તે દેવલોક પામ્યો. ( ૧૬૫૮ )

તેના વિચિત્ર ચારિત્ર્યનો વિચાર કરતાં આપણી સમક્ષ તેના અનેક ગુણદોષ તરી આવે છે. એના કૃત્યમાં લોભનો અંશ કેટલો છે; અને ધર્મભક્તિ અને દેશભક્તિનો અંશ કેટલો છે એ નક્કી કરવું અશકય છે. છતાં દેશ સેવામાં સદા તત્પર રહેવાનું માન તેને અવશ્ય ઘટે છે ઇંગ્લેંડને અધોગતિમાંથી ઉદ્ધારી તેનો માન મર્તબો દેશ પરદેશમાં તેણે વધાર્યો હતો. આખા યુરોપની ચાવી ક્રોમ્વેલના કંદોરામાં હતી. ક્રોમ્વેલ મારફતે યુરોપી રાજ્યોમાં પ્રોટેસ્ટન્ટ પંથ સ્વતંત્રતા મેળવવા સમર્થ બન્યો. તેને બાદશાહી માન સહિત વેસ્ટમિન્સ્ટર એબીમાં દફનાવવામાં આવ્યો.

મરતી વેળા તેની વગ એટલી બધી હતી કે તેનો મોટો છોકરો રિચર્ડ તરત તેની જગ્યા લઇ શકયો. ૧૬૫૯ ના આરંભમાં નવી પાર્લમેન્ટ મળી અને કાયદાશાસ્ત્રીઓ નવા દેશરક્ષક પાસે આવી પહોંચ્યા. પરંતુ ઠંડા અને આળસુ રિચર્ડમાં બાપના ગુણ ન હતા. તેની સરદારીથી લશ્કરને સંતોષ વળ્યો નહિ. અને આ નિર્બળ હાકેમ વિરૂદ્ધ વેઇન આમસભામાં ઉઘાડે છોગે બોલવા લાગ્યો.

રિચર્ડે લશ્કરની સલાહ અનુસાર પાર્લમેન્ટ બંધ કરી. પછી અમલદારોએ લાંબી પાર્લમેન્ટના પેલા ૮૦ સભ્યો જેમને ક્રોમ્વેલે કાઢી મુકયા હતા તેમને પાછા બોલાવ્યા. આ પાર્લમેન્ટને મશ્કરીમાં "હુંઠું" એવું નામ અપાયું. તેમને રિચર્ડની જરૂર ન લાગવાથી રિચર્ડ રાજીનામું આપી ખસી ગયો. પણ હવે આ હુંઠી પાર્લમેન્ટ અને સૈન્યને ઉપરીપણા વિષે મતભેદ પડયો. રાજપક્ષવાળાઓએ તોફાન મચાવ્યું તેને સમાવી લશ્કર પાર્લમેંટના બારણા આગળ ખડું થયું અને સભ્યોને બહાર કાઢયા. પછી સૈન્યે તમામ સત્તા પોતાના હાથમાં લીધી અને સલામતી માટે પોતાના અમલદારોમાંથી એક સમિતિ નીમી.

આ વ્યવસ્થા પણ બે માસ જ ચાલી, કેમકે પ્રજા હવે લશ્કરી અમલથી છેક કંટાળી હતી. વળી સૈન્ય આજ સુધી સંપીલું હોવાથી અજેય હતું, તેમાં હવે ભેદના ચિહ્ન દેખાવા લાગ્યાં. આયર્લેંડ અને સ્કોટલેંડની સેનાઓએ ઇંગ્લીશ સેનાના વલણ સામે વાંધા ઉઠાવ્યા. ક્રોમ્વેલે સરદાર મંકને બંદોબસ્ત માટે સ્કોટલેંડ મોકલ્યો હતો. તેણે હવે એવી ધમકી આપી કે હું ઇંગ્લેંડ આવી પાર્લમેંટને સૈન્યના દાબમાંથી મુક્ત કરીશ. લંડનમાં મંકનું આગમન થયું તે ઘડીએ સ્ટુઅર્ટવંશનું પુનઃસ્થાપન ચોક્કસ બન્યું. મંક શાંત સ્વભાવનો અને કાર્યકુશળ પુરૂષ હતો. અત્યારે સર્વત્ર અરાજકતા ફેલાએલી જોઇ તેણે એક બાજુથી સૈન્ય અને આમસભા સાથે સારાસારી બતાવી અને બીજી બાજુથી ચાર્લ્સ સ્ટુઅર્ટ સાથે ગુપ્ત પત્રવ્યવહાર ચલાવ્યો. સાઠની સાલના બેસતા વર્ષના દિવસે તેણે ઢંઢેરો પીટા–

ભ્યો કે હું સ્વતંત્ર પાર્લમેન્ટ સ્થાપવા આવ્યો છું. વાનપ્રસ્થ થએલા ફેરફેક્સને તે મળ્યો અને તેને પોતાના સાથમાં લીધો. ઈંગ્લિશ લશ્કરે મંકને અટકાવવા પ્રયાણ કર્યું, પણ જ્યાં સૈનિકોએ તેમના જુના સેનાધિપતિ ફેરફેક્સને જોયો કે તરત તેઓ સામા પક્ષમાં ભળી ગયા. લંડનમાં આવી મંકે ઠુંઠી પાર્લમેંટ બંધ કરી, નવી ચુંટણી કરાવી, અને નવી સભા કોન્વેન્શન (કામ ચલાઉ સભા) નામ ધારણ કરી બેઠી. ઈંગ્લેંડમાં એવો રિવાજ છે કે રાજાના આજ્ઞાપત્રથી ચુંટણી થાય તેજ ચુંટાએલા સભ્યોની પાર્લમેંટ બની શકે. આ સમયે રાજા ન હોવાથી સભા પાર્લમેંટ નહિ પણ કોન્વેન્શન ગણાઇ. આ સભામાં રાજપક્ષ અને પ્રેસ્બિટેરિયનોનું જોર વધારે હોવાથી તેમણે એકદમ એવો ઠરાવ કર્યો કે રાજા, ઉમરાવ સભા, અને આમ સભા—આ ત્રણ સંસ્થાનું બનેલું અસલના જેવું રાજ્ય ફરી સ્થાપવું અને બીજા ચાર્લ્સને રાજા થવા આમંત્રણ મોકલવું.

**બ્રેડાનું જાહેરનામું.** ચાર્લ્સને મંક સાથે ગુપ્ત વ્યવહાર ચાલતો હોવાથી આ ઠરાવની ખબર પડતાં તેણે બ્રેડા મુકામેથી જાહેર કર્યું કે હું સર્વને ધાર્મિક સ્વાતંત્ર્ય, અને ક્ષમા આપીશ અને સૈન્યને સંતોષીશ. થોડા દિવસ પછી તે ઇંગ્લેંડ આવ્યો, તેને જોઇ લોકો ખુશાલીના પોકાર કરી રહ્યા હતા, રસ્તામાં ફુલ વેરવામાં આવ્યાં હતાં, બંને બાજુઓ વાવટા અને ફુલ હારથી શણગારાઇ હતી. ફુવારામાંથી પાણીને બદલે શરાબ ઉડી રહ્યો હતો. ફક્ત લશ્કર ગમગીન દેખાતું હતું. પરંતુ આનંદઘેલી

આખી પ્રજા આગળ તેનું શું ચાલે? થોડા વખત પછી સૈનિકોને રજા આપવામાં આવી અને તેઓ પોતપોતાને અસલ ધંધે,—કારકુની, દુકાનદારી, ખેતી વગેરેમાં ગુપચુપ લાગી ગયા. આ સર્વ હર્ષ અને આનંદપૂર્ણ આવકાર નિહાળી હસતાં હસતાં રાજા બોલ્યો,—"હું વહેલો ન આવ્યો તે મારો પોતાનોજ વાંક ભાસે છે. કેમકે મને જેટલા મળે છે તે સૌ એમ જ કહે છે કે મારા પુનરાગમન માટે તેઓ એકપગે થઇ રહ્યા હતા." છતાં આટલું તો કહેવું જ જોઇએ કે પ્યુરિટન લશ્કરે પ્રજાને તોબાહ ન પોકરાવી હોત તો ચાર્લ્સને પાછા આવવાનો વખત આવત કે કેમ એ નક્કી ન કહી શકાય.

---

# પ્રકરણ ૧૦.

## પુનઃ સ્થાપના.

## બીજો ચાર્લ્સ ૧૬૬૦–૧૬૮૫.

**ચાર્લ્સના ગુણદોષ અને અભિલાષાઓ.** ચાર્લ્સના જેવો આવકાર બીજા કોઈ રાજાને કદી મળ્યો ન હતો. પરિવર્તનોથી પ્રજા પુષ્કળ ધરાઇ ગઈ હતી, અને હવે થાળે પડેલું રાજ્ય જોવા ઘણી આતુર હતી. ચાર્લ્સના હૃદયમાં રૈયતનું હિત વસ્યું હોત તો તે ઉત્તમ રાજા લેખાત. તે દેખાવડો, હોશિયાર દીર્ઘદર્શી, મળતા-

વડા સ્વભાવનો, ખુશ મિજાજી, સમજુ અને વિવેકી હતો છતાં તેને સજ્જન કહી શકાય નહિ. તે અનીતિમાં ગરક થએલો, અપ્રમાણિક, એકલશરો અને આળસુ હતો અને એ દુર્ગુણોથી તેણે પોતાનું નામ અને પોતાનું રાજ્ય કલંકિત કર્યું. અત્યાર સુધીની જીંદગીનો ઘણો ખરો ભાગ નાશ ભાગ કરવામાં દેશાન્તરમાં ગાળેલો હોવાથી તેને દેશ પ્રત્યેની ફરજનો ઉંચો ખ્યાલ ન હતો. આખા રાજ્ય દરમ્યાન તેનુ લક્ષ બે બાબત પર હતું—(૧) પોતાની મરજી મુજબનું વર્તન, અને સ્વચ્છંદી મોજ મારવા માટે પુષ્કળ પૈસો: અને (૨) કેથોલિક પંથની પ્રગતિ. તે કાંઈ બહુ ધર્માંદ ન હતો, પણ તેનો મનોરથ તેના મિત્ર ફ્રાન્સના ચૌદમા લુઇના જેવા નિરંકુશ થવાનો હતો. એ કાર્યમાં કેથોલિકો વિના કોણ મદદ આપે ? તે એમ માનતો હતો કે પ્રોટેસ્ટન્ટ ધર્મથી લોકો બગડી જાય છે તે અને તેનો ભાઇ જેઈમ્સ, ડયુક ઓફ યોર્ક, બહારથી અંગ્રેજી રાજધર્મ પાળતા દેખાતા પણ તેમની લાગણી કેથોલિક ધર્મ મુજબની હતી. રાજાના મંત્રીઓ પર પાર્લમેન્ટનો અંકુશ આણવા માટે અને પોપની સત્તા રદ કરવા માટે અંગ્રેજો સેંકડો વર્ષથી મથતા હતા, તેથી રાજા અને પ્રજાના મન એકમેકથી ચોખ્ખા વિરૂદ્ધ હતા.

પરંતુ ચાર્લ્સ બાપની પેઠે ખુલ્લી રીતે ઝઘડો કરે એવો કાચો ન હતો. બહુ ચકોર હોવાથી પોતાના ભાઇ જેઈમ્સને તે ઘણીવાર કહેતો કે "ભાઇ, આવું સુખ છોડી આપણે તો ફરી રખડપટ્ટી કરવી નથી." તેના રાજ્યમાં સત્તા એક હાથથી બીજા હાથમાં અને

બીજાથી ત્રીજા પાસે જતી, અને આને પરિણામે કારભારમાં કાંઇ ચોખવટ ન હતી. એક વેળા રાજા મરજી મુજબ વર્તવા મથતો તો બીજી વેળા પાર્લમેન્ટનું બળ જોઇ ઢગી પડતો. તેનો સ્વભાવ આનંદી અને બેપરવા હોવાથી, અને ગમે તે વેળા પ્રધનોનો ભોગ આપીને તે પોતાની ગાદી સાચવી, મોજીલા વિલાસી પાદશાહના જેવું જીવન ગાળી શકયો. તેને વિષે એક કવિએ એવું કહ્યું કે " તેણે એકકે નબળું વેણ કાઢયું નથી, પણ સાટે એકકે સારૂં કાર્ય કર્યું નથી " તેના ઉત્તરમાં હાજરજવાબી રાજાએ હસતાં હસતાં કહ્યુંહતું કે " કવિનું કહેવું સત્ય છે. મારા શબ્દો માટે હું પોતે જોખમદાર છું, પણ મારા કહેવાતાં કૃત્યો માટે મંત્રીઓ જવાબદાર છે. " સર એડવર્ડ હાઇડ, જે પ્રમાણિક રાજભકત હતો, જે લાંબી પાર્લમેન્ટમાં બેઠો હતો, અને જે ચાર્લ્સના દેશવટા દરમ્યાન તેનો સલાહકાર હતો, તે હવે ચાર્લ્સનો પહેલો મુખ્ય સલાહકાર બન્યો. લોર્ડ કલેરેન્ડનના ખિતાબ સહિત તેને દિવાન પદ સોંપાયું. તેનો સાત વર્ષનો અમલ ઉત્તમ પંકિતનો હતો.

ચાર્લ્સના પુનરાગમન સમયે જે કોન્વેન્શન સભા બેઠી હતી તેણે પહેલા ચાર્લ્સને વધની સજા ક-નરામાંના તેર મુખ્ય પુરૂષોને દેહાંત દંડ દીધો અને બીજાઓને કેદ કર્યા. ક્રોમ્વેલ, આયર્ટન, અને બ્રેડશોનાં મુડદાં કબરમાંથી કઢાવી તેમને ફાંસીએ લટકાવવામાં આવ્યાં. પછી વેઇન અને લેમ્બર્ટ શિવાયના પ્રજાયુદ્ધમાં ભાગ લેનારા સર્વ પુરૂષોને માફ કરવા ક્ષમાનો કાયદો કર્યો. બાદ રાજાની ઉપજનો સવાલ ઉપસ્થિત થયો. તે સમયમાં દરબાર, નૌકા,એલચીઓ, અને ન્યાયાધીશોનો ખર્ચ રાજાને

શિર હતો. સભાએ તેને જીંદગીભર બાર લાખ પાઉન્ડનું વર્ષાસન બાંધી આપ્યું પણ એવી શરતે કે પસાયતાં, નજરાણાં, સલામી વિગેરે લોકોને ત્રાસ ઉપજાવે એવાં ઉઘરાણાં છોડી દેવાં. આ થયા બાદ લશ્કરને રજા આપી કોન્વેન્શન સભા બરખાસ્ત થઇ. પરંતુ ચાર્લ્સને આત્મરક્ષણ માટે લશ્કરની જરૂર લાગવાથી તેણે મંકના સૈન્યમાંથી ૫૦૦૦ ચુનંદા સ્વાર અને પાયદળ પોતાને ખર્ચે કાયમ રાખ્યા. સ્થાયી ફોજ રાખવાની રૂઢીનું આ પ્રથમ પગરણ હતું, જો કે હજુ તેને કાયદાની મંજુરી મળી ન હતી.

થોડોક વખત તો સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો હતો. રાજાના પુનરાગમનથી પ્રજા એટલી પ્રસન્ન થએલી હતી કે નવી પાર્લમેન્ટની ચુંટણીમાં તેમણે ઘણાખરા રાજપક્ષવાળા સભ્યો મોકલ્યા. દરબારનો ઠાઠ ભભકાબંધ થવા લાગ્યો; ક્રોમ્વેલના અમલની ગંભીરતા, ડાવકાઇ, અને લુખ્ખાઇ ભૂલાઇ ગઇ. નાટકો પાછા ચાલુ થયા અને તમામ જાતના તમાશા વધવા લાગ્યા. આવા નિર્દોષ મોજશોખ સાથે જુગાર, છાકટાપણું, અને કુછંદ વધી ગયાં. હવે પછીના પચાશ વર્ષ દરમ્યાન સંધ્યાકાળપછી સ્ત્રીપુરૂષોને ઘર બહાર નીકળવું સલામત ન હતું.

ગામડાંની સ્થિતિ આના કરતાં ઠીક હતી. ઘણા રાજપક્ષવાળા તેમના જુનાં ઘરોમાં પાછા ધીમે ધીમે રહેવા આવ્યા. રાજપક્ષવાળા અને પાર્લમેન્ટપક્ષવાળા પોતાના પુરાણા ટંટા ભુલી જઇ સ્નેહભાવે રહેવા લાગ્યા. નાચરંગ, અને મિજમાનીની છુટ મળવાથી હવે લોકો ખુશ થયા. છુટા થએલા સૈનિકો પોતાના અસલ ધંધામાં

મચ્યા. ટપાલગાડી અઠવાડીઆમાં એક બે વખત જતી છતાં લંડન અને ગામડાંઓ વચ્ચેનો વ્યવહાર નહિ જેવો જ હતો. અને આ રાજ્યમાં ઘણા રાજદ્વારી ઝઘડા થયા છતાં તેને લીધે ઇંગ્લેંડની પ્રગતિ અટકી નહિ. ખરાબમાં ખરાબ ભાગ ઉત્તરનો હતો; ત્યાં હથીઆરબંધ લૂંટારા લૂંટફાટ કરી રૈયતને રંજાડતા, ન્યાયાધીશો મજબુત રક્ષણ વિના જઈ શકતા નહિ, અને લૂંટારાઓને પકડવા માટે શિકારી કુતરા રાખવા પડતા વાસ્તવિક રીતે આ જમાનામાં રૈયતના જાન માલ કેટલા જોખમમાં હતા તેનો આબેહુબ ખ્યાલ આવવો મુશ્કેલ છે.

**સ્કોટલેન્ડ અને આયર્લેન્ડના પરિતાપ.** સ્કોચ સરહદ પરના પ્રદેશમાં વિશેષ તોફાન થતાં, ચાર્લ્સની પાર્લમેંટે ક્રોમવેલે કરેલો સંયોગનો કાયદો રદ કર્યો. જુની રાજ્યરીતિ ફરી સ્થપાઈ અને સ્કોટલેંડને નોંખી પાર્લમેંટ મળી. બિશપોની ફરી નીમણુક કરવામાં આવી; અને કોવેનન્ટવાળા પ્રેસ્બટેરિયનો પર નિર્દય જુલમ ગુજરવા લાગ્યો. આયર્લેંડનું દુઃખ જુદી જાતનું હતું. ત્યાં જેઓએ રાજ પક્ષ સ્વીકારેલો તેમની જમીનો ક્રોમ્વેલે જપ્ત કરી હતી. હવે એક કાયદો કરી ક્રોમ્વેલીઆઓ પાસેથી ત્રીજા ભાગની જમીન લઇ લેવામાં આવી પણ તેની વહેંચણી સરકારે ફાવે તેમ કરી તેથી અસલ આયરિશ માલિકોને બહુ થોડી જમીન પાછી મળી.

**ધાર્મિક ધારા.** ઈંગ્લેંડમાં કેવેલિઅર પાર્લમેન્ટે લોડના સમયમાં જે પ્રકારનો ધર્મવહીવટ ચાલતો હતો તેવો પાછો ચાલુ કીધો. બિશપો પાછા ઉમરાવસભામાં બેસવા લાગ્યા. પ્રાર્થનાપદ્ધતિમાં

થોડા ઘણા ફેરફાર કરી તેનો અમલ થવા લાગ્યો અને આજદિન સુધી એ પદ્ધતિ કાયમ રહી છે. આટલે સુધી તો બધું ઠીક હતું પણ બ્રેડાના જાહેરનામામાં ચાર્લ્સે સૌને ધર્મસ્વાતંત્ર્ય બક્ષ્યું હતું છતાં આ સમયે આથી વિરૂધ્ધ મતલબના ધારા કરતાં તે પાર્લમેંટને અટકાવી શક્યો નહિ. સખ્તાઇના કાયદા થવા લાગ્યા. પ્રજાસત્તાક રાજ્યદરમ્યાન એપિસ્કોપેલિઅનો પર અપાર જુલમ ગુજરેલા, તેનું વેર વાળવા અત્યારે હાથમાં સત્તા આવવાથી તેઓ તૈયાર થયા. તેમણે કોર્પોરેશન એક્ટ નામનો કાયદો પસાર કર્યો તેની મતલબ એ હતી કે સર્વે અમલદારોએ કોવેનન્ટનો ઇનકાર કરવો, અને એપિસ્કોપલ સંસ્કાર સ્વીકારવા. બીજે વર્ષે ઐક્ય વિષે એવો કાયદો થયો કે બિશપ પાસે દીક્ષા લે અને પ્રાર્થનાપોથી સ્વીકારે તેનેજ આચાર્ય પદ આપવું. આમ કરવા નાકબુલ થનારાને બરતરફ કરવામાં આવ્યા. પરિણામે બે હજારથી વધારે આચાર્યો રોજી વિનાના થયા અને તેમણે 'ડિસેન્ટર' અથવા 'નોન્કોન્ફોર્મિસ્ટ' (એપિસ્કોપસીથી જુદા પડનારા) નામ ધારણ કરી નવો પંથ સ્થાપ્યો.

આમ કરવાની છુટ પણ તેમને ન મળી. બે વર્ષ પછી એવી મતલબનો ધારો કર્યો કે ખાનગી દેવળોમાં ભેગા થઈ પ્રાર્થના કરવાની મના છે. બીજે વર્ષે વળી એક બીજો ધારો થયો કે કોઈ પણ ડિસેન્ટર પંથી નિશાળનો ધંધો કરી શકે નહિ તેમજ કોઇ પણ શહેરની આજુબાજુના પાંચ માઇલમાં પગ મુકી શકે નહિ. આવા ઢંગ વિનાના ધારાથી સેંકડો કુટુંબો ઘર વિનાના, રોટલા વિનાનાં થઇ ગયાં અને ઘણાઓને જેલ સેવવી પડી. જોન બનિયન નામના મહાપુરૂષને ખાનગી દેવળમાં ઉપદેશ આપવા બદલ બાર વર્ષની જેલ મળી. આ બાર વર્ષ દરમ્યાન તેણે પોતાનું ઉત્તમ

આખ્યાન 'ભકત પ્રયાણ' લખ્યું. આ પુસ્તક અને મિલ્ટન કવિનાં ઉત્તમ કાવ્યો 'સ્વર્ગ પતન' અને 'સ્વર્ગ પ્રાપ્તિ' ઉચ્ચ કોટિના હોઇ પ્યુરિટન પંથની ઉચ્ચતાનો આબેહુબ ચિતાર રજુ કરે છે. આજે પણ એ ગ્રંથો અતિપ્રિય છે.

ઉપર વર્ણવ્યા મુજબના જુલમોને લીધે આ સમયે સંખ્યાબંધ નોન્કોન્ફોર્મિસ્ટો ધર્મને ખાતર સ્વદેશ ત્યાગી અમેરિકા સિધાવ્યા. અને ચાર્લ્સે જુનાં દેવાં પેટે અથવા તો પૈસા લઇને વિવિધ પુરુષોને નવી દુનિયામાં મોટી મોટી જમીનો આપી. આ રીતે પ્રખ્યાત કવેઇકર પંથી વિલિયમ પેનને ભારે લહેણા બદલ મોટી જાગીર મળી. ૧૬૮૨ માં પોતાના પંથના થોડા આદમી લઇ પેન અમેરિકા ઉપડ્યો અને ત્યાં પેન્સીલવેનિયા સંસ્થાન સ્થાપ્યું. લાલ ઇંડિયનોને ગોરા સમાન ગણવામાં આ સંસ્થાન પહેલું છે.

પરંતુ ચાર્લ્સ કેવળ પૈસાખાઉ ન હતો. તેણે આપેલી એક બીજી સનંદથી તેનું માન ઘણું વધે છે. છેલ્લાં પંદર વીસ વર્ષથી કેટલાક પુરુષોએ તર્કના ઝઘડાથી કંટાળી સત્ય શોધવાનો નિશ્ચય કર્યો. તેઓએ પ્રથમ લંડનમાં અને પછી ઓક્સફર્ડમાં બેઠકો કરી અને અને ત્યાં વિજ્ઞાનના પ્રશ્નો ચર્ચ્યા. આ મંડળમાં મોટા મોટા વિજ્ઞાન શાસ્ત્રીઓ જોડાયા. પુનઃસ્થાપના પછી બીજો ચાર્લ્સ, જે વિજ્ઞાનમાં ઘણો રસ લેતો અને જેણે થોડા વર્ષ પછી ગ્રાનીચ ઑબ્ઝર્વેટરી ( વેધશાળા ) સ્થાપી, તે તેમની કેટલીક બેઠકોમાં હાજર રહ્યો હતો. તેણે તેમને એક સનંદ આપી જેથી તેમને ' રોયલ લંડન સોસાયટી ' એવી સંજ્ઞા મળી. આ સમાજમાં સર આઇઝેક ન્યુટને

પોતાની ગુરૂત્વાકર્ષણની શોધ સમજાવી હતી. આજે એ સમાજ દુનિયાના મોટાં શ્રેષ્ઠ વિજ્ઞાની મંડળોમાં લેખાય છે.

ચાર્લ્સનાં આ વર્ષના (૧૬૬૨નાં) બધાં કાર્યો આવાં સારાં હોત તો ઈંગ્લંડનું કેટલું કલ્યાણ થાત ? કમનશીબે આ વર્ષે તેણે ત્રણ ભૂલ કરી:— (૧) તેણે પોર્ટુગલની કુંવરી કેથેરિન વેરે લગ્ન કર્યું જેની પહેરામણીમાં તેને મુંબઇ બેટ અને ટેન્જીઅરનો કિલ્લો મળ્યા. પણ આ રાણી કેથોલિક હતી અને તેને સંતતિ ન થવાથી લગ્ન અપ્રિય નીવડયું, કેમકે ચાર્લ્સના સંતાનને અભાવે તેના પછી ગાદી હક્ક જેમ્સનો હતો અને જેમ્સ કેથોલિક હતો. (૨) સઘળા પ્રજાસત્તાકી નેતાઓમાં સગ્ હેરી વેઇન મધ્યમ વિચારનો અને નિઃસ્વાર્થી હતો. છતાં તેના જેવા બહાદુર પુરુષને રાજાએ ફાંસી દીધી કારણ કે તેને હિસાબે તે ભયંકર પુરૂષ હતો. (૩) ક્રોમવેલે મેળવેલું વિજયચિન્હરૂપ ડન્કર્ક શહેર તેણે ફ્રાન્સને વેચી માર્યું. આથી અંગ્રેજ પ્રજા કલેરેન્ડન પર બહુ રોષે ભરાઈ. કેમકે તેમને એવો વહેમ હતો કે આ નાણું રાજા પોતાના અંગત વિલાસમાં ઉડાવે છે.

**ડચ વિગ્રહ.** આ પછી તરત હોલેંડ સાથે યુદ્ધમાં ઉતરવું પડયું. દરિયાઇ સત્તા માટે ડચ અને અંગ્રેજ લોકો વચ્ચે ઘણા વખતથી તકરાર ચાલ્યા કરતી. થોડા વખત પર અમેરિકામાં ડચ લોકોનું 'ન્યુ આમસ્ટરડામ' નામનું શહેર અંગ્રેજોએ લીધું અને તેને ન્યુયોર્ક એવું નામ આપ્યું. વળી મુંબઇ બેટ ઈંગ્લેંડના હાથમાં

આવ્યો તે હોલેંડને ગમતી વાત ન હતી. ઉપરાંત અસલથી જ ચાર્લ્સને હોલેંડ તરફ અણગમો હતો. વેપારને કારણે ગએલા કેટલાક અંગ્રેજ અને ડચ વહાણો વચ્ચે આફ્રિકાના કિનારા પર ઝપાઝપી થવાથી આ બે દેશના સંબંધ છેક બગડયા અને ૧૬૬૫માં લડાઈ જાહેર થઇ. બીજે વર્ષે ચૌદમો લુઇ ડચ પક્ષમાં ભળ્યો. નૌકાધિપતિ ડયુક ઓફ યોર્કે લોવેસ્ટોફ્ટ આગળ જીત મેળવી, પરંતુ દુર્ભાગ્યે શત્રુની પીઠ ન પકડી તેણે જીતનો લાભ જનો કર્યો. આ લડાઇના ખર્ચ માટે રાજાને પાર્લમેંટ પાસે મોટી રકમની માંગણી કરવી પડી અને પાર્લમેટે સાડા બાર લાખ પાઉંડ મંજુર કર્યા પણ એ શરતે કે એ નાણાં ફકત લડાઇના કામમાંજ વપરાય. તેમને ભય હતો કે રાજા એ નાણાં મોજ શોખમાં ખર્ચી નાંખશે. અને તેથીજ તેમણે ઉપલી શરત મુકી હતી.

**લંડનમાં પ્લેગ.** દરમ્યાન લંડન શહેર પર એક ભયંકર આફત આવી પડી. તે સમયની ગંદકીને લીધે પ્લેગ અસાધારણ ન હતો. તે જમાનામાં રાજનગરની ગલીઓ એટલી સાંકડી હતી કે સામસામેના ઘરના ઉપલા ભાગ એક બીજાને અડતા. ઘણા ખરા ઘરોમાં ભોંય માટીની હતી અને તે પર સડતું ઘાસ, એઠાં અનાજના દાણા અને એવો બીજો કચરો પડયો રહેતો. આથી જે વર્ષે સખત તાપ પડતો તે વર્ષે રોગ ઓછો વ-તો ફાટી નીકળતો. પાંસઠના ઉનાળામાં હદપારનો તાપ પડયો, જેથી યુરોપમાં ચાલતા પ્લેગનો ચેપ સહેજે લંડનને લાગ્યો. આખા ઉનાળા દરમ્યાન તેનું

જોર દિન પર દિન વધતું ગયું. મહોલ્લે મહોલ્લે ઘેરે ઘેર માણસો ટપોટપ મરવા લાગ્યા. એક દિવસે દોઢ હજાર જેટલા મરણ થયાં.* અને ત્રણ અઠવાડીઆની કુલ મરણસંખ્યા ચોવીશ હજાર થઇ. પ્લેગના ચિન્હ રૂપ લાલ ચોકડી દરેક ઘર પર દેખાતી. મુડદાં લઈ જવા માટે સરકારી ગાડાં રખાયાં હતાં. તે રાત દિવસ ફરતાં રહેતાં. 'તમારા ઘરનાં મુડદાં લાવો' એ અવાજ ઉજ્જડ થઇ ગએલા શાંત મહોલ્લાઓમાં રાત્રે પણ સંભળાતો. રાજા, રાજપુરૂષો, પાર્લમેન્ટના સભ્યો, અરે ડાક્ટરો અને પાદરીઓ સુદ્ધાં પ્લેગના સત્તાથી જ્યાં ફાવ્યું ત્યાં નાસી છુટયા હતા. મરણની ક્રિયાવિધિ કરવા અને જીવતાને દિલાસો દેવા ફક્ત રડયાખડયા પ્યુરિટન પાદરીઓ માલમ પડતા. આવી આફત છતાં બહાદુર મંક અને બીજા કેટલાક સ્થાનિક અધિકારીઓ લંડનમાં હાજર રહી લુંટફાટ અને અરાજકતા જેવાં પ્રજાના વધારાનાં દુઃખ અટકાવતા.

શિયાળો આવતાં પ્લેગનું જોર શમ્યું. કુલ એક લાખ કરતાં વધારે આદમી મુઆ હશે. અસલ વેપાર અને સંપત્તિ પાછાં એક-

---

* આ પ્લેગની હકીકત વાંચતાં આપણને ૧૯૧૮ ના ઈન્ફ્લ્યુએન્ઝાની વાત યાદ આવે છે. તે સમયે મરણ એટલાં બધાં થએલાં કે મુંબઇના સોનાપુરમાં મુડદા બાળવાની જગ્યા ન રહેતી. કેટલાંએ મુડદાં ચોવીશ કલાક અથવા વધારે વખત પડી રહેતાં. ઘણાંને ડાક્ટરી મદદ નહિ મળેલી. વળી મરણસંખ્યા જોઈએ તો યુરોપના છેલ્લા મહાભારત યુધ્ધના પાંચ વર્ષ દરમ્યાન બંને પક્ષના આદમી મુઆ તે કરતાં પણ વધારે આદમી માત્ર હિંદમાં છ સાત માસમાં ઉપડી ગયા

દમ સ્થાપી શકાયાં નહિ. અને થકવી નાંખે એવું ડચ યુદ્ધ હજુ ચાલુ હતું. ડાઉન્સ આગળની પ્રખ્યાત લડાઈમાં મંક (હવે ડયુક ઓફ આલ્બમાર્લ) અને રૂપર્ટે મળી ડચ નૈકાપતિ ડિ રૂટરને યુદ્ધ આપ્યું. લડાઇ ચાર ચાર દિવસ સુધી ચાલી પરંતુ બન્ને પક્ષ સરખા ઉતર્યા અને કોઇ હાર્યું જીત્યું નહિ.

**લંડનની આગ. ૧૬૬૬.** જાણે હજુ દુઃખનો બોજો ઓછો હોય તેમ લંડનમાં એક ભઠીઆરાની ભઠ્ઠીમાંથી આગ લાગી. તે વખતના ઘર લાકડાંનાં અને ખીચોખીચ બાંધેલાં, રસ્તા સાંકડા, અને પવન કહે કે મારૂં કામ—આવા સંજોગોને સબબે આગ જોતજોતામાં ચોમેર ફેલાઇ ગઇ, તથા ત્રણ રાત અને ત્રણ દિવસ સુધી અખંડ રહી. આખરે રાજા અને તેના ભાઇ ડયુક ઓફ યોર્કની સખત મહેનતથી આગ કાબુમાં આવી અને હોલવાઇ. તેમણે જે ઓળમાં આગ આવવાની વકી હતી, ત્યાંના થોડાં ઘર તોડાવી પાડયાં એટલે આગના ભડકા પ્રસરતા અટકયા. નુકશાન પુષ્કળ થયું. તેર હજારથી વધારે ઘર અને નેવ્યાસી મંદિર સળગી ગયાં. સેંન્ટ પોલનું મોટું દેવળ, એકસ્ચેન્જ બજાર, જકાત ઓફિસ આદિ ભવ્ય મકાનો આ પ્રચંડ આગના ભોગ થઈ પડયાં. તત્કાળ તો આગ ઘણી અલાભદાયિ લાગી પણ પર્યંતે તે લાભદાયિ નિવડી; કેમકે કામડકુટીયાં લાકડાનાં ઘર બળી જવાથી તથા ઝેરી હવાવાળા પુરાણા કુવા અને ગટરો પુરાઇ જવાથી નવી ઢબનાં નવાં ઘરો બંધાયાં, પ્લેગના રહી ગએલા જંતુઓની જડ ગઇ અને ચોખ્ખુ પાણી લાવવાનો સારો બંદોબસ્ત થયો. આ આગ કેવળ આક-

ઈસ્મક હતી છતાં તેનું આળ કેથોલિકોને માથે આવ્યું. સેન્ટ પોલનું દેવળ સર ક્રિસ્ટોફર રેન નામના પ્રખ્યાત અને મહાબુદ્ધિશાળી શિલ્પશાસ્ત્રીની દેખરેખ હેઠળ બંધાયું અને આજે તે ઈંગ્લેંડની સૌથી સુંદર ઇમારતોમાં ગણાય છે.

**બ્રેડાની સુલેહ.** આ સઘળી મુશ્કેલીઓ વચ્ચે કલેરેન્ડનને નાકા સુધારવા પાર્લમેન્ટપાસે પૈસા માંગવા પડયા. પણ આપેલા દ્રવ્યનો દુરૂપયોગ થાય છે, એવો સજડ સંશય હોવાથી તેમણે આગલા નાણાનો હિસાબ તપાસવા સારૂ એક સમિતિ નીમવાનો ખૂબ આગ્રહ કર્યો. ચાર્લ્સ સમજતો હતો કે હિસાબ તપાસતાં મારાં બોપાળાં પ્રસિદ્ધ થશે, તેથી તેણે પૈસા વિના ચલાવી લેવાનો અને શત્રુ સાથે સુલેહ કરવાનો નિશ્ચય કર્યો. હજુ સુલેહની વાત ચાલે છે ત્યાં ડચ નૌકાધિપતિ ડિ રૂટર પોતાના કાફલા સહિત બંદર પર બંદર સર કરતો કરતો છેક થેઇમ્સ નદીમાં આવ્યો, ત્યાંનો વ્યવહાર બંધ પાડયો, ત્રણ અંગ્રેજ મનવાર બાળી મુકી, અને ખુદ રાજ નગરને ધ્રુજાવી ગયો. આવા માનભંગથી અંગ્રેજો ઘણા ચીડાયા. તેમણે પોતાનો રોષ કલેરેન્ડન પર કાઢયો. કેટલોક વખત થયાં કલેરેન્ડન રાજા અને પ્રજા બન્નેને અપ્રિય થઇ પડયો હતો. સુલેહનું કામ પુરૂં થયું કે તરત તેનાપર રાજદ્રોહનો આરોપ મુકાયો. તે ફ્રાન્સ નાઠો અને મરતાં સુધી ત્યાંજ રહ્યો પહેલેથીજ તે રાજપક્ષમાં મક્કમ રહેલો હતો. માજી રાજ્યમાં પ્રજાવિગ્રહ થયો ત્યારે તેણે રાજપક્ષ અંગીકાર કર્યો હતો. બીજા ચાર્લ્સને પ્રજાસત્તાક રાજ્ય દરમ્યાન ઈંગ્લેંડ બહાર રહેવાનો વખત આવ્યો ત્યારે પણ તે તેની સાથે મુખ્ય સલાહ-

કાર તરીખે રહ્યો હતો. મોજીલા ચાર્લ્સને તે અંકુશમાં રાખતો અને તેથી તેને તથા તેના દરબારીઓને કલેરેન્ડનનું મોઢું ગમતું નહિ. તેની પુત્રી જેઈમ્સ સાથે પરણી હતી, જેની બે પુત્રીઓ મેરી અને આન પાછળથી ગાદીએ આવી. તે નાસી ગયો એમ ખબર પડવાથી પાર્લામેન્ટે તેને દેશવટો દીધો, અને રાજાએ તેને બરતરફ કર્યો. દેશવટા દરમ્યાન તેણે 'મોટા બંડનો ઇતિહાસ' એ નામનો અમુલ્ય ગ્રંથ લખ્યો.

કલેરેન્ડનની પડતીથી પાર્લામેન્ટમાં કેવેલિયર પક્ષનું બળ તુટી ગયું. કલેરેન્ડનના અંકુશથી મુકત બનેલો ચાર્લ્સ હવે પોતાની મરજી મુજબ વર્તવા લાગ્યો, અને પાર્લામેન્ટને છક્કડ ખવડાવવા તેણે પોતાથી બન્યું તેટલું કર્યું. કેટલાક વખતથી 'પ્રિવી કાઉન્સિલ' માંના રાજાના માનીતા પુરૂષો ખાસ સમિતિના રૂપમાં બેસતા. આ સમિતિને 'કબાલ' એવું નામ મળ્યું. અને તે આધુનિક કેબિનેટ, પ્રધાનમંડળ, ની માતા સમાન છે. અજબ ઘટના એ બની કે પહેલી કબેલના સભ્યોનાં નામ કિલફર્ડ, આર્લિંગ્ટન, બકિંગહામ, એશ્લિ, અને લોડરડેઇલ હતાં અને તેના પ્રથમાક્ષરો લઇ ભેળા મુકીએ તો કબાલ શબ્દ બને છે. હવે પછીના છ વર્ષ દરમ્યાન તેઓ રાજાના મુખ્ય સલાહકાર હતા. તેઓ એટલા નઠારા નીકળ્યા અને પ્રજાના એટલા અકારા થઇ પડયા કે કબાલ શબ્દનો અર્થ આજ પર્યંત 'ચંડાળ ચોકડી' થાય છે.

**ડોવરનું ગુપ્ત કરારનામું. ૧૬૭૦.** વસ્તુતઃ તેઓ રાજાના ગુપ્ત વર્તનના ભોગ થયા હતા. કેટલાક વખતથી ફ્રાન્સનો મહાલોભી

રાજા ચૌદમો લુઈ નેધરલેન્ડ ઉપર તરાપ મારી રહ્યો હતો. ૧૬૬૮ માં તે એટલો બધો આગળ ધસ્યો કે હોલેન્ડ ગભરાયું અને હોલેન્ડ, સ્વિડન અને ઇંગ્લેંડ એ ત્રણ પ્રોટેસ્ટન્ટ રાજ્યો મળી ત્રિરાજ્ય સંધી બનાવી. આથી લુઇને સુલેહ કરવી પડી. દરમ્યાન આ સંધીને પોકળ બનાવવાના હેતુથી લુઇએ ચાર્લ્સ સાથે ગુપ્ત મસલત ચલાવવા માંડી. આ સમયે કેથેલિક તરફ કૃપાદૃષ્ટિ રાખવા, અને ફ્રાન્સનો પક્ષ લેવા રાજાએ પાર્લમેન્ટને ઘણું સમજાવ્યું પણ તેણે છેદ કરી તેથી તે ગુસ્સે થયો હતો. આથી લુઇ સાથે કરાર કરવા તે તત્પર થયો. બન્ને રાજા વચ્ચે ડોવર આગળ ગુપ્ત કરારનામું થયું જેમાં ચાર્લ્સ કેથેલિક તરીખે જાહેર થવા અને કેથેલિક પંથ પુનઃસ્થાપવા, તથા ડચ વિરૂદ્ધ ફ્રાન્સને મદદ આપવા બંધાયો. બદલામાં લુઈ દરવર્ષે ત્રણ લાખ પાઉન્ડનું પેન્શન આપવા તથા અંગ્રેજ પ્રજા રાજા વિરૂદ્ધ બંડ જગાવે તો લશ્કરી મદદ મોકલવા કબુલ થયો. આ ગુપ્ત કરારની ખબર ક્લિફર્ડ અને આર્લિંગ્ટનને હતી અને તેમને પણ બધી માહિતી ન હતી. બીજે વરસે પાર્લમેન્ટ પાસેથી નૌકા માટે નાણાં મેળવી ચાર્લ્સે તેને પોણા બે વર્ષ સુધી મોકુફ રાખી.

**રાજાનું દેવાળું**. વિશ્વાસઘાતથી આગળ વધી હવે રાજા અસત્ય અને અપ્રમાણિકપણાનું આચરણ કરવા લાગ્યો. ક્લિફર્ડની સલાહથી સરકારી તિજોરીમાંથી નાણાં આપવાની બંધી થઈ. ઘણા વખતથી એવો રિવાજ ચાલ્યો આવતો હતો કે અંગ્રેજ શરાફો અને ચોકસીઓ પોતાને ત્યાં વ્યાજે મુકેલાં પ્રજાના નાણાંમાંથી સરકારને જરૂર

પ્રસંગે ધીરે અને વેરાની ઉપજમાંથી વ્યાજ સાથે વસુલ લે. આ વખતે સરકારને માથે આ પ્રકારનું તેર લાખ પાઉન્ડનું દેવું હતું; અને રાજાએ જ્યારે એવો હુકમ કાઢયો કે આ દેવાનાં નાણાં પાછાં નહિ મળે ત્યારે આખો દેશ ચોંકી ગયો. આથી રૈયત પર ભારે સંકટ આવી પડયું કારણ કે તેમના પૈસા ચોકસીઓએ સરકારને ધીરેલા હોવાથી તે ખોટા થઇ પાછા નહિ મળવાનો સંભવ હતો. આ પૈસા ન અપાયા, ન અપાયા તે ઠેઠ ૧૬૮૮ સુધી. ત્યાર બાદ વિલિયમે એ નાણાં વસુલ આપ્યાં.

આ અન્યાયનો ઘા હજુ તાજો હતો ત્યાં રાજાનો ભાઈ જેઈમ્સ પ્રગટ રીતે રોમન કેથોલિક ધર્મ પાળવા લાગ્યો. અને ચાર્લ્સે ધર્મછુટનું જાહેરનામું બહાર પાડી કેથોલિક અને નોનકોન્ફોર્મિસ્ટ વિરૂદ્ધના જામાના કાયદા રદ કર્યા. ઉપરાંત લુઈનો છડેચોક સાથ કરીને તેણે હોલેન્ડ સામે યુદ્ધ જાહેર કર્યું. પહેલાં તો એમ લાગ્યું કે હોલેન્ડ હારી જશે. પરંતુ જે પ્રખ્યાત વિલિયમે ઇલિઝાબેથના સમયમાં નેધરલેન્ડનું રક્ષણ કર્યું હતું તેનો પ્રપૌત્ર વિલિયમ આ વેળા હોલેન્ડનો ડાકોર હતો. તે વીર પુરૂષે બંધ* તોડી દેશમાં દરિયો દાખલ કર્યો. આથી તેના દુશ્મનોને નાસવું પડયું.

---

*"વાંચનારને કદાચ ખબર હશે કે હોલેન્ડ દેશની ઘણીખરી જમીન દરિયાની સપાટીથી કંઈક નીચી છે; અને વચમાં ઉંચી જગાઓ ઉપર શહેર વસેલાં છે. તેમાં દરિયાનું પાણી પેસી ન જાય તેને માટે ઠેકાણે ઠેકાણે જબરો બંધ બાંધી લીધા છે. જો આ બંધ ન હોય તો હોલેન્ડના ઘણા ભાગમાં દરિયો દરિયોજ થઈ રહે. જ્યારે રક્ષણના તમામ ઉપાય નિષ્ફળ નીવડે ત્યારે ડચ લોકો આ બંધ તોડી દેશને ડુબાવવાની યુક્તિ કરે છે."

**કબોલનો અંત.** અંતે, પાછી નાણાંની તંગી પડવાથી રાજાને પાર્લમેન્ટ બોલવવી પડી; આમસભા કોપાયમાન હતી, તેણે એકદમ ધર્મછુટનું જાહેરનામું રાજા પાસે પાછું ખેંચાવી લીધુ. ત્યારબાદ પાર્લમેન્ટે કસોટીનો કાયદો (ટેસ્ટ એક્ટ) કર્યો, જેની મતલબ એ હતી કે દરેક મુલ્કી તેમજ લશ્કરી અમલદારે એવી પ્રતિજ્ઞા લેવી કે કેથોલિક સિદ્ધાંત હું માનતો નથી, તથા એપિસ્કોપલ પંથના સંસ્કાર ગ્રહણ કરવા. આ કાયદાની રૂએ કેથોલિક જેઇમ્સને પોતનું નૌકાધિપતિપદ છોડવું પડ્યું. અને કિલફર્ડ તથા આર્લિંગ્ટનને પ્રધાનપદ પરથી ખસવું પડયું. એશલી, જે હવે અર્લ ઓફ શેફ્ટસ્બરી બન્યો હતો, તેને રાજા સાથે તકરાર થવાથી કબોલનો અંત આવ્યો. કબોલના ૭ વર્ષના વહીવટ દરમ્યાન થએલા અન્યાયોને લીધે એ પ્રધાનો લોકોને અકારા થઇ પડયા હતા. આ પછી શેફ્ટસ્બરી રાજા વિરૂદ્ધ કાર્ય કરવા કમ્મર કસી તૈયાર થયો. તેણે પોતાની સરદારી હેઠળ વિરોધપક્ષ જમાવ્યો અને તે દિવસથી 'વિરોધ' અને 'સરકાર' એવા બે પક્ષ પાર્લમેંટમાં શરુ થયા જે આજે પણ ચાલુ છે.

**ડેન્બી.** ચતુર ચાર્લ્સ પોતાના હમ્મેશના રિવાજ મુજબ પાર્લમેંટનો સબળ નિશ્ચય નિહાળી લટી ગયો. તેના બાપની પેઠે તે પોતાના મમતને ઠેઠ સુધી વળગી રહેતો નહિ. એ આ રાજાનું ખાસ લક્ષણ છે. તેણે આમ સભાને પ્રિય એવા અર્લ ડેન્બીને મુખ્ય મંત્રી બનાવ્યો. અને હોલેંડ સાથે સુલેહ કરી. બદલામાં પાર્લમેંટે સારી રકમ મંજુર કરી વળી સર વિલિયમ ટેમ્પલ

અને ડેન્બીની સલાહ મુજબ ચાર્લ્સે પોતાની ત્રીજી અને જેમ્સની પુત્રી મેરીને હોલેંડના વિલિયમ વેરે પરણાવી. ι લગ્નથી લોક ઘણા રાજી થયા, કેમકે વર કન્યા બંને પ્રોટેસ્ટંટમાર્ગી હતાં, અને જેઇમ્સ અપુત્ર હોવાથી તેના પછી મેરી ગાદી વારસ હતી.

પરંતુ આ સઘળો વખત ચાર્લ્સ લુઇ સાથે છુપી ખટપટ ચલાવતો હતો. ૧૬૭૫ માં તેને લગભગ સવા લાખ પાઉન્ડનું વાર્ષિક પેન્શન લુઇએ બાંધી આપ્યું અને બદલામાં એવી શરત કરાવી લીધી કે મારી સંમતિ વિના તમારે કોઇપણ સંધિ કે વિગ્રહ કરવાં નહિ. ૧૬૭૮માં ફ્રાન્સ સામે યુદ્ધમાં ઉતરવાનું દબાણ પાર્લમેંટ તરફથી થતાં ચાર્લ્સે લુઇ સાથે બીજો છુપો કરાર કર્યો, જેમાં પાર્લમેંટ બંધ કરવા લુઇએ તેને ૨૪૦૦૦ પાઉંડની લાંચ આપવાની નક્કી કરી.

**ટાઇટસ ઓટસ.** આ સઘળી વાત ગુપ્ત હતી છતાં પ્રજાને એવો અણવિશ્વાસ આવી ગયો હતો કે રાજા આપણું હિત જોખમમાં નાંખવા ચુકશે નહિ. અને એક વિચિત્ર વાતથી આખું ઇંગ્લેંડ આ સમયે થરથરી ઉઠયું. ટાઇટસ ઓટસ નામનો એક નીચ પ્રકૃતિનો પાદરી આપમતલબ સાધવા જેસ્વિટ હોવાનો ડોળ કરી, કહેવા લાગ્યો કે રાજાનું ખુન કરી કેથોલિક રાજ્ય સ્થાપવા કેથોલિકો દારૂણ તર્કટ કરી રહ્યા છે. સર ગોડફ્રી નામના મેજીસ્ટ્રેટ આગળ જાતે જઇ તેણે સોગંદ સાથે એવું કહ્યું કે પોપે "જેસ્વિટ સમાજને બ્રિટનનું રાજ્ય આપ્યું છે; ચાર્લ્સ કેથોલિક ધર્મ પાળતો

-નથી માટે કેથોલિકો તેને મારી નાંખશે અને જો જેઇમ્સ પ્રોટેસ્ટન્ટ માર્ગને તોડવાની બાંહેધરી આપશે તો તેઓ તેને ગાદી સોંપશે; લંડન નગર તેઓ સળગાવી મુકવાના છે. મંત્રીમંડળે તેને બોલાવી ઉલટપાલટ પ્રશ્નો પુછ્યા તો તેની જુબાની તુટી ગઇ. છતાં લોકોએ તેના ગપ્પાં સાચાં માન્યા. એટલામાં પેલા મેજીસ્ટ્રેટ ગોડફ્રીનું એકાએક ખુન થયું, શી રીતે થયું તે આજ પર્યંત કોઇને ખબર નથી. પણ તે સમયે લોકોએ એમ ઠઠાડી દીધું કે કેથોલિકોએ જ એ ખુન કર્યું. પછી પાર્લમેંટની બેઠક થઇ ત્યારે એ વાતની તપાસ કરવા એક સમિતિ નીમાઈ. આ સમિતિના હાથમાં કેટલાક શકમંદ કાગળ આવવાથી સભ્યો પુષ્કળ ગભરાયા અને સારા ઇંગ્લેંડમાં એવી સચોટ બીતિ ફેલાઇ ગઇ કે જેઇમ્સ શિવાયના સર્વે કેથોલિકોનો પગ પાર્લમેન્ટમાંથી કાઢનારો કાયદો પસાર થયો. તે દિવસથી દોઢસો વર્ષ સુધી પાર્લમેન્ટમાં કેથોલિકનું નામ ન રહ્યું. પરંતુ આથી એ માડી વસ્તુ હવે બનવા લાગી. ઓટસની કીર્તિ વધી અને તે લોકપ્રિય બન્યો. આ રીતે ચાડીના ધંધામાં ફાવ્યથી તે અને તેના જેવા બીજા અનેક હરામખોરો એ ધંધોજ લઇ બેઠા. અનેક નિર્દોષ કેથોલિકોએ તેમના ફંદને લીધે જાન ગુમાવ્યા. આ સર્વમાં લોર્ડ સ્ટ્રેફર્ડ નામનો પ્રમાણિક અને સીધા રસ્તાનો ઉમરાવ પ્રખ્યાત છે. તેણે પોતાનું નિર્દોષપણું જાહેર કર્યું છતાં તેને દેહાંત સજા કરવામાં આવી. ચર્લ્સ પોતાના મિત્ર મંડળમાં ઓટસના ગપ્પાષ્ટક વિષે પુષ્કળ હસતો, છતાં તેણે જેમ ચાલતુ હતું તેમ ચાલવા દીધું. અને

વિરોધ પક્ષવાળો શેફ્ટસ્બરી ડેન્બીને બદનામ કરી કાઢવા માગતો હતો તેથી તેણે બળતાંમાં ઘી હોમવા પોતાથી બન્યું તેટલું કર્યું.

દરમ્યાન ફ્રાન્સને હોલાંડ અને સ્પેઇન સાથે સંધી થઈ ચુકી હતી અને ચાર્લ્સની હવે ગરજ ન હોવાથી લુઇએ તેનું પેન્શન બંધ કર્યું. ફ્રાન્સમાં રહેતા અગ્રેજ એલચી મોન્ટેગુને ડેન્બી ઉપર આદવેર હોવાથી તેણે આ પેન્શનની ગોઠવણ વિષેનો પત્ર પાર્લમેન્ટ સમક્ષ રજુ કર્યો. સભાને એ પત્ર જોઇ ભારે આઘાત થયો. ઈંગ્લેંડનો રાજા ફ્રાન્સનું પેન્શન ખાય એ તો છેક નામોશી ભરેલું કહેવાય. તુરતાતુરત ડેન્બી ઉપર રાજદ્રોહનો આરોપ મુકાયો. પરંતુ ચાર્લ્સ પોતે આમાં સંડોવાએલો હતો અને તેને ડર લાગ્યો કે ચર્ચા લંબાશે તો બીજાં ભોપાળાં બહાર પડશે, તેથી તેણે પાર્લમેન્ટ બંધ કરી. આ પાર્લમેન્ટ આ રાજ્યના આરંભથીજ આવેલી હતી અને અત્યારે સાડા સત્તર વર્ષે તેનું વિસર્જન થયું.

**હેબીઅસ કોપર્સ એક્ટ.** પરંતુ હવે પ્રજા છેક ભયભીત બની હતી અને નવી પાર્લમેંટ મળી તેણે પહેલુંજ કામ ડેન્બીને ટાવર ગઢમાં કેદ કરવાનું કર્યું. અહીં તે પાંચ વર્ષ રહ્યો ત્યારબાદ જેઇમ્સ કેથોલિક હોવાને સબબે ગાદીએ આવી ન શકે એ પ્રકારનું 'બાતલ બિલ' આમસભામાં આવ્યું. સભાનું બળ જોઇ ચાર્લ્સને ડર લાગ્યો અને તેણે જેઈમ્સને પરદેશ મોકલી દીધો અને પાર્લમેંટ બંધ કરી આ પાર્લમેંન્ટ ફક્ત બે માસ બેઠી, પરંતુ તે દરમ્યાન શેફ્ટસ્બરીએ તેની પાસે એક અતિ ઉપયોગી કામ કરાવી લીધું. ૧૨૧૫ના મહાન પટ્ટાના સમયથી જે જે અંગ્રેજોને પકડવામાં આવે તેને

'હેબીઅસ કોર્પસ'નો હક્ક મળ્યો હતો. આ હક્કથી પરહેજ થનાર પુરૂષને પોતાની રીતસરની તપાસ વિષે માંગણી કરવાનો અધિકાર હતો. પરંતુ ટયુડર અને સ્ટુઅર્ટ રાજાઓના સમયમાં આ હક્કનું પાલન થતું નહિ અને ઘણાને તપાસવિના લાંબો વખત જેલમાં સડવું પડતું. આ રીતે રેલેએ ૧૩ વર્ષની અને સ્કોટ રાણી મેરીએ ૧૮ વર્ષ ।। જેલ સેવી હતી. આ સ્થિતિ દૂર કરાવવા શેફ્ટસ્બરીએ હેબીઅસ કોર્પસ એક્ટ નામનો કાયદો કરાવ્યો, જે મુજબ

૧. દ્રોહ અને ઘોર પાપ કરનારા શિવાયના કેદીઓને જામીન પર છોડવા.

૨. ખુન શિવાયનું જેના પર તોહોમત હોય તેવા કોઈ પણ અંગ્રેજને સ્કોટલેન્ડ કે બીજા કોઇ દેશમાં પરહેજ કરવો નહિ.

૩. જે કેદી અમુક ગુન્હાની સજામાંથી છુટયો હોય તો તેને પાછો તેજ ગુન્હાસર પકડવો નહિ.

૪. દરેક ન્યાયાધીશે જેલરપર હુકમ કાઢી કેદીને તપાસ માટે હાજર રખાવવો.

આ રીતે અસલ કાયદો સ્પષ્ટ શબ્દોમાં ફરી ઘડાયો અને એ વિષેના જે અન્યાય હતા તે દૂર કરાયા.

દરમ્યાન બાતલ બિલ વિષેનો ઝઘડો ચાલુ હતો. થોડાક મહિના પછી ઈંગ્રજી પાર્લામેન્ટ બેઠી તેની આમસભામાં એ બિલ પસાર થયું. પરંતુ ઉમરાવોની સભામાં લોર્ડ હેલીફેક્સ નામના ઘણા હોશિયાર રાજનીતિજ્ઞના વિરોધને લીધે તે પાસ થયું નહિ. હેલીફેક્સ મધ્યમ વિચારનો તથા પક્ષનીતિથી સ્વતંત્ર હોઇ નબળા

પક્ષમાં ભળી બન્ને પક્ષનું સમતોલપણું જાળવવા પ્રયાસ કરતો, અને એકે પક્ષને અતિશયતાએ પહોંચવા દેતો નહિ. અત્યારે પાર્લમેન્ટ જેઇમ્સની કુંવરી મેરીને ચાર્લ્સ પછી ગાદી આપવા ઇચ્છતી હતી પણ શેફ્ટસ્બરીનો અંદરખાનાનો ઉદ્દેશ ડ્યુક ઓફ મન્મથ ને ગાદી અપાવવાનો હતો. આ મન્મથ ચાર્લ્સની માનીતી રાખનો પુત્ર હતો. હેલીફેક્સને આ વાત ભારે અન્યાયભરી અને નુકશાનકારક લાગી. મન્મથ ઘણો લોકપ્રિય હતો અને શેફ્ટસ્બરીએ એવી વાત ઉરાડી કે મન્મથની માતા રાજા સાથે કાયદેસર પરણી હતી. પરંતુ રાજા પોતાના ભાઈની તરફેણમાં મક્કમ રહ્યો અને મામલો ગંભીર માલમ પડતાં તેણે પાર્લમેન્ટ બંધ કરી.

હવે બે તોફાની પક્ષ ઉભા થયાઃ—૧. શેફ્ટસ્બરીનો પક્ષ, જેણે જેઇમ્સનો હક્ક ડુબાડવા રાજાને અરજી કરી. અને ૨. આ અરજીને ધિક્કારનારા પુરૂષોનો પક્ષ. આ બે પક્ષોએ પરસ્પરના ટોરી અને વ્હીગ એવાં નામ પાડયાં. આગળ ઉપર પ્રજાનો પક્ષ લેનારા વ્હીગ, અને રાજાનો પક્ષ લેનારા ટોરી કહેવાયા.

હવે ચાર્લ્સે પોતાની પાંચમી અને છેલ્લી પાર્લમેન્ટ ઓક્સફર્ડમાં બોલાવી. આ સમયે વ્હીગ સભ્યો પોતા સાથે હથિયારબંધ માણસો લઇ આવ્યા કેમકે તેમનું ધારવું એવું હતું કે રોમન કેથોલિક રાજ્ય પુનઃ સ્થાપવા માટે કાવત્રું રચાયું છે. આ કાર્યથી તેમની બાજી બગડી. લોકોને ડર લાગ્યો કે તેઓ નવો પ્રજાવિગ્રહ જગાવશે; અને માજી રાજ્યના પ્રજાવિગ્રહથી પ્રજા છેક ધરાઇ ગઈ હતી. આથી જ્યારે રાજા મજબુત રક્ષકબળ સાથે ઓક્સફર્ડ આવ્યો

અને તેણે દરખાસ્ત મુકી કે મારા પછી જેઇમ્સ રાજા કહેવાય અને તેની પુત્રી મેરી ખરો કારભાર કરે, ત્યારે સભામાં ઘણાએ એ દરખાસ્ત વધાવી લીધી. પછી એક અઠવાડીઆ કેડે તેણે જરાએ ચેતવણી વિના એકદમ પાર્લમેન્ટ બંધ કરી, અને બાકીના રાજ્ય દરમ્યાન પાર્લમેન્ટ વિના ચલાવ્યું.

ચાર્લ્સની સંપૂર્ણ જીત થઇ હતી. મન્મથ સાથે કાવત્રું રચવામાં સામેલ હોવા માટે રાજદ્રોહનો આરોપ તેના કટ્ટા શત્રુ શેફ્ટસ્બરી પર મુકાયો. શેફ્ટસ્બરીને હોલેન્ડ નાસી જવું પડયું જ્યાં તે બીજે વર્ષે મરણ પામ્યો. પડતાં પડતાં તે ભલભલાને પાડતો ગયો. વ્હીગોનો નેતા ગયો, છતા હજુ તેમને રાજાપર વગ લગાડવાની આશા હતી મન્મથને ઘણા મિત્રો હતા જેમાં લોર્ડ વિલિયમ રસેલ, અર્લ ઇસેકસ, સિડનિ, લોર્ડ ગ્રે, લોર્ડ હાવર્ડ મુખ્ય હતા. અને આ પુરૂષોએ એક મંડળ બનાવ્યું, આ મંડળનો હેતુ બંડ ઉઠાવવાનો હતો કે કેમ એ અનિશ્ચિત છે દુર્ભાગ્યે આ સમયે કેટલાક ઉછાંછળા માણસોએ ચાર્લ્સ અને જેઇમ્સ શિકારેથી પાછા ફરે ત્યારે રાઇ હાઉસ આગળ તેમનું ખુન કરવા યુક્તિ રચી. આ કાવત્રું પકડાઇ ગયું. વ્હીગ આગેવાનો આ વાતથી બીલકુલ અજ્ઞાત હતા છતાં સરકારી વકીલોએ આ તકનો લાભ લઇ તેમના તપાસ ચલાવી. ઇસેકસે ટાવરગઢમાં આત્મઘાત કર્યો. રસેલ અને સિડનિ બન્નેને મોતની સજા થઇ. લોર્ડ રસેલ ઘણો સદગુણી હતો અને તેના મિત્રો તેને ઘણો ચહાતા. તેમણે તેને છોડવવા માટે બહુ તજવીજ કરી. તેણે કબુલ કર્યું કે પ્રજાહક્ક માટે બંડ ઉઠાવવા મેં

વિચાર કર્યો હતો, પરંતુ રાજાનો જાન લેવા મેં સ્વપ્ને પણ કદી ખ્યાલ કર્યો નથી. બંડના માત્ર વિચાર માટે કાયદામાં મોતની સજા નથી. છતાં તે જમાનામાં ન્યાયાધીશોની બહાલી બરતરફી રાજાના હાથમાં હતી, અને તેથી સરકારી મુકદ્દમામાં ન્યાય મળવાનો ઓછો સંભવ હતો. રસેલ અને સિડનિ બન્ને રાજદ્રોહી ઠર્યા અને તેઓ નીડરપણે વધસ્તંભપર ચઢી ગયા.

હવે સર્વ બાબતોમાં ટોરીઓનું ધાર્યું થયું. જેઇમ્સ કેટલોક વખત થયાં સ્કોટલેન્ડના કોવેનાન્ટરોને ઠેકાણે આણવા માટે નીમાયો હતો. હવે તે પાછો આવ્યો, તેને કસોટીના કાયદા વિરૂદ્ધ નૌકાધિપતિપદ અપાયું, અને કાઉન્સીલમાં જગ્યા મળી. જે જે નગરોએ વ્હીગપક્ષને સહાય કરેલી તેમના પટા રદ થયા. અને કેટલાક વ્હીગ નેતાઓ પર અનેક પ્રકારના જુલમ થયા. વિલિયમ ઓફ ઓરેન્જને મદદ ન આપવા માટે ચાર્લ્સને પાછી લુઇની લાંચ મળવા લાગી અત્યારે ચાર્લ્સના હાથમાં ૯૦૦૦નું સ્થાયિ સૈન્ય ઇંગ્લેંડમાં અને ૭ ટુકડી પરદેશમાં હોવાથી તેની સ્થિતિ નિર્ભય હતી. ઉપરાંત આચાર્યો પણ એવો ઉપદેશ કરતા કે રાજાની આજ્ઞાનું ચુપચુપ પાલન કરવું એ સૌની ફરજ છે. સંપૂર્ણ આપખુદી સ્થાપવામાં ચાર્લ્સ લગભગ ફાવ્યો લાગતો હતો, એટલામાં મોતે તેને ઝડપી લીધો. મરતી વેળા તેણે કેથોલિક સંસ્કાર મુજબ છેલ્લી ક્રીયા કરાવી. પછી પોતાના દરબારીઓ અને બિશપોને બોલાવી તેણે હસતાં હસતાં કહ્યું– 'ગૃહસ્થો, દિલગીર છું કે મરતાં મને આટલી વાર લાગે છે.'

**ચાર્લ્સના ગુણદોષ.** આ રાજ્યની સમાપ્તિ કરતાં પહેલાં આપણે આ રાજાના મુખ્ય ગુણદોષની તુલના કરી લઇએ. તેના કુટુમ્બે સહેલાં દારુણ દુઃખ, પિતાનું દયાજનક મરણ, તેના પંડના લાંબો વખત પહોંચેલા સંકટો અને રખડપટ્ટી,—આ સર્વથી તે પ્રજાનો વહાલો થઇ પડયો. કુદરતે તેને ઉત્તમ શકિતઓ અને આનંદી સ્વભાવ બક્ષ્યાં હતાં. તમામ જાતનાં સુખ દુઃખનો તેને પાકા અનુભવ થએલો; તથા તરેહ વરેહનાં સ્ત્રીપુરૂષોનો સમાગમ થએલો. ઘણી નાની ઉમ્મરે રાજમહેલ, અમીરી, અને નિર્ભયતા છોડી દેશનિકાલ, ફકીરી, અને જોખમ ખેડવાં પડયાં. ઉપર ઉપરથી મીઠા દરાખ જેવા દરબારીઓમાં કેટલી તુચ્છતા, કેટલો વિશ્વાસઘાત, કેટલી કૃતઘ્નતા વસે છે, તેનો કડવો અનુભવ આ રાજાને મળી ચુકયો હતો. વળી ગરીબના ઝુંપડામાં તેને પકડવા માટે મોટાં ઇનામો જાહેર થએલાં, અને તેને આશ્રય આપનારાને મોતની સજા નિર્માણ થએલી, તેવે સમયે ઝુંપડામાં વસતા અને નોકરીઆત પુરૂષોએ તેને આશરો આપેલો, ગુપ્ત રહેવામાં મદદ કરેલી, અને તેની તરફ માનપૂર્વક વર્તન રાખેલું એ સર્વ વાત તેની નજર બહાર ન હતી.

સત્તાધારીઓનાં ચારિત્ર્ય અને પરરાજ્યનીતિ જોઇએ તો આ રાજ્ય અધમ પંકિતમાં લેખાય; પણ તે દરમ્યાન થયેલાં કાર્યો સામું નજર કરીએ તો તે ઉત્તમ પંકિતનું ગણાય. ચાર્લ્સના ઘણાખરા પ્રધાનો, અને પાર્લમેન્ટના કેટલાક સભ્યોના મ્હોંમાં ફ્રાન્સે સોનેરી ડુચા માર્યા હતા.

ચાર્લ્સની રાજનીતિ તપાસતાં તે બડો ચકોર, ચતુર, અને સમયાનુસારી માલમ પડે છે. લાગ જોઇ એક વેળા પોતાનો કક્કો ખરો કરતો તો બીજી વેળા પાર્લમેન્ટનું કહ્યું કરતો. ફ્રાન્સને પણ થપ્પડ મારવામાં તેણે મણા રાખી નહિ; અને બાતલ બિલ વેળા જે ખુબીદાર વર્તન તેણે આદર્યું તે એની હોંશિયારી તથા ભાઇ પ્રત્યેનો પ્રેમ સુચવે છે. તેનો મુખ્ય દોષ એ હતો કે તેને વિલાસ, મોજશોખ, એશઆરામ આદિ બહુ પ્રિય હતા, પણ આ દોષ રાજાઓમાં અસાધારણ ન લેખાય.

---

# પ્રકરણ ૧૧.

## બીજો જેઇમ્સ ૧૬૮૫-૧૬૮૮,

**જેઇમ્સનું ચારિત્ર્ય.** ચાર વર્ષમાં અંતરનો ચોખ્ખો કોઇ રાજા પોતાની નરી જીદ, અને વચનભંગથી પ્રજાનો વિરોધ કેવી રીતે વહોરી શકે છે તે જેઇમ્સનું ટુંકું રાજ્ય પુરવાર કરે છે. જે સંજોગોમાં અને જે પુરૂષો વચ્ચે ચાર્લ્સે ચતુરાઇ અને ચાલાકીથી પચીસ વર્ષ વાહવાહ રાજ્ય કર્યું, તેવાજ સંજોગોમાં અને તેજ પુરૂષો વચ્ચે જેઇમ્સ પુરાં ચાર વર્ષ કારભાર ચલાવી શકયો નહિ. તેની ધર્માંધતા, ક્રૂરતા, જુલ્મીપણું, અને હઠ જોઇ ચાર્લ્સે એવું ભવિષ્ય ભાખ્યું હતું કે તખ્તનશીન થયા પછી પુરાં ચાર વર્ષ તો

રાજ્ય કરી શકવાનો નથી. પણ તે ઉદ્યોગી, દૃઢ મનવાળો, મમતીલો અને દેશાભિમાની હતો. રાજ્ય રીતિ વિષેના સ્ટુઅર્ટ કુળના સર્વે મત તેનામાં હતા. આથી તેણે પ્રથમથીજ પાર્લમેન્ટ કે કાયદાના અંકુશમાં રહેવું નાપસંદ કર્યું, અને મરજી મુજબનો આપખુદી અમલ ચલાવ્યો. વળી કેથોલિક ધર્મ સ્થાપવા તેણે નિશ્ચય કર્યો હતો.

તેનો ગાદીહક્ક રદ કરવા માજી રાજ્યમાં કેટલા પ્રયાસ થયા હતા તે આપણે વાંચી ગયા, છતાં જ્યારે ચાર્લ્સના મરણ સમયે તેણે વચન આપ્યું કે કાયદેસર સ્થપાએલા ધર્મ અને રાજ્ય હું નિભાવીશ, ત્યારે સૌ કોઈ સંતુષ્ટ થયું અને તેને રાજા તરીખે પ્રજાએ વધાવી લીધો. ઘણા લોકો એમ ધારતા કે નવો રાજા પડે કેથોલિક છે, છતાં તે ઇંગ્લેંડના ધારા પ્રમાણે રાજય કરવાનું વચન આપે છે, તો તે પાળશેજ. કદાચ પ્રથમ રાજાનો વિચાર પોતાનું વચન પાળવાનો હશે, પરંતુ ઉપર કહી ગયા તે મુજબ હઠીલો, સાંકડા મનનો, અને ધર્માંધ હોવાથી તે દરેક પ્રશ્નની એકજ બાજુ જોતો અને આથી તે અંગ્રેજ જેવી સ્વાતંત્ર્યપ્રિય પ્રજા ઉપર અમલ ચલાવવા તદન નાલાયક નીવડયો. જો તેનામાં તેના ભાઇની આવડતનો એક શતાંશ પણ હોત તો હેમ્પ્ડન વિગેરે દેશભકતોના પ્રયત્નો મિથ્યા જઇ ઇંગ્લેડમાં આપઅખત્યારી રાજ્યનું જોર બહુ વધી પડત. પણ અંગ્રજોના સદભાગ્યે તે એવો ધર્માંધ, દુરાગ્રહી, અને સમયથી ઉલટો ચાલનારો હતો કે ચતુર ચાર્લ્સે માંડેલી બાજી સઘળી ઉથલી ગઇ અને સાડા ત્રણ વર્ષમાં પદભ્રષ્ટ થઈ તેણે પ્રજાસ્વાતંત્ર્યને અડગ પાયા ઉપર આણી મુકકું.

સૌને ખબર હતી કે જેઈમ્સ કેથોલિક માર્ગી છે. તેણે પોતાનો ધર્મ શાંતિથી પાળ્યો હોત, કેથોલિક પ્રજા માટે પાર્લમેંટ પાસે ધર્મછુટ મેળવવા યત્ન કર્યો હોત, તો તેની સઘળી પ્રજા ખુશી અને સુખી થાત. પણ તેને આથી આગળ વધવું હતું. કેથોલિકો ને મોટી મોટી સરકારી જગ્યાઓ અપાવવાના હેતુથી તેને કસોટીનો કાયદો રદ કરાવવો હતો; હેબીઅસ કોર્પસના કાયદાથી પોતાના વિરોધીને કેદ કરવામાં અટકાયત આવતી હતી માટે તે પણ કાઢી નાંખવો હતો; અને આટલું કર્યા પછી ઇંગ્લેંડમાં કેથોલિક પંથ જમાવવો હતો. તેને સમજ ન હતી કે ઈંગ્લેંડનું સ્થાપિત થએલું રાજતંત્ર નષ્ટ કર્યા વિના આ વસ્તુ બનવી અશક્ય હતી. પરંતુ તેને 'આ પાર કે પેલે પાર' નો સિદ્ધાંત બહુ પસંદ હતો, અને તેની કામ કરવાની રીત એવી હતી કે જેથી તેને જ અશુભ થાય.

**રાજાનાં આપખુદી કાર્યો.** રાજ્યાભિષેક થતાં પહેલાંજ પોતાના ખાનગી દેવળનાં બારણાં ખોલાવ્યાં અને ત્યાં જાહેરમાં કેથોલિક ઢબની પુજાવિધિ થવા લાગી. બિશપોને કહી દીધું કે કોઇપણ આચાર્યે કેથોલિક ધર્મની નિંદા કરવી નહિ. એપિસ્કોપલ પંથની પ્રતિજ્ઞાનો અસ્વીકાર કરવા માટે જેઓ જેલમાં સડતા હતા, તેમને તેણે છોડી મુકયા. આ કાર્ય સારૂં હતું કારણકે એથી ૧૨૦૦ કવેકરો અને તેથી બમણા કેથોલિકોને મુક્તિ મળી. પરંતુ આમાં તેણે પર્લમેંટની કે ન્યાયાધીશોની સલાહ લીધી ન હતી. હવે બીજી બાબતમાં પણ તેણે આ રીતેજ કામ કર્યું. રિવાજ મુજબ રાજાને જીંદગી પર્યંત આવક અપાતી હોવાથી ચાર્લ્સના મરણ સમયે તે

બંધ થઈ. અને પાર્લમેન્ટ મળતાં ત્રણ મહીના વહી ગયા. જો આ ત્રણ મહીના જકાત ઉઘરાત બંધ કરાઇ હોત તો ભંડારમાં ઉથલ-પાથલ થઈ જાત. તેથી લોર્ડ ગિલ્ફર્ડ નામના પ્રધાને એમ સૂચવ્યું કે જકાત ઉઘરાવવી ખરી પણ પાર્લમેન્ટ મળે ત્યાં સુધી તે અનામત મુકી રાખવી. પરંતુ પોતાની સત્તા સ્થાપવા જેઇમ્સે નિશ્ચય કરેલો હોવાથી તેણે હુકમ કર્યો કે જેમ ચાર્લ્સને મળતી હતી તેમ અને પણ તે બારોબાર મળવી જોઇએ.

**મન્મથ અને આર્ગાઇલનો બળવો.** ચુંટણી વેળા સરકારે એવી તદબીર કરેલી કે આમસભામાં ઘણાખરા સભ્યો રાજ્યપક્ષના જ આવ્યા, તેમણે વગર મુશ્કેલીએ રાજાને પ્રાણાંત સુધીની ૧૯ લાખ પાઉંડની ઉપજ મંજુર કરી આપી. દેશમાં આ વેળા બળવો જાગેલો હોવાથી સભ્યો પોતાની વફાદારી દર્શાવવામાં એકએકની સ્પર્ધા કરવા લાગ્યા. રાઈ હાઉસનું કાવત્રું નિષ્ફળ ગયા બાદ ઘણા વ્હીગો હોલેંડ નાસી ગયા હતા તેમણે ચાર્લ્સનુ મરણ થતાં મન્મથને, ઈંગ્લેંડ જવા અને પ્રજાને કેથોલિક રાજા સામે થવામાં ઉશ્કેરવા માટે ખડો કર્યો, આ સમયે મન્મથ નેધરલેંડમાં શાંત જીવન ગાળતો હતો અને તેને આમાં સામેલ થવાની ઈચ્છા ન હતી પરંતુ તેના પર બહુજ દબાણ થયુ. અંતે એમ નક્કી થયું કે અર્લ આર્ગાઇલે સ્કોટલેંડ જઇ કોવેનાન્ટરોને તૈયાર કરવા અને મન્મથે ઇંગ્લેંડને પશ્ચિમ કિનારે ઉતરવું.

આર્ગાઇલ પહેલો પહોંચ્યો અને કેમ્પબેલની આખી ટુકડી તેની મદદે આવી, પણ જે નેતાઓ તેની સાથે હોલેંડથી આવ્યા હતા

તેમણે તેની યોજનાઓમાં હદપારની દખલગીરી કરી. રાજાના લશ્કરને તેના આગમનની જાણ થઇ ચુકી હોવાથી તે ટક્કર દેવા તૈયાર થયું હતું. વળી કોવેનાન્ટરોમાંના ઘણા બળવાથી ડરતા હતા. આ કારણોને લીધે આર્ગાઇલની ફોજ હારી ગઈ અને તેને કેદ પકડી એડિનબરો લઇ ગયા જ્યાં તેને ફાંસી દેવામાં આવી. તેણે ઠેઠના ઠેઠ સુધી પોતાના સાથીઓનાં નામ આપવા હિમ્મતપૂર્વક ના પાડી હતી. જેઓ આ બળવામાં સામેલ હતા તેમને સખત સજા થઇ અને ઘણાને અમેરિકામાં ગુલામરૂપે વેચી દીધા.

મન્મથ સવા મહિના પછી ઈંગ્લેંડમાં ઉતર્યો. પહેલાં તો તેને સારી ફત્તેહ મળી. પશ્ચિમના પરગણાઓમાં તેનું માન ઘણું હતું અને તે ઉતર્યો કે તરતજ ત્યાંના લોકો "મન્મથની જય, મન્મથની જય" એવા પોકાર કરતા તેના પક્ષમાં ટોળે થયા. થોડા વખતમાં તો તેની પાસે દોઢ હજાર આદમી થઇ ગયા; અને ટોન્ટન નગરમાં તે વિજેતારૂપે રોફભેર દાખલ થયો, ત્યારે વાવટા. ફુલહાર, તોરણ વિગેરેથી મહોલ્લા શણગારવામાં આવેલા, અને જુવાન બાળાઓની એક ટુકડીએ તેને બાઇબલ અને તરવાર ભેટ આપ્યાં. પરતુ તેના પક્ષમાં નીચ વર્ગ વિશેષ હતો. ગૃહસ્થવર્ગ અને આચાર્યો સઘળા રાજપક્ષમાં હતા અને એમ માનતા કે જો પ્રોટેસ્ટન્ટ રાજાની જરૂર હોય તો મેરી અને વિલિયમ ક્યાં નથી? મન્મથે પોતાના જાહેરનામામાં એમ કહેલું કે હું કેવળ સ્વતંત્ર પાર્લમેંટ સ્થાપવા આવ્યો છું; અને ટોન્ટન નગરમાં તેણે રાજા તરીકે પોતાની આણ ફેરવી ત્યારે ઘણાને માઠું લાગ્યું. દરમ્યાન લોર્ડ ફિવર્શેમની સરદારી હેઠળ રાજસૈન્ય તેની તરફ પુરપાટ

આવતું હતું. મન્મથ પાછો હઠયો અને બંને સૈન્યો સેજમૂર આગળ સામસામા થયા. તેના સૈનિકો મરણીઆ થઇ લડયા છતાં રાજસૈન્યે તેમને હરાવી ધૂળધાણી કરી નાંખ્યા. બે દિવસ પછી તે એક ખાડામાં ભુખ્યો પાખ્યો પડેલો જડી આવ્યો. તેને લંડન લઇ જઇ ફાંસી દેવામાં આવી. જીવતદાન માટે તેણે હાથે પગે લાગી જેઇમ્સ કાકાના બહુ બહુ કાલાવાલા કર્યા પણ કાકાનું પાષાણ હૃદય પીગળ્યું નહિ. સેજમૂરની લડાઇ ઇંગ્લેંડની ભૂમી પરની છેલ્લી લડાઈ છે. આ લડાઇમાં બે પ્રખ્યાત પુરૂષો હતા.— ચર્ચિલ જે આગળ ઉપર ડ્યુક ઓફ્ માર્લબરો થાય છે તે રાજ-પક્ષમાં, અને ડેનિયલ ડીફો 'રોબિન્સન ક્રુઝો' નો કર્તા, મન્મથના પક્ષમાં.

**કર્ક અને જેફ્રીસના જુલમ.** બળવાનો અંત તો આવ્યો, પણ તેના દારૂણ વેરના દિવસ આવવાના હતા. કર્નલ કર્ક નામના હૃદયશૂન્ય, અને પશુસમાન પુરૂષને સેજમૂર આગળના પ્રદેશનો વહીવટ સોપાયો. તેના સિપાઇઓ કટાક્ષમાં 'કર્કનાં ઘેટાં' કહેવાતા. તેમના વાવટાપર ચિન્હ ઘેટાનું હતું, પણ સ્વભાવે તેઓ વરૂ જેવા વિકરાળ અને લોહીના તરસ્યા હતા. 'કર્કના હુકમથી આ સૈનિકો કેદીઓને હારબંધ ઉભા રાખી ભયંકર ક્રૂરતાથી ફાંસીએ લટકાવતા અને તેમના શરીર ઉકળતા ડામરમાં બાળી નાંખતા. પરંતુ આથી યે ખરાબ સમો હજુ આવવાનો બાકી હતો. પશુપણામાં કર્કને પણ ટપી જાય એવો જજ જેફ્રીસ ચાર બીજા ન્યાયાધીશો લઇ બળવાખોરોની તપાસ ચલાવવા આવ્યો. આ પાપી પુરૂષે ક્રૂર કર્મો વડે પોતાની કાળી કીર્તિ અમર કરી છે. તેનું હૃદય કસાઇથી પણ ભુરૂં,

વજ્રથી પણ સખત, અને ચંડાળથી પણ ભુંડું હતુ. તેની 'ખુની સેશન્સ' દરમ્યાન ૩૨૦ જણને ફાંસી મળી અને ૮૪૧ને વેસ્ટ ઇંડિઝમાં ગુલામ તરીખે વેચવામાં આવ્યા. સમરસેટ પરગણામાં કોઇ પણ રસ્તો કે ગામ મુડદાં વિનાનું રહ્યુ નહિ. નિશાળે કે મંદિરે જતાં ધણા બાળકો પોતાના પિતાનું કે ભાઇનું ડોકું દરવાજાપર લટકતું જોતાં. એક ભલા બિશપે જેઇમ્સને દયા માટે વિનવ્યો, પણ વ્યર્થ. રાજાએ આ સર્વ કૃત્યો મંજુર કર્યાં. એલિસ લાઇલ નામની એક ઉદાર બાઈએ દયાભાવથી બે બંડખોરોને સંતડ્યા, તે બદલ તેને શિરચ્છેદની સજા થઇ. જે લોકો ગુપ્ત રીતે જેફ્રીસને લાંચવડે ખુશ કરી જતા તેઓ જ સજામાંથી બચી જતા. માનીતા રાજપુરૂષોને કેદીઓની ટુકડીઓ ગુલામ તરીખે વેચવા માટે અર્પણ કરવામાં આવતી. જે બાળાઓએ મન્મથને બાઇબલ અને તરવારની ભેટ આપી હતી તેમને છોડાવવા બદલ રાણીની સખીઓના ખિસ્સાં ભરાયાં હતાં. આ જેફ્રીસ ધણીવાર એવી બડાશ મારતો કે છેલ્લાં છસો વર્ષમાં એવો એકે જજ થયો નથી કે જેણે મારા જેટલી સજા કરી હોય.

**કેથોલિક અમલદારોની નીમણુક.** આ બંડનો લાગ સાધી જેઇમ્સે પોતાના લશ્કરમાં દશ હજાર આદમી ઉમેરી દીધા અને તેમના ઉપર કેટલાક કેથોલિક સેનાપતિઓ મુકયા. આ પુરૂષોની નીમણુક કસોટીના કાયદા વિરૂદ્ધ હતી. લોર્ડ ગિલ્ફર્ડ અને લોર્ડ હેલીફેકસે રાજાને કહ્યું કે આમ કરવાથી તમે પાર્લમેંટને આપેલાં વચનનો ભંગ કરો છો. પરંતુ ફ્રાંસ સાથે પેન્શનની જોગવાઇ થઇ ચુકેલી હોવાથી, અને પોતાનું સૈન્ય સબળ હતું તેથી તે પોતાને

નિર્ભય માનતો હતો. હેલીફેક્સને બરતરફ કરી તેણે સન્ડરલેંડ નામના બુદ્ધિશાળી, સમયસાધુ, અને કહ્યું કરે એવા પુરૂષને તેની જગ્યાએ નીમ્યો. પછી ટુંક વખતમાં ગિલ્ફર્ડ ગુજરી જવાથી રાજાએ જેફ્રીસને મુખ્ય દિવાનનું પદ આપ્યું. આ રીતે મંત્રી મંડળમાંનો સઘળો વિરોધ નાબુદ થયો. મુખ્ય મંત્રી જેફ્રીસ રાજહક્કનો ચુસ્ત હીમાયતી અને પોષક હતો.

આ સમયે જ લુઇએ 'એડિકટ ઓફ નેન્ટીઝ' રદ કરી પોતાના દેશમાંથી પ્રોટેસ્ટન્ટોનો પગ કાઢવા માંડયો. તેણે તમામ પ્રોટેસ્ટંટ પ્રધાનોને દેશનિકાલ કર્યા અને કેથોલિક દેવળમાં હાજર ન રહેનાર લોકોની મારકાપ કરવા લશ્કરી પલટન મોકલી. આ લશ્કરી ત્રાસ એટલો બધો ક્રૂર અને નિર્લજ્જ હતો કે પુષ્કળ સાવચેતી રાખતાં છતાં બે લાખથી વધુ ફ્રેંચ પ્રોટેસ્ટન્ટો આજુ બાજુના પ્રોટેસ્ટંટ દેશોમાં નાસી છુટયા. ઇંગ્લેંડ આવેલામાંના કેટલાક ધર્મખાતામાં જોડાયા, થોડા સૈન્યમાં સામેલ થયા, અને બાકીનાએ આખો સ્પિટલ ફીલ્ડ જીલ્લો ભરી દીધો. આ રીતે સૌથી ઉદ્યોગી, કારીગીરીમાં કુશળ, અને ધનિક રૈયતને પરદેશ કાઢી મુકવામાં લુઈ કારણરૂપ થયો.

કેથોલિક રાજાના પ્રોટેસ્ટંટોપરના આવા વિના કારણના જુલમની હકીકત સાંભળી અંગ્રેજ પ્રજા ચોંકી ગઇ. પણ લોકોની લાગણી પારખવામાં બુઠ્ઠો જેઇમ્સ લુઇના આ કૃત્યથી ખુશ થયો. પાર્લમેંટ ભેગી થઇ ત્યારે કાયદા વિરુદ્ધ કેથોલિક અમલદારો નીમવા માટે આમ સભાએ રાજાને ઠપકો દીધો. પરંતુ તેણે તેમને સામો ઠપકો

આપી કહ્યું કે મારા ઉપર પણ તમને વિશ્વાસ નથી? ઉમરાવોએ વધારે હિમ્મત ચલાવી તેને ચોખ્ખું સંભળાવી દીધું કે તમે તમારી મરજી મુજબ કસોટીનો ધારો રદ કરી શકશો નહિ. આથી, આવી વધુ ચર્ચા થતી અટકાવવા તેણે પાર્લમેંટ મોકુફ રાખી આ પાર્લમેંટ ફરી બેસવા પામીજ નહિ કેમકે તેને વખતોવખત બરખાસ્ત કરી, અંતે બે વર્ષ પછી વિસર્જન કરી. જેઈમ્સનો ઇરાદો એવો હતો કે સભ્યો પોતાને ટેકો આપે, તો પાર્લમેંટને ચાલુ રાખવી, પરંતુ એ સમય કદી આવ્યો નહિ.

**કોફી ગૃહો.** આ રીતે પાર્લમેન્ટમાં થતો વિરોધ તેણે અટકાવ્યો, પણ લોકોની જીભ બંધ કરવા કોણ સમર્થ હોઈ શકે? આ સમયે લંડનના કોફી ગૃહોમાં ઘણા લોકો દરરોજ ભેગા થતા. ક્રોમ્વેલના વખતમાં એક તુર્કી વેપારીએ પહેલું કોફી ગૃહ ખોલ્યું, અને ત્યારપછી આવાં ગૃહો લંડન નગરમાં ઝટ વધી ગયાં. દરેક માણસ પોતાના માનીતા કોફીગૃહમાં જઈ પોતાના ખાસ મિત્રોને મળતો તથા તેઓ સાહિત્ય, ધર્મ, રાજનીતિ, ગપગોળા વિગેરેની વાતો કરતા કરતા કોફી પીતા અને ધૂમ્રપાન કરતા. નામાંકિત અને લોકપ્રિય ગૃહો તો નાની નાની પાર્લમેન્ટ જેવા બન્યા, અને તેમની અસર એટલી બધી વધી ગઇ કે બીજા ચાર્લ્સે તેમને બંધ કરવા તજવીજ કરી હતી. પણ લોકોના બૂમરાણને લીધે કોફીગૃહો ફરી ખોલાયાં અને હવે લોકો ત્યાં રાજાના વિચિત્ર વર્તન વિષે વિવેચન કરતા.

**કાયદા રદ કરવાની સત્તા.** પરંતુ જેઇમ્સને લોકમતની ઝાઝી પરવા ન હતી. પાર્લમેન્ટ મોકુફ કર્યા પછી તેણે કાયદા રદ

કરવાની રાજસત્તા વિષે પોતાના કાયદાશાસ્ત્રીઓની ખાનગી સલાહ લીધી. તેમનામાંના ચારે હિમ્મતપૂર્વક કહ્યું કે આ બાબતમાં પાર્લમેન્ટની સંમતિ વિના તમને કશી સત્તા નથી. આ ચારને વિદાય કરી તેમની જગાએ રાજાએ વધુ કહ્યાગરા પુરૂષો નીમ્યા. સર એડવર્ડ હેઇલ્સ કેથેલિક હતો છતાં રાજાએ તેને ડોવરનો ગવર્નર બનાવ્યો. આ નીમણુક કસોટીના કાયદા વિરૂદ્ધ હતી. એ પુરૂષનો મુકદ્દમો જેઇમ્સે જાણી જોઇ ઉભો કરાવ્યો, અને તે એવા ઉદ્દેશથી કે ન્યાયાધીશો મરી તરફેણમાં હોવાથી સારો ચુકાદો આપશે અને એ રીતે કાયદા રદ કરવાનો મારો અધિકાર ન્યાયી ગણાશે. તપાસ દરમ્યાન હેઇલ્સે કહ્યું કે મને રાજાએ કસોટીના ધારામાંથી મુક્ત કર્યો છે આ પરથી કોર્ટે તેની તરફેણમાં ચુકાદો આપ્યો.

આ ફારસ સમાન તપાસ પછી રાજા એપિસ્કોપેલિયન આચાર્યોને કાઢી તેમની જગાએ કેથોલિકોને દૃઢતાથી ગોઠવવા લાગ્યો. તેણે અમલદારોને ખાનગીમાં એકે એક બોલાવવાની નવી રૂઢી કાઢી આવી રીતે બોલાવી તે તેમને પુછતો કે તમે કસોટીના ધારા વિરૂદ્ધ મત આપશો કે નહિ ? જો કોઇ આ વિષે ના કહેતો તો થોડા વખતમાં તેની જગા જતી. ખુદ તેના સાળાઓ, જે ચુસ્ત રાજભક્ત હતા, તેમને પણ તેણે છોડયા નહિ. મોટા સાળા કલેરેન્ડનને આયર્લેન્ડથી બોલાવી લઇ તેની જગાએ લોર્ડ ટિરકોનલ નામના કેથોલિકને નીમ્યો. અને નાના સાળા લોર્ડ રોચેસ્ટરને કોશાધ્યક્ષની પદવી પરથી બરતરફ કર્યો. પ્રિવિ કાઉન્સીલમાં પણ તેણે ચાર પાંચ કેથોલિક ઉમરાવોને દાખલ કર્યા.

વળી ગતકાળમાં તિરસ્કાર પામેલી અને પીસ્તાળીશ વર્ષ પૂર્વે રદ થએલી હાઇ કમિશન કોર્ટ તેણે ફરી ચાલુ કરી. અને આ કોર્ટમાં જેફ્રીસ અને બીજા છને ન્યાયાધીશ બનાવ્યા. લંડનના બિશપ કોમ્પટને ડૉ. શાર્પ નામના આચાર્યને અમુક તકરારી આખ્યાન આપવા સંબંધમાં બરતરફ કરવા ના પાડી; એટલે આ અદાલતે તે બિશપને બરતરફ કર્યો.

હવે રાજા અને પરદેશી એલચી માટે નવાં કેથોલિક દેવળો બંધાયાં. અનેક માર્ગના સાધુઓ લંડનમાં વસવા લાગ્યા. અને જેસ્વિટોએ* એક મોટી નિશાળ ખોલી. જેઇમ્સ પણ હવે સમજ્યો કે લોકો ગુસ્સે થયા છે.

રાજનગરમાં તોફાનો થવા લાગ્યાં, અને બંડ થાય તો તે ઉગતું ચાંપી દેવા માટે તથા લંડનવાસીઓને ડરાવવા માટે હાઉન્સ્લો આગળ છાવણી નાંખી તેમાં ૧૩૦૦૦ આદમીએ પડાવ

---

* ધર્મસુધારણાની વાત યુરોપમાં ચાલતી હતી તે સમયે ઈગ્નેશિયસ લોયોલા નામના સ્પેઈનવાસીએ 'જીસસનો સમાજ' અથવા 'જેસ્વિટ મંડળ' એ નામની એક સંસ્થા સ્થાપી હતી. તેનો ઉદ્દેશ એ હતો કે ધર્મમાં પ્રોટેસ્ટન્ટોએ નવો પંથ કાઢયો તેમ ન કરતાં જુના ધર્મમાંજ રહી તેમાંના દોષ દૂર કરવા. દરેક જેસ્વિટે (જીસસના અનુયાયીએ) આદર્શજીવન ગાળવું અને બને તેટલી સમાજ સેવા કરવી એ આ સંસ્થાના મુખ્ય હેતુ હતા. જેસ્વિટોની નિશાળો એવી સુંદર રીતે ચલાવવામાં આવતી કે ઘણા પ્રોટેસ્ટન્ટો પણ પોતાનાં બાળકોને ત્યાં મોકલતા. હાલ મુંબઈમાં સેંટ ઝેવીઅર સ્કુલ છે તે આ પંથનીજ છે.

નાંખ્યો: પછી તેણે ડિસેન્ટરોની મદદની આશા રાખી ધર્મ-છુટનું જાહેરનામું બહાર પાડ્યું. આની મતલબ એ હતી કે કેથોલિકો અને ડિસેન્ટરો પોતે ચાહે તેમ ઇશ્વર ઉપાસના કરી શકે અને કોઇપણ જાતની કસોટી વિના સરકારી પદવી ભોગવી શકે. રાજાના મિત્રોથી દોરવાએલા કેટલાક ડિસેન્ટરોએ આ જાહેરનામું વધાવી લીધું. પરંતુ તે પંથના વિચારવંત પુરૂષો પામી ગયા કે રાજાનો અંતિમ હેતુ કેવળ કેથોલિક પક્ષને ચઢાવવાનો છે. આથી જે વરદાન આપવાનો કાયદેસર તેને અધિકાર ન હતો તે સ્વીકારવા તેમણે ના પાડી.

વાસ્તવિક રીતે તે પ્રજાસ્વાતંત્ર્યના કાનુનો જરાએ વિચાર કર્યા વિના નાશ કરે જતો હતો. ભલા અને શાણા પોપે તેને શાંત અને ધીરા થવાની સલાહ લખી મોકલી; લુઇએ તેને સાવધાનીથી કાર્ય કરવાની શિખામણ દીધી; તેની કેથોલિક પ્રજાએ પણ તેને કાયદેસર રાજ્ય ચલાવવા વિનવ્યો, પરંતુ આ સર્વ વ્યર્થ નીવડ્યું. ફાધર પિટરની અક્કલે ચાલતો જેઇમ્સ એમ માનતો હતો કે જો ફક્ત હું દઢતાથી કાર્ય કર્યો જઇશ તો લોકોને ખાત્રી થશે કે હું તેમનું હિત ચાહું છું અને આખરે તેઓ નમશે.

હવે તેણે યુનિવર્સિટિઓમાં માથું માર્યું. ઓક્સફર્ડની ક્રાઇસ્ટ ચર્ચ કોલેજના વડા તરીખે તેણે ડો. માસી નામના કેથોલીકને મુકયો: કેમ્બ્રિજના ડો. પેચલને, એક સાધુને વિદ્યાપદવી આપવા ના પાડવા માટે બરતરફ કર્યો; અને મોડલિન કોલેજવાળાઓએ પ્રમુખ તરીખે ડો. પાર્કર નામના કેથોલીકને ચુંટવા ના પાડી તેથી તેમને કાઢી મુકયા.

મહીના પછી તેણે પાર્લમેન્ટ વિસર્જન કરી અને નવી ચુંટણી કરાવવાની તૈયારીઓ આરંભી. તેણે તમામ સ્થાનિક અધિકારીઓને પુછાવ્યું કે તમે કસોટીના અને જામાના કાયદા વિરૂદ્ધ મત આપે એવા સભ્યોને ઉત્તેજન આપશો? જો તેઓની ના આવતી તો તેમને ખસેડી તેમને સ્થાને બીજાઓની નીમણુક થતી. છેવટે લોકલાગણીને છેક તુચ્છ ગણી તેણે પોપના વકીલને ભારે ભભકા સાથે પોતાના દરબારમાં આવકાર આપ્યો.

ઈંગ્લેંડના નેતાઓને હવે એમ લાગ્યું કે કોઇ તાત્કાળિક ઉપાય નહિ કરવામાં આવે તો દેશમાં આપઅખત્યારી હદપારની થઈ જશે. અંગ્રેજ પ્રજાના હક્ક અને સ્વાતંત્ર્યનું રક્ષણ કરવામાં વિલિયમ મદદ કરશે કે કેમ તે નક્કી કરવા કેટલાક આદમી સંદેશા લઇ હોલેન્ડ ગયા. વિલિયમને તો ભાવતું હતું અને વૈદે કહ્યું તેના જેવું થયું. જેઇમ્સના મિત્ર લુઈની સત્તાવૃદ્ધિથી વિલિયમ અને યુરોપના બીજા પ્રોટેસ્ટન્ટ રાજાઓ ડરતા હતા. અને ઈંગ્લેંડ પ્રોટેસ્ટન્ટ માર્ગમાં મક્કમ રહે એ ખાસ મહત્વની બાબત હતી. વિલિયમને એવી આશા હતી કે એક વાર ઇંગ્લેંડ મારા કબજામાં આવે તો લુઇને સુંઠનો સ્વાદ ચખાડું. પણ તે બે કારણોને લીધે ખંચાતો હતો. ઇંગ્લેંડના તમામ પક્ષ મદદ કરશે કે કેમ એ વિષે ખાત્રી ન હતી; વળી જ્યાંસુધી ફ્રેન્ચ લશ્કર નેધરલેન્ડ પર ઝઝુમી રહ્યું હતું ત્યાં સુધી પોતે હોલેન્ડ છોડી શકે એમ ન હતું. થોડા મહિના પછી તેનો રસ્તો સાફ થયો. જર્મની સાથે લુઈને લડાઇ થવાથી ફ્રેન્ચ લશ્કર તે બાજુ રોકાયું અને વિલિયમ તેના ત્રાસમાંથી છુટો થયો.

**કુંવરનો જન્મ.** દરમ્યાન ઇંગ્લેંડમાં મોટા બનાવ બનતા હતા. નવી રાણી મેરી ઓફ મોડેના, આટલો બધો વખત અપુત્ર રહેલી હોવાથી કોઇને તેના તરફની બાળકની આશા ન હતી. એવામાં અઠ્યાશીના જુન માસમાં તેને કુંવર સાંપડયો. લોકો અત્યાર સુધી એમ મન વાળી બેઠેલા કે આ જુલ્મી અમલના દિન જેઇમ્સની સાથેજ જશે અને તેના મરણ પછી મેરી ગાદીએ આવશે એટલે સૌ સારાં વાનાં થશે. પરંતુ હવે આ કુંવરના જન્મથી તેની આશા નિષ્ફળ ગઇ. એક બાજુ રાજાને આનંદ થયો ત્યારે બીજી બાજુ આખી પ્રજા નિરાશ થઇ. કેટલાક તો આ કુંવર રાણીજાયો છે એવું માનતા જ ન હતા, અને એમ કહેતા કે કોઇ બાળક ગુપ્તરીતે મહેલમાં મંગાવી, તેને રાજકુંવર ઠોકી બેસાડયો છે.

**સાત બિશપોનો મુકર્દમો.** આ અભાગીઆ કુંવરના જન્મ પહેલાં જેઇમ્સે ફરી ધર્મછુટનું જાહેરનામું બહાર પાડયું અને હુકમ કર્યો કે તમામ આચાર્યોએ પોતપોતાના દેવળોમાં આ જાહેરનામું વાંચી સંભળાવવું. એક તો આ જાહેરનામું ગેરકાયદેસર હતું, અને બીજું આચાર્યો તેને ખોટું પગલું ધારતા હતા. આથી સાત બિશપોએ, જેમાં કેન્ટરબરીનો આર્કબિશપ સેન્ક્રોફ્ટ પણ હતો, તેમણે રાજાને એક અરજી મોકલી કે આચાર્યોના અંતરના અવાજ વિરૂદ્ધ આ કામ તેમની પાસે બળાત્કારે ના કરાવો. આ અરજીથી જેઇમ્સ બહુ ગુસ્સે થયો. પછી એવું બન્યું કે મુકરર કરેલા દિવસોએ ઘણાખરા આચાર્યોએ પેલું જાહેરનામું વાંચ્યું નહિ, અને જ્યાં વંચાયું ત્યાંથી શ્રોતાજનો ઉઠી ચાલતા થયા. આ સાંભળી રાજાના ક્રોધનો પાર રહ્યો નહિ. ક્રોધના આવેશમાં તેણે પોતાનું

છેલ્લું આત્મઘાતક પગલું ભર્યું. પેલા સાત બિશપોને સરકાર વિરૂદ્ધ અરજ કરવા બદલ ફીતુર અને બદનક્ષીના આરોપસર કોર્ટમાં ઘસડવાનો તેણે હુકમ કાઢયો. તેમણે જામીન આપવા ના પાડી તેથી તેમને ટાવરગઢમાં પુર્યા.

હવે છેવટ આવતાં પ્રજાનું પોત પ્રકાશ્યું. થેઇમ્સ નદીમાં એક વહાણમાં બેસાડી આ બિશપોને ટાવરગઢ તરફ લઇ જતા હતા ત્યારે લોકોનું જબરદસ્ત ટોળું તેમનાં દર્શન કરવા ભેગું થયું અને 'પ્રભુ તમારી રક્ષા કરો' એવા પોકાર ઉઠાવ્યા. આખું ઈંગ્લેંડ જાગ્રત થયું. આ બિશપોમાં એક બ્રિસ્ટલનો બિશપ ટ્રેલોની કરીને હતો. તે એટલો બધો લોકપ્રિય હતો કે છેક પશ્ચિમના પરગણાંઓમાં પણ ખેડુતો તેને માટે આ સમયે આ મતલબનું ગીત ગાતા—
"શું ટ્રેલોની મરશે? શું ટ્રેલોની મરશે? નહિ, નહિ તે પુર્વે ત્રીશ હજાર કોર્નિશ યુવકો તેનું કારણ જાણવા માંગશે?"

તપાસના દિવસ આવતાં મોટા મોટા વકીલો બિશપોનો બચાવ કરવા પડાપડી લાગ્યા; અદાલતના મકાનથી મઈલના માઇલ સુધીના રસ્તા પ્રેક્ષકોના ટોળાથી ચીકાર ભરાઈ ગયા; અને જ્યુરીની ઇચ્છા હોત તો પણ બિશપોને અપરાધી ઠરાવવાની તેના મગદુર ન હોતી. 'બીન અપરાધી' એ ચુકાદો જ્યુરીના મુખમાંથી નીકળ્યો ત્યારે પ્રજાનો આનંદ અનેક રીતે પ્રદર્શિત થયો. જ્યાં ત્યાં ઘંટના નાદ સંભળાવા લાગ્યા; લોકો દેવાલયોમાં ટોળે થયા. અને રાત્રે આતશબાજી તથા રોશની કરવામાં આવી. આ હર્ષનાદના પોકાર થતા હતા ત્યારે જેઇમ્સ લશ્કરી છાવણીમાં હતો અને પોતાની નજીકમાં

અવાજ થતા સાંભળી તેણે પુછ્યું કે આ અવાજ શાનો છે? ત્યારે સેનાપતિ લોર્ડ ફિવર્શેમે ઉત્તર દીધો કે કાંઇ નહિ સાહેબ; એતો બીશપોને છોડી મુકયા તેથી સોલ્જરો ખુશ થાય છે. "તમે આને કાંઇ નહિ સમજો છો? તેમની વધારે કમબખ્તી થશે" ચાર મહીનામાં રાજાને માલમ પડી ગયું કે કમબખ્તી બિશપોની નહિ પણ પોતાના જ કર્મમાં હતી.

**વિલિયમને આમંત્રણ.** બિશપો ૧૬૮૮ની ૩૦ મી જુને છુટયા અને તેજ દિવસે બધા પક્ષના આગેવાનોની સહીવાળું આમંત્રણપત્ર લઇ નૌકાધિપતિ હર્બર્ટ સામાન્ય ખલાસીના વેશે હોલેન્ડ ગયો. અર્લ ડેન્બીએ ટોરી પક્ષ તરફથી, અર્લ ઓફ ડેવનશાયરે વ્હીગ પક્ષ તરફથી, બિશપ કોમ્પટને રાષ્ટ્રીય ધર્મખાતા તરફથી, લોર્ડ રસેલે નૌકાસૈન્ય તરફથી, અને શુઝબરી, લમ્લી, અને સિડનીએ પ્રજા તરફથી સહીઓ કરી હતી વિલિયમ આવા આમંત્રણની રાહજ જોતો હતો અને હવે તેના હાથમાં ઇંગ્લેંડની લાડ આવવાથી તેણે એવું જાહેરનામું બહાર પાડયું કે મેરીના સ્વામી તરીખે હું સ્વતંત્ર અને કાયદેસરની પાર્લમેન્ટ સ્થાપવા લશ્કર લઇ ઇંગ્લેંડ આવું છું. આ જાહેરનામુ આખા ઈંગ્લેંડમાં ઝટ પ્રસરી ગયું.

**વિલિયમનું આગમન.** હવે ભરોસે ભુલેલા જેઇમ્સને ફાળ પડી અને તે ઉતાવળો ઉતાવળો પોતાનાં દુષ્કાર્યો દુરસ્ત કરવા મંડી પડયો. જે સુબાઓને કાઢી મુકેલા, તેમને તેમની અસલ જગાએ પાછા મુકયા, યુનિવર્સિટિમાંથી કાઢી મુકેલા ગૃહસ્થોને ફરી

નીમ્યા, શહેરોના રદ કરેલાં પટા પાછા ચાલુ કર્યા, પ્રપંચી સંડર્લેન્ડને પ્રધાનપદપરથી ખસેડયો, અને ફાધર પિટરને કાઉન્સિલમાંથી કાઢયો. પરંતુ રાઈના પહાડ રાતે વહી ગયા હતા. પાંચમી નવેમ્બરે વિલિયમ ટોરબે બંદરે ઉતર્યો. પ્રથમ તો મન્મથના બળવાના ભયંકર પરિણામો સંભારી લોકો અળગા રહ્યા, પરંતુ થોડા દિવસમાં ઉમરાવો અને ગૃહસ્થો તેને જઈ મળ્યા. આ સમાચારથી જેઇમ્સને કાંઈ ખાસ આઘાત થયો નહિ. તેની ધારણા એવી હતી કે ચઢાઇ થશે તો ઉત્તર પ્રદેશમાં થશે. એટલે તેણે તે દિશામાં પોતાનું લશ્કર રવાના કરી દીધું હતું. હવે આ લશ્કરને પશ્ચિમ તરફ બોલાવ્યું. તેનો વિચાર એવો હતો કે વિલિયમને ઘેરી તેનો ઇંગ્લેંડના બીજા પ્રાંતો સાથેનો વ્યહવાર તોડી પાડવો. તે એમ માનતો હતો કે મારું સૈન્ય બહુ મોટું છે એટલે દુશ્મનને એકકે ઘાએ નાશ કરી શકીશ. સોલ્સ્બરી આગળ તે પોતાના સૈન્યને મળ્યો; પણ તેને આ સમયે માલમ પડયું કે જેને તે આજદિન સુધી પોતાના મિત્રો માની રહ્યો હતો તે સર્વે તેનો ત્યાગ કરી દુશ્મનદળમાં જઇ મળ્યા હતા. તેનો માનીતો લોર્ડ ચર્ચિલ ( પાછળથી ડયુક ઓફ માર્લબરો ) અને બીજા ઘણા સરદારો પોતપોતાની ટુકડીઓ લઈ વિલિયમના સાથમાં ભળ્યા. શહેરોના હાકેમોએ પણ પ્રોટેસ્ટંટ સાથ સ્વીકાર્યો.

**જેઇમ્સનું પલાયન.** જેઇમ્સની નાની દીકરી આન પોતાના સ્વામિ સહિત બાપ પાસેથી નાસી છુટી; અને સર્વથી તજાએલા અભાગીઆ જેઇમ્સે લંડન આવી રાણી અને કુંવરને ફ્રાન્સ મોકલી દીધાં. અને પોતે પણ ઉપડવાની તૈયારીમાં હતો, પરંતુ કેટલાક

માછીએ તેને ઓળખી જવાથી વિલિયમ પાસે લઇ આવ્યા. ચતુર વિલિયમ સારી રીતે સમજતો હતો કે ટાઢે પાણીએ ખસ જાય એના જેવું એકે નહિ. આ હેતુથી તેણે જેઇમ્સ પરનો પેરો ઠીક ઠીક રખાવ્યો. ગભરાએલો, બેબાકળો બનેલો જેઇમ્સ આ લાગ જોઇ તેવીસમી ડિસેમ્બરે ફ્રાન્સ છટકી નાઠો. જતાં પહેલાં તેણે ચુંટણી વિષેના પોતાની સહીવાળા લેખિત આજ્ઞાપત્રનો નાશ કર્યો, અને મોટી રાજ–સીલ થેઇમ્સ નદીમાં નાંખી દીધી. તેનું ધારવું એવું હતું કે ઇંગ્લેંડમાં અંધેર ચાલે તો ફ્રેન્ચ લશ્કરની મદદવડે ઇંગ્લેંડને પાછું જીતી લેવાય લુઇએ તેને સારો આવકાર દીધો અને તેના કુટુમ્બના વાસ માટે પોતાનો એક મહેલ આપ્યો.

**રાજ્ય વિપ્લવ.** આ રીતે જરાપણ રક્તપાત વિના આ મહાન રાજ્ય વિપ્લવનું કાર્ય પાર પડ્યું. દુનિયાના અનેક દેશોમાં અનેક વેળા રાજ્યમાં ભારે ઉથલ પાથલો થઇ હશે, પણ આ અઠ્યાસીનો અંગ્રેજી વિપ્લવ તો અપૂર્વ જ છે. તેનાં બીજ ચાળીશ વર્ષ પૂર્વે પહેલા ચાર્લ્સના રાજ્યમાં વવાયાં હતાં. ઇંગ્લેંડના રાજતંત્રના સિદ્ધાન્ત શ્રેષ્ઠ હતા, એટલે નવા રાજતંત્રની કશી જરૂર ન હતી. જરૂર ફક્ત પ્રજાહક્કને સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરવાની હતી જેથી ભવિષ્યમાં રાજાપ્રજાનો ઝઘડો જાગે નહિ. રાજાપ્રજા વચ્ચેના પોણોસો વર્ષથી ચાલતા ઝઘડાનો હવે ચોક્કસ અંત આવ્યો. આ ઝઘડો ચાર ચાર રાજ્ય દરમ્યાન ચાલ્યો; તેને લીધે ફિતુર, રાજદ્રોહના આરોપ, બંડ, લડાઇ, ઘેરા, કત્લેઆમ થઇ ચુકયાં હતાં. એક વેળા રાજા જીતશે તો બીજી વેળા પ્રજા જીતશે એવી વકકી લાગતી. આ બધાં વર્ષો

દરમ્યાન ઇંગ્લેંડનું અર્ધું ર.બ્રઆળ બીજા અર્ધાને વશ કરવામાં રોકાયું હતું. આ મહાન વિગ્રહ ખતમ થયો તે આ અઠ્યાસીના રાજવિપ્લવના પ્રતાપ. લોર્ડ મેકાલેએ આ વિપ્લવને 'મહાન્' અને 'ક્રાંતિકર' વિશેષણો આપ્યાં છે તે વ્યાજબી જ છે.

**રાજા વિનાનો સમય.** જેઇમ્સના ગયા પછી થોડા કલાકમાં જ વિલિયમ રાજમહેલમાં આવી પુગ્યો. લંડનમાં ઠેકઠેકાણે અંગ્રેજ, સ્કોટ, અને ડચ સૈનિકો ગોઠવી દીધા હતા અને તમામ વસ્તુ થાળે પડેલી લાગતી હતી. ઉમરાવ સભા મળી. પણ આમની સભા તો હતીજ નહિ. આ અડચણ દૂર કરવા બીજા ચાર્લ્સના સમયના સભ્યો અને લંડનના સ્થાનિક ગૃહસ્થોમાંના મુખ્ય મુખ્ય પુરૂષોને બોલાવ્યા. તેમણે વિલિયમને કામચલાઉ અધિકાર સોંપ્યો અને તેની પાસે ચુંટણી માટેના આજ્ઞાપત્રો કઢાવ્યાં. વિલિયમ હજુ રાજા ન બનેલો હોવાથી, તેણે આ સમયે બોલાવેલી સભા પાર્લ-મેંટ નહિ પણ કોન્વેન્શન સભા કહેવાઈ. ૧૬૮૯ના આરંભમાં કોન્વેન્શન સભા બેઠી અને ઘણા વાદવિવાદ બાદ એવા ઠરાવ પર આવી કે વિલિયમ અને મેરીને રાજારાણી જાહેર કરવા અને રાજકારભાર એકલા વિલિયમને સોંપવો. વિલિયમે કેવળ રાજરક્ષક થવાની ના પાડી અને મેરીની ઈચ્છા પણ સર્વ સત્તા સ્વામિને સોંપવાની જ હતી.

**હક્ક પત્રિકા.** પરંતુ આ કાર્ય કરતાં પહેલાં કોન્વેન્શન રાજસત્તાની મર્યાદા એવી રીતે નક્કી કરવા ઇચ્છતી હતી કે ભવિ-ષ્યમાં એ વિષેના ઝઘડા થાયજ નહિ. સભ્યોએ હક્ક પત્રિકાનો

ખરડો ઘડી કાઢયો જે થોડાક મહિના પછી કાયદા રૂપ બન્યો. આ પત્રિકામાં કયદાના ભંગ માટેના પ્રયાસ કરવા બદલ જેઇમ્સને ઠપકો આપ્યા પછી તેમણે દર્શાવ્યું કે—

૧. કમિશન કોર્ટ અને એના જેવી બીજી અદાલતો ગેરકાયદેસર છે.

૨. રાજાને કાયદાનો અમલ મોકુફ રખાવવાની કે રદ કરાવવાની સત્તા નથી.

૩. પાર્લમેન્ટની મંજુરી વિના રાજા પૈસા ઉઘરાવી ન શકે તેમજ સ્થાયી સૈન્ય રાખી ન શકે.

૪. રૈયતને રાજા પર અરજી મોકલવાનો હક્ક છે.

૫. પાર્લમેંટના સભ્યોની ચુંટણી સ્વતંત્ર થવા દેવી જોઈએ. સરકાર તરફથી કોઈપણ જાતનું દબાણ થવું ન જોઇએ.

૬. પાર્લમેંટમાં દરેક સભ્યને બોલવાની સંપૂર્ણ છુટ હોવી જોઇએ.

૭. પ્રજાનાં દુ:ખનું નિવારણ કરવા અને અસલ કાયદાઓને મજબુતી આપવા પાર્લમેંટ વારંવાર મેળવવી જોઇએ.

૮. જ્યુરી પ્રમાણિકપણે નીમાવી જોઈએ અને રાજદ્રોહના મુકદમામાં સ્વતંત્ર જમીનદારોનેજ નોમવા જોઇએ.

૯. હદપારના દંડ અને અસાધારણ સજા બંધ થવી જોઇએ.

**૧૦. કોઇપણ કેથોલિક ઈંગ્લેંડની રાજગાદીએ આવી શકે નહિ.**

સભ્યોએ કહ્યું કે ઉપર દર્શાવ્યા તે સર્વ અંગ્રેજ પ્રજાના પરંપરાથી ચાલ્યા આવતા નિઃસંશય હક્ક છે અને આ શરતો સાથે અમે વિલિયમ અને મેરીને ઈંગ્લેંડના રાજારાણી જાહેર કરીએ છીએ. આ કાર્ય ૧૬૮૯ ની તેરમી ફેબ્રુઆરીએ થયું. પરિણામે જેઇમ્સના પલાયનના દિવસથી, તેવીસમી ડિસેમ્બરથી તેરમી ફેબ્રુઆરી સુધીના બાવન દિવસ રાજા વિનાના ગણાયા. વળી આ પણ નકકી થયું કે જો મેરીનું મોત થાય, તો વિલિયમ એકલો રાજ્ય કરે અને ત્યાર પછી આન અને તેનાં બાળક ગાદીવારસ બને.

---

# પ્રકરણ ૧૨.

## ત્રીજો વિલિયમ. ૧૬૮૯–૧૭૦૨

**જેઇમ્સ આયર્લેંડમાં.** એ મહિના પછી વિલિયમનો રાજ્યાભિષેક થયો અને તે પાર્લમેંટની સ્વતંત્ર પસંદગીથી ઇંગ્લેંડનો રાજા બન્યો. પરંતુ તે જાણતો હતો કે આ રાજ્ય સ્હેલાઇથી પચવાનું નથી, અને તેને માટે લડયા શિવાય છુટકો નથી. લુઈ જેઈમ્સનો મિત્ર હતો એટલુંજ નહિ પણ તે ઇંગ્લેંડમાં વિઘ્ન ઉપસ્થિત કરી વિલિયમને હેરાન કરવા ઘણો ઈંતેજાર હતો કેમકે તેમ થવાથી

તે ફ્રાંસ વિરૂદ્ધ લડવા ઇંગ્લેંડ બહાર આવી શકેજ નહિ. આવા હેતુથી તેણે જેઇમ્સને આયર્લેંડ જવા પૈસા અને લશ્કર આપ્યાં. આયર્લેંડનો કેથોલિક ગવર્નર ટિરકોનલ તેને મદદ કરવા વીશ હજાર આદમી સહિત તૈયાર હતો. હજુ તો વિલિયમનો રાજ્યાભિષેક થવાનો જ ત્યાર પહેલાં તો જેઇમ્સ આયર્લેંડ ઉતર્યો અને ડબ્લિનમાં તેને હર્ષનાદ સહિત સારો આવકાર મળ્યો.

અને ઇંગ્લેંડમાં પણ તમામ લોકોએ વિલિયમને રાજા તરીખે સ્વીકાર્યો ન હતો. પુનઃસ્થાપનાના સમયથી ધર્માચાર્યો પ્રજાને એવો બોધ દેતા કે રાજા ઇશ્વરી હકકથી રાજ્ય કરે છે અને સૌ કોઇએ તેની આજ્ઞા ચુપચુપ પાળવી જોઇએ. અત્યારે પ્રજાએ પોતાના રાજા સામે બળવો કર્યો હતો અને પાર્લમેંટે બીજો રાજા પસંદ કરી સ્થાપ્યો હતો. માટે તમામ સભ્યો અને અમલદારોને વિલિયમને વફાદાર રહેવાના સોગંદ લેવાના હુકમ થયા. આશ્ચર્યની વાત તો એ છે જે પેલા સાત બિશપોમાંના પાંચ અને આર્કબિશપ સેન્ક્રોફ્ટે આ સોગંદ લેવા ના પાડી. બીજા ઘણા આચાર્યોએ પણ ના પાડી. આ પુરૂષો **નોનજ્યુરરો** ( સોગંદની ના પાડનારા ) કહેવાયા. તેમને ધીરજથી સમજાવ્યા છતાં તેમણે વિલિયમના નામની પ્રાર્થના કરવા પણ ના પાડી. આથી તેમને અધિકાર પરથી ખસવું પડયું. આ લોકો, કેથોલિકો અને જેમ્સના બીજા મિત્રો જેઓ હવે **જેકોબાઇટ** કહેવાવા લાગ્યા, તેમણે સરકાર સામે અનેક તર્કટો કર્યાં, કેમકે તેઓ વિલિયમને બિનહક્કદાર અને ગાદી પચાવી પાડનાર ગણતા હતા. આ સઘળું છતાં ઘણીખરી

પ્રજા નવા રાજાની તરફેણમાં હોવાથી ઈંગ્લેંડમાં ઝાઝું તોફાન થવા પામ્યું નહિ.

**સ્કોટલેન્ડ.** સ્કોટલેન્ડમાં તોફાન થયાં. પણ તે જુદા જ કારણને લીધે. લાંબા વખતથી જેના ઉપર જુલમ થતા હતા તેવા કોવેનાન્ટરોએ એકદમ વિલિયમને સ્વીકાર્યો એટલુંજ નહિ પણ વળી એપિસ્કોપલ આચાર્યોને ગાંસડે પોટલે હાંકી કાઢયા; અને ઘણાઓ ઉપર તો ભારે નિર્દય વર્તન ચલાવ્યું. પછી દેશ જ્યારે થાળે પડયો ત્યારે સ્કોટ પાર્લમેન્ટ ભેગી થઇ. તેમાં કોવેનાન્ટરોની વધુમતિ હોવાથી વિલિયમ અને મેરી એડિનબરો નગરમાં રાજારાણી જાહેર થયાં. પરંતુ જેઇમ્સનો એક અસલનો સાથી, વાઇકાઉન્ટ ડન્ડી થોડાક સૈનિકો લઇ હાઇલેન્ડના પહાડી લોકો પાસે પહોંચ્યો અને ત્યાંના સરદારોને એકઠા કરી યુદ્ધ માટે તૈયાર થયો.

**કિલિકેન્કીની લડાઇ.** ઝઘડો ઝાઝો વખત પહોંચ્યો નહિ. જનરલ મેક રાજસૈન્ય લઈ ડન્ડી સામે ગયો. પણ ડન્ડીની ચતુર વ્યુહરચનાને લીધે કિલિકેન્કીના સાંકડા માર્ગમાં હાઇલેન્ડવાળાઓનો સંપૂર્ણ જય થયો. પરંતુ અહીં તેમના વીર સેનાપતિ ડન્ડીનું મરણ થયું. એટલે ધણી વિનાના ઢોરની પેઠે તેઓ પાછા પોતાના દેશમાં ચાલી ગયા. આ રીતે વિજય પરાજય જેવો બન્યો, અને લડાઇના સર્વ લાભ પરાજિત પક્ષને મળ્યા.

**ગ્લેન્કોની કતલ.** આ પછી બે વર્ષ સુધી ઝીણાં ઝીણાં છમકલાં થતાં પરંતુ વિલિયમને ડર રાખવા જેવા વિરોધનો અત

આવ્યો. ત્યારબાદ એક ઘણો ઘોર બનાવ બન્યો. વિલિયમે એવા હુકમ કાઢયા હતા કે તમામ હાઇલેન્ડ સરદારોએ બાણુની સાલ બેસતાં પહેલાં વફાદારીના સોગંદ લેવા. એકત્રીશમી ડિસેમ્બર સુધીમાં ગ્લેન્કોના મેકડોનલ્ડ શિવાયના બધા સરદારો સોગંદ લઇ ગયા. ગ્લેન્કો હાઇલેન્ડના પશ્ચિમ ભાગમાં એક ખીણ છે. ત્યાંનો સરદાર આયન મેકડોનલ્ડ બરફ અને બીજી અનિવાર્ય કુદરતી અડચણોને લીધે વખતસર પહોંચી શકયો નહિ. છતાં સ્થાનિક અમલદારે તેની પ્રતિજ્ઞા સ્વીકારી અને તેના રોકાણના કારણ વિષે પ્રમાણપત્ર આપ્યું. પરંતુ મેકડોનલ્ડના લોહીના તરસ્યા તેના દુશ્મનોએ આ તકનો લાભ લઈ રાજાને આડું અવળું સમજાવી તેની આખી જાતને જડમૂળથી નાબુદ કરવાના વોરંટપર સહી કરાવી લીધી. આ વોરંટના બળ સહિત મેકડોનલ્ડના વંશપરંપરાના શત્રુ કેમ્પબેલો ગ્લેન્કો તરફ રવાના થયા. આ સિપાઇઓ થોડો વખત તો મિત્રભાવે ત્યાં રહ્યા, અને તેમની સારી પરોણાચાકરી થઇ. પછી એક દિવસ લાગ જોઇ પ્હો ફાટતાં પહેલાં આ મહેમાનો ઉઠયા અને ઉંઘતા નિર્દોષ મેકડોનલ્ડો ઉપર ગોળીબાર ચલાવ્યો; તેમનાં ઘરબાર બાળી મુકયાં, ઢોર ઢાંખર મારી નાખ્યાં અને નસાડી મુકયાં. આ કાર્ય માટે મૂળ ગુન્હેગાર મેકડોનલ્ડના કટ્ટા દુશ્મન બ્રેડલબેઇન અને ડાલ્રિમ્પલ હતા, પણ એથી રાજા કાંઇ દોષ રહિત કહેવાય નહિ. આવા વોરંટ પર સહી કરતાં પહેલાં હરકોઇ રાજાની ફરજ છે કે તે વિષે ચોકક્સ તપાસ કરવી. આ કતલ દુષ્ટ અને વિશ્વાસઘાતક હતી, અને તેના યોજકોને યોગ્ય સજા ન કરવા માટે વિલિ-

યમ દોષિત છે. વિલિયમના ચારિત્ર્યમાં ગ્લેન્કોની ઘટના કાળા કલંક સમાન છે.

**આયર્લેન્ડમાં વિગ્રહ.** દરમ્યાન આયર્લેન્ડમાં પ્રજાવિગ્રહ ચાલી રહ્યો હતો. એક બાજુ કેથોલિક ધર્મ પાળતી અસલ આયરિશ પ્રજા, અને બીજી બાજુ પાછળથી વસેલા પ્રોટેસ્ટન્ટ અંગ્રેજ અને સ્કોટ લોકો હતા. ઈંગ્લેંડ જીતવા સારૂ જેઇમ્સ આયર્લેન્ડ આવ્યો હતો; પણ આયરિશ પ્રજાને એવી આશા હતી કે તે કેથોલિક પંથ ઉદ્ધારવા અને તેમની અસલ જમીન પાછી અપાવવા આવ્યો છે ત્યાંના સુબા ટિરકોનલે દક્ષિણના તમામ પ્રોટેસ્ટન્ટોના હથિયાર મુકાવી દીધાં હતાં. તેમને કતલની બહીક લાગવાથી તેઓ ઘણાખરા ઈંગ્લેંડ ભાગી ગયા. ઉત્તરમાં તેમની સંખ્યા વિશેષ હતી; ત્યાં તેઓ એનિસ્કિલન અને લંદનડેરી નગરોમાં એકત્ર થયા. જેઇમ્સ લંદનડેરી આગળ આવ્યો ત્યારે તે નગરના દરવાજા બંધ થઇ ચુકયા હતા, અને તેમાં ત્રીશ હજાર પ્રોટેસ્ટન્ટોએ આશરો લીધો હતો.

**લંડનડેરીનો ઘેરો.** જેઇમ્સે લંદનડેરીને ઘેરો ઘાલ્યો. ત્યાંનો ગવર્નર જેઇમ્સને શરણે થવા તૈયાર થયો હતો પરંતુ શહેરીઓ અને સિપાઇઓ એટલા કોપાયમાન થયા કે ગવર્નરને જીવ લઇ નાસવું પડયું. પછી વોકર નામના વીર આચાર્યની સરદારી હેઠળ તેમણે ટકાવ કરવા માંડયો. ઘેરો એકસો પાંચ દિવસ ચાલ્યો. કોઇપણ બાજુએથી સાધન સામગ્રી અંદર જવાં ન પામે એવી જોગ-

ચાઇ બહારવાળાઓએ કરી હતી. વિલિયમે ઘેરો છોડવવા અંગ્રેજ કાફલો મેકલ્યો પરંતુ તેનો સરદાર કર્ક બહુ જોખમમાં ઉતરવા તૈયાર ન થયો. અંદર સેંકડો માણસો ભુખ, રોગ, અને મોતના ભોગ થઇ પડયા. થોડા દિવસમાં તો તેમણે ઘોડાનું માંસ ખાવામાં લીધું; પણ પછી તો તે યે ઘટી ગયું. તમામ સાધન ખતમ થઇ ગયાં હતાં છતાં વીર શહેરીઓ તાબે થવાની હજી ના પાડતા.

છેવટે કર્કને ઈંગ્લેંડથી સખત હુકમ મળ્યો કે તમારે ઘેરો છોડાવવો જ જોઇએ. કેટલાક સાહસિક નરરત્નો પોતાનાં વહાણ લઇ મહા મુશીબતે પેલી શહેરની અંદર સાધન પહોંચાડી આવ્યા. એ દિવસ પછી અયરિશ લશ્કર થાકયું અને ઘેરો ઉઠાવી ચાલતું થયું. એજ દિવસે એનેસ્કિલન નજીક અયરિશ પક્ષની હાર થઈ. આ પ્રમાણે ઉત્તર આયર્લેન્ડ જેમ્સની સેનાથી છુટયું.

પરંતુ ડબ્લિનમાં હજુ જેમ્સની આણ ફરતી હતી. પૈસા ઘટવાથી તેણે પિત્તળના પાઉન્ડ શિલિંગ પાડયા અને એવું વચન આપ્યું કે ઈંગ્લિશ ગાદી પાછી મેળવ્યા બાદ આ નાણાંને બદલે સારૂં નાણું આપીશ. તેના નામે આયરિશ પાર્લામેન્ટે વિલિયમ-વાળાઓ માટે સખત ધારા કર્યા અને અંગ્રેજ સંસ્થાઓની ઘણી ખરી મિલ્કત જપ્ત થએલી જાહેર કરી. પરંતુ આ ધારાની કશી અસર થઇ નહિ, કેમકે વિલિયમનો જર્મન સેનાપતિ માર્શલ શોમ્બર્ગ સૈન્ય લઇ આયર્લેન્ડ આવ્યો હતો, અને તેના આગમનથી પ્રોટેસ્ટન્ટોને ઘણી હુંફ મળી.

**ધર્મછુટનો કાયદો.** દરમ્યાન વિલિયમના અમલ હેઠળ ઇંગ્લેંડ શાંત પડતું હતું. તેણે બુદ્ધિશાળી પ્રધાનો નીમ્યા, જેમાં તેનો જુનો મિત્ર લોર્ડ ડેન્બી જેણે તેનું અને મેરીનું લગ્ન ગોઠવ્યું હતું તે, તથા વ્હીગ અને ટોરીઓને સમતોલ રાખનારો લોર્ડ હેલીફેકસ હતા. પાર્લમેન્ટે ઘણા ઉપયોગી કાયદા કર્યા. પહેલેજ વર્ષે ધર્મ છુટનો કાયદો થયો જેથી ડિસેન્ટરોને તેમના પોતાના દેવળોમાં પ્રાર્થના કરવાની છુટ મળી. પરંતુ આ કાયદો કેથોલિકોને લાગુ પડતો ન હતો; કેમકે ઈંગ્લેંડમાં હજુ તેમના તરફ હડહડતો વૈરભાવ અને અણવિશ્વાસ હતો. પછી રાજા માટે બાર લાખની ઉપજ નક્કી કરી; પણ આ સમયે પહેલી વારજ આમસભાએ આમાંનો અમુક ભાગ પોતાના હાથમાં રાખ્યો. રાજા રાણી જીવે ત્યાં સુધી તેમને ૩ લાખ પાઉન્ડનું વર્ષાસન કરી આપ્યું તથા ૭ લાખની જે જકાત ઉપજ તે ફકત ચાર વર્ષ માટે મંજુર કરી. આથી વિલિયમને ઘણું માઠું લાગ્યું અને તેણે એવી ટીકા પણ કરી કે અંગ્રેજો ખરેખર વિચિત્ર પ્રજા છે. જેઇમ્સ જેવા તેમનાં ધર્મ અને સ્વાતંત્ર્યના શત્રુને તેમણે જીંદગીભરની ઉપજ કરી આપી હતી; અને મારા જેવા તેમના ધર્મ અને સ્વાતંત્ર્યના મિત્રને તેઓ ચાર વર્ષ માટેજ મંજુર કરે છે. તે સમયથી માંડી આજ પર્યન્ત સરકારી ખર્ચ માટે દર વર્ષે પાર્લમેન્ટ મંજુરી આપે છે, અને એ રીતે એમ થયું કે વર્ષમાં એક વાર તો પાર્લમેન્ટ મળેજ મળે.

**મ્યુટિની એકટ.** આ વર્ષમાં એક ત્રીજું બિલ પસાર થયું જેની રૂએ સ્થાયી સૈન્ય સ્થપાયું અને તેના ઉપર પાર્લમેન્ટની સત્તા

થઇ. અત્યાર સુધી એવો રિવાજ હતો કે લડાઇ પ્રસંગે સૈન્ય ઉભુ કરવું અને તે પુરી થતાં કાઢી મુકવું. ક્રોમ્વેલના સ્થાયી સૈન્યે ઘાણુ વાળ્યો હતો તે વાત અંગ્રેજોના મગજમાંથી ખસતી ન હતી. અને હક્ક પત્રિકામાં સાફ જણાવ્યું હતું કે સ્થાયિ સૈન્યની સંસ્થા કાયદા વિરૂદ્ધ છે. પરંતુ હવે પહેલાના જેવી સ્થિતિ ન હતી. હવે ઇંગ્લેન્ડ યુરોપી ઝઘડાઓમાં વધારે અને વધારે સંડોવાતું હતું અને તેથી સ્થાયિ સૈન્ય આવશ્યક થઇ પડયું. બન્યું એવું કે એક સ્કોચ પલટને બળવો જગાવ્યો, અને સ્થાયિ સૈન્ય ગેરકાયદેસર હોવાથી એ સૈનિકોને સાધારણ જનોની પેઠેજ સજા થઇ શકે. આ પરથી લોકોને લાગ્યું કે આવા ભયંકર સમયમાં સૈન્યમાં વધારે સખત નિયંત્રણની જરૂર છે. આથી પાર્લમેન્ટે મ્યુટિની એકટ એટલે બંડના કાયદા કરી અમલદારોને સૈનિકોની તપાસ લશ્કરી અદાલત મારફત કરાવવાનો અધિકાર ૭ મહિના માટે સોંપ્યો. ૭ મહિના પુરા થતાં એ કાયદો ફરી કરવામાં આવ્યો, અને ત્યારપછી દરવર્ષે એ કાયદો પસાર કરવાનો રિવાજ પડયો. એ રીતે રાજાને અમુક સ્થાયિ સૈન્ય રાખવાનો તથા તેમને સજા કરવાનો અધિકાર અપાયો. આ રીતે એવો બંદોબસ્ત થયો કે પાર્લમેન્ટ મળે નહિ, તો કાયદેસર રીતે રાજાને નાણાં કે સૈન્ય મળે નહિ, અને એ પ્રમાણે પ્રજાએ જેઇમ્સના જેવી આપઅખત્યારી ભવિષ્યમાં ન થાય તે માટે પાકો બંદોબસ્ત કર્યો.

**બોઇનની લડાઇ.** આ સમયે લશ્કર રાખવાની ખાસ જરૂર હતી કેમકે લુઈ જેઇમ્સને ખુલ્લી રીતે પુષ્કળ મદદ કરતો હતો. ૧૬૯૦

માં તેણે એક મોટું ફ્રેન્ચ લશ્કર આયર્લેન્ડ મોકલ્યું અને વિલિયમ સમજ્યો કે હવે સારૂં લશ્કર લઈ મારે જાતે જઇ આયર્લેન્ડની ભૂમિપર જેઇમ્સ સાથે મુકાબલો કર્યા શિવાય છુટકો નથી. પરિણામે તે આયર્લેન્ડ આવ્યો અને બોઇન નદી આગળ બન્ને રાજા—સસરો જમાઇ—સામસામા આવી ચઢયા. તેમાં અંગ્રેજ સૈન્યની બહાદુરીથી વિલિયમનો સંપૂર્ણ જય થયો. જેઇમ્સ લડાઇ દૂરથી જોયા કરતો હતો, અને જ્યાં પોતાના સૈન્યને હારેલું જોયું એટલે તે ડબ્લિન નાસી ગયો અને પછી ફ્રાન્સ જતો રહ્યો. આવી નામર્દાઇથી આયરિશ અમલદારોને શરમ આવતી હતી અને એક જણે તો એક અંગ્રેજ આગળ ટીકા પણ કરી કે રાજાની ફેરબદલી કરો તો અમે હજુ તમારી સાથે લડવા તૈયાર છીએ.

**લિમરિકનાં વચન.** એક વર્ષ સુધી તો આયરિશો લડયા નહિ પણ પછી ફ્રેન્ચ સરદારી હેઠળ તેઓ લડયા અને હાર્યા. પછી લિમરિકના કિલ્લામાં ભરાઇ તેમણે અચ્છો બચાવ કર્યો. પરંતુ તમને ધાર્મિક બાબતોમાં છુટ આપીશું, ફ્રાન્સ જવું હશે તો સુખેથી જવા દઈશું, વિગેરે વચનોથી ભોળવી તેમને વશ કરવામાં આવ્યા. લગભગ ચૌદ હજાર આયરિશ સૈનિકો ફ્રાન્સ ગયા અને લુઇના સૈન્યમાં તેમણે અમર નામના મેળવી. હવે પછીના સો વર્ષ સુધી આયર્લેન્ડમાં કોઇ લડાઇ થઇ નહિ. પરંતુ જે પ્રોટેસ્ટન્ટોના હાથમાં હવે સત્તા આવી તેમણે તેનો દુરૂપયોગ કર્યો. લિમરિક આગળ અપાએલાં વચન તેઓએ તોડયાં, અને તેથી કેથોલિકોના દિલમાં કટ્ટો વૈરભાવ જાગ્રત રહ્યો.

**મહા ઐક્ય.** બોઈનની જીત પછી વિલિયમને ઇંગ્લેંડ આવવું પડયું. ફ્રાન્સ સાથેના યુરોપી યુદ્ધ માટે બંદોબસ્ત કરવામાં તેની ખાસ જરૂર હતી. ૧૬૯૦ માં ઇંગ્લેંડ, જર્મની, સ્પેઇન, હોલેન્ડ, બ્રેન્ડન બર્ગ અને સેવોય ભેગાં થયાં અને તેઓએ લુઈ વિરૂદ્ધ મહા ઐક્ય જમાવ્યું. પણ આ લોકો એટલા ધીમા હતા અને ફ્રેન્ચ સૈન્ય એવું બળવાન હતું કે ઘણો વખત સુધી તો લુઇ ફાવ્યો. જે દિવસે બોઇ-નની લડાઇ લડાઈ, તેને આગલે દિવસે ફ્રેન્ચ નોકાએ અંગ્રેજ અને અને ડચના સંયુકત કાફલા પર ઇંગ્લિશ ચેનલમાં **બીચીહેડ** આગળ હુમલો કર્યો. અંગ્રેજ નૌકાપતિએ દ્વેષને લીધે ડચ નૌકાને બરાબર મદદ ન કરી. પરિણામે ફ્રેન્ચો સંપૂર્ણ વિજય મેળવી શકયા, અને તેમણે કાંઠાપરના બે ચાર ઇંગ્લિશ ગામો બાળી મુકયાં. ફ્રેન્ચ નૌકા-ધિપતિ ડિ ટૂરવિલને આશા હતી કે જેકોબાઇટ લોકો ઇંગ્લેંડમાં બંડ ઉઠાવશે, પરંતુ ઇંગ્લેંડના કિનારાપર પરદેશીના દર્શન માત્રથી તમામ અંગ્રેજો વિલિયમની વહારે ચઢયા અને તેને નાણાં અને માણસોની મદદ આપવા તૈયાર થયા. ૧૬૯૨માં વિલિયમને હોલેન્ડ જવું પડયું; જતી વખતે તે મેરીને કારભાર સોંપતો ગયો.

**વિલિયમની અપ્રિયતા.** વિલિયમની પીઠ ફરી કે તરતજ જેકોબાઇટો ઇંગ્લેંડમાં તેની સામે કાવત્રાં કરવા લાગ્યા. જેઇમ્સના જાલીમ જુલમનો અંત આણવામાં વિલિયમે અંગ્રેજોને ઘણી સહાય કરી હતી છતાં અંગ્રેજ પ્રજાને તેના પર સાચો સ્નેહ ભાવ ન હતો કેમકે તે થોડાબોલો, અતડો, કડક મિજાજી, અને અંગ્રેજોને હિસાબે પરદેશી હતો. વળી તે ઇંગ્લેન્ડનું રાજ્ય સારૂં કરતો છતાં તેનુ

ચિત્ત મુખ્યત્વે યુરોપી યુદ્ધમાં રોકાયેલું રહેતું. અંગ્રેજોને હોલેન્ડના રક્ષણના યુદ્ધમાં નાણાં ખરચવા ગમતા ન હતા. મેરી પણ જીવતા બાપની ગાદીએ આવેલી હોવાથી શરૂઆતમાં અકારી થઇ પડી હતી, પણ પાછળથી તેની નમ્રતા અને નિઃસ્પૃહાને લીધે તેણે લોકોનો સ્નેહ સંપાદન કર્યો.

**લા હોગની જીત.** મોન્સ આગળ વિલિયમને લુઇએ હરાવ્યો તેનો લાભ લઈ જેકોબાઇટો જેઇમ્સ સાથે મસલત ચલાવવા ટોરી-પક્ષને સમજાવવા મંડ્યા. લોર્ડ ચર્ચિલ, જે હવે અર્લ માર્લબરો બન્યો હતો તે, અને લોર્ડ રસેલ જે અત્યારે મુખ્ય નૌકાધ્યક્ષ હતો તે જેઇમ્સપક્ષમાં ભળવા તરફ હતા. પરંતુ રસેલ આપણી સામે લડશે નહિ એવી ધારણા સહિત ફ્રેન્ચ કાફલો ઇંગ્લિશ ખાડીમાં દાખલ થયો ત્યારે રસેલનું દેશાભિમાની લોહી તેની નસેનસમાં ઉછાળા મારવા લાગ્યું. રાજભક્તિ કરતાં દેશભક્તિ શ્રેષ્ઠ ઠરી, અને તે બોલ્યો કે "એમ ન માનતા કે આ રસેલના દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તેના પોતાના દરિયામાં વિદેશીને જીતવા દેશે" તે બરાબર અને સચોટ લડ્યો, લાહોગ આગળ તેણે તેમને હરાવ્યા અને તેમનાં પંદરેક વહાણો બાળી મુકયાં. આ લડાઇમાં ઘવાએલા ખલાસીઓ પાછા ઘેર આવ્યા ત્યારે તેમને માટે ઇસ્પિતાલ બનાવવા માટે રાણીએ પોતાનો ગ્રીનીચ મહેલ અર્પણ કર્યો. તેના મરણ પછી વિલિયમે આ યોજના ચાલુ રાખી, અને એ મહેલમાં ૧૮૬૫ સુધી ઇસ્પિતાલ રહી. ત્યારપછી ઘવાયલા ખલાસીઓને પેન્શન આપવાનું નક્કી થયું અને એ મકાનમાં આજે 'રોયલ નેવલ કોલેજ' છે.

રાષ્ટ્રિય દેવું. આ પ્રમાણે ફ્રાન્સના હુમલાથી ઈંગ્લેન્ડ વિલિયમ સાથે વધુ સજડ સંકળાયું. બાણુથી સત્તાણુ સુધીના વર્ષોમાં તે વર્ષોવર્ષ યુદ્ધ ચલાવવા યુરોપ જતો. હવે પાર્લમેન્ટને સમજ પડવા લાગી કે આવી રીતે લડવાથી તે એક રીતે જેઇમ્સને ઇંગ્લેંડ આવતો અટકાવે છે; તેથી તેને દ્રવ્ય પુરૂં પાડવા સભાએ મહા મહેનત કરી. આ કામ સહેલું ન હતું કેમકે કરવેરા ઉઘરાવવાનુ કામ પાર્લમેન્ટને સોંપાયું હતું, અને પહેલાના રાજાઓ જેમ બળાત્કારે લોન લેતા હતા તેમ હવે થાય એમ ન હતું. ૧૬૯૨ માં તિજોરી ખાલી હતી અને યુધ્ધ માટે નાણાંની ખાસ જરૂર હતી. વળી બીજા ચાર્લ્સે કરેલું શરાફોનું દેવું હજુ ઉભું હતું. આ મહા આફત ટાળવા ચાર્લ્સ મેન્ટેગ્યુ નામના બુદ્ધિશાળી પુરુષે એક રસ્તો સુઝાડ્યો. ધનિક પુરૂષોને દશ લાખ પાઉન્ડ સરકારને ધીરવા સુચના કરવી, અને સરકારે તે બદલ તેમને વાર્ષિક વ્યાજ આપવું,– આવી યોજના તેણે પાર્લમેન્ટને વિસ્તારથી સમજાવી અમલમાં મુકાવી. આ પ્રકારે થએલું રાષ્ટ્રીય કરજ દિન પર દિન વધતું ગયું અને આજે તે કરજના વ્યાજનો આંકડો કરોડોએ પહોંચ્યો છે. જ્યાં સુધી તમામ રાષ્ટ્રીય કરજ રદ ન થાય ત્યાં સુધી મુદ્દલ કદી પાછું અપાવાનું નથી, પણ તેનું વ્યાજ એવી નિયમિત રીતે અપાતું જાય છે કે ઘણા લોકો પોતાના પૈસા આવી સલામત રીતે રોકવા રાજી હોય છે કદાચ કોઇ માણસને મુદ્દલ પાછી લેવી હોય તો તે શેરદલાલ મારફતે પોતાની લોન વેચાવે અને તેને બજાર ભાવ લેખે તેનાં રોકડા નાણાં મળી શકે.

**બેન્ક ઓફ ઇંગ્લેન્ડ.** નવું નવું હોવાથી રાષ્ટ્રીય દેવું આ રાજ્યમાં બહુ વધ્યું નહિ. બે વર્ષ પછી નાણાંભીડની અડચણ દુર કરવા પેટર્સન નામના સ્કોટ વિદ્વાને આ મુજબની બીજી યોજના સૂચવી.— સરકારે શાહુકારો પાસે પંદર લાખ પાઉન્ડ ઉછીના લેવા અને લહેણદારોને એક પટો આપી તેમને રાષ્ટ્રીય બેન્ક સ્થાપવાની સત્તા આપવી; આનું નામ બેન્ક ઓફ ઇંગ્લેંડ રાખવું તથા તેને સરકારનું તમામ નાણાં કામ સોંપવું અને તેમના નાણાંનું વ્યાજ આપવું. આ બેન્ક ઘણી ફતેહમંદ નીવડી. તમામ સરકારી નાણાંની લેવડદેવડ તેના મારફતે થાય છે, ટંકશાળમાં વાપરવાની સોનાચાંદી ત્યાંજ રહે છે, રાષ્ટ્રીય કરજનું વ્યાજ તેજ ચુકવે છે, અને જરૂર પડે તો સરકારને નાણાં ધીરે છે. આ બેન્કનું કામ એવું ધમધોકાર ચાલે છે કે હાલ તેમાં અગીઆરસો કારકુનો કામ કરે છે અને તેમના પગાર અને પેન્શન પેટે દર વર્ષે ત્રણ લાખ પાઉન્ડ ખરચાય છે અને બેન્ક ઓફ ઇંગ્લેંડની નોટ સોનાની જેમ આખી દુનિયામાં સ્વીકારાય છે.

**પાર્ટીથી રાજ્ય ચલાવવાની રૂઢી.** નાણાં ઉછીનાં લેવા વિષેના આવા અગત્યના ધારા પસાર થયા તે પરથી આપણે જોઇ શકીએ છીએ કે આમસભા સ્ટુઅર્ટોને કાઢી અને પોતાનો પસંદ કરેલો રાજા સ્થાપી પોતાની પુરાણી સત્તા, જે ટયુડર સમય પુર્વે તે ભોગવતી હતી તે, મેળવવા લાગી હતી. અને શાણા વિલિયમે તેને તે સત્તાનો ઉપયોગ કરવા દીધો. પરંતુ અત્યારે વ્હીગ અને ટોરી પક્ષો વચ્ચેનો મતભેદ ઘણો વધી ગયો હતો, અને પ્રધાનોનાં જે

કામ બળવાન પક્ષને નાપસંદ હોય તેને માટે તે પક્ષ સરકારને બહુ હેરાનગતી કરતો. પ્રધાનો પાર્લમેંટના વિરોધી હોય એમ લાગતું. આ મુશ્કેલી દૂર કરવા મહા બુદ્ધિશાળી સંડરલેંડે એ રસ્તો બતાવ્યો કે સરકારને બળવાન બનાવવા માટે બળવાન પક્ષમાંથીજ પ્રધાનો નીમવા. હાલ પણ આ પદ્ધતિ કાયમ છે. અમુક મહાકાર્ય વિષે પ્રધાનો આમસભામાં બહુમતી ન મેળવી શકે તો તેઓ રાજીનામું આપે છે, અને રાજા સામા પક્ષના આગેવાનોને પ્રધાન-પદ સોંપે છે. આ લોકો પણ કારભાર ચલાવવા અશકત નીવડે તો રાજા પાર્લમેંટ વિસર્જન કરી નવી ચુંટણી કરાવે છે. એ રીતે પ્રજામત પ્રસિધ્ધ થાય છે. પ્રજા જે પક્ષના વધુ સભ્યો ચુંટી મોકલે તે પક્ષમાંથી પ્રધાનમંડળ નીમાય છે. આ રીતે પ્રધાનો એકી વખતે પાર્લમેંટના નેતા, પ્રજાના પ્રતિનિધિ અને રાજાના નોકર બને છે.

**ત્રિવાર્ષિક કાયદો.** વિલિયમને તેની પાર્લમેન્ટો સાથે પુષ્કળ તકરાર થતી છતાં તેના સમયમાં ઘણા ઉપયોગી ધારા થયા. ચોરાણુંમાં ત્રિવાર્ષિક કાયદો કરાયો, જેની મતલબ એ હતી કે કોઇ પણ પાર્લમેન્ટને ત્રણ વર્ષથી વધારે બેસવા દેવી નહિ. ત્રણ વર્ષ પુરાં થતાં નવી પાર્લમેન્ટ બોલાવવી. બીજા ચાર્લ્સની પ્રથમ પાર્લ-મેંટ સાગ્ર સત્તર વર્ષ ચાલી હતી એવી સ્થિતિ આ કાયદાથી બંધ થઈ.

**છાપખાનાંની છુટ.** અત્યાર પહેલાં એવો ધારો હતો કે છાપેલાં પુસ્તકો અને ચોપાનીઆં સરકારી અધિકારી પાસે પાસ કરાવવા

પડતા; હવે એ કાયદો રદ કરી એમ ઠરાવ્યું કે હવેથી કોઇ પણ માણસ સરકારની કે બીજા કોઇ માણસની અંગત નિંદા સિવાય ચાહે તે છાપી શકે. આનું એક શુભ પરિણામ એ આવ્યું કે અનેક વર્તમાનપત્રોનો જન્મ થયો અને તેથી આખા ઇંગ્લેંડની પ્રજાને મોટા શહેરમાં બનતા બનાવોની હકીકત મળવા માંડી.

**રાજદ્રોહનો કાયદો.** થોમસ ક્રોમ્વેલે લગભગ દોઢસો વર્ષ પૂર્વે જે કુખ્યાત કાયદો રાજદ્રોહીઓ માટે કર્યો હતો તે અત્યારે રદ કરવામાં આવ્યો. હવે નવા કાયદાની રૂએ રાજદ્રોહના તહોમતદારને બચાવ માટે વકીલ લાવવાની છુટ મળી, અને તેના પર જે જે આરોપો મુકાયા હોય તેની નકલ આપવાનું નકકી થયું. આથી હવે વેઇન, સ્ટ્રેફર્ડ, રસેલ, સિડનિની પેઠે કોઇને વ્યાજબી બચાવ સાંભળ્યા વિના સજા થઇ શકે નહિ.

**ન્યાયાધીશોનું સ્વાતંત્ર્ય.** વળી ન્યાયાધીશોને ચોક્કસ પગાર આપવાનું નક્કી થયું; અને તેમણે ખોટું કામ કર્યું એમ પુરવાર થાય, અથવા પાર્લમેંટની બંને સભાની મરજી હોય તો જ તેમને બરતરફ કરી શકાય. જેઇમ્સની પેઠે હવે કોઇ રાજા પોતાની સત્તાથી કોઇપણ ન્યાયાધિશને કાઢી શકે નહિ. જ્યાં સુધી ન્યાયાધીશ અદલ ઇન્સાફ આપે ત્યાં સુધી તેને રાજા કે પ્રજા કોઇનો ડર નથી. પરિણામે ન્યાય નિર્મળ બન્યો.

**ચલણી નાણું સુધર્યું.** બીજો નવો સુધારો ચલણી નાણા વિષે હતો. બીજા ચાર્લ્સના સમય સુધી ચાંદીના પતરાં કાતરી

તેમાંથી સિક્કા બનાવતા; પછી આકાર બરાબર ગોળ બનાવી તેના પર હથોડીથી છાપ પાડવામાં આવતી. આ પધ્ધતિ અપૂર્ણ હોવાથી લુચ્ચા લોકો સિક્કાને સહેલાઈથી કાપી તેમાંથી ચાંદી કાઢી લેતા. આમ થવાથી સિક્કા દિવસે દિવસે નાના થતા ગયા. ઘણીવાર એવું બનતું કે પચાશ શિલિંગ લઇ બેંકમાં જાય તો તેની કિંમત માત્ર પચીશ શિલિંગજ અંકાતી. આના ઉપાય તરીકે બીજા ચાર્લ્સના રાજ્યમાં સિક્કાની કિનારી પર કાપાકાપા અથવા અક્ષર પાડવા માંડ્યા જેથી કાપી લેવાનું બની શકે નહિ. પણ જુના સિક્કા ચાલુ હોવાથી બદમાશો નવા સિક્કા ગાળી નાંખતા અથવા ફ્રાંસ મોકલી દેતા. આ બાબત વખત જતાં એવી ગંભીર થઇ પડી કે મોન્ટેગ્યુ, સોમર્સ, લોક, ન્યુટન આદિ સમર્થ વિદ્વાનોએ ભેગા થઇ ઠરાવ કર્યો કે જુના સિક્કા તમામ ખેંચાવી લઇ નવા સિક્કા પુષ્કળ પડાવવા. ન્યુટનને ટંકશાળનો ગવર્નર નીમ્યો અને નવી પદ્ધતિ ૧૬૯૬ માં દાખલ થઈ. શરૂઆતમાં ઘણી મુશીબત નડી, પણ અંતે દરેકને પોતાના દ્રવ્યની પુરેપુરી કિંમત મળી; ને સરકારની ખોટ પુરવા બારીના કાચ દીઠ કર નાંખવામાં આવ્યો. આ કર, અનેક બહાનાં બતાવી ઠેઠ ૧૮૫૧ સુધી અમલમાં રહેલો, ને આ અરસામાં બંધાએલા મકાન જોઈએ તો તેમાં બારીઓ થોડી અને કાચ નાના માલમ પડે છે.

**રાજાનાં અંગત દુઃખ.** વિલિયમના ન્યાયી અને ડહાપણ ભર્યા રાજ્યમાં આવા લોકોપયોગી સુધારા થતા હતા તે વેળા તેની અંગત

મુશ્કેલી ભારે હતી. ૧૬૯૪માં મેરી રાણી શીતળાના રોગનો ભોગ થઈ પડી તેથી તેના દિલને સખત આઘાત લાગ્યો. વળી જેકોબાઇટોએ રાણીના મરણનો લાભ લઇ વિલિયમને પદભ્રષ્ટ કરવા યત્ન કર્યો. અંગ્રેજો બંડ ઉઠાવે તો તેમને સહાય કરવા લુઇએ મોટું સૈન્ય મોકલવાનું વચન આપ્યું. છન્નુની સાલમાં કેટલાક જણાએ એવો વિચાર કર્યો કે વિલિયમ શિકારેથી પાછો ફરે ત્યારે હેમ્પ્ટન કોર્ટ આગળની એક ગલીમાં તેનું ખુન કરવું. સદ્ભાગ્યે એક પ્રમાણિક કેથોલિક ગૃહસ્થે વિલિયમને વેળાસર ચેતાવ્યો. કાવત્રાખોરોને પકડી સજા કરવામાં આવી; અને હમ્મેશના રિવાજ મુજબ ફ્રેન્ચો ઈંગ્લેંન્ડ પર ચઢાઇ લાવવા ઇચ્છે છે એ સમાચારથી પ્રજા વધુ વફાદાર બની. નામુરગઢ આગળ જીત મેળવેલી હોવાથી વિલિયમ અતિ પ્રિય બન્યો હતો અને પ્રજાને હવે શ્રદ્ધા બેસવા લાગી કે તે ફ્રેન્ચ યુદ્ધનો લાભદાયિ અંત આણશે. ખુનની વાતોથી લોકો તેને વધુ ચહાવા લાગ્યા. ઉમરાવસભા અને આમસભાએ મળી એક રક્ષક-મંડળ સ્થાપ્યું અને તેઓએ પ્રતિજ્ઞા લીધી કે રાજાનું ખુન થાય તો તેનું વેર લેવું અને આનને ગાદીએ બેસાડવી. આ મંડળમાં હજારો જોડાયા.

**રિસ્વિકની સુલેહ.** ૧૬૯૭માં ફ્રાંસ સાથેનું યુધ્ધ ખતમ થયું અને લુઇ રાજાએ રિસ્વિક મુકામે સુલેહના કરાર પર સહી કરી. આમાં એમ નક્કી થયું કે તેણે સ્ટ્રાસબર્ગના કિલ્લા શિવાયનો તમામ જીતેલો પ્રદેશ અસલ માલીકને સોંપી દેવો, વિલિયમને ઇંગ્લેંડના રાજા તરીખે અંગીકાર કરવો, અને ઈંગ્લિશ રાજ્યને ફરી કદી

હેરાન ન કરવું. આઠ આઠ વર્ષના લાંબા યુદ્ધ પછી આખરે સુલેહના દુર્લભ દર્શન થયાં. તે ઉજવવા દેવાલયોમાં પ્રાર્થનાઓ થઈ અને જ્યાં ત્યાં સરઘસ, વાવટા, આતશબાજી, રોશની વિગેરે આનંદનાં ચિહ્ન દેખાયાં. લંડનની મોટી આગમાં બળી ગએલું સેંટ પોલનું દેવળ, જે સર ક્રિસ્ટોફર રેન ફરી બાંધી રહ્યો હતો તે આ વેળા પંહેલીવાર ઉપયોગમાં લેવામાં આવ્યું.

**સૈન્ય ઘટ્યું.** પણ આ સુલેહને અંગે રાજાને કડવી નિરાશા થઇ કેમકે તે પછી પાર્લમેંટે સૌથી પહેલું લશ્કર ઘટાડી નાખ્યું. બીજે વર્ષે ડચ રક્ષકોને વિદાય કરવા તથા આયર્લેંડમાં ડચ મિત્રોને આપેલી જમીન પાછી લઇ લેવા સભ્યોએ વિલિયમ પર ખુબ દબાણ કર્યું. રાજા બહુ બળવાન થઇ જાય અથવા તેની પાસે મોટું લશ્કર થાય એ વિષે હજુ પણ પાર્લમેંટને ઘણી બહીક લાગતી. આવા અણવિશ્વાસ તથા કૃતઘ્નતાથી વિલિયમને બહુ દુઃખ થયું અને એક બે વાર તો તેણે રાજપાટ છોડી હોલેંડ ચાલી જવાની ધમકી પણ આપી, પણ આખરે તેણે ડહાપણ વાપરી પાર્લમેંટને નમતું આપ્યું, અને સાથે સખત ચેતવણી આપી કે તમે ઈંગ્લેંડના રક્ષણની બરાબર જોગવાઈ કરતા નથી.

**સ્પેઈનનો પ્રશ્ન** લુઇએ હાલ સુલેહ કરી તેનું આંતરિક કારણ એ હતું કે તે પોતાની મુરાદ બીજી રીતે પાર પાડવા ઇચ્છતો હતો. આ વાત વિલિયમ જાણતો હતો પણ પાર્લમેંટને તેની કશી ખબર ન હતી. વાત એ હતી કે સ્પેઈનનો રાજા ચાર્લ્સ નબળો અને મંદુડીઓ હોવાથી તે ઝાઝું જીવે એવી આશા

ન હતી. તે અપુત્ર હતો, અને વળી સ્પેઇન, નેપલ્સ, સિસિલી, મિલેન, નેધરલેન્ડ, દક્ષિણ અમેરિકા આદિ વિશાળ પ્રદેશનો માલીક હતો. તેનો સબળ હક્કદાર વારસ કોઇ ન હતો. તેના સગામાં ત્રણ રાજા હતા,— બાવેરીઆનો પાટવી રાજકુમાર જોસફ, ૨. ઓસ્ટ્રીઆનો કુંવર ચાર્લ્સ, અને ૩. લુઇનો પૌત્ર ફિલિપ. લુઇને ખાત્રી હતી કે મારા પૌત્રને આવું મોટું રાજ્ય મળે તે યુરોપ સાંખશે નહિ. તેથી આ રાજ્યનો એક ભાગ મળે એ હેતુથી તે વિલિયમ સાથે કરાર કરવા ઇચ્છતો હતો. હવે અનુકૂળ શરતો મેળવવાં વિલિયમને મજબુત સૈન્યની ખાસ જરૂર હતી; અને આ કારણથીજ ρ પાર્લમેન્ટના કાર્યથી ચીડાઇ ગયો હતો. છતાં તેણે પોતાથી બનતું કર્યું. સ્પેઇનના રાજ્યના ભાગલા વિષે બે તહનામાં થયાં. પહેલામાં એવું હતું કે જોસફને રાજ્ય સોંપવું અને બીજા હક્કદારોને થોડો થોડો મુલક આપવો. પણ એટલામાં જોસફનું મોત થવાને લીધે બીજું તહનામું કરવું પડ્યું. સ્પેઇન અને નેધરલેન્ડ ચાર્લ્સને આપવા, અને બાકીનો મુલક ફિલિપને આપવો એમ નક્કી થયું. લુઇને આ નિર્ણય પસંદ ન હતો છતાં બને તેટલો લાભ લેવા તે રાજી હતો. આ તહનામાં ગુપ્ત હતાં અને તે વિષે સ્પેઇનના પ્રધાનોને પુછાયું પણ ન હતું. અમારા દેશના અમારી રજા વિના ભાગ પડ્યા એવું તેમને માલમ પડ્યું ત્યારે તેમના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેમણે પોતાના રાજા પાસે વસિયતનામું કરાવી એમ ઠરાવ્યું કે આખું રાજ્ય ફિલિપને મળે. લુઇએ હવે શું કરવું ? અસલ તહનામાને વળગી રહેવું કે આ વસિયતનામાને ? લક્ષ્ય બહુ મોટું હતું.

વિલિયમના લશ્કરને રજા અપાઈ છે એવી બાતમી તેને મળી હતી, એટલે તેણે આખા તહનામાનો ભંગ કરી પોતાના પૌત્રને સ્પેઇનનો રાજા બનાવ્યો.

અંગ્રેજ પાર્લમેંટને એમ લાગ્યું કે સ્પેઇનના પ્રશ્ન સાથે ઇંગ્લેંડને કશી લેવાદેવા નથી. સ્પેઇનના ભાગલાના સવાલમાં માથું મારવા માટે તેઓ વિલિયમ પર ખુબ ચીડાયા. પરદેશ માટે તેઓ યુધ્ધમાં ઝંપલાવવા તૈયાર ન હતા. તેમને હિસાબે તો વધુ અગત્યનો સવાલ ઇંગ્લેંડના રાજ્યવારસાનો હતો. આનનો એકનો એક કુંવર ગુજરી ગયો એટલે તેમણે રાજયવારસાનો કાયદો કરી નકકી કર્યું કે આનના મોત પછી ગાદી હેનોવરની સોફિઆ તથા તેના બાળકોને મળે. આ સોફિઆ પહેલા જેઇમ્સની પ્રપૌત્રી હતી તથા પ્રોટેસ્ટંટ માર્ગી હતી. આ કાયદાથી મળેલા હક્કની રૂએ જ હાલના રાજા રાજ્ય કરે છે.

**યુદ્ધનાં બીજ.** પરંતુ તેમને ઝટ માલમ પડયું કે ભવિષ્યની મુશ્કેલીનું નિવારણ કરવા જતાં વર્તમાન મુશ્કેલી રહી ગઈ. ગયા યુધ્ધનો અંતિમ હેતુ ફ્રાંસને સ્પેનિશ નેધરલેંડમાંથી વેગળું રાખવાનો હતો અને અત્યારે લુઇ તેના પૌત્રને નામે ત્યાંના કિલ્લાઓમાં ફ્રેન્ચ થાણું બેસાડતો જતો હતો. છતાં પાર્લમેંટ લડવા તૈયાર ન હતી. લુઇને નેધરલેન્ડની બહાર કાઢવા માટે થએલી ઇંગ્લેંડ, હોલેન્ડ અને ઓસ્ટ્રીઆ વચ્ચેની ત્રિરાજ્ય સંધી માટે પાર્લમેન્ટે મંજુરી આપી. એવામાં જેમ્સ સ્ટુઅર્ટ ફ્રાન્સમાં ૧૭૦૧માં મરણ પામ્યો.

અને તેના પુત્રની લુઈએ ઈંગ્લેંડના ત્રીજા જેઇમ્સ તરીખે આણ ફેરવી. આ સમાચાર મળ્યા ત્યારે લુઇ બહુ બળવાન થાય તો ઇંગ્લેંડને કેટલું જોખમ થાય તેનો ખ્યાલ હવે એકાએક અંગ્રેજ પ્રજાને થયો. ઈંગ્લેંડનો રાજા કોને બનાવવો એ પ્રશ્નમાં સરમુખત્યારી કરનાર લુઇ કોણ? આ બીના લોકો સમજ્યા ત્યારે લડાઇ જાહેર કરવા પ્રજાએ હોહા કરી મુકી. ચાલુ ટોરી પાર્લમેન્ટ બોલાવી, તેણે યુદ્ધની સામગ્રી માટે મનમાન્યાં નાણાં મંજુર કર્યાં.

**વિલિયમનું મરણ.** આ વેળા નાદુરસ્ત તબીએતને લીધે રાજા પંડે સરદારી કરી શકે, એમ ન હતું. આગલી લડાઇઓમાં તેણે ચર્ચિલ–અર્લઓફ્ માર્લબરોની યુદ્ધશક્તિ નીહાળી હતી તેથી આ સમયે સેનાધિપતિપદ તેને સોંપ્યું. પરંતુ લડાઇ જાહેર થતાં પહેલાં આ શાંત ગંભીર રાજા જેણે ઇંગ્લેંડ માટે આટઆટલું કર્યું છતાં જેને ઇંગ્લેંડ તરફથી બહુ થોડો બદલો મળ્યો તે ગુજરી ગયો.

**વિલિયમના ગુણદોષ** આ મહાપુરુષને બચપણથીજ દુઃખ-મય જીવન ગાળવું પડ્યું હતું, અને તે અનુભવથી એનો સ્વભાવ, બુદ્ધિ આદિ બરાબર ઘડાયાં હતાં. વાત ગુપ્ત રાખવાની કળા તો તેનામાં નાનપણથી જ હતી. ભલભલા પુરૂષો તેની પાસેથી અનેક સવાલ પુછી બાતમી કઢાવવા ઇચ્છે પણ તે જરાયે અગત્યની વાત બહાર પાડતો નહિ. ધર્મ સંબંધમાં તેની મુખ્ય માન્યતા ભાગ્યા-ધીનતા વિષે હતી. અનેક પ્રસંગોએ તેની ખાત્રી થઇ હતી કે દુનિયામાં દરેક વસ્તુ વિધિના નિર્માણ કર્યા મુજબ જ થાય છે. તેનો લશ્કરી અનુભવ બહુ થોડો હતો અને તેથી લુઇના હાથે તે ઘણી

વેળા હારતો. એક વેળા તે એમ બોલેલો કે ફ્રેન્ચ સરદાર ફ્રાંડીના હાથ નીચે મને બે ત્રણ લડાઇનો અનુભવ મળે તો તે માટે મારી જાગિરનો મોટો ભાગ આપવા તૈયાર છું. તેની હિંમત અપૂર્વ હતી. લડાઈમાં અનેક પ્રકારનાં દુઃખ દરદ થાય, ઉછળતા તોફાની દરિયામાં થઈ જવું પડે, તો પણ તે નાહિમ્મત બનતો નહિ. ખુન થવાની બહી-કથી વજ્રકાય ક્રોમ્વેલ જેવાને પણ ભારે અસર થએલી પણ આવી બહીક વિલિયમને તુચ્છ ભાસતી.

---

# પ્રકરણ ૧૩.

## આન. ૧૭૦૨-૧૭૧૪.

વિલિયમના મરણ પછી આન ઇંગ્લેંડની ગાદીએ આવી. તેના ઓરમાન ભાઇ જેઇમ્સને ખાત્રી થઈ ગઇ કે હવે ઇંગ્લિશ ગાદી માટે ફાંફાં મારવાં ફોકટ છે. તે ફ્રેન્ચ દરબારમાં રહેતો હતો અને ફ્રાન્સમાં તેને ત્રીજો જેઇમ્સ કહેતા. ઈંગ્લેંડમાં તેને 'પાખંડી' કહેતા. સ્કોટલેન્ડમાં તેનો પક્ષ લે એવા ઘણા પુરૂષો હતા પણ તેમનાથી કશું થાય એમ ન હતું.

**આનનું ચારિત્ર્ય.** 'ભલી રાણી આન'નું અંગ્રેજ પ્રજામાં પુષ્કળ માન હતું. તે ધીરી અને હઠીલી પણ દયાળુ અને સ્નેહાળ હતી. ઇલિઝાબેથની પેઠે પ્રજાપર તેનો ચાહ ઘણો હતો અને તેના

દિલમાં પ્રજાનું હિત વસ્યું હતું. તેના ખાસ સલાહકારમાં માર્લ-બરો અને તેની સ્ત્રી હતાં. માર્લબરોની સ્ત્રી રાણીની નાનપણની બહેનપણી હતી. આનનો સ્વામિ નિરૂદ્યમી અને ભલો હતો તથા રાજદ્વારી બાબતોમાં માથું મારતો નહિ. આ રાજ્યમાંના ઝઘડા રાજા પ્રજા વચ્ચેના નહિ, પણ વ્હીગ અને ટોરી પક્ષો વચ્ચેના હતા.

વ્હીગ પક્ષને ફ્રાન્સ સાથે યુદ્ધ કરવું હતું. ટોરીઓને માત્ર ઈંગ્લંડનું રક્ષણ કરવું હતું. માર્લબરો મધ્યમ વિચારનો ટોરી હતો પણ પોતે લડવૈયો હોવાથી તેને યુદ્ધ બહુ વહાલું હતું. મુખ્ય કોશા-ધ્યક્ષ લોર્ડ ગોડોલ્ફીન પણ યુદ્ધની તરફેણમાં હતો. હવેના આઠ વર્ષો દરમ્યાન પ્રધાન મંડળમાં આ બે પુરૂષો કર્તાહર્તા હતા.

**સ્પેઈનની ગાદી માટેનું યુદ્ધ.** રાજ્યાભિષેક પછી તરત જ રાણીએ ફ્રાન્સ સામે યુદ્ધ જાહેર કર્યું. અને માર્લબરો નેધરલેન્ડ ગયો અને તેણે લીજ સર કર્યું. લુઈની સામે ઈંગ્લંડ, હોલેન્ડ, પ્રશીઆ, ઑસ્ટ્રીઆ, સેવોય, અને પોર્ટુગલ હતાં. તેના પક્ષમાં ફક્ત સ્પેઈન અને બાવેરીઆ હતાં. ફ્રાન્સ પાખંડી જેઈમ્સને મદદ કરતું હોવાથી ઇંગ્લંડ તેની વિરૂદ્ધ હતું. હોલેન્ડ લુઇનો પગ નેધર-લેન્ડમાંથી કાઢવા માંગતું હતું. ઓસ્ટ્રીઆને પોતાનો કુંવર સ્પેઈ-નની ગાદીએ આવે એ અભિલાષા હતી. આ સબબોને લીધે આ સજ્યોએ લુઇ સામે એકઠા કરી ‘મહાઐકય’ સ્થાપ્યું અને ‘સ્પેઈનની ગાદી માટેનું યુદ્ધ’ શરૂ કર્યું. આ યુદ્ધ એકી વખતે ચાર સ્થળોએ,—નેધરલેન્ડ, સ્પેઇન, ઇટલિ, અને જર્મનીમાં ચાલ્યું.

માર્લબરો: તેમાં ઈંગ્લેંડનો મુખ્ય પુરૂષ માર્લબરો હતો. તેનું કામ એવું ગજબ હતું કે એકવાર તો સાંભળનાર તે માને જ નહિ. તે ફ્લેન્ડર્સ અને સ્પેઇનમાંની વ્યૂહરચના સૂચવતો; મિત્રમંડળના જુદા જુદા પ્રધાનો સાથે તેની મસલત વારંવાર ચાલતી; ઉપરાંત રાજ્યતંત્રમાં ભાગ લેવા અને લોકોનો જુસ્સો કાયમ રાખવા તે ઈંગ્લેંડ પણ જતો. આન રાણીપર તેની વગ વધારે હોવાથી આ યુદ્ધમાં તે કરતો કારવતો થઈ પડયો. તેનામાં અખંડ કામ કરવાની શક્તિ હતી. દશ દશ વર્ષ સુધી તેને યુદ્ધ ચલાવવું પડયું અને તે ઉપરાંત બીજાં ઘણાં કામો કરવા પડયાં છતાં તે કદાપિ થાકયો હોય એમ લાગ્યું ન હતું. ભયના સમયે તે સદાયે શાંત રહેતો અને ભાગ્યેજ ગુસ્સે થતો. બહાદુર લડવૈયા અને ચતુર સેનાપતિના ગુણ તેનામાં હતા. તે ખટપટી, અને લડાઇના મેદાનપર દયાળુ અને બીલકુલ નીડર હતો. આખા યુરોપમાં લડતા દરેક સૈન્યને શું શું કરવું તે સંબંધી તે સત્વર અને વખતસર સૂચના મોકલતો. વેલીંગ્ટન પૂર્વેના સર્વે અંગ્રેજ સેનાપતિઓમાં માર્લબરો ઉત્તમ લેખાય છે.

પહેલાં બે વર્ષમાં તો મિત્રમંડળ બહીકણ અને અસંપી હોવાથી લુઇનો અટકાવ કરવા ઉપરાંત ઝાઝું થઇ શકયું નહિ. આ બે વર્ષ દરમ્યાન ઇંગ્લેંડમાં ટોરીઓએ ડિસેન્ટરો, જેઓ સઘળા વ્હીગપક્ષમાં હતા, તેમને પાર્લમેન્ટમાંથી કાઢવાના પ્રયાસ કર્યો. તેઓ અત્યાર સુધી સરકારી જગ્યા લેતી વેળા અંગ્રેજ રાજ-ધર્મના સંસ્કાર કબુલ રાખતા; અને પછી પોતાના દેવળોમાં

જવાનું ચાલુ રાખતા તે રિવાજ બંધ કરવાનો ધારો આમસભાએ પાસ કર્યો. પરંતુ ઉમરાવસભામાં વ્હીગ પક્ષનું બળ અધિક હોવાથી તેમણે થોડા વખત સુધી મચક ન આપી. આખરે ૧૭૧૧માં ઉમરાવસભાએ એ ધારાને અનુમતિ આપી. ત્યારથી માંડી સોએક વર્ષ સુધી દરવર્ષે ડિસેન્ટરોને અધિકાર આપવા માટે પાર્લમેન્ટ પાસે રજા લેવી પડી હતી.

**આનનું દાન.** ૧૭૦૪માં ટોરીપક્ષને ખુશ કરવા ખાતર માર્લબરોએ રાણીને એવી સલાહ આપી કે વરસુનીઆ વગેરે કરની ઉપજ જે પહેલાં પોપને મળતી અને અત્યારે રાજાને મળતી તે હવે પછી દેવાલયો પાછળ ખરચવી. આ બક્ષીસ 'આન રાણીનું દાન' કહેવાય છે. અને આજે પણ તે ગરીબ આચાર્યોને મદદ કરવામાં વપરાય છે.

**બ્લેન્હીમની જીત.** દરમ્યાન યુદ્ધમાં મિત્રમંડળની ઢીલથી માર્લબરો કંટાળ્યો હતો. લુઈ મોટું લશ્કર લઇ યુજીનના ઓસ્ટ્રીઅન સૈન્ય સાથે મુકાબલો કરવા ઈચ્છતો હતો. આ ઇચ્છાનાં અમલથી કેટલું નુકશાન નીપજે તે માર્લબરો તરત સમજી ગયો. પોતાનો ઉદ્દેશ કોઇને જણાવ્યા વિના તે સીધો વીએના તરફ સીધાવ્યો, અને બ્લેન્હીમ નામના નાના ગામડા આગળ યુજીનને મળ્યો. પછી આ પ્રમાણે સંયુકત બનેલા સૈન્ય વડે તેણે અજીત ગણાતા ફ્રેન્ચ સૈન્યના દશ અગીઆર આની ભાગને તારાજ કર્યું.

**જીબ્રોલ્ટર સર.** બ્લેન્હીમની જીતના દશ દહાડા પહેલાં નૌકાપતિ રૂકે જીબ્રોલ્ટરનો મજબુત કિલ્લો સર કર્યો. હવે માર્લબરો

અંગ્રેજ પ્રજાને દેવ સમાન, અને ફ્રેન્ચને કદા કાળ સમાન થઇ પડયો. તેની અપૂર્વ સેવા બદલ પાર્લમેન્ટે તેને મોટી જાગીર આપી, જ્યાં તેણે 'બ્લેનહીમ હાઉસ' નામનો ભવ્ય મહેલ બાંધ્યો. ૧૭૦૫ માં નવી ચુંટણી થઈ ત્યારે પ્રજા યુદ્ધની તરફેણમાં હોવાથી ગોડોલ્ફીન અને માર્લબરોને પાર્લમેન્ટમાં પુષ્કળ બહુમતિ મળી.

**રામીલીઝ.** ત્યાર પછી પાછો માર્લબરો ફ્લેન્ડર્સ ગયો અને રામીલીઝ આગળ તેનો મહા વિજય થયો. ફ્લેન્ડર્સ અને ફ્રાન્સ વચ્ચેના નવ મજબુત કિલ્લા તેણે કબજે કર્યા. ઓસ્ટ્રીઆના શહેનશાહે તો તેને નેધરલેન્ડનો સુબો થવા કહ્યું પણ અંગ્રેજ અને ડચ લોકોનો વિરોધ જોઈ તેણે ના પાડી. આ જ સમયે અર્લ પિટરબરો નામના અંગ્રેજ સરદારે સ્પેઇનમાં બાર્સેલોના લીધું અને ઓસ્ટ્રીઆના ચાર્લ્સને ત્યાંનો રાજા બનાવ્યો, અને ફિલિપને હાંકી મુકયો.

**સુલેહની માંગણી.** બધી બાજુએ હાર ખાધાથી લુઇ સલાહ માટે તત્પર થયો. ચાર્લ્સને સ્પેઇન અને નેધરલેન્ડ આપવા તે રાજી હતો. આ શરતે સુલેહ થવી જોઈતી હતી કેમકે મિત્રમંડળ માટે આ તક ઉત્તમ હતી. પણ અંગ્રેજ પ્રજાને આ વેળા યુદ્ધની લ્હે લાગી હતી અને વ્હીગ પક્ષને એવો ડર હતો કે લડાઇનો અંત આવ્યો તો આપણી સત્તા જરૂર ચાલી જવાની. આથી તેમણે સુલેહના કાર્યમાં પથરો નાંખ્યો અને આપમતલબને લીધે દુશ્મનને ફરીથી નિષ્ફળ યુધ્ધમાં નિર્દોષ માણસોનું લોહી રેડાવ્યું અને પ્રજાના પૈસાનો ધુમાડો કર્યો.

રાષ્ટ્રીય કરજનો ઉપયોગ. સદ્‌ભાગ્યે આ બોજો ઉઠાવવા જેટલું ઈંગ્લેંડ સમૃદ્ધિવાન બન્યું હતું. યુદ્ધ અને દરિઆ પર દુશ્મનના વ્હાણોનો ડર છતાં, વેપારની ઘણી વૃદ્ધિ થઇ હતી અને પ્રધાનોને સરકારી લોન ભરાવવામાં જરાએ અડચણ ન હોતી. રાષ્ટ્રીય કરજ સાડા પાંચ કરોડે પહોંચ્યું. આ કરજની પદ્ધતિ હવે સરકારને ઘણી ઉપયોગી થઇ પડી. તે પ્રજા અને સરકાર વચ્ચે એક જાતની ગાંઠ હતી. સરકાર નબળી પડે તો તેને ઉથલી જવાનો ભય રહે અને તેમ થાય તો પ્રજાના પૈસા ડુબે, માટે સરકારને સબળ બનાવવા પ્રજા પોતાથી બનતું કરતી. ૧૭૦૮ માં આ વિચાર લોકો બરાબર સમજ્યા. તે સાલમાં રાજપાખંડી જેઇમ્સે ફ્રેન્ચ લશ્કર સાથે સ્કોટલેન્ડમાં ઉતરવાનો પ્રયાસ કર્યો હતો પણ તેમા તે ફાવ્યો નહિ પણ આ ચઢાઇથી નીપજેલી ફાળને લીધે રાષ્ટ્રીય દેવાંના બજાર ભાવ ચૌદ પંદર ટકા બેસી ગયા. આજે પણ એ પદ્ધતિ દંગા અને બળવા અટકાવનારૂં ઉત્તમ સાધન છે. નિયમિત વ્યાજ આપી શકે એવી સદ્ધર સરકાર હોય તેમાં એટલા બધા પુરૂષોના લાભ સમાએલા છે કે હમ્મેશાં વસ્તીનો મોટો ભાગ સુલેહ શાંતિની તરફેણમાં હોય છે.

ઉપરાંત બેન્ક ઓફ ઈંગ્લેંડ સરકાર તથા વેપારીઓને ઘણી સહાય કરતી. અસલના શરાફોની પેઢીઓ કરતાં આ બેન્કની સલામતી એટલી બધી નિર્ભય હતી કે તેની સાથે વ્યવહાર રાખનારા વેપારીઓની શાખ વધતી બેન્કનું કામ ઘણું વધી ગયું, અને તે જરૂર પ્રસંગે સરકારને સહાય કરવા શક્તિમાન હતી. આ

અને નવા સિક્કાને પરિણામે દેશની સમૃદ્ધિ વધી, અને શહેરો સત્વર વધ્યાં. વેસ્ટ ઇંડિઝ સાથેના વેપારથી બ્રિસ્ટલ ઘણું મોટું બન્યું; મેન્ચેસ્ટર, નોરિચ, લીડ્ઝ અને શેફીલ્ડનાં મહત્વ વધ્યાં. અને લંડનનાં પ્લેગ અને આગ પછી ઘણા વેપારીઓ લિવરપુલમાં વસ્યા હતા તેથી તે મોટું શહેર લેખાવા લાગ્યું હતું. આ સર્વ રિદ્ધિસિદ્ધિમાં એક દુઃખની વાત એ હતી કે નાના નાના વતન-દારો જેઓ બાપ દાદાનાં વતન ભોગવતા અને તેમાં ખેતીથી ગુજરાન કરતા, તેઓ નષ્ટ થતા જતા હતા. એટલી બધી પડતર જમીન વાડા વડે ઘેરાઇ ગઇ કે ખેતીમાં ઝાઝો કસ રહ્યો નહિ. વળી ધનિક બનેલા વેપારીઓ જમીન ખરીદવા એટલા આતુર હતા કે ખેડુતને ખેતી કરવા કરતાં જમીન વેચી નાણાં વેપારમાં રોકવાં વધારે લાભદાયક હતાં. આ સબબોને લીધે આ સાદા, મજબુત કાઠાના, અને સ્વતંત્ર મીજાજના મધ્યમ વર્ગના ખેડુતો જે સેંકડો વર્ષોથી દેશના સ્તંભરૂપ હતા તે અદૃશ્ય થવા લાગ્યા.

**સ્કોટલેન્ડ ઇંગ્લેંડનો સંયોગ.** હવે બ્રિટનના ઇતિહાસમાં એક અતિ મહત્ત્વનો બનાવ બન્યો. છેલ્લાં કેટલાંક વર્ષોથી ઇંગ્લેંડ અને સ્કોટલેન્ડના સંયોગનો પ્રશ્ન બન્ને દેશોમાં ઘણો ચર્ચાતો હતો. અત્યાર સુધી આ બે દેશ વચ્ચે જતા આવતા માલ ઉપર ભારે જકાત લેવાતી. સ્કોટલેન્ડ ગરીબ દેશ અને તેને વધારે વસ્તુ પરદેશથી લાવવાની હોવાથી ત્યાંની પ્રજાને આ જકાત ભારે બોજા જેવી હતી. આ થી તેઓ બેચેન થવા લાગ્યા. આ ઉપરાંત એ બે પ્રજા વચ્ચે દ્વેષનાં બીજાં કારણો પણ હતાં. ત્રીજો વિલિયમ અને ઇંગ્લિશ

પાર્લમેન્ટ સ્કોટલેન્ડમાં ઘણાં અપ્રિય હતાં. ગ્લેન્કોની કતલને લીધે પ્રજા સામે ધિક્કારની લાગણી ઉત્પન્ન થઈ હતી, અને ડેરીઅન સંસ્થાનની નિષ્ફળતાએ એ લાગણીમાં ઉમેરો કર્યો હતો. જે પેટરસને બેન્ક ઓફ ઈંગ્લેંડની અનુપમ યોજના ઘડેલી તેણે પોતાના દેશજનોને ડેરીઅનમાં સંસ્થાન ખોલવા વિષે સૂચવ્યું. તે જગ્યા યુરોપ અને ચિન, જાપાન તથા ઇસ્ટ ઈંડિઝની મધ્યમાં આવેલી છે. ત્યાંની ભૂમિ ફળદ્રૂપ હતી અને તેની નજીકમાં કિંમતી ધાતુઓની ખાણો હતી. સ્કોટ નેતાઓને આ યોજના બહુ ગમી ગઇ અને તેમને લાગ્યું કે તેના લાભ ઇસ્ટ ઇંડિયા કંપનીના જેવા થશે. આ નવા સાહસમાં સ્કોટ પ્રજાએ પોતાનું અર્ધા ભાગનું નાણું લગભગ ચાર લાખ પાઉન્ડ જેટલુ રોકયું. ઇસ્ટ ઇંડિયા કંપનીને આ નવા હરીફની અદેખાઇ આવ્યાથી તેના ચાલકોએ આ કામમાં પથરા નાંખવા માંડ્યા છતાં ૧૬૯૮ માં ૧૨૦૦ માણસો જેમાંના કેટલાક સ્કોટલેન્ડના ઉત્તમ કુળોના હતા, તેઓ અમેરિકા જવા નીકળ્યા. બે મહિના કેડે તેઓ ડેરીઅન પહોંચ્યા, અને ત્યાં તેઓએ કિલ્લો બાંધ્યો અને ‘નવા એડિનબરો’ની સ્થાપના કરી. આરંભમાં તો સંસ્થાનની ફળદ્રૂપતા જોઈ તેઓ ખુશ થયા. પણ પાછળથી તેમની સાધનસામગ્રી ખલાસ થઇ, રોગે દેખા દીધી, અને સંસ્થાન તુટી ગયું. બીજે વર્ષે એક નવી ટુકડી આવી; તેમને સ્પેઇનવાળાઓએ સતાવ્યા. કહેવાય છે કે આમાં અંગ્રેજ સરકારનો હાથ હતો. રોગને લીધે આ સંસ્થાનીઓની સંખ્યા ઘટી ગઇ અને આખરે આ અભાગીઆ લોકો તાબે થઇ સ્વદેશ તરફ ફર્યા. આ રીતે ડેરીઅન યોજનાનો અંત આવ્યો. જે બારસો માણસો

હિમ્મત [illegible] આશા ભર્યા નીકળેલા, તેમાંના કેવળ ત્રીશ જણા ફરી સ્વદેશનું મ્હોડું જોવા પામ્યા. સ્કોટ પ્રજા વિલિયમ અને અંગ્રેજ પાર્લમેન્ટ ઉપર ખુબ ગુસ્સે થઇ. વળી વિલિયમના રાજ્યના છેવટના ભાગમાં સ્કોટલેંડમાં દુકાળ અને રોગનું જોર ઘણું ભયંકર થઇ પડયું, અને બે લાખ જેટલા માણસો ભિખારીઓ થઇ ગયા. આ સવ્રગાનો દોષ અગ્રેજ પાર્લમેંટ પર ઢોળવામાં આવ્યો. કેમકે તે સ્કોટ વેપારની અંદર દખલ નાંખતી. આ કોપને પરિણામે ૧૭૦૩ માં સ્કોટ પાર્લમેંટે એવો ઠરાવ કર્યો કે આન રાણીના મરણ પછી સ્કોટલેન્ડ માટે જુદો રાજા નીમવો. આ ઠરાવનો અમલ થયો હોત તો તેનું પરિણામ ભયંકર આવત, કેમકે બે જુદા રાજા થવાથે અસલની પેઠે તેઓ લડી મરત. આથી અંગ્રેજોએ સરહદ આગળથી જતા માલ ઉપરની જકાત કાઢી નાંખવા કબુલ કર્યું પણ એવી શરતે કે સ્કોટ લોકોએ પોતાની નોખી પાર્લમેંટ રદ કરી ઇંગ્લેંડની પાર્લમેન્ટમાં, ક્રોમ્વેલના સમયમાં થયું હતું તેમ, પ્રતિનિધિઓ મોકલવા. પહેલાં તો સ્કોટ લોકો આમ કરવા ઘણા નારાજ હતા, પણ પાછળથી લાંચ રૂશ્વત ના જોરથી સંયોગના વિરોધીઓને વશ કરી લેવાયા. ૧૭૦૭ માં બન્ને દેશ તરફથી નીમાએલા કમીશને એમ કબુલ કર્યું કે સ્કોટલોકોને પોતાનો પ્રેસ્બિટેરિઅન ધર્મ પાળવા દેવો, તેમના રીત રિવાજ અને કાયદા કાનુન અખંડિત રહેવા દેવા, પણ તેમની પાર્લમેંટ રદ કરી તેઓએ ઇંગ્લિશ આમસભામાં ૪૫ સભ્યો, અને ઉમરાવસભામાં ૧૬ ઉમરાવો મોકલવા. આ મુદ્દાઓના આધારે ઘડાએલા સંયોગના કાયદાથી બન્ને દેશો એકત્રિત થયા

અને તેનું નામ ગ્રેટ બ્રિટન રખાયું. શરૂઆતમાં પોતાની સ્વતંત્ર પાર્લમેંટ જવાથી સ્કોટ લોકોને સંયોગ નુકશાનકારકજ લાગ્યો પણ પાછળ ધીમે ધીમે તેમને તેના લાભ સમજાતા ગયા. આ, જે આ પ્રજાઓના લાભાલાભ, પ્રજાત્વ, અને શુભેચ્છા સમાન હોવાથીજ તેઓ એકમેક સાથે ભ્રાતૃભાવે વર્તે છે. આ પ્રમાણે જે બે દેશ વચ્ચે સેંકડો વર્ષથી નિરંતર ઝઘડા ચાલ્યા કરતા તેઓ ૧૭૦૭ થી એક થયા અને આબાદીમાં દિન પર દિન વધતા ગયા.

**આયર્લેન્ડનાં દુ:ખ.** સ્કોટલેંડના આ સુંદર ચિત્ર પરથી નજર ઉઠાવી આયર્લેન્ડનું ચિત્ર નીરખતાં દિલને કલેશ થાયછે. અહીં આપણે વાંચી ગયા તે મુજબ લિમરિકનાં વચન પળાયા નહતા અને પરાજયને લીધે હતાશ અને પાંગળા બનેલા કેથોલિકો પ્રત્યે ઇંગ્લેંડનું હવેના પચાસ વર્ષનું વર્તન અતિ ક્રૂર હતું. નવા નવા ફોજદારી કાયદા કરીને ધર્માચાર્યો પર ત્રાસ વર્તાવવામાં આવ્યો. કેથોલિકોને લાંચની લાલચથી અથવા ભણવાના સાધન લઇ લેવાની બહીક બતાવી પ્રોટેસ્ટન્ટ બનાવાયા. તેઓ જમીન રાખી ન શકે એવો કાયદો થયો. અને આ ઉપરાંત આયર્લેન્ડના વેપાર હુન્નરને હાનિકારક કાયદા થયાથી તે લોકો છેક મરણીઆ બન્યા, અને તેમણે છળ અને અનાચારની કળા કેળવી. આ નીતિનાં માઠાં પરિણામ બસો વર્ષ સુધી અંગ્રેજોને નડયાં.

**માર્લબરોની નવી જીત.** હવે યુધ્ધની અધુરી મુકેલી વાત તરફ વળીએ. આ સઘળો વખત યુરોપી યુદ્ધ ધીરૂં ધીરૂં ચાલતું હતું. માર્લબરોએ નવી ત્રણ જીત મેળવી હતી–ઓદીનાર્ડ, માલ-

પ્લાકેટ અને લીલ. પરંતુ સ્પેઇનમાં ફ્રાન્સનું ધાર્યું બન્યું હતું અને ફિલિપ માડ્રીડ પહોંચ્યો હતો. છતાં ફ્રાન્સ હાંફી ગએલું હોવાથી લુઇએ સુલેહ માટે કહેણ કહાવ્યાં પરંતુ ઓસ્ટ્રીઆ અને ઇંગ્લંડે પહેલાંની જેમ આ વખતે પણ ના પાડી. આ અંગ્રેજ પ્રધાનોની ભૂલ હતી; અને માર્લબરોએ જીંદગીભરના સેનાપતિપણાની માંગણી કરી તે એનાં કરતાં યે મોટી ગંભીર ભૂલ હતી. ક્રોમ્વેલના સમયથી લશ્કરી સત્તાવાળા સેનાપતિના નામથી અંગ્રેજ પ્રજા ચહે ખાઇ ગઈ હતી. વળી હવે આ લાંબી લડાઇથી અને વ્હીગ કારભારથી લોકો કંટાળ્યા હતા.

ડા. સેશેવરલ. આ સમયે ડા. સેશેવરલ નામના તોફાની અને બહુબોલા ટોરી આચાર્યે ઇશ્વરી હક્ક અને રાજાની સામે થવામાં રહેલા દુષ્ટપણા વિષે વ્યાખ્યાન આપ્યું, વ્હીગ લોકોને એમ લાગ્યું કે આ વ્યાખ્યાન વિલિયમ અને આનના ગાદી હક્ક ઉપર હુમલા રૂપ છે. પ્રધાન મંડળે ઉમરાવસભા સમક્ષ ડા. સેશેવરલ ઉપર રાજદ્રોહનો આરોપ મુકયો. તે અપરાધી ઠર્યો, પણ પ્રજા એટલી બધી તેના તરફ હતી કે તેને ત્રણ વર્ષ સુધી ઉપદેશ આપવાની મના જેવી સાધારણ સજા થઇ; અને તેનું ભાષણ જાહેરમાં બાળી મુકાવવું એવો હુકમ થયો. આ બાબત મૂર્ખાઇભરી હતી. પણ પ્રજા અત્યારે ગમે તે બ્હાને વ્હીગ પ્રધાનો સાથે લઢવાડ કરવા માંગતી હતી. તેમણે ડા. સેશેરવલનો પક્ષ લીધો, અને કોર્ટે જ્યારે તેને છોડી મુકયો ત્યારે લોકોનાં ટોળાં તેનો જય પોકારતા તેની પાછળ ગયા અને તેમણે પોતાનો આનંદ અનેક રીતે પ્રદર્શિત કર્યો.

**માર્લબરોની પડતી.** રાણીને પ્રજા તરફ દિલસોજી હતી. અંતરથી સદાએ તેનું વલણ ટોરીઓ તરફ હતું. અત્યારે તેને માર્લબરોની પત્નિ સાથે તકરાર થઇ હતી. હાર્લી અને સેન્ટ જોન નામનો ઉત્તમ વકતા, એ બે ટોરી આગેવાનો પાર્લમેંટમાં માર્લબરોની ઝાટકણી કાઢતા હતા; અને સ્વિફ્ટ નામનો વિદ્વાન લેખક પોતાના આકરા લેખો વડે તેમને મદદ કરતો હતો. એક વેળા ચાલુ યુદ્ધના ખર્ચ વિષે તેણે લખ્યું, કે "સાઠ લાખ પાઉન્ડ રોકડા હતા તે અને પાંચ કરોડ દેવું કરીને અપાયા! આ મોટા મિત્રોએ તો આપણો ધાણ કાઢી નાંખ્યો!" પ્રજાનો માનીતો માર્લબરો, તેના પર પણ એવી મતલબના આક્ષેપ મુકાયા કે અંગત સ્વાર્થ ખાતર તે લડાઇ લંબાવે જાય છે. આખરે ૧૭૦૭માં રાણીએ પ્રધાન મંડળને વિદાય કર્યું અને તેમને સ્થાને હાર્લી હવેથી અર્લ ઓફ ઓક્સફર્ડ, અને સેન્ટ જોન. હવેથી વાઇકાઉન્ટ બોલિંગબ્રોકને મુખ્ય પ્રધાન નીમ્યા. પાર્લમેંટ વિસર્જન થઇ અને નવી ચુંટણી થઇ તેમાં આમસભામાં પુષ્કળ ટોરીઓ આવ્યા. માર્લબરોનું સેનાપતિપદ અર્લ ઓફ ઓર્મન્ડને સોંપાયું. પ્રજાનાં નાણાંનો દુરૂપયોગ કર્યો એવાં તોહોમત પણ માર્લબરો પર મુકાયાં. તેની સ્ત્રીને રાણી સાથે અણબનાવ થઇ ચુકેલો હોવાથી તેનો પગ દરબારમાંથી નીકળ્યો હતો. આથી માર્લબરો પરદેશ ચાલી ગયો. રાણીના મરણ પછી તે પાછો સ્વદેશ આવ્યો અને નવા રાજાએ તેને તેની અસલ પદવી પાછી આપી. પણ તેની તબીયત લથડેલી હોવાથી તે ઝાઝું જીવ્યો નહિ ૧૭૨૨માં તેનું મરણ થયું.

માર્લબરોના ગુણદોષ. આ ખ્યાત પુરૂષના જીવનનું કુંક પુનરવલોકન અત્રે અસ્થાને ન ગણાય. તેનો જન્મ ૧૬૫૦માં પહેલા ચાર્લ્સનો વધ થયો તે પછીને વર્ષે એક રાજભક્ત કુટુમ્બમાં થયો હતો. સોળ વર્ષની કુમળી વયે તે લશ્કરમાં દાખલ થયો હતો. પુનઃસ્થાપના પછી બીજા જેઈમ્સની સહાયથી તથા પોતાના લશ્કરી ગુણોને લીધે તે સત્વર ઉન્નતિ કરી શક્યો. તેની શક્તિના દર્શનનું ખરેખરૂં સ્થળ યુદ્ધભૂમિજ હતું. સ્વભાવે શાંત અને ગંભીર હોવાથી તે ગમે તેવા મોટા સાહસ ખેડતો; છતાં તેની બુદ્ધિ અને ડહાપણ આવાં સાહસમાં દેખાયાં વિના ન રહેતાં અને તેથીજ તે સદા જય મેળવતો. થાક, ઉજાગરો, ટાઢ તરસ વિગેરે સહેવાની અપાર શક્તિ તેનામાં હતી. સુંદર દેખાવ અને મીઠી વાણીને લીધે તે હરકોઇનાં મન હરી લેતો. પરંતુ તે મહાલોભી શઠવૃત્તિવાળો અને બડો સ્વાર્થી હતો. જેઇમ્સની તેણે તનતોડ સેવા કરી હતી પણ તે સ્વાર્થી મતલબથી, નિષ્કામ બુદ્ધિથી નહિ. પોતાની ગરજ સરી રહી તેથી અને જેઇમ્સનું પાસું નબળું બન્યું એ નીરખી તે વિલિયમ સાથેની ખટપટમાં સામેલ થયો. વિલિયમે ગાદીએ આવ્યા પછી તેને અર્લ ઓફ માર્લબરો એવો ખિતાબ આપ્યો. પરંતુ જે પુરૂષ જેઈમ્સના આટ આટલા ઉપકાર એક ક્ષણમાં ભુલી ગયો તે પુરૂષ વિદેશી વિલિયમને વફાદાર ન નીવડે તો તેમાં ઝાઝી નવાઇ નથી. વિલિયમના આખા રાજ્ય દરમ્યાન તેણે જેઇમ્સપક્ષવાળા સાથે ખટપટ કરી હતી. વિલિયમે ડચ અમલદારોને ઉંચી પાયરીએ ચઢાવ્યા તેમની આ પુરુષને અદેખાઇ આવી હતી. તેથી પહેલાં તો વિલિયમે તેને બર-

તરફ કર્યો પણ પાછળથી તેની અપાર શક્તિ જોઇ તેને પાછો અધિકાર સોંપ્યો. અને ત્યાર પછી આ રાજ્યના પ્રથમ આઠ વર્ષ દરમ્યાન ઇંગ્લેંડનો ખરો બાદશાહ તેજ હતો.

યુટ્રેકટનું તહનામું. હવે માર્લબરો ગયા પછી ટોરી પ્રધાનમંડળે સુલેહના કરાર તૈયાર કરવા માંડયા. આમસભામાં એ વિષેનો ઠરાવ પસાર થયો પરંતુ ઉમરાવ સભામાં વ્હીગ બહુમતિ હોવાથી ત્યાં વિરોધ થયો. હાર્લીએ આ અડચણ ટાળવા દશ નવા ટોરી ઉમરાવ બનાવ્યા. અને આ રીતે ત્યાં ઠરાવ પસાર કરાવ્યો. ૧૭૧૩ માં યુટ્રેકટ મુકામે તહનામા ઉપર સહીઓ થઇ. તેની શરતો નીચે મુજબ છે:—

૧. ફ્રાંસ અને સ્પેઇનની ગાદી કદી એકત્ર ન કરવી એ શરતે ફિલિપને સ્પેઇન અને તેનાં અમેરિકામાંનાં સંસ્થાનો આપવાં.

૨. ઓસ્ટ્રીઆને મિલન, નેપલ્સ, અને સ્પેઇનવાળો નેધરલેન્ડ મળે.

૩. સેવોયને સિસિલી મળે.

૪. ડચ લોકોને તેમની સરહદ પરના કિલ્લા મળે.

૫. બ્રિટનને જીબ્રોલ્ટર, માઇનોર્કા, અને નોવા સ્કોશિયા મળે; ઉપરાંત સ્પેઇને પોતાનાં અમેરિકાનાં સંસ્થાનો સાથેના ગુલામી વેપારનો ઇજારો બ્રિટનને ત્રીશ વર્ષ સુધી આપવો; અને દક્ષિણ સમુદ્રમાં દર વર્ષ એક વહાણ મોકલવાનો હક્ક આપવો.

૬. હેનોવર વંશને ગ્રેટ બ્રિટનના હક્કદાર રાજ્યકર્તા તરીકે સ્વીકારવો, અને રાજપાખંડીને કદી મદદ ન આપવા લુઈએ વચનથી બંધાવું.

સાત વર્ષ પૂર્વે, શત્રુ જ્યારે સુલેહ માંગતો આવ્યો હતો તે સમયે સલાહ કરી હોત તો આ કરતાં ઘણી સારી શરતો બ્રિટન મેળવી શકત.

રાણીનું મરણ. કેટલોક વખત થયાં આન માંદીસાજી ચાલતી હતી. તેના પછી કોણ ગાદીએ આવશે એ વિષે સૌ કોઈ વિચાર કરવા લાગ્યા. વૃદ્ધ સોફિયા ગુજરી ગઈ હતી. તેથી ગાદીવારસાના કાયદા મુજબ તેનો પુત્ર જ્યોર્જ, જે હેનોવરનો ઠાકોર હતો તેનો હક્ક શ્રેષ્ઠ હતો. જર્મન હોવાથી તે અંગ્રેજી ભાષા બીલકુલ બોલી શકતો નહિ, તેથી જેકોબાઇટો એમ ધારતા હતા કે રાજપાખંડીની આણ ફેરવવામાં ફત્તેહ મળશે. બોલિંગબ્રોક અને ઓકસફર્ડ જેવા પ્રધાનપદે વીરાજતા ટોરીઓ સુદ્ધાં એ વિષેની મસલતમાં સામેલ થયા, કેમકે તેમને ખાત્રી હતી કે જ્યોર્જ વ્હીગપક્ષને ચઢાવશે. પરંતુ રાણીનું મરણ ધાર્યા કરતાં વહેલું નીપજ્યું. એક દિવસ ઓકસફર્ડ અને બોલિંગબ્રોક વચ્ચે કાઉન્સીલમાં સખત બોલચાલ થઈ જેને પરિણામે ઓકસફર્ડને પ્રધાનપદ પરથી ખસવું પડયું, તેથી રાણીને બહુ લાગી આવ્યું અને બે દિવસમાં આ આઘાતને લીધે તે ગુજરી ગઈ. આર્ગાઇલ, સમરસેટ, શ્રુસ્બરી, વિગેરે નેતાઓએ મસલત ચલાવી, લંડન તથા પોર્ટસ્મથમાં લશ્કર ગોઠવી દીધું, અને જેકોબાઇટો કોઈ પણ પ્રકારનું તોફાન કરી શકે ત્યાર પહેલાં જ્યોર્જની આણ ફેરવી દીધી.

**સ્ટુઅર્ટ સમયનું ટુંક અવલોકન.** જે સંકટમય સમયમાં સ્ટુઅર્ટ રાજાઓએ આપખુદી માટે સતત પ્રયાસ કર્યા હતા, અને પાર્લમેંટ તથા પ્રજાએ તેમનો વિરોધ કર્યો હતો તે સમય આપણે વટાવી ગયા છીએ. પહેલો જેઇમ્સ ઇંગ્લેંડની ગાદીએ આવ્યો તે વાતને અત્યારે એકસોને અગીઆર વર્ષ પુરાં થયાં. આ યુગનો મુખ્ય પ્રશ્ન એ હતો કે રાજ્યમાં ચઢીઆતું કોણ, રાજા કે પાર્લમેંટ? આ સમયની આમસભા સમજતી તથા બળવાન થએલી હોવાથી કારભાર ચલાવવા હરેક પ્રકારે લાયક હતી, પરંતુ દુર્ભાગ્યે રાજાઓ જીદ્દી હતા. અને તેઓ કેમે કર્યા સમજ્યા જ નહિ કે આપખુદીના દિન સદાને માટે ગયા હતા. ઇશ્વરી હકકના સિધ્ધાંતને તેઓ દ્રઢતાથી વળગી રહેતા; અને માઠા અનુભવ થતાં છતાં તેઓ એ પુંછડું છોડતા નહિ. પહેલા જેઇમ્સે ખતા ખાધેલી, તે તેના પુત્રે જોએલી છતાં તેણે એ વિષેની હઠ છોડી નહિ, અને તેના પુત્ર બીજા જેઇમ્સે પણ બાપ અને દાદાને મળેલા નતીજાના અનુભવ છતાં એ સિધ્ધાંત છોડયો નહિ. આ કુળવાળાની એક ખાસીયત એ હતી કે તેઓ અનુભવનો લાભ લેતા જ નહિ.

પહેલા બે સ્ટુઅર્ટોએ ધર્મખાતું અને રાજ્ય ખાતું, બન્નેમાં પોતાની સત્તા દર્શાવવાનો પ્રયોગ માંડયો હતો. તેઓએ પ્રજાહકની અવગણના કરી, અને પાર્લમેન્ટના અંકુશ વિના કારભાર ચલાવવા પ્રયાસ કર્યો. સમય એ રીતિ માટે પ્રતિકુળ હતો. ધર્મસુધારણાની હીલચાલે ન રાજાની ખુશામત કરે કે ન ધર્માચાર્યોના વિશિષ્ટ હક સ્વીકારે એવા પ્યુરિટનોને જન્મ આપ્યો હતો. પ્યુરિટનો ઉપર પુષ્કળ જુલમ ગુજર્યો અને તેમનમાંના હજારો ધર્મવીરો સ્વદેશ

આગી નવી દુનિયામાં પહોંચ્યા. જે ઈંગ્લેંડમાં રહ્યા તેઓએ પાર્લ-મેન્ટમાં પોતાનું બળ જમાવ્યું અને નવી નવી હીલચાલોના નેતા બન્યા. પહેલા જેઈમ્સના મરણ સમયે પ્રજા કોપાયમાન તથા નીડર બની હતી; તેના અનુગામી ચાર્લ્સે તેમને બળવો કરવા જેટલા ઉશ્કેર્યા. પ્રજાવિગ્રહ સળગ્યો અને સાત વર્ષ યુદ્ધ કર્યા પછી પ્રજા રાજાનાં કૃત્યોની તપાસ ચલાવે છે, તેને અપરાધી ઠેરવે છે અને તેનો વધ કરાવે છે.

ત્યારબાદ રાજભકતોને હરાવનારૂં સૈન્ય સર્વોપરી બને છે; તે રાજાની સંસ્થા રદ કરી પ્રજાસત્તાક સ્થાપે છે. પરંતુ આ પ્રજા-સત્તાક, જેનો મુખી ઓલીવર ક્રોમ્વેલ હતો, તેને ફકત પ્રજાનાં અલ્પાં-શનોજ ટેકો છે. લોકોને સુરાજ્ય અને ધર્મ છુટ આપવા ક્રોમ્વેલ બહુ મહેનત કરે છે, પરંતુ સૈન્ય તેનું સ્વામિ છે, અને પરિણામે તેને ચાર્લ્સ જેટલાજ આપખુદી થવું પડે છે, છતાં તેનું રાજ્ય ઘણું સારૂં છે. ચતુર પુરૂષોને કારભાર સોંપાય છે, અને દેશની સંપત્તિ તથા માનમર્તબો વધે છે, સાથે સાથે પ્રજા અસંતુષ્ટ અને દુઃખી છે; પ્યુરિટનોની સખ્તાઇ હેઠળ જીવનની સુંદરતા અને આનંદીપણું છુંદાઇ જાય છે. તહેવાર, ઉત્સાહ, રમતગમત આદિનું નામ નથી.

ક્રોમ્વેલે પોતાનો બંગલો રેતીમાં બનાવ્યો હોવાથી તેના મરણ સાથે એ બંગલાનો સત્વર વિનાશ થાય છે. વર્ષ, સવા વર્ષમાં તો હર્ષઘેલી પ્રજા સ્ટુઅર્ટ વંશની પુનઃસ્થાપનાને સત્કારે છે. પછી પ્યુરિટન પંથની સખ્તાઇ, કઠોરતા, તેમજ તેમાં રહેલી સારી બાબતો

સોનો કચ્ચરઘાણ થાય છે. રાજદરબાર દુષ્ટોથી ભરાય છે; પ્રજાનાં નાણાંનો બાદશાહી મોજશોખમાં ધુમાડો થાય છે; કારભાર બીલકુલ ખરાબ ચાલે છે; રાજા ફ્રાન્સના લુઇનો વેચાણુ બને છે, અને રોમન કેથોલિક પંથ સ્થાપવા જેવો તેવો પ્રયાસ કરે છે. એમાં તે નિષ્ફળ નીવડે છે છતાં ઠેઠ સુધી વિચાર છોડતો નથી.

ત્યારબાદ બીજો જેઇમ્સ કૅથેલિક પંથ સ્થાપવાની અભિલાષા, ગાદીએ આવતાંની સાથેજ પ્રગટ કરે છે. તે મૂર્ખ અને જીદ્દી છે. ત્રણ વર્ષમાં તો આખી પ્રજા તેનાં કૃત્યોથી કંટાળી કકડીને ઉઠે છે. વ્હીગ અને ટોરી બન્ને વિલિયમને આમંત્રણ દે છે. પાર્લમેન્ટની બન્ને સભાઓ એકત્ર થઈ અમુક ચોખ્ખી શરતો સાથે વિલિયમ અને મેરીને તાજ અર્પણ કરે છે. તેઓ આ માંગણી સ્વીકારે છે. એટલે રાજ્ય વિપ્લવ જરાએ રકતપાત વિના સંપૂર્ણ થાય છે.

આ વિપ્લવ તરફ ઈંગ્લેન્ડ છેલ્લાં બસો વર્ષથી વળ્યું હતું. આપખુદી રાજાઓ હેઠળ આમસભાએ સ્વસત્તા જમાવી, અને મૂર્ખ રાજાઓ સમક્ષ તેમણે એ સત્તા સિદ્ધ કરી. અને હવે જુનો ક્રમ જાય છે અને નવો આવે છે. રાજા તેનું નામ અને ઇલ્કાબ ધારણ કરે છે પરંતુ હવે પછીના ઝઘડામાં પાર્લમેન્ટને નહિ પણ રાજાને નમતું આપવું પડશે. આમ સભાની સત્તા ઘણી વધી ગઇ, અને હજુ વધશે તે આપણે જોઇશું. જર્મન રાજા અંગ્રેજીમાં ચાલતી ચર્ચા ન સમજે તેથી તેણે પ્રધાનમંડળની બેઠકોમાં જવાનું છોડી દીધું. અને તેનું પ્રમુખસ્થાન પ્રધાનોમાં જે નેતા હોય તેણે લેવા માંડયું. તે દિવસથી વડો પ્રધાન ખરો કર્તાહર્તા બન્યો છે. પરંતુ રાજા

વિનાના રાજ્યનો પ્રયોગ કરવા હવે પછી પ્રજાએ કદી ઇચ્છા દર્શાવી નહિ. ક્રોમ્વેલના પ્રજાસત્તાકથી તેઓ ધરાઇ ગયા હતા. લોકો સારી પેઠે સમજવા લાગ્યા કે મર્યાદિત રાજ્યપદ્ધતિ જેમાં રાજા પ્રધાનોને પસંદ કરે તથા કોઈ પણ એક પુરૂષને બહુ બળવાન થતો અટકાવે તે જ શ્રેષ્ઠ અને નિર્ભય છે.

આ સૈકામાં પ્રજાની બુદ્ધિ અને સંપત્તિ ધીમેધીમે ચુપચુપ વિકાસ પામતી જતી હતી. દેશ વધારે આબાદ બન્યો તેથી વધારે લોકોને પોતાની બુદ્ધિ ખીલવવા જેટલો અવકાશ મળવા લાગ્યો હતો. આ સમયના પ્રધાનોએ વિદ્વાનોને પેન્શન અને સારી જગાઓ આપી વિદ્યાને પોષી હતી. મિલ્ટન, ન્યુટન, લોક, એડીસન આદિ સમર્થ પંડિતો સરકારી નોકરીમાં હતા. વર્તમાન પત્રોનો પ્રચાર પણ આ સમયમાં ઠીક થયો હતો. એડીસનનું 'સ્પેકટેટર' પત્ર તો એટલું બધું પ્રિય બન્યું કે કેટલાક લોકોને તેના વિના નાસ્તો ભાવતો નહિ; નાસ્તાની સાથે 'સ્પેકટેટર' જોઇએ જ, એવો કેટલાક કુટુમ્બોમાં રિવાજ થઇ પડયો હતો. સાહિત્ય પણ ઠીક ખીલ્યું હતું. સાહિત્યના પ્રચારથી લોકોમાં મતમતાન્તરની અગત્ય અને ધર્મછુટની લાગણી થવા લાગી હતી. મહત્વના પ્રશ્નમાં મતભેદ હોઈ શકે અને આવો મતભેદ તિરસ્કારપાત્ર નથી એ વિચારનું ઝાંખું દર્શન પ્રજાને થવા લાગ્યું હતું. અત્યાર સુધીમાં આપણે અંગ્રેજ પ્રજાની બાલ્યાવસ્થા જોઇ; હવે આપણે અઢારમી સદીમાં દાખલ થઇ તે પ્રજાની જુવાનીનું નિરીક્ષણ કરીએ. [જુઓ ઇંગ્લેંડનો અર્વાચીન ઇતિહાસ ભાગ ૨.]